પ્રસ્તાવના.

ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચાર પુરૂષાર્થમાં ધર્મ એ સર્વને માટે પોત પોતાના અધિકાર પરત્વે સ્મૃતિ પુરાણાદિકમાં વર્ણવેલા છે. તે ધર્મનું પાલન કરવાથી સ્વર્ગ પર્યંતના સમગ્ર અર્થ અને કામ પ્રાપ્ત થાયછે. અહિંસા, શૌચ, દાન, જપ તપ,નિયમ, ઉપાસના, ભક્તિ વિગેરે અનેક અંગોવડે ધર્મ સિદ્ધ થાય છે. અને તેજ અંગો ચિત્ત શુદ્ધિદ્વારા મોક્ષરૂપી ચતુર્થ પુરૂષાર્થનાં સાધનો થાય છે, જેમ ભિત્યાદિકની શુદ્ધિવિના તેનાપર ચિત્રાદિકનો આળેખ થઇ શકતો નથી, તેમ ચિત્ત શુદ્ધિ વિના ઉપનિષદ્ જ્ઞાનનો આલેખ થઇ શકતો નથી. ઉપનિષદ્ જ્ઞાનનું શ્રવણ, મનન અને નિદિધ્યાસન કરવાથી બ્રહ્મજ્ઞાનનો સાક્ષાત્કાર થાય છે, અને તેનાથી કૈવલ્ય (મોક્ષ)ની સિદ્ધિ થાય છે. " ज्ञानादेव हि कैवल्यं" (જ્ઞાનથીજ કૈવલ્ય (મોક્ષ) પ્રાપ્ત થાય છે, "ऋते ज्ञानान्न मुक्तिः" (જ્ઞાનવિના મોક્ષ નથી) વિગેરે શ્રુતિઓ જ્ઞાનનેજ મોક્ષનું મુખ્ય કારણ માને છે. અને બીજા અહિંસાદિક ગૌણ કારણો છે. આ ઉપનિષદ્ જ્ઞાન મુમુક્ષુ અધિકારીનેજ પ્રાપ્ત થાય છે. અનેક જન્મોમાં ધર્મ પુરૂષાર્થને પુષ્ટી કરી સત્સંસ્કારના વશથી

સદ્ગુરૂના સયોગે તેગની શુદ્ધ ભકિત કરવાથીઉપનિષદ્ જ્ઞાન-
ની યોગ્યના પ્રાપ્ત થાય છે. અને ત્યારપછી ગુરૂ કૃપાથીજ
આત્મજ્ઞાનરૂપી અમૃતનું પાન થઇ શકે છે પરંતુ આ સર્વઅનુ
કુળતા સાંપ્રત કાળમા અતિ દુર્લભ છે કારણકે કેટલાક કાળ
પહેલાં સદ્ઉપદેશક ધર્મ નિયંતા સદ્ગુરૂના દુર્લભપણાથી
અને પાખંડ ધર્મોની પ્રબળતાથી દુનિયાની સ્થિતિ એવી
થઇ ગઇ હતી કે ચાર પુરૂષાર્થમાના એકના પણ સત્ય સ્વ-
રૂપનું જ્ઞાનકે જિજ્ઞાસા કવચિતજ હશે તોપછી દુઃસાધ્ય
તુર્ય પુરૂષાર્થનું નામ પણ સ્મૃતિપથમા કયાંથી જ હોય ?
આવો ધર્મ -હાસનો વિકટ સમય આવવાનું કારણ બૌદ્ધાદિક
પાખંડ ધર્મોજ છે. ભગવાન શ્રી શંકરાચાર્યનો અવતાર થયા
પહેલાં પૃથ્વી પર પાખંડ ધર્મોની એટલી બધી પ્રવૃત્તિ હતી
કે વેદ, ઉપનિષદ્નું જ્ઞાન તથા યજ્ઞ, જપ, તપ, વિગેરે વૈદિ-
ક ક્રિયાઓ ક્ષીણપ્રાય થઇ ગઇ હતી. તેવા સમયમાં ઇંદ્રા
દિક દેવતાઓ સહિત બ્રહ્માએ આવી મહેશ્વરને કુધર્મનો સં-
હાર કરી સદ્ધર્મ સ્થાપન કરવા પ્રાર્થના કરી ત્યારે મહેશ્વરે
તેમની પ્રાર્થના સ્વીકારી શ્રી શંકરાચાર્ય સ્વરૂપે અવતાર લીધો
કહ્યું છે કે–

निगमगधर्मोच्छेदं बौद्धमणीतमधर्मकं छेत्तुम् ।
अवतीर्य शंकरोऽसौ मंडनखंडनादिदिग्विजेताभूत् ॥१॥

(શંકર દિગ્વિજય સાર

"વેદ [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] આ ભગવાન [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] અને [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible]."

ભગવાન શ્રી શંકરાચાર્યનું પવિત્ર ચરિત્ર [illegible] [illegible] [illegible] [illegible] પ્રસિદ્ધ છે. તેથી આ સ્થળે તે [illegible] [illegible] નથી. ભગવાન શંકરાચાર્યે અદ્વૈતનો [illegible] [illegible] [illegible] [illegible] [illegible] સ્થાપન કર્યું, તથા [illegible] [illegible] [illegible] ઉપનિષદ્ જ્ઞાનનો [illegible] [illegible] છે, [illegible] [illegible] [illegible] તથા [illegible] અતિ [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] તેથી અને પુરુષો [illegible] [illegible] [illegible] [illegible] રહેલી ચાલી છે

ઉપનિષદ્ જ્ઞાનની અનુપમતાને સાબિતી જે દિવ્ય જ્યોત [illegible] [illegible] [illegible] ભગવાન શ્રી શંકરાચાર્યે પૂરી પાડી છે. તેમાં મુખ્ય [illegible] [illegible] [illegible] [illegible] [illegible] પુરીનાં [illegible] [illegible] [illegible] છે [illegible] જનોની [illegible] જિજ્ઞાસા આ [illegible] સંપૂર્ણ થાય તેમ છે એમ ધારી સારા વિદ્વાન પાસે તેનું શુદ્ધ ગુજરાતી ભાષાંતર તથા જરૂર પડતું વિવરણ કરાવી છપાવવામાં આવ્યાં છે. તેમાં આત્મબોધ, વાક્યવૃત્તિ, વિવેક ચૂડામણી, અપરોક્ષાનુભૂતિ, સ્વાત્મનિરૂપણ,

મણિરત્નમાળા, મોહ મુદ્‌ગર, પ્રશ્નોત્તર રત્ન માલિકા, તથા અદ્વૈતાનુભૂતિ એ નવ રત્નોનો સમાવેશ કરવામાં આવ્યો છે, તથા છેવટે સાધક પંચક પણ ઉપયોગી જણાયાથી લીધા છે. આ અન્વર્થ નામવાળાં નવરત્નોના વિષયનો સંક્ષિપ્ત હેવાલ વાંચવાથી મુમુક્ષુ વાચક વર્ગની આ ગ્રંથમાં અનિવાર્ય પ્રવૃત્તિ થશે, એમ ધારી તેવિષે યતકિંચિત્ ભાવાર્થ નીચે પ્રમાણે આપીએ છીએ.

આત્મબોધ—પ્રથમજ ભગવાન શંકરાચાર્યે જેમનાં પાપો તપવડે નાશ પામ્યા છે એવા શાંત, વીતરાગ મુમુક્ષુનેજ આત્મજ્ઞાનના અધિકારી કહ્યા છે. પછી મોક્ષનું સાક્ષાત્ કારણ જ્ઞાન હોવાથી જ્ઞાન અને અજ્ઞાન વિષેની પ્રક્રિયા પ્રશ્નોત્તરરૂપે સવિસ્તર આપી આત્માની સ્વયંપ્રકાશતા સિદ્ધ કરી છે. સ્થૂલ સૂક્ષ્મ અને કારણ એ ત્રણ દેહરૂપ આત્માની ઉપાધિનું વર્ણન કરી અન્નમયાદિ પાંચ કોશથી આત્માની ભિન્નતા દ્રષ્ટાંત અને યુક્તિ વડે સિદ્ધ કરી છે બ્રહ્મરૂપ આત્માનું વ્યાપકપણું હોવાથી અજ્ઞાનીની દ્રષ્ટીએ પડતા વિરોધીનો નિરાસ, દેહેંદ્રિયાદિકથી આત્માની ભિન્નતા, ભિન્નતાને લીધે અચેતન એવા દેહેંદ્રયાદિકના વ્યાપારના અસંભવનો પરિહાર તથા આત્માનું નિર્વિકારપણું કર્તૃત્વ ભોક્તૃત્વ અને રાગાદિકથી રહિતપણું, અતિ સમીપ રહેલા મન બુદ્ધિ વડે પણ અજ્ઞેયપણું, અને સ્વય પ્રકાશપણું, સપ્રમાણ સદ્રષ્ટાંત અને સવિસ્તર સિદ્ધ

[illegible] અને [illegible] તથા
[illegible] રૂપ [illegible] જ્ઞાનનું મનન કરવા
[illegible] રૂપ યુક્તિએ સિદ્ધ કરી છે
[illegible] વિષે અધિકાર [illegible]
[illegible] વર્ણન કર્યું છે [illegible]
[illegible] અને [illegible]
[illegible], આત્માનું [illegible]
[illegible], આ [illegible] અને તેથી
[illegible] આત્માઓના [illegible]
[illegible] ગુરુએ [illegible]
[illegible] વિરુદ્ધ યુક્તિ અવસ્થા અને તેના [illegible]
[illegible] સ્વરૂપનું નિરૂપણ તથા [illegible] જ્ઞાનથી
[illegible] સર્વ [illegible] એ વિષે વિષયો
[illegible] રહિત બહુ [illegible] રીતે સમજાવ્યા છે

[illegible] પ્રથમ દરેક [illegible] અધિકારી
[illegible] છે, તેથી આ [illegible]
[illegible] પછી [illegible]
[illegible] યુક્તિ [illegible] વિષે પૂર્ણ [illegible]
[illegible] કરતા ગુરુએ [illegible]
[illegible] અને [illegible] જ્ઞાનને યુક્તિનું

૨

મુખ્ય સાધન બતાવ્યું છે તેપર શિષ્યે કરેલા પ્રશ્નોના સવિસ્તર સદ્રષ્ટાંત ઉત્તર આપી તેમની એકતા સિદ્ધ કરીછે, તથા अहं ब्रह्मास्मि એ વાકયને મનન કરવાની રીત દ્રષ્ટાંત સહિત બતાવી છે તેમાં अहं શબ્દનો અર્થ જે આત્મા તે દેહ, ઇંદ્રિય, મન, બુદ્ધિ, પ્રાણ વિગેરે નથી તેમજ તેના સંઘાતરૂપ પણ નથી, કારણકે આત્મા ચૈતન્ય સ્વરૂપ છે. અને દેહાદિક જડ છે ઇત્યાદિ સુદ્રઢ રીતે સ્પષ્ટ સમજાવ્યું છે. તત્ અને त्वं પદનો શબ્દાર્થ તથા વાકયાર્થ સારી રીતે સમજાવી તેનાથી થતા અભેદ જ્ઞાનવડે આ બાનુ પરિપૂર્ણ આનંદ સ્વરૂપ પ્રતિપાદન કર્યું છે તેમાં તત્ અને त्वं પદના વાકયાર્થમાં આવતા વિરોધનો લક્ષણા વૃત્તિથી પરિહાર કરી આ મહા વાકયોના જ્ઞાનને મુક્તિનુ અનંતર સાધન સિદ્ધ કર્યું છે

૩ વિવેક ચુડામણિ—ઉપર જણાવેલી મુક્તિના અધિકારી થવા માટે આ ગ્રંથનો આરંભ છે. તેમાં કરોડો જન્મમાં ઉપાર્જન કરેલા પુણ્યથી પ્રાપ્ત થએલી મનુષ્ય જન્માદિક સામગ્રી પામીને મોક્ષને માટે યત્ન કરવો જોઈએ, શાસ્ત્રચર્ચા, દેવપૂજન, કર્મકાંડ અને ભક્તિ વિગેરે કર્યા છતાં પણ જીવ બ્રહ્મની એકતાના અનુભવ વિના મુક્તિની દુર્લભતા હોવાથી તેને માટેજ યત્ન કરવો એ પ્રમાણે આ પ્રકરણનો આરંભ કરી

[illegible]

[illegible] તેની [illegible] તેનું

સમાધાન વિગેરે, પંચકોશથી આત્માની ભિન્નતા થવાને લીધે શૂન્યતાની આપત્તિપર શિષ્યની શંકા અને તેનું ગુરૂએ કરેલુ નિરાકરણ તેમાં સર્વના સાક્ષીરૂપ આત્માનું નિરૂપણ, શ્રુતિના પ્રમાણથી જગતની બ્રહ્મરૂપતા, અને તેથી થતી જગત-ની સત્યતાની શંકાનું નિરાકરણ, બ્રહ્મરૂપ પરમાત્માનું સ્વરૂપ તત્ત્વમસિ મહાવાકયમાં ઉપાધિ અંશનો ત્યાગ કરવા માટે શ્રુતિનું પ્રમાણ. જહત્ અજહત્ લક્ષણાની વ્યાખ્યા, જીવની બ્રહ્મરૂપે ભાવના, વાસનાના નાશરૂપ મુક્તિનું લક્ષણ. અનાત્મામાં આત્મબુદ્ધિરૂપ અધ્યાસને ત્યાગ કરવાનો ઉપદેશ, કુલાદિક અભિમાનનો ત્યાગ, અહંકાર રૂપી સર્પને હણવાની રીત, વા-સનાના ક્ષયનો પ્રકાર, પ્રમાદનો ત્યાગ, પ્રમાદથી થતા અનર્થ, દેહાદિક દ્રશ્ય પદાર્થોથી નિવૃત્તિ, નિર્વિકલ્પ સમાધિવડે વાસનાનો નાશ, વિક્ષેપ શક્તિની અનર્થકારિતા, શ્રવણ, મનન અને નિદિધ્યાસનથી થતો લાભ, ચિત્તાદિકના લય પૂર્વક સ-માધિવડે પરતત્વની પ્રાપ્તિ, વૈરાગ્ય તથા બોધની વ્યાખ્યા અનાત્મ ચિંતનના ત્યાગ પૂર્વક આત્માનું ચિંતન, ઉપાધિનો ત્યાગ કરતાં અદ્વૈત બ્રહ્મનીજ સિદ્ધિ, દ્વૈતનો અસંભવ, વિદ્વાનને સમાધિમાં થતો બ્રહ્મનો અનુભવ, સ્થિતપ્રજ્ઞનાં તથા જીવ-ન્મુક્તનાં લક્ષણો, આત્માને ઉપાધિવડે અલિપ્તતા, બ્રહ્મ જ્ઞાનીનું પ્રારબ્ધાદિક ત્રણે કર્મોથી રહિતપણું. પ્રારબ્ધાદિક આત્માના ધર્મ નથી પણ દેહના ધર્મ છે. તે પણ ભ્રાંતિ રૂપજ છે, અદ્વૈત બ્રહ્મની વ્યાખ્યા, બંધમોક્ષાદિક. સ્વાનુભવ હોવાથી તટસ્થ

ગુરૂના ઉપદેશ દ્વારા આત્માદિકનો તરવાની વ્યાખ્યા. આ સર્વ વિષયપર અતિ સુંદર ઉપદેશ સાંભળીને અધિકારી શિષ્યની સમાધિમાં લીનતા અને ત્યારપછી તેનું કહેલો આત્માનુભવ. તે સાંભળીને ગુરૂએ આલ્હાદ પૂર્વક શિષ્યને કરેલો ઉપદેશ ઉપસંહારની સમાપ્ત થયો, અને છેવટ ગ્રંથરૂપ અવધાન આ સર્વ વિષયો પ્રમાણ, દ્રષ્ટાંત અને યુક્તિથી અતિસુંદર કરેવામાં આવ્યા છે.

૪ અપરોક્ષાનુભૂતિ-આત્મા અનાત્મા વિગેરેનો વિવેક થવાથી અપરોક્ષ (પ્રત્યક્ષ) અનુભવની યોગ્યતા થાય છે, તેથી આ અપરોક્ષાનુભૂતિ નામના પ્રકરણને લેવામાં આવ્યું છે, તેમા પ્રથમ વિવેક વૈરાગ્યાદિક સાધન ચતુષ્ટય સંપન્ન મુમુક્ષુ જન આ ગ્રંથનો અધિકારી હોવાથી સાધન ચતુષ્ટયની વ્યાખ્યા આપી છે. ત્યાર પછી શમાદિક છ સંપત્તિ અને તેથી થતી મુમુક્ષુતા, કર્મ, ઉપાસના વિગેરે જ્ઞાનનાં સાધન રૂપ છે, તેઓનો સાધન સંપન્ન પુરૂષે વિચાર કરવો. વિચારનું સ્વરૂપ, તત્વ પદાર્થની શોધનાનો નિશ્ચય અને દેહાદિકથી આત્માની ભિન્નતા -વિલક્ષણતા, આત્માનો પ્રકાશ, આત્મજ્ઞાનનું સ્વરૂપ, આત્મા દેહથી ભિન્ન હોવાને લીધે આત્માની શૂન્યતાપત્તિપર શંકા અને તેનું સમાધાન, કર્મકાંડમાં પણ દેહથી ભિન્ન આત્માની સિદ્ધિ, અને તેથી દ્વૈતની આપત્તિની શંકા અને તેના સમાધાનમાં જગતનું બ્રહ્મથી અભેદ પણું, દ્વૈતની માન્યતાનો લેશ પણ ભય (સંસાર) નું કારણ છે. અદ્વૈત દ્રષ્ટિનું ફળ, શોક

મોહ, ત્રિતય [illegible] જગતનું અનિર્વચનીયપણે મિથ્યાપણું અને મિથ્યાજ્ઞાનનું ફળ, ઈશ્વરબુદ્ધિનું ખંડન અને ઈર્ષ્યા [illegible] આત્માના નાશથી [illegible] પ્રાપ્તિ અને નથી [illegible] કર્મનો નાશ, અને બુદ્ધિ આ વિચારી માટે [illegible]) તેના ચાર નિત્યાદિક પંદર અંગો, તેમનાં લક્ષણ, તેમનું ફળ, મોક્ષના આનન્દ [illegible] જ્ઞાનને [illegible], તેની મહિમા, સર્વવાદી [illegible] નિંદા વિવેકી [illegible] પ્રકાશન નિ. વિચારનું ફળ અને સ્વરૂપ અને ઉત્તર [illegible] ઉપરાંત ઈ ઇત્યાદિ [illegible] સ્તર [illegible] અહીં લીધેલો છે ઉપનિષદ ટીકાની ટીકાને આધારે વિવેચન પણ કરવામાં આવ્યું છે.

૫ સ્વાત્મનિરૂપણ-અહીં કેવળ બ્રહ્મસ્વરૂપ આત્માનું જ નિરૂપણ કરવામાં આવ્યું છે તેમ. પ્રથમ આત્માની સત્તા અને તે જ બ્રહ્મરૂપ, મોહથી થતા ભેદને લીધે થતા અવિદ્યાદિક પાંચ ક્લેશોનો અન્નમયાદિક પાંચ કોશ વડે નિરાસ, પાંચ કોશના વિવેકનું ફળ, તથા તેમની આત્માથી ભિન્નતા આત્માનું સ્વરૂપ, તેનો અનુભવ. વિચારના યોગ્ય પદાર્થનું સ્વરૂપ, તેનું પ્રમાણ વડે અભેદપણું તત્ત્વમસિ એ મહાવાક્યનો વાચ્યાર્થ તથા લક્ષ્યાર્થ, જહત્અજહત્ લક્ષણાની વ્યાખ્યાથી મહાવાક્યની એકતા, તેમાં થતી શંકા અને તેનું સમાધાન, આત્મ સાક્ષાત્કાર કરવામાં ગુરુની આવશ્યકતા, આત્મજ્ઞાનમાં વેદની પ્રમાણતા, વેદમાં અન્ય પ્રમાણની અગમ્યતા પૂર્વક અન્ય પ્રમાણોની

વાચકે પ્રમાણતા, તેનું અનાદિપણું, જેથી દ્વૈત તથા અદ્વૈત બન્નેની સિદ્ધિ પૂર્વક અદ્વૈતનું સ્થાપન, તે પર શંકા તથા સમાધાન, દ્વૈત તથા અદ્વૈતનું વિવેચન, સૃષ્ટિનું સ્વાભાવિક, સૃષ્ટિના કાળવાચક તથા જીવ અજીવના રૂપ સમજ કે જેમ જાણવામાં હોય, કર્મનો નાશ થવાથી અલૌકિક અવસ્થાનો, જ્ઞાન અને કર્મનો અનાદિપણાનો અભાવ તથા ભિન્ન ભિન્ન અધિકારી, જ્ઞાનનો સાધ્યાર્થ, જ્ઞાન સ્વરૂપ જાણવાનું સાક્ષી-પણું તથા દેહાદિકથી રહિતપણું, આત્મારામવાદનું નિરાકરણ અને અત્યારના વાદનું સ્થાપન, તેથી આગળની દ્વૈત ભ્રાંતિનો નિરાસ, વચનની વિચિત્રતામાં રહેવાનું કારણ પણ, જ્ઞાન તથા પદનો ભેદ, તે વિષે પૂર્વ પક્ષ તથા ઉત્તર પક્ષ, પદાર્થ જ્ઞાનીને કર્તવ્યાદિકની સમાપ્તિ તથા તેનું સ્વરૂપ, ને સર્વ શાસ્ત્રોનો ઉચિત થયેલા શિષ્યે ગુરુને પ્રણામ કરી અંતઃકરણમાં આરૂઢ થયેલા આત્મસ્વરૂપનું ચિંતન કર્યું, તેનો પ્રકાર, છેવટ ઉપદેશદાયક ગુરુના ઉપકાર પૂર્વક પદની પ્રાપ્તિ એ વિગેરે વિષયો સુંદરતર પ્રકટ કર્યા છે

૬ મણિરત્ન માળા—આ પ્રકરણમાં પ્રાયે પ્રત્યેક શ્લોકે ચાર પ્રશ્નો અને તેના ઉત્તરો આપ્યા છે, તે વાંચનારાઓને તેને કંઠે રાખવાની ઇચ્છા થાય તેવા રીતમાં કંઈક સરસ ગોઠવેલા છે. જે પ્રશ્નોત્તર લૌકિક તથા અલૌકિક બન્ને વિષયના છે

૭ મોહમુદ્ગર—આ પ્રકરણમાં મોહથી થતા વિકારો કામ ક્રોધાદિક તથા સ્ત્રીપુત્રાદિક પર થતા રાગ દ્વેષ વિગેરે સર્વે આ

સાત્વિક અસત્ વસ્તુઓનો ત્યાગ કરવા ઉપદેશ કર્યો છે, કે જે વાંચવાથી મનને અતિ આહ્લાદ ઉપજે તેવો છે.

૮ પ્રશ્નોત્તર રત્ન માલિકા—આ પ્રકરણમાં પણ અનેક વિવિધ વિષયો પર પ્રશ્નો કરેલા છે. અને તેના ઉત્તરો પણ તે તે જ શ્લોકમાં ટુંક શબ્દોથી આપેલા છે જેનું મનન કરવાથી મનુષ્ય ઉંચી હદે પહોંચવાનો અધિકારી થઇ શકે છે.

૯ અદ્વૈતાનુ ભૂતિ—આ પ્રકરણમાં અદ્વૈતનો અનુભવ બતા- તાવ્યો છે. તેમાં કોઇ બ્રહ્મજ્ઞાની પોતાને થએલો બ્રહ્મનો અનુભવ વર્ણવે છે. જેમાં આત્માની વ્યાપકતાની સિદ્ધિ, અદ્વૈત- પણાની સિદ્ધિ, આત્માનુંજ સર્વમાં કારણ પણ, માયાને યોગે આત્માનું પ્રપંચાકાર પણું, વિગેરે વિવિધ વિષયો સદ્રષ્ટાંત વર્ણવેલા છે.

આ નવરત્નોની પ્રશંસા કરવા કરતાં અધિકારી પરીક્ષકોજ તેની કીંમત કરશે, તથા કર્ત્તાનો પ્રયાસ સફળ કરશે એટલીજ પ્રાર્થના અત્ર ઉચિત છે.

મુફો તપાસવા વિગેરેમાં ઘણી કાળજી રાખ વામાં આવી છે છતાં દ્રષ્ટિ દોષથી તથા મુદ્રણ યંત્રના દોષથી થએલ સ્ખલનાને સુજ્ઞ વાચકો સુધારી વાંચશે એવી નમ્ર પ્રાર્થના છે.

લી૦ પ્રસિદ્ધ કર્તા

श्रीमत् परमात्मने नमः

શ્રીમચ્છંકરાચાર્યનવરત્ન.

આત્મબોધ.

तपोभिः क्षीणपापानां शान्तानां वीतरागिणाम्
मुमुक्षूणामपेक्ष्योऽयमात्मबोधो विधीयते ॥

[1]નિત્ય [2]નૈમિત્તિક [3]પ્રાયશ્ચિત્ત [4]ઉપાસના વિગેરે કર્મરૂપ તપવડે જેમના રાગ દ્વેષાદિ અન્તઃકરણના મળરૂપ પાપ નાશ પામેલાં હોય છે, અને એજ કારણથી જેઓ શાંત તથા રાગ રહિત હોય છે, એવા મુમુક્ષુ (મોક્ષને ઇચ્છનાર) લોકોની ઇચ્છા લક્ષ્ય આ આત્મબોધ નામના પ્રકરણનું વિધાન થાય છે.

---

૧ જે કર્મો ન કરવાથી પ્રત્યવાય લાગે તેવાં સંધ્યાવંદન વિગેરે. ૨ પુત્ર જન્મ વિગેરે નિમિત્તને લઇ કરવામાં આવતાં જાતેષ્ટ્યાદિ કર્મ. ૩ ચાંદ્રાયણ વિગેરે કર્મ. ૪ સગુણ બ્રહ્મનું ધ્યાન.

શંકા—યજ્ઞ, દાન, તપ, વગેરે અનેક મુક્તિનાં સાધન છે, માટે મુમુક્ષુ જનો તેમનો ત્યાગ કરી મોક્ષને અર્થે આત્મબોધ (આત્મજ્ઞાન) ની શામાટે ઇચ્છા રાખે?

बोधोऽन्यसाधनेभ्यो हि साक्षान्मोक्षैकसाधनम् ॥
पाकस्य वह्निवज्ज्ञानं विना मोक्षो न सिध्यति ॥

ઉત્તર—કર્મ વિગેરે અન્ય સાધનો અંતઃકરણના મળ, વિક્ષેપ વિગેરે દોષોની નિવૃત્તિ દ્વારા મોક્ષના સાધક છે, ખરેખર મોક્ષનું સાધન તો અપરોક્ષ જ્ઞાનજ છે, કર્મ નથી. પાચક ઇંધન વિગેરે છતાં એક અગ્નિ વિના જેમ રસોઇ તૈયાર થઇ શકતી નથી તેમ જ્ઞાન વિના મોક્ષ મળતો નથી. શ્રુતિ કહેછે કે— "ज्ञानादेव तु कैवल्यम्" "ऋते ज्ञानान्न मोक्षः" "ज्ञात्वा देवं सर्वपाशापहानिः"

અર્થ—જ્ઞાનથીજ કૈવલ્ય પ્રાપ્તિ છે, જ્ઞાન વિના મુક્તિ નથી. પરમાત્મ દેવના જ્ઞાનથી સઘળા બંધની નિવૃત્તિ થાયછે.

શંકા—જનક વિગેરે કર્મ વડેજ મોક્ષરૂપ ફળને પામ્યા છે માટે મુક્તિનું સાધન કર્મ છે. તમે જ્ઞાનને મુક્તિનું સાધન શા સારૂ કહો છો?

अविरोधितया कर्म नाविद्यां विनिवर्तयेत् ।
विद्याऽविद्यां निहन्त्येव तेजस्तिमिरसंघवत् ॥

ઉત્તર—જે પદાર્થ જેનો વિરોધી હોયછે તે તેનો નાશ કરેછે. જેમ તેજ અંધકારનું વિરોધી છે તેથી તેનો નાશ કરેછે. તે પ્રમાણે કર્મ અને અવિદ્યાને પરસ્પર વિરોધ નથી, શાથી કે બન્ને જડ છે માટે કર્મ અવિદ્યાની નિવૃત્તી કરવા સમર્થ નથી; પરંતુ તેજ અને અંધકારની માફક વિદ્યાનો અને અવિદ્યાનો પરસ્પર વિરોધ છે માટે વિદ્યા એટલે જ્ઞાન, અવિદ્યા એટલે અજ્ઞાનનો અવશ્ય નાશ કરેછે.

શંકા—દરેક દેહમાં રહેલ આત્મા પરિચ્છિન્ન હોવાથી તે દેહની સાથે જન્મ મરણ પામેછે. દેવદત્ત મરણ પામ્યો દેવદત્ત જન્મ્યો એવી લોકમાં પણ પ્રસિદ્ધિ છે માટે વિનાશી આત્માની અવિનાશી બ્રહ્મ સાથે એકતા કેમ સંભવે ? અને તે ન સંભવે ત્યારે જીવ બ્રહ્મની એકતારૂપ જ્ઞાનવડે મોક્ષરૂપ ફળ પણ કેમ પ્રાપ્ત થાય ?

परिच्छिन्न इवाज्ञानात्तन्नाशे सति केवलः
स्वयं प्रकाशते ह्यात्मा मेघापायेंऽशुमानिव ॥

ઉત્તર—આત્મા તો સર્વત્ર પરિપૂર્ણ તથા અદ્વિતીય છે, પરંતુ અજ્ઞાન વડે કલ્પાયેલા દેવ મનુષ્ય વિગેરેના જુદા જુદા દેહોના અધ્યાસથી[1] તે પરિચ્છિન્ન સરખો ભાસે છે,

[1] ભ્રાંત જ્ઞાન—જેમકે દોરડા ઉપર સર્પનું જ્ઞાન થાય તે.

માટે જેમ વાદળ વિખરાઈ જવાથી સૂર્ય સ્પષ્ટ પ્રકાશે છે તેમ અજ્ઞાનનો નાશ થયે તેનું કાર્ય દેહાધ્યાસ પણ નિવૃત્ત થવાથી સજાતીય[1] વિગેરે ત્રણ પ્રકારના ભેદ રહિત આત્મા શુદ્ધ સ્વરૂપે પ્રકાશે છે.

શંકા—અજ્ઞાનનો નાશ થવાથી કેવળ સ્વયંપ્રકાશ આત્મા પ્રકાશેછે એમ તમારૂં કહેવું સંભવતું નથી. કારણ કે એક અજ્ઞાનને નાશ કરનાર વૃત્તિજ્ઞાન તથા એક આત્મા, એમ બે વસ્તુ હોવાથી દ્વૈતની આપત્તિ થાય છે.

अज्ञानकलुषं जीवं ज्ञानाभ्यासाद्विनिर्मलम् ।
कृत्वा ज्ञानं स्वयं नश्येज्जलं कनकरेणुवत् ॥

ઉત્તર—જેમ ડોળા પાણીમાં નાખેલા નિર્મળીના ફળનો ભૂકો પાણીનો મેલ કાપી પોતે પણ નીચે બેસી જઇ નાશ પામે છે તેમ મહાવાક્યથી પેદા થયેલ વૃત્તિરૂપ જ્ઞાન તેના અભ્યાસની પરિપાકાવસ્થાએ હું કર્તા છું, ભોક્તા છું, એવી રીતના જીવના અજ્ઞાનરૂપ મેલનો નાશ કરી પોતે

---

૧ સજાતીય વિજાતીય અને સ્વગત, તેમાં એક વૃક્ષનો ...ન વૃક્ષથી ભેદ તે સજાતીય ભેદ. વૃક્ષ અને પાષાણનો ભેદ તે વિજાતીય ભેદ. તથા એકજ વૃક્ષમાં પુષ્પ, ફળ અને પત્રોને જે પરસ્પર ... તે સ્વગત ભેદ કહેવાય છે.

વૃત્તિ જ્ઞાન પણ નાશ પામે છે. માટે વૃત્તિજ્ઞાનવડે દ્વૈત ભ્રાંતિ રૂપ રોગ પ્રાપ્ત થતો નથી.

શંકા—આ પ્રત્યક્ષ દેખાતા સંસારને તમે અસત્ય કહોછો, તે પ્રત્યક્ષ પ્રમાણથી વિરૂદ્ધ છે.

संसारः स्वप्नतुल्यो हि रागद्वेषादिसंकुलः ।
स्वकाले सत्यवद्भाति प्रबोधेऽसत्यवद्भवेत् ॥

ઉત્તર—જેમ સ્વપ્ન ખોટું છતાં પણ નિદ્રાવસ્થામાં સાચા જેવું ભાસેછે. પરંતુ જાગ્રત અવસ્થામાં તે એમની મેળેજ ખોટું થઇ જાયછે, તેમ આ રાગ દ્વેષાદિ દોષવડે ભરેલ સંસાર મિથ્યા છે તો પણ અજ્ઞાન અવસ્થામાં સાચા સરખો ભાસેછે

જગતનું મિથ્યાપણું બીજા દાખલાથી દ્રઢ કરે છે.

तावत्सत्यं जगद्भाति शुक्तिकारजतं यथा ।
यावन्न ज्ञायते ब्रह्म सर्वाधिष्ठानमद्वयम् ॥

જ્યાંસુધી છીપનું યથાર્થ જ્ઞાન થયું નથી ત્યાંસુધી તે રૂપુ જ ભાસેછે, તેમ નામરૂપાત્મક સઘળા પ્રપંચના અધિષ્ઠાનભૂત અદ્વિતીય શુદ્ધ બ્રહ્મનું જ્યાંસુધી જ્ઞાન થયું નથી ત્યાંસુધી આ જગત્ સત્ય હોય તેમ ભાસે છે.

માટે આ સઘળું જગત માયાવડે બ્રહ્મની અંદર કલ્પા

યેલ છે એ વાતને દ્રષ્ટાંત આપી દૃઢ કરે છે.

सच्चिदात्मन्यनुस्यूते नित्ये विष्णौ प्रकल्पिताः ।
व्यक्तयो विविधाः सर्वा हाटके कटकादिवत् ॥

જેમ સુવર્ણની અંદર કડાં કુંડળ વિગેરે જુદી જાતના ઘાટ કલ્પાયેલા છે. કડાં કુંડળ વિગેરે કથન માત્ર છે. વાસ્તવિક રીતે સુવર્ણ છે. તેમ સત્ય, જ્ઞાન, આન સ્વરૂપ માળાના મણકામાં સૂત્રની પેઠે સર્વત્ર અનુસ્યૂત ભૂત, ભવિષ્ય અને વર્તમાન એવા ત્રણ કાળમાં બાધરહિત (નાશ રહિત) તથા વ્યાપક બ્રહ્મને વિષે, દેવ મનુષ્ય પશુ કીટ વિગેરે વિવિધ વ્યક્તિઓ માયા વડે કલ્પાયેલ છે તા— ત્પર્ય એ છે કે કલ્પિત સર્વ વસ્તુ પોતાના અધિષ્ઠાનથી ભિન્ન થી. કેવળ શુદ્ધ બ્રહ્મ સ્વરૂપજ છે.

.લા અર્થને વધારે દૃઢ કરે છે.

यथाऽऽकाशो हृषीकेशो नानोपाधिगतो विभुः
तद्भेदाद्भिन्नवद्भाति तन्नाशे भाति केवलः ॥

જે. આકાશ એક છે; પણ ઘર, મઠ વિગેરે ઉપાધિના યોગે—ત ઘટાકાશ, મઠાકાશ વીગેરે ભિન્ન ભિન્ન સ્વરૂપે ભાસે છે. તથા ઘટાકાશ, મઠાકાશ વિગેરેમાંથી ઘટ, મઠ વીગેરે ઉપાધિનો નાશ થતા કેવળ શુદ્ધ મહાકાશજ ભાસે છે, એવીજ રીતે મન સહિત અવિદ્યા

પ્રવર્તક વ્યાપક શુદ્ધ બ્રહ્મ અંતઃકરણમાં પ્રતિબિંબ ભાવને પામી જીવ રૂપે પ્રતીત થાય છે, આત્મ સાક્ષાત્કારવડે ઉપાધિનો નાશ થતાં અસંગ શુદ્ધ બ્રહ્મ ચૈતન્યજ ભાસે છે.

તાત્પર્ય એટલું છે કે જેમ આકાશમાં ભેદ ન હોવા છતાં ઘડા વિગેરેની ઉપાધિના યોગે તેમાં ભેદ જણાય છે. તેમ શુદ્ધ બ્રહ્મમાં ભેદ નથી તોપણ અંતઃકરણ વિગેરેની ઉપાધિના સંબંધ વડે જીવઈશ્વરનો ભેદ પ્રતીત થાય છે. ખરૂં જોતાં આત્મા અસંગ છે.

શંકા—હું બ્રાહ્મણ છું. હું બ્રહ્મચારી છું હું સન્યાસી છું, એવા પ્રકારે વર્ણાશ્રમાદિના અનેક ધર્મ યુકત આત્માની પ્રતીતિ થાય છે ત્યારે તમે તેને સંગ રહિત કેમ કહો છો?

नानोपाधिवशादेव जातिनामाश्रमादयः
आत्मन्यारोपितास्तोये रसवर्णादिभेदवत् ॥

ઉત્તર—જેમ પાણી સ્વભાવે શુકલ અને મધુર છે. પરંતુ તેમાં મીઠું, લીંબુનો રસ, રાતો, પીળો, કાળો, વિગેરે રંગો, મેળવવાથી તે ખારૂં, ખાટું, રાતું, પીળું, કાળું, એમ વિવિધરૂપે ભાસે છે. વાસ્તવિક રીતે તો તે શુકલ અને મધુરજ છે. તેમજ આત્મા પણ અસંગજ છે. પરંતુ પૂર્વોકત અનેક ઉપાધિના યોગે તેની અંદર બ્રાહ્મણત્વ વિગેરે જાતિ,

દેવદત્ત વિગેરે નામ તથા બ્રહ્મચર્ય વિગેરે આશ્રમ શ્રમ વડે આરોપાયેલ છે. ખરી રીતે તે માંહેનું કંઇપણ નથી.

હવે અવિદ્યાએ કલ્પેલી સ્થૂળ સૂક્ષ્મ અને કારણ એ ત્રણ ઉપાધીઓ પૈકી પ્રથમ સ્થૂળ ઉપાધીનું વીવેચન કરે

पंचीकृतमहाभूतसंभवं कर्मसंचितम् ।
शरीरं सुखदुःखानां भोगायतनमुच्यते ॥

પંચીકૃત [1] પૃથ્વી વીગેરે પંચ મહાભૂતથી પેદા થયેલ પ્રારબ્ધ કર્મે રચેલું તથા આત્માને સુખ દુઃખ ભોગવવાનું ઠેકાણું આ સ્થૂળ શરીર આત્માની પ્રથમ ઉપાધિ છે.

સુક્ષ્મ દેહની ઉપાધી કહે છે.

पंचप्राणमनोबुद्धिदशेंद्रियसमन्वितम् ॥
अपंचीकृतभूतोत्थं सूक्ष्मांगं भोगसाधनम् ॥

૧ પંચી કરણનો પ્રકાર-દરેક ભૂતના સરખા બેબે ભાગ કરવા. પછી તેમાંના દરેક ભૂતનો અર્ધ ભાગ બધ તેના સરખા ચાર ચાર ભાગ કરી પોતાના [illegible] ચાર ભૂતોને એક એક ભાગ વહેંચી આપવાથી દરેક ભૂતમાં પોતાનો અર્ધો ભાગ તથા અન્ય ચાર ભૂતોના આઠમા ભાગ પ્રાપ્ત થવાથી તૈયાર થયેલું એક એવું પંચીકૃત [illegible] કહેવાય છે. [illegible]
[illegible] ઉપાદાન કારણ [illegible]

પ્રાણ, અપાન, સમાન, ઉદાન અને વ્યાન એ પંચ પ્રાણ, મન, (અંતઃકરણની એકના વિકલ્પવાળી વૃત્તિ), બુદ્ધિ (નિશ્ચયાત્મક અંતઃકરણ વૃત્તિ), શ્રોત્ર, ત્વચા, નેત્ર, જીવ્હા અને નાસિકા એવી પાંચ જ્ઞાનેંદ્રિય તથા વાણી, હાથ, પગ, ગુદા અને ઉપસ્થ એવી પાંચ કર્મેંદ્રિય મળી દશ ઇંદ્રિયો એવી રીતના એકંદર સત્તર તત્વ યુક્ત અપચીકૃત પંચ મહાભૂતથી રચાયેલ સુખ દુઃખના ભોગના સાધન ભૂત સૂક્ષ્મ શરીર (લિંગ શરીર) આત્માની બીજી ઉપાધિ છે.

ત્રીજી કારણ શરીર રૂપ ઉપાધી કહે છે,

अनाद्यविद्यानिर्वाच्या कारणोपाधिरुच्यते ।
उपाधित्रितयादन्यमात्मानमवधारयेत् ॥

અનાદિ અનિર્વચનીય (સત્ય કે અસત્ય નહિ કહી શકાય એવી સમષ્ટિ, વ્યષ્ટિ, સ્થૂળ, સૂક્ષ્મ શરીરના કારણ રૂપ) અવિદ્યા એ આત્માની ત્રીજી ઉપાધિછે. એ ત્રણે ઉપાધિથી જુદો તેમનો સાક્ષી હું અસંગ દૂર રહી, સત્ ચિત્ આનંદ બ્રહ્મ સ્વરૂપ છું એ પ્રમાણે આત્માનો નિશ્ચય કરવો એજ આ સ્થાને ત્રણ ઉપાધિના નિરૂપણ કરવાનું પ્રયોજન છે.

શંકા—ઉપર કહેલી ત્રણ ઉપાધિથી ભિન્ન આત્મા સત્ચિત્ આનંદ રૂપ છે એવું તમારૂં કહેવું સંભવતું નથી શાથી કે આત્મા, અન્નમયાદિ કોશરૂપ છે એમ શ્રુતિ

દેહના વિશે નામ તથા 'પ્રકાશ્ય' વિશે આશ્રમ ભ્રમ વડે આરોપેલા છે. ખરી રીતે તે આત્માનું કંઈપણ નથી.

હવે અવિદ્યાએ કરેલી સ્થૂલ સૂક્ષ્મ અને કારણ એ ત્રણ ઉપાધીઓ પૈકી પ્રથમ સ્થૂલ ઉપાધીનું વિવેચન કરે

पंचीकृतमहाभूतसंभवं कर्मसंचितम् ।
शरीरं सुखदुःखानां भोगायतनमुच्यते ॥

પંચીકૃત[1] પૃથ્વી વગેરે પંચ મહાભૂતથી પેદા થયેલ પ્રારબ્ધ કર્મે રચેલું તથા આત્માને સુખ દુઃખ ભોગવવાનું ઠેકાણું આ સ્થૂલ શરીર આત્માની પ્રથમ ઉપાધિ છે.

સૂક્ષ્મ દેહની ઉપાધી કહે છે.

पंचप्राणमनोबुद्धिदशेन्द्रियसमन्वितम् ।
अपंचीकृतभूतोत्थं सूक्ष्मांगं भोगसाधनम् ॥

---

૧ પંચી કરણનો પ્રકાર—દરેક ભૂતના સરખા બે બે ભાગ કરવા. પછી તેમાંના દરેક ભૂતનો અર્ધો ભાગ અર્ધ ભાગના સરખા ચાર ભાગ કરી બીજા ચાર ભૂતોને એક એક ભાગ વહેંચવો. આ રીતે દરેક ભૂતમાં પોતાનો અર્ધો ભાગ તથા બાકીના ચાર ભૂતોના આઠમા ભાગ મળી પંચીકૃત મહાભૂત કહેવાય છે. એવા પંચ મહાભૂત સ્થૂલ શરીરનું ઉપાદાન કારણ છે.

પ્રાણ, અપાન, વ્યાન, ઉદાન અને સમાન એ પાંચ પ્રાણ, મન, (અંતઃકરણની સંકલ્પ વિકલ્પવાળી વૃત્તિ), બુદ્ધિ (નિશ્ચયાત્મક અંતઃકરણ વૃત્તિ), કાન, ત્વચા, નેત્ર, જીભ અને નાસિકા એવી પાંચ જ્ઞાનેંદ્રિય તથા વાણી, હાથ, પગ, ગુદા અને ઉપસ્થ એવી પાંચ કર્મેંદ્રિય મળી દશ ઇંદ્રિયો એવી રીતના સત્તર તત્વ યુક્ત અપંચીકૃત પંચ મહાભૂતથી ઉત્પન્ન સુખ દુઃખના ભોગના સાધન ભૂત સૂક્ષ્મ શરીર (લિંગ શરીર) આત્માની બીજી ઉપાધિ છે.

ત્રીજી કારણ શરીર રૂપ ઉપાધી કહે છે,

अनाद्यविद्यानिर्वाच्या कारणोपाधिरुच्यते ।
उपाधित्रितयादन्यमात्मानमवधारयेत् ॥

અનાદિ અનિર્વચનીય (સત્ય કે અસત્ય નહિ કહી શકાય એવી સમષ્ટિ, વ્યષ્ટિ, સ્થૂળ, સૂક્ષ્મ શરીરના કારણ રૂપ) અવિદ્યા એ આત્માની ત્રીજી ઉપાધિ છે. એ ત્રણે ઉપાધિથી જુદો તેમનો સાક્ષી હું અસંગ દૂર રહી, સત્ ચિત્ આનંદ શુદ્ધ સ્વરૂપ છું એ પ્રમાણે આત્માનો નિશ્ચય કરવો જોઈએ આ સ્થાને ત્રણ ઉપાધિનું નિરૂપણ કરવાનું પ્રયોજન છે.

શંકા—ઉપર કહેલી ત્રણ ઉપાધિથી ભિન્ન આત્મા સત્ચિત્ આનંદ રૂપ છે એવું તમારૂં કહેવું સંભવતું નથી. કારણ કે આત્મા, અન્નમયાદિ કોશરૂપ છે એમ શ્રુતિ

ઉપરથી દેખાય છે. શ્રુતિ "स वा एष पुरुषोऽन्नरसमयः" તે આ પુરૂષ અન્નરસમય છે માટે અન્ન મયાદિથી આત્મા જુદો નથી કોષજ આત્મા છે.

पंचकोशादियोगेन तत्तन्मय इव स्थितः ।
शुद्धात्मा नीलवस्त्रादियोगेन स्फटिको यथा ॥

ઉત્તર—જેમ સ્ફટિક મણિ શુદ્ધ સ્વચ્છ વર્ણનો છતાં પણ કાળા વા પીળા વસ્ત્રની પાસે મુકવાથી કાળો કે પીળો ભાસે છે તેમ [1]અન્નમયાદિ કોશના યોગ વડે અર્થાત તે તે કોશની સાથે આત્માની એક રૂપતા ભ્રાંતિવડે પ્રતીત થવાથી તે તે કોશરૂપે સ્થિત થયેલા સરખો જણાય છે.

અજ્ઞાન દશામાં કોષ રૂપે પ્રતીત થતા આત્માનો ગુરૂ પ્રસાદથી સૂક્ષ્મ ભાવ પામેલી બુદ્ધિવડે વિવેક કરવાથી તે કોષ રૂપે ન પ્રતીત થતાં શુદ્ધ સ્વરૂપે પ્રત્યક્ષ થાય છે. એ વાતને દાખલાથી દૃઢ કરી કહે છે.

---

૧ અન્ન રસથીજ ઉપજતું એ થકી વૃદ્ધિપામતું તથા અન્ન રૂપ પૃથ્વીમાં અંતે લય પામતું સ્થુળ શરીર અન્નમય કોષ છે. પંચ કર્મેંદ્રિયો તથ પાંચ પ્રાણમળી પ્રાણમય કોષ પાંચ જ્ઞાનેંદ્રિયો અને મન મળી મનોમય કોષ છે. પાંચ જ્ઞાનેંદ્રિયો અને બુદ્ધિ મળી વિજ્ઞાન મય કોષ છે, કારણ શરીર રૂપ મલિન સત્વ પ્રધાન પ્રિય, મોદ અને પ્રમોદ એવા ત્રણ વૃત્તિ સહિત અવિદ્યા તે આનંદ મય કોષ છે.

वपुस्तुषादिभिः कोशैर्युक्तं युक्त्यावघाततः ।
आत्मानमंतरं शुद्धं विविच्यात्तण्डुलं यथा ॥

ચોખા સ્વરૂપે ધોળા તથા શુદ્ધ છે તોપણ ફોતરાંવડે ઢંકાએલા હોવાથી ફોતરાં રૂપેજ ભાસેછે, પરંતુ તેમને જેમ ખાંડીને ફોતરાંથી જુદા પાડેછે તેમજ પંચકોશની અંદર રહેલા શુદ્ધ આત્માને યુક્તિ રૂપ વિચાર વડે તે તે કોશથી વિવેક કરવાથી તે શુદ્ધ ભાસેછે, એ યુક્તિ રૂપ વિચારનું સ્વરૂપ સ્વપ્નાવસ્થામાં સ્થૂળ દેહનું ભાન નથી અને આત્માનું ભાન છે સુષુપ્તિમાં સ્થૂલ તથા સૂક્ષ્મ શરીરનું ભાન નથી અને સુખસ્વરૂપ આત્માનું ભાન છે જો સુષુપ્તિમાં સુખનું ભાન ન હોયતો " હું સુખે સુતો " એવી જાગીને પ્રતીતિ કે સ્મૃતિ ન થવી જોઇએ. માટે સુષુપ્તિમાં સુખનું ભાન છે, એ કાળે વિષય જન્ય સુખતો નથી પણ કેવળ આત્મસ્વરૂપજ સુખરૂપે પ્રતીત થાય છે, તથા નિર્વિકલ્પ સમાધિમાં અજ્ઞાનના આવરણ રહિત આત્મા ભાસે છે તથા અજ્ઞાન એટલે કારણ શરીર ભાસતું નથી એવીરીતે ત્રણ શરીર એક અવસ્થાને છોડી બીજી અવસ્થામાં ભાસતાં નથી. અને આત્મા તો સર્વ અવસ્થાઓમાં ભાસે છે. માટે આત્મા ત્રણ શરીર તથા ત્રણે અવસ્થાથી ભિન્ન જાણવો. સ્થૂલ શરીર અન્નમય કોશ છે, કારણ શરીર આનંદમય કોશ છે, અને સૂક્ષ્મ શરીર પ્રાણમય કોશ છે. તેમાં મનોમય અને

વિજ્ઞાનમય કોશનો સમાવેશ થાય છે માટે ત્રણ દ[...] આત્માનો વિવેક કરવાથી પાંચ કોશનો વિવેક સહજ થાય છે.

શંકા—આત્મા બ્રહ્મરૂપ હોવાથી સર્વત્ર વ્યાપક માટે તેની સર્વ સ્થળે પ્રતીતિ કેમ થતી નથી ?

सदा सर्वगतोऽप्यात्मा न सर्वत्रावभासते।
बुद्धावेवावभासेत स्वच्छेषु प्रतिबिम्बवत् ॥

ઉત્તર—જેમ ઘડો, ભીંત કાચ એ સઘળાં ગ[...] કાર્ય છે. તથાપિ ઘડા અથવા ભીંતમાં પ્રતિબિંબરૂપે ત[...] પ્રકાશતો નથી. આથી કે તેઓ મલીન હોવાથી પ્રતિબિંબ ગ્ર[...] કરવા અયોગ્ય છે. માત્ર કાચ વિગેરેજ સ્વચ્છ હોવાથી તેમ[...] તેનું પ્રતિબિંબ પડે છે. તેમજ આત્મા જો કે સદા સર્વ[...] વ્યાપક છે તોપણ રાગ વિગેરે મેલ રહિત શુદ્ધ બુદ્ધિ[...] માંજ પ્રકાશે છે; મલિન ઉપાધિમાં તેનો પ્ર[...] જણાતો નથી.

આત્મા દેહ ઇન્દ્રિયાદિ સંઘાતમાં રહેલ છતાં પણ તેથ[...] કેવળ જુદો છે, એ વિષય દ્રષ્ટાંત આપી દૃઢ કરે છે.

देहेंद्रियमनोबुद्धिप्रकृतिभ्यो विलक्षणम् ।
तद्वृत्तिसाक्षिणं विद्यादात्मानं राजवत्सदा ॥

એમ રાજા પોતાના દરબારમાં બેઠેલા પડખેનો સાક્ષી
કા પ્રેરક હોઇ તેનાથી જુદો છે. તેમ આત્મા પણ શ-
ર, ઇંદ્રિય, મન, બુદ્ધિ અને પ્રકૃતિ એ બધાથી વિલ-
ણ છે. એટલે દેહ વિગેરે જડદૃશ્ય તથા પરિણામી છે અને
ાત્મા ચેતન દૃષ્ટા તથા અપરિણામી છે દેહની બાલ્ય વિગે-
અવસ્થાનો અને મન વિગેરેની વૃત્તિઓનો સાક્ષી છે એમ
નિશ્ચય કરવો.

શંકા—આત્માનું કેવળ સાક્ષીપણું તમે કહો છો
ો સંભવતું નથી કારણ કે આ દેહાદિક સંઘાતમાં રહી
જોવું સાંભળવું વિગેરે સર્વ વ્યવહાર કરતો પ્રતીત થાય છે.

व्यापृतेष्विन्द्रियेष्वात्मा व्यापारीवाविवेकिनाम् ।
दृश्यतेऽभ्रेषु धावत्सु धावन्निव यथा शशी ॥

ઉત્તર—વાયુના વેગથી આકાશમાં વાદળાં દોડતાં
જોઇ મૂર્ખ માણસ ચંદ્રને દોડતો માને છે. તેવીજ રીતે
ગુરૂશાસ્ત્રના ઉપદેશ રહિત અવિવેકી પુરૂષ નેત્ર વિગેરે
ઇંદ્રિયોના પોતપોતાના વ્યાપારને આત્મા વિષે માને
છે. અર્થાત જોવું સાંભળવું વિગેરે સઘળા વ્યવહાર આ-
ત્માજ કરતો હોય તેમ તેઓનું માનવું છે.

શંકા—દેહ ઇંદ્રિય વિગેરેને તમે વ્યાપારવાળાં કહો
છો ત્યારે તો તેઓ પણ ચૈતન્ય હોવા સંભવે છે અને જો

તેઓને ચૈતન્ય માનો તો તેઓને પણ અવશ્ય આત્મા માનવા ઘટે છે. કારણ કે ચૈતન્ય વસ્તુ એજ આત્મા છે.

आत्मचैतन्यमाश्रित्य देहेन्द्रियमनोधियः ।
स्वकीयार्थेषु वर्तन्ते सूर्यालोकं यथा जनाः ॥

ઉત્તર—જેમ સઘળા માણસો સૂર્યના પ્રકાશના આશ્રે પોતપોતાના વ્યવહારો કરે છે તેમજ ચૈતન્ય સ્વરૂપ આત્માને આશ્રયેજ દેહ ઇંદ્રિય, મન અને બુદ્ધિ પોતપોતાનાં કામ કરે છે. પોતે સ્વતંત્રપણાએ કરી શકતાં નથી માટે તેઓ આત્મા નથી.

શંકા—આત્મા ચૈતન્યરૂપ ભલે હો, પણ હું જન્મું છું હું મરણ પામું છું, હું બાળક છું, હું જુવાન છું. હું ઘરડો છું, હું કાણો છું, બહેરો છું એવા વ્યવહારો આત્માની અંદર પ્રતીત થવાથી તે જન્મ વિગેરે વિકારવાળો ઘટે છે તે અવિકારી સંભવતો નથી.

देहेन्द्रियगुणान्कर्माण्यमले सच्चिदात्मनि ।
अध्यस्यन्त्यविवेकेन गगने नीलतादिवत् ॥

ઉત્તર—જેમ મૂઢ માણસ આકાશની અંદર કાળા, લાલ, પીળા વિગેરે રંગોનો આરોપ કરેછે તેમ અવિવેકી માણસ બાળક, જુવાન વિગેરે દેહના ધર્મોને, અંધબધિર વિગેરે

દેહના ધર્મોને જેમ નીલપણું આકાશનું વિગેરે ઉપાધિઓના સંબંધથી આત્માનુરૂપ હોવા છતાં જેમ આનંદ સ્વરૂપ આત્માની અંદર દેખાય છે, પણ અજ્ઞાનથી જુદા જાણીએ તો, વાસ્તવિક રીતે આત્માની અંદર દેહ ઇંદ્રિય વિગેરેનો કોઈ પણ ધર્મ રહ્યો નથી.

શંકા— આત્માની અંદર દેહ ઇંદ્રિય વિગેરેનો કોઈ પણ ધર્મ રહ્યો ન હો પણ હું કર્તા છું, હું ભોક્તા છું, હું સુખી છું, હું દુખી છું, એવું તો આત્માની અંદર દેખાય છે, માટે આત્મા કર્તા ભોક્તા હોવો જોઈએ, અને વેદાંતિક મતના અનુયાયી તો આત્માને કર્તા ભોક્તા માને છે પણ ખરા.

અજ્ઞાનાન્માનસોપાધેઃ કર્તૃત્વાદીનિ ચાત્મનિ
કલ્પ્યંતેઽમ્બુગતે ચંદ્રે ચલનાદિર્યથામ્ભસઃ ॥

ઉત્તર—જેમ મૂઢ માણસ પાણીના હાલવારૂપ ધર્મ પાણીમાં પડેલા ચંદ્રના પ્રતિબિંબની અંદર કલ્પે છે તેમ અજ્ઞાની માણસ પોતાના અજ્ઞાનને લીધે કર્તાપણું, ભોક્તાપણું, સુખ દુઃખ વિગેરે મનની ઉપાધીના ધર્મોને આત્માની અંદર આરોપે છે.

હવે રાગ ઇચ્છા વિગેરે અંતઃકરણના ધર્મો કેવળ મના

ન કલ્પિતજ છે, એ બાબત [1]અન્વય વ્યતિરેકની યુક્તિથી સમજાવે છે.

रागेच्छासुखदुःखादि बुद्धौ सत्यां प्रवर्तते ।
सुषुप्तौ नास्ति तन्नाशे तस्माद्बुद्धेस्तु नात्मनः ॥

જાગૃત અવસ્થામાં તથા સ્વપ્ન અવસ્થામાં બુદ્ધિ છે તો રાગ (વિષયોમાં અત્યંત પ્રીતિ) ઇચ્છા (તેઓમાં સાધારણ પ્રીતિ) સુખ દુઃખ વિગેરે ધર્મો વર્તે છે અને સુષુપ્તિ અવસ્થામાં બુદ્ધિનો અજ્ઞાનમાં લય થયો હોય છે, તેથી રાગ વિગેરે ધર્મો પ્રતીત થતા નથી, માટે રાગ વિગેરે ધર્મો બુદ્ધિના છે આત્માના નથી. જો તેઓ આત્માના હોય તો ત્રણે અવસ્થામાં માલુમ પડવા જોઇએ કારણ કે ત્રણે અવસ્થામાં આત્મા તો છેજ.

શંકા—જ્યારે રાગ વિગેરે આત્માનો સ્વભાવ નથી ત્યારે તેનો સ્વભાવ અર્થાત સ્વરૂપ કેવું છે?

प्रकाशोऽर्कस्य तोयस्य शैत्यमग्नेर्यथोष्णता ।
स्वभावः सचिदानंदनित्यनिर्मलतात्मनः ॥

---

[1] જેના હોવાથી જેનું હોવાપણું તે અન્વય, અને જેના ન હોવાથી જેનું નહિ હોવાપણું તે વ્યતિરેક કહેવાય છે, આ સ્થળે બુદ્ધિ હોવાથી રાગાદિકનું ન હોવાપણું તે અન્વય; અને બુદ્ધિના ન હોવાથી રાગાદિકનું ન હોવાપણું તે વ્યતિરેક છે.

જેવી રીતે પ્રકાશ એ સૂર્યનો સ્વભાવ છે, શીતળપણું એ પાણીનો સ્વભાવ છે તથા ઉષ્ણતા એ અગ્નિનો સ્વભાવ છે, તેમ જ નિત્ય, આનંદ, નિર્મળ શુદ્ધપણું એ આત્માનો સ્વભાવ છે. શિષ્ય પૂછે છે કે હું પૂછું છું કે જ્યારે અહંવૃત્તિ ઉત્પન્ન થાય છે ત્યારે આત્મા જ્ઞાન કરનાર કહેવાય છે ત્યારે તેને નિર્વિકાર કેમ કહો છો ?

आत्मनः सच्चिदंशश्च बुद्धेर्वृत्तिरिति द्वयम् ।
संयोज्य चाविवेकेन जानामीति प्रवर्तते ॥

જેવી રીતે અગ્નિમાં તપાવેલા લોઢાનો ગોળો અને અગ્નિ એ એકરૂપ થઈને રહેલ હોય છે તેવી જ આત્માનો સત ચિત અંશ તથા બુદ્ધિની વૃત્તિ એ બંને પરસ્પર એક રૂપ થઈને રહેલ હોય છે તેથી તેમનો યથાર્થ વિવેક ન થવાથી 'હું જાણું છું', એ પ્રકારે અહંકારવાળી વૃત્તિ ઉદયપામે છે.

(ઉપર કહેલા અર્થનું સ્પષ્ટીકરણ કરે છે.)

आत्मनो विक्रिया नास्ति बुद्धेर्बोधो न जात्विति ।
जीवः सर्वमलं ज्ञात्वा ज्ञाता द्रष्टेति मुह्यति ॥

આત્માને વિષે કોઈપણ પ્રકારનો વિકાર નથી, કારણ કે શ્રુતિ સ્મૃતિઓ તેને નિર્ગુણ, નિષ્ક્રિય, શાંત, નિર્વિકાર તથા નિર્લેપ કહે છે તથા બુદ્ધિને વિષે જ્ઞાન કોઈ કાળે પણ નથી કારણ કે તે માયાનું કાર્ય હોવાથી જડ છે તો એ પણ અંતઃ

કારણ ઉપાધિવાળા જીવો અજ્ઞાનવડે ઉપાધિના ધર્મો
અંગીકાર કરી ભ્રાંતિવડે હું કર્તા છું, દેહ છું એમ કહેવા
દેહાદિના ધર્મો પોતાને વિષે માની આત્મા જન્મમરણ
ભયને પામે છે પરંતુ તે દેહાદિકના ધર્મો તેના સ્વરૂપ
વિષે કેવળ સ્વરૂપના અજ્ઞાનવડેજ આરોપિતાદિ આ વાતને કહે છે.

रज्जुसर्पवदात्मानं जीवं ज्ञात्वा भयं वहेत् ।
नाहं जीवः परात्मेति ज्ञातं चेन्निर्भयो भवेत् ॥

જેમ અંધારામાં પડેલી દોરી ત્રણ કાળે સર્પ થયું નથી
તથાપિ તેને ભ્રાંતિવડે સર્પ જાણીને જીવ ભય પામે છે તેમજ
સ્વયંપ્રકાશ આત્મા ભ્રાંતિવડે પોતાને વિષે જીવપણું આરોપીને
હું જીવ છું, કર્તા છું, ભોક્તા છું, સુખી છું, દુઃખી છું એવા
અભિમાનવડે જન્મમરણાદિ ભયને પામે છે, પરંતુ તે જ્યારે
મહા વાક્યના વિચારવડે હું જીવ નથી હું તો અદ્વિતીય
સત્ ચિત્ આનંદ બ્રહ્મ છું એમ જાણે છે ત્યારે જન્મમરણ
આદિ સર્વ ભય રહિત થાય છે.

શંકા–મન બુદ્ધિ આદિ આત્માની અતિ નિકટ હોવાથી
તેના યથાર્થ સ્વરૂપને જાણવા કેમ સમર્થ થતાં નથી.

आत्मावभासयत्येको बुद्ध्यादीनीन्द्रियाणि च ।
दीपो घटादिवत्स्वात्मा जडैस्तैर्नावभास्यते ॥

ઉત્તર-જેમ દીવો ઘટ વિગેરે પ

પણ ઘડા વિગેરે મલિન પદાર્થો દીવાને પ્રકાશ કરી શકતા નથી. તેમ આત્મા એક છે અને તે મન બુદ્ધિ વિગેરેને પ્રકાશ કરે છે, પરંતુ મન બુદ્ધિ વિગેરે જડ છે માટે તેઓ આત્માને પ્રકાશ કરી શકતાં નથી.

શંકા-જ્યારે આત્મા બુદ્ધિ આદિવડે જાણી શકાતો નથી. ત્યારે તેને જાણવા માટે અન્ય જ્ઞાનની જરૂર છે ખરી.

स्वबोधे नान्यबोधेच्छा बोधरूपतयात्मनः ।
न दीपस्यान्यदीपेच्छा यथा स्वात्मा प्रकाशते ॥

ઉત્તર-જેમ દીવો સ્વયંપ્રકાશ હોવાથી તેને પ્રકાશ કરવા માટે બીજા દીવાની જરૂર નથી તેમજ આત્મા જ્ઞાનસ્વરૂપ છે માટે તેના જ્ઞાનને માટે અન્ય જ્ઞાનની જરૂર નથી. તે તો પોતાની મેળેજ પ્રકાશે છે.

શંકા-જ્યારે આત્મા, બુદ્ધિ આદિવડે જણાતો નથી ત્યારે તે શી રીતે જણાય છે તે કહો.

निषिध्य निखिलोपाधीन्नेति नेतीति वाक्यतः ।
विद्यादैक्यं महावाक्यैर्जीवात्मपरमात्मनोः ॥

નેતિ નેતિ (આ નહિ આ નહિ) એ શ્રુતિના વાક્ય વડે સર્વ સ્થૂલ, સૂક્ષ્મ અને કારણ એ સકળ ઉપાધિનો ત્યાગ

કરીને, અર્થાત સ્થૂલ શરીર, સૂક્ષ્મ શરીર તથા કારણ શરીર આત્મા નથી એવો નિશ્ચય કરીને ૧ " तत्त्वमसि " એ મહા વાક્યમાં આવેલા તત્ ત્વં પદની ઉપાધિ અલ્પજ્ઞત્વ, સર્વજ્ઞત્વ આદિ, ભાગત્યાગ લક્ષણાવડે તજી, બન્ને પદનો એક લક્ષ્ય અર્થ શુદ્ધ બ્રહ્મ હું છું એ પ્રકારનો અપરોક્ષ નિશ્ચય કરવો એનું નામજ તત્વજ્ઞાન અને તે જ મુક્તિનું સાધન છે.

શંકા–સ્થૂલ આદિ ઉપાધિ ત્યાગ કરી ન કરીએ તોપણ હાનિ નથી કારણ કે ચૈતન્ય તો અસંગ છેજ.

---

૧ तत्त्वमसि મહા વાક્યવડે શુદ્ધ ચૈતન્યરૂપ લક્ષ્ય અર્થનો બોધ ભાગત્યાગ લક્ષણા આશ્રય કરવાથી થાય છે. એ ભાગત્યાગ લક્ષણાનું સ્વરૂપ આ પ્રમાણે—सोयं देवदत्त,—જો આ દેવદત્ત 'આ' વાક્યમાં 'स' પદનો અર્થ તે દેશ તથા તે કાળ સહિત દેવદત્ત એવો છે તથા 'अयं' પદનો આ દેશ તથા આ કાળ સહિત દેવદત્ત એવો અર્થ છે. એ બન્ને પદ સાથે બોલવાથી બન્નેનો અર્થ એકજ છે એમ સમજાય છે, પરન્તુ એમ સમજાતું નથી કારણ કે 'स' અને 'अयं' પદના [illegible] [illegible] 'तत्त्वमसि'

[illegible] ।
[illegible] ॥

[illegible]

[illegible]

[illegible] ।
[illegible] ॥

[illegible] છે.

જન્મ, જરા, દુર્બળપણું મરણ ઇત્યાદિ ધર્મો સ્થૂલ શરીરના છે. હું સ્થૂલ શરીરથી ભિન્ન છું માટે જન્મ આદિ ધર્મો મારા નથી. તથા શબ્દ સ્પર્શ, રૂપ, રસ અને ગંધ એ પાંચ વિષયોના ભોગવુંના સંગ મારે નથી નથી કારણ કે હું ઇન્દ્રિયે રહિત છું. ઇન્દ્રિયોને વિષયોની સંગાથે સંબંધ અજ્ઞાન [illegible] થવાથી અને અજ્ઞાનને તો મારે સાથે નથી.

(હવે આત્માને વિષે મનના ધર્મોનો પણ નિષેધ કરેછે.)

अमनस्त्वान्न मे दुःखरागद्वेषभयादयः ।
अप्राणो ह्यमनाः शुभ्र इत्यादिश्रुतिशासनात् ॥

[illegible] રાગ, વિદ્વેષ, ક્રોધ, ભય, [illegible] નથી. કારણ કે હું [illegible] આત્મા મન અને પ્રાણ [illegible] કેમકે જ્ઞાન આદિ [illegible] આદિ [illegible] ઇન્દ્રિય વિના [illegible]

[illegible] આદિ [illegible]

[illegible]
[illegible] ॥

આ અજ્ઞાન જ સદા દુઃખરૂપ સંસારનો વિસ્તાર કર-[illegible] ભિન્ન [illegible] ક્રિયાશક્તિવાળો પ્રાણ, [illegible], મન, સર્વ ઇંદ્રિયો, આકાશ, વાયુ, તેજ, જળ અને સ્થાવરજંગમ પ્રાણીઓને ધારણ કરનારી પૃથ્વી એનાથી અવિદ્યાવડે ઉત્પન્ન થાય છે.

નિર્ગુણો નિષ્ક્રિયો નિત્યો નિર્વિકલ્પો નિરંજનઃ।
નિર્વિકારો નિરાકારો નિત્યમુક્તોઽસ્મિ નિર્મલઃ॥

શબ્દ, રૂપ આદિ ગુણો પ્રકૃતિના ગુણો છે, અને રાગ તથા ઈચ્છાદિક બુદ્ધિના ગુણો છે એ બન્ને પ્રકારના ગુણોથી હું રહિત છું. કારણ કે પ્રકૃતિ અને બુદ્ધિ એ બંનેનો મારામાં અભાવ છે. ક્રિયા એ દેહ ઇંદ્રિયાદિકનો ધર્મ છે. હું દેહ ઇંદ્રિયાદિકથી રહિત છું માટે કોઈ પણ ક્રિયા મારામાં નથી. હું નિત્ય એટલે ત્રણે કાળમાં એકસ્વરૂપ છું. હું નિર્વિકલ્પ એટલે સંકલ્પ વિકલ્પ રહિત છું. હું નિરંજન એટલે માયા તથા તેના કાર્યરૂપ મેલ રહિત છું.

વિકારો સર્વ લિંગ શરીરને આશ્રયે રહેલા છે અને હું લિંગ શરીર રહિત હોવાથી કોઈપણ વિકાર મારામાં નથી. અવયવી પદાર્થ આકારવાન્ હોય છે. હું આકાશની પેઠે નિરવયવ છું, તેથી આકાર રહિત છું. હું બંધન રહિત

શંકા—આ દૃશ્ય પ્રપંચ પ્રત્યક્ષ વર્ત્તમાન છતાં એકતાનુ ચિંતન કેમ થાય ?

आत्मन्येवाखिलं दृश्यं प्रविलाप्य धिया सुधीः ।

भावयेदेकमात्मानं निर्मलाकाशवत्सदा ॥

ઉત્તર—શુદ્ધ અંતઃકરણવાળો અધિકારી પુરૂષ સર્વ દૃશ્ય પ્રપંચનો યોગિજનોમાં પ્રસિદ્ધ [1]લય ચિંતનને પ્રકારે વિવેકવાળી બુદ્ધિથી આત્મામાં લય કરી આકાશની પેઠે નિર્મળ સદા એકરસ આત્માનુ ચિંતન કરે

શંકા—સઘળા દૃશ્ય પ્રપંચનો ત્યાગ કરી વિવેકી પુરૂષ કેવા રૂપે આત્મામાં સ્થિતિ પામે છે ?

नामवर्णादिकं सर्वं विहाय परमार्थवित् ।

परिपूर्णचिदानन्दस्वरूपेणावतिष्ठते ॥

ઉત્તર—આત્માના વાસ્તવિક સ્વરૂપને જાણનાર પુરૂષ નામ રૂપાત્મક દૃશ્ય પ્રપંચને મિથ્યા જાણી તજી દઈને પરિપૂર્ણ સત્ ચિત્ આનંદ સ્વરૂપમાં મગ્ન રહે છે.

---

૧ લય ચિંતનનો સામાન્ય પ્રકાર—પૃથ્વી એ જળનું કાર્ય છે. [illegible] એ પ્રમાણે [illegible] તેજમાં, તેજને [illegible] આકાશમાં, [illegible] અને પ્રકૃતિને [illegible]

[illegible]

[illegible] ।
[illegible] ॥

[illegible]

([illegible])

[illegible] ।
[illegible]

[illegible]

([illegible])

यत्नेनैव वैराग्य पूर्वतमने हृदे ।
[illegible] मानिमैवेदात्मा स्वयमेवात्मुपानित ॥

જેમ પરોઢીયામાં અરૂણોદય થયાથી પ્રથમ અંધકાર [illegible] થાય છે, અને પછી સૂર્ય ઉદય પામે છે, [illegible] [illegible] જેમ [illegible] [illegible] પ્રથમ અજ્ઞાન દૂર [illegible] [illegible] છે, અને [illegible] સૂર્યની પેઠે [illegible] [illegible] છે.

[illegible] [illegible] [illegible] [illegible] [illegible] શિવાની નિત્ય [illegible] [illegible] [illegible] [illegible] ?

[illegible] [illegible] ।
[illegible] ॥

[illegible]

હોય છે. જ્યારે તેનું સદ્ગુરૂના ઉપદેશથી અજ્ઞાન નાશ પામે છે, ત્યારે તેને આત્મા જે સ્વયમેવ પ્રાપ્ત છે, તેની પ્રાપ્તિ થાય છે. કાંઇ અભ્યાસની પ્રાપ્તિ થતી નથી.

શંકા—જીવાત્મા તથા પરમાત્મા બન્ને પરસ્પર વિરૂદ્ધ દેખાય છે; એ બન્નેની એકતા જે તમો કહો છો તે કેમ સંભવે ?

स्थाणौ पुरुषवद्भ्रान्त्या कृता ब्रह्मणि जीवता।
जीवस्य तात्त्विके रूपे तस्मिन्दृष्टे निवर्तते ॥

ઉત્તર—જેમ અંધકારમાં રહેલ વૃક્ષના ઠુંઠામાં અજ્ઞાન વડે ખોટી પુરૂષ બુદ્ધિ થાય છે તેમ અનાદિ અજ્ઞાનથી થયેલ ભ્રાંતિ વડે કર્તાપણું ભોક્તાપણું આદિ જીવનાં લક્ષણો બ્રહ્મની અંદર ભાસે છે પરંતુ "तत्त्वमसि" "अहं ब्रह्मास्मि" વિગેરે મહા વાક્યના વિચાર વડે જ્યારે જીવનું તાત્વિક સ્વરૂપ યથાર્થ જણાય છે, ત્યારે તે જીવપણું જતું રહે છે.

શંકા—જ્યાં સુધી " હું છું " અને " આ સ્ત્રી પુત્ર વિગેરે મારા છે " એવી વૃત્તિ છે ત્યાં સુધી "હું નથી" " મારૂં કાંઇ પણ નથી " એવી વૃત્તિનો ઉદય કેમ થાય?

तत्त्वस्वरूपानुभवादुत्पन्नं ज्ञानमञ्जसा ।
अहंममेति चाज्ञानं बाधते दिग्भ्रमादिवत् ॥

ઉત્તર—જેમ રાત્રીમાં થયેલો દિગ્ભ્રમ સૂર્યનો
થવાથી મટી જાય છે, તેમજ જીવની તથા બ્રહ્મની એ
પતાનું દૃઢ જ્ઞાન અનાયાસે અહંતા મમતારૂપ સંસ
નિવૃત્ત કરે છે.

(જેનું અજ્ઞાન નિવૃત્ત થયું છે. એવા વિવેકી પુરૂ
દૃષ્ટિના સ્વરૂપનું વર્ણન કરે છે.)

सम्यग्विज्ञानवान योगी स्वात्मन्येवाखिलं स्थितम् ।
एकं च सर्वमात्मानमीक्षते ज्ञानचक्षुषा ॥

જેને નિઃસંશય આત્માના સ્વરૂપનો સાક્ષાત્કાર થયો
છે. એવો યોગી પોતાના જ્ઞાનચક્ષુવડે આ અજ્ઞાનથી કલ્પા-
યેલ સઘળું જગત્ અધિષ્ઠાન કુટસ્થ સર્વત્ર પૂર્ણ પોતાના
સ્વરૂપવિષે જુએ છે તથા સર્વ પ્રપંચ અદ્વિતીય પોતાનો
જ આત્મા છે એમ જુએ છે. કારણ કે આરોપિત વસ્તુન
અધિષ્ઠાનથી ભિન્ન સત્તા હોતી નથી, માટે આત્માને વિષે
અજ્ઞાનવડે આરોપેલું વિશ્વ આત્મારૂપ છે.

શંકા—આત્માથી ભિન્ન દેખાતા જગતને જ્ઞાની આત્મ-
સ્વરૂપ કેમ જુએ છે?

आत्मैवेदं जगत्सर्वमात्मनोऽन्यन्न विद्यते ।
मृदो यद्वद्घटादीनि स्वात्मानं सर्वमीक्षते ॥

ઉત્તર—કાર્યની સત્તા પોતાના ઉપાદાન કારણથી ભિન્ન નથી. તેથી ઘડા વિગેરે કાર્યો જેમ માટીથી ભિન્ન નથી. પણ માટી રૂપજ છે. તેમજ સંપૂર્ણ જગત્ પોતાના ઉપાદાન કારણથી ભિન્ન નથી પણ આત્મારૂપજ છે.

(જ્ઞાનીની જીવન્મુક્ત અવસ્થા કહે છે.)

जीवन्मुक्तस्तु तद्विद्वान्पूर्वोपाधिगुणांस्त्यजेत् ।
सच्चिदानंदरूपत्वाद्भवेद्भ्रमरकीटवत् ॥

સચ્ચિદાનંદ આત્માના સ્વરૂપનો સાક્ષાત્કાર કરનાર જીવન્મુક્ત પુરૂષે અગાઉ કહેલ દેહ, ઇંદ્રિય, મન, વિગેરે ઉપાધિઓનો ત્રિગુણી માયાના કાર્યરૂપ જાણી ત્યાગ કરવો તથા [1]ભ્રમરકીટની પેઠે સચ્ચિદાનંદરૂપે સદા રહેવું.

(જીવન્મુક્ત પુરૂષ શ્રીરામચંદ્ર રૂપે છે તે વાત રૂપકથી બતાવે છે.)

तीर्त्वा मोहार्णवं हत्वा रागद्वेषादिराक्षसान् ।
योगी शांतिसमायुक्तो ह्यात्मारामो विराजते ॥

---

૧ જેમ ભમરી કોઇ કીડાને દરમાં લઇ જઇ ડંખ મારે છે, ત્યારે તે કીડાની વૃત્તિ ભયને લીધે ભમરીરૂપ થઇ જવાથી તે પોતાનું સ્વરૂપ તજી દઇ ભમરીરૂપ થઇ જાય છે, તેવીજ રીતે અધિકારી પુરૂષ પણ નિરંતર તન્મયપણાથી બ્રહ્મનુંજ ચિંતન કરવ બ્રહ્મરૂપજ થઇ જાય છે

૨૧

પોતાના સ્વરૂપમાંજ રમણ કરનાર યોગી અજ્ઞાનરૂપ સાગરને તરી જઈ તથા રાગ, દ્વેષ વિગેરે રાક્ષસોને હણી શાંતિ યુક્ત પોતાના સ્વરૂપમાં વિરાજે છે. આ શ્લોકે એવો અર્થ પણ વ્યંગ્ય થાય છે કે જેમ પૂર્વે રામચંદ્ર ભગવાન સમુદ્ર ઓળંગીને તથા રાવણાદિ રાક્ષસોને સંહારીને સીતા સહીત અયોધ્યા નગરીમાં વિરાજ્યા તેમ આ આત્મારૂપી રામ મહાવાક્યજન્ય અપરોક્ષ જ્ઞાનરૂપ સેતુવડે અજ્ઞાનરૂપ સમુદ્રને ઓળંગીને તથા રાગદ્વેષરૂપ રાવણ વિગેરે રાક્ષસોને હણી શાંતિરૂપ સીતા સાથે આ શરીરરૂપ અયોધ્યા નગરીમાં નિવૃત્તિરૂપ સિંહાસન ઉપર અધિક પ્રકાશે છે. (રામાયણની કથા પણ આવી રીતેજ રૂપક ગણવાથી આત્માપર લાગુ પડે છે.)

बाह्यानित्यसुखासक्तिं हित्वात्मसुखनिर्वृतः
घटस्थदीपवत्स्वच्छः स्वांतरेव प्रकाशते ॥

ચક્ષુ વિગેરે બહારની ઇંદ્રિયોનો અનુકૂળ વિષયો સાં સંબંધ થવાથી પ્રાપ્ત થતા વિષયાનંદમાંથી આસક્તિ છો આત્મસ્વરૂપના આનંદવડેજ તૃપ્ત થાય છે તે ઘડા રહેલા દીવાની પેઠે અંતઃકરણમાંજ સ્વસ્વરૂપે પ્રકાશે છ

(જ્ઞાનીની વિદેહ મુક્તિ કહે છે)

उपाधिस्थोऽपि तद्धर्मैरलिप्तो व्योमवन्मुनिः ।
सर्वविन्मूढवत्तिष्ठेदसक्तो वायुवच्चरेत् ॥

મનનશીલ સન્યાસીના પુરૂષ દેહ વિગેરે ઉપાધિમાં રહ્યા છતાં પણ આકાશની પેઠે નિર્લેપ રહેછે. સર્વજ્ઞ છતાં મૂઢની પેઠે રહે છે, તથા વાયુની પેઠે આસક્ત નહિ પ્રાપ્ત થએલા વિષયોમાં આસક્તિ પામ્યા વિના વિચરે છે.

(જ્ઞાનીનો બ્રહ્મમાં લય થાયછે, તે દ્રષ્ટાંત સહિત કહેછે)

उपाधिविलयाद्विष्णौ निर्विशेषं विशेन्मुनिः ।
जले जलं वियद्व्योम्नि तेजस्तेजसि वा यथा ॥

જેમ નદીનું જળ સમુદ્રમાં ભળી જવાથી તેના નામ રૂપ નષ્ટ થઇ સમુદ્રરૂપ થઇ જાયછે. તેમ ઘટના નાશથી આકાશ ઘટરૂપ ઉપાધિ નિવૃત્ત થવા પછી મહાકાશરૂપ થઇ જાય છે. દીપક આદિનું તેજ તે દીવો હોલવાઇ ગયા પછી સામાન્ય તેજમાં મળી જાય છે તેમજ બ્રહ્મજ્ઞાની પુરૂષ દેહાદિ ઉપાધિનો નાશ થવાથી સર્વ ધર્મ રહિત વ્યાપક બ્રહ્મમાં પ્રવેશ કરેછે, અર્થાત્ બ્રહ્મરૂપ થાય છે

(વિદેહ મુક્તિ અવસ્થાના વિવેકી પુરૂષ પરબ્રહ્મને પામેછે. તેના સ્વરૂપનું નિરૂપણ આઠ શ્લોકવડે કરે છે.)

यल्लाभान्नापरो लाभो यत्सुखान्नापरं सुखम् ।
यज्ज्ञानान्नापरं ज्ञानं तद्ब्रह्मेत्यवधारयेत् ॥

જેના લાભ કરતાં બીજો લાભ અધિક નથી, જે સુખ કરતાં બીજું કાંઈ સુખ અધિક નથી, અને જેના જ્ઞાન કરતાં બીજું કોઈ જ્ઞાન અધિક નથી, તેજ બ્રહ્મ છે, એવો નિશ્ચય કરવો.

यद्दृष्ट्वा न परं दृश्यं यद्भूत्वा न पुनर्भवः ॥
यज्ज्ञात्वा न परं ज्ञानं तद्ब्रह्मेत्यवधारयेत् ॥

જેનો સાક્ષાત્કાર થયા પછી બીજી વસ્તુ જોવા લાયક રહેતી નથી, જે રૂપ થવાથી સંસારમાં ફેરી જન્મ થતો નથી, અને જેને જાણવાથી બીજું જાણવાનું રહેતું નથી, તે બ્રહ્મ છે, એમ નિશ્ચય કરવો.

तिर्यगूर्ध्वमधः पूर्णं सच्चिदानंदमद्वयम् ।
अनंतं नित्यमेकं यत्तद्ब्रह्मेत्यवधारयेत् ॥

જે પૂર્વ, પશ્ચિમ, ઉત્તર, દક્ષિણ, ઉપર, નીચે, સર્વ પૂર્ણ છે. જે સત્ ચિત્ અને આનંદ રૂપ છે, જે અ કાળમાં બાધ રહિત છે, તથા જે એક છે તે જ વસ્તુ બ્ર છે, એવો નિશ્ચય કરવો.

अतद्व्यावृत्तिरूपेण वेदांतैर्लक्ष्यतेऽव्ययम् ।
अखंडानंदमेकं यत्तद्ब्रह्मेत्यवधारयेत् ॥

જેને વેદાંતો આત્માથી ભિન્ન સર્વ જડ વસ્તુનો ...ને પરમાર્થરૂપે લક્ષણા વૃત્તિ વડે જણાવે છે, જે

[illegible]

[illegible]

[illegible] ।

[illegible] ॥

[illegible]

[illegible]

[illegible]

[illegible] ॥

શંકા—તમે જગતને સચ્ચિદાનંદ બ્રહ્મ સ્વરૂપ કહો છો ત્યારે તેવું કેમ દેખાતું નથી?

सर्वगं सच्चिदात्मानं ज्ञानचक्षुर्निरीक्षते ।

अज्ञानचक्षुर्नेक्षेत भास्वन्तं भानुमन्धवत् ॥

ઉત્તર—જેને જ્ઞાનરૂપી નેત્ર છે, તે સચ્ચિદાનંદ સ્વરૂપ આત્માને સર્વત્ર વ્યાપ્ત દેખે છે, પરંતુ જેમ આંધળો આકાશમાં પ્રકાશિત સૂર્યને દેખતો નથી, તેમજ અનાદિ અવિદ્યાવડે આચ્છાદિત થયેલી દ્રષ્ટિવાળો માણસ પોતાનાજ શરીરમાં સાક્ષીરૂપે પ્રકાશમાન આત્મ સ્વરૂપને દેખી શકતો નથી.

શંકા—જ્ઞાનરૂપ નેત્રવાળો પુરૂષ પોતાના વિવેકબળે દેહ ઇંદ્રિયાદિકના અધ્યાસરૂપ મળને દૂર કરે છે, છતાં અનાદિ વાસનાને લીધે ફરી તેને દેહાદિકને વિષે અહંબુદ્ધિ થઈ જાય છે. માટે તેને સદા સ્વરૂપની અંદર સ્થિતિરૂપ મુક્તિ કેમ મળી શકે

श्रवणादिभिरुद्दीप्तो ज्ञानाग्निपरितापितः ।

जीवः सर्वमलान्मुक्तः स्वर्णवद्द्योतते स्वयम् ॥

ઉત્તર—જેમ સુવર્ણ અગ્નિમાં તપાવ્યાથી બીજી ધાતુ વિગેરેના ભેગરૂપ મેલને તજી દઇ શુદ્ધ કુંદનરૂપે પ્રકાશે છે. તેમજ શ્રવણ મનન તથા નિદિધ્યાસથી પ્રદીપ્ત થએલા

જ્ઞાનાગ્નિમાં તપેલો—શુદ્ધ થએલો જીવ અવિદ્યા વિગેરે સઘળા મેલને તજી પોતે સર્વ શુદ્ધ સચ્ચિદાનંદ સ્વરૂપે પ્રકાશે છે.

શંકા—એ પ્રકારે શુદ્ધ થએલો આત્મા કેવો હોય છે? ક્યાં પ્રગટ થાય છે? તથા કોને પ્રકાશ કરે છે?

हृदाकाशोदितो ह्यात्मा बोधभानुस्तमोऽपहृत् ।
सर्वव्यापी सर्वधारी भाति सर्वं प्रकाशते ॥

ઉત્તર—તે આત્માનો જ્ઞાનરૂપી સૂર્ય અધિકારીના હૃદયાકાશમાં ઉદય પામી અજ્ઞાનરૂપ અંધકારનો નાશ કરે છે. તે સર્વત્ર વ્યાપક છે, સર્વનો આધારરૂપ છે, તથા સર્વનો પ્રકાશક છે.

શંકા—જ્ઞાનપ્રાપ્તિમાં પ્રતિબંધક દોષોને નિવૃત્ત કરવા માટે મુમુક્ષુ જને પણ પ્રયાગ વિગેરે તીર્થ સેવવાં જોઇએ કે નહિ?

दिग्देशकालाद्यनपेक्ष्य सर्वगं शीतादिहृन्नित्यसुखं निरंजनम् ।
यः स्वात्मतीर्थं भजते विनिष्क्रियः स सर्ववित्सर्वगतोऽमृतो भवेत्॥

ઉત્તર—જે સર્વક્રિયા રહિત તત્વવેત્તા પુરૂષ પોતાના આત્મારૂપ તીર્થને સેવે છે તેજ સર્વજ્ઞ છે, સર્વવ્યાપક છે, તથા મુક્ત છે. તેને બીજાં તીર્થ સેવવાની બીલકુલ જરૂર

નથી. શાથીકે આત્મતીર્થ સર્વ તીર્થથી અધિક છે. જે આત્મતીર્થ દિશા, કાળ, દેશ વિગેરેની અપેક્ષા રાખતું નથી, શીત વિગેરે હરનાર છે, નિત્ય સુખવાળું છે,અને નિરંજન છે. સંક્ષેપમાં—પ્રયાગ વિગેરે તીર્થ એક દિશામાં તથા એક દેશમાં રહેલ છે, પણ આત્મતીર્થ સર્વત્ર વ્યાપક છે. બીજા તીર્થને ગ્રહણ વિગેરે કાળની અપેક્ષા હોય છે,આત્મ તીર્થ તો સર્વદા પવિત્ર છે. બીજા તીર્થ શીત વિગેરે આપનાર છે, અને આત્મ તીર્થ શીત વિગેરે હરનાર છે, અન્ય તીર્થમાં ગારો હોય છે, પણ આત્મતીર્થ અવિદ્યાના મળથી રહિત હોય છે, ને સદા સુખરૂપ છે. માટે આત્મતીર્થ સેવનાર પુરૂષને અન્ય તીર્થની આવશ્યકતા નથી.

ઇતિશ્રી મત્પરમહંસ પરિવ્રાજકાચાર્ય શ્રી મચ્છંકરાચાર્ય પ્રણીત ગુજરાતી અનુવાદવાળો આત્મબોધ સમાપ્ત.



[illegible]

[illegible]

[illegible]

ચાણક્યનીતિ

[illegible]

[illegible]

"હું પોતેજ વિષ્ણુ છું, તથા મારી માંહેજ સંપૂર્ણ વિશ્વ કલ્પિત છે" એવી રીતે જેની મહેરબાનીથી હું આત્મસ્વરૂપનો કાયમ અનુભવ કરૂં છું, તે સદ્ગુરૂના ચરણકમળમાં હું નિરંતર નમેલો છું.

"आचार्यवान् पुरुषो वेद" જે માણસ ગુરૂને શરણે થએલો હોય છે તેનેજ જ્ઞાન થાય છે " ઇત્યાદિ શ્રુતિઓ ઉપરથી માલુમ પડે છે કે, શિષ્યને બ્રહ્મવિદ્યાની પ્રાપ્તિ કેવળ ગુરૂથીજ થાય છે માટે ગુરૂ શિષ્યના પ્રશ્નોત્તરના રૂપમા તત્વનું નિરૂપણ કરવા સારૂ ગ્રંથકાર પ્રથમ શિષ્યનું લક્ષણ કહે છે.

तापत्रयार्कसंतप्तः कश्चिदुद्विग्नमानसः ।
शमादिसाधनैर्युक्तः सद्गुरुं परिपृच्छति ॥ ३ ॥

[1]ત્રણ પ્રકારના તાપરૂપી સૂર્યવડે તપેલો, ઐહિક અને આમુષ્મિક ભોગોથી વિરક્ત થએલો અને શમ વિગેરે સાધનવાળો કોઇક મુમુક્ષુ અધિકારી સદ્ગુરૂને પૂછે છે.

अनायासेन येनास्मान्मुच्येयं भवबंधनात् ।
तन्मे संक्षिप्य भगवन् केवलं कृपया वद ॥ ४ ॥

---

૧ અધ્યાત્મતાપ-રોગાદિથી થતું દુઃખ ૨ અધિભૂતતાપ. ચોર, સર્પ, વાઘ આદિથી થતાં દુ:ખ,૩ અધિદૈવતાપ-ટાઢ, તડકો, પવન વરસાદ આદિથી થતા દુ:ખ.

હે ભગવાન! મહેનત વિનાનાં જે સાધનવડે હું સંસાર રૂપ બંધનથી મુક્ત થાઉં, તે સંક્ષેપથી કેવળ કૃપા કરી મને કહો.

साध्वी ते वचनव्यक्तिः प्रतिभाति वदामि ते ।
इदं तदिति विस्पष्टं सावधानमनाः शृणु ॥ ५ ॥

હે શિષ્ય! તારી વચનની રચના ઘણી સારી જણાય છે. માટે "આ જ મુક્તિનું સાધન છે." એમ સ્પષ્ટ રીતે હું કહું છું, તે તું લક્ષ આપી સાંભળ.

तत्त्वमस्यादिवाक्योत्थं यज्जीवपरमात्मनोः
तादात्म्यविषयं ज्ञानं तदिदं मुक्तिसाधनम् ॥ ६ ॥

"तत्त्वमसि" આદિ મહાવાક્યના શ્રવણથી પેદા થએલ જે જીવાત્મા અને પરમાત્માનું એક સ્વરૂપે જ્ઞાન અર્થાત્ સાક્ષાત્કાર એજ મુક્તિનું સાધન છે.

को जीवः कः परात्मा तादात्म्यं वा कथं तयोः
तत्त्वमस्यादिवाक्यं वा कथं तत् प्रतिपादयेत् ॥ ७ ॥

શિષ્યે કહ્યું–જીવ કોણ? તથા પરમાત્મા કોણ? જીવ તથા પરમાત્માની એકરૂપતા કેવી રીતે થાય? અને જીવ તથા પરમાત્માનો અભેદ "तत्त्वमसि" વિગેરે મહાવાક્ય કેમ પ્રતિપાદન કરે?

अत्र ब्रूमः समाधानं कोऽन्यो जीवस्त्वमेव हि

यस्त्वं पृच्छसि मां कोऽहं ब्रह्मैवासि न संशयः ॥ ८ ॥

ગુરૂએ કહ્યું—તેં પુછેલા પ્રશ્નનું સમાધાન અમે કહીએ છીએ, બીજો વળી જીવ કોણ હોય ? તું જ જીવ છે અર્થાત્ તું ઇંદ્રિય અંતઃકરણ વિગેરેનો સાક્ષી છે તે જ જીવ છે. તું મને પુછે કે "હું કોણ છું" ? તેનો ઉત્તર એટલો છે કે તું બ્રહ્મ જ છે, એમાં જરા પણ સંદેહ નથી.

पदार्थमेव जानामि नाद्यापि भगवन् स्फुटम् ।

अहं ब्रह्मेति वाक्यार्थं प्रतिपद्ये कथं वद ॥ ९ ॥

શિષ્યે કહ્યું-હે ભગવન્ ! આપે કહ્યું એ ઉપરથી માત્ર પદાર્થ જ જાણું છું. પરંતુ "अहं ब्रह्मास्मि" એ મહાવાક્ય-નો અર્થ શી રીતે જાણી શકું ? માટે મહાવાક્યનો સ્પષ્ટ સમજાય તેવી રીતે અર્થ કહો.

सत्यमाह भवानत्र विज्ञानं नैव विद्यते ।

हेतुः पदार्थबोधो हि वाक्यार्थावगतेरिह ॥ १० ॥

ગુરૂએ કહ્યું—તેં સાચું કહ્યું, મહાવાક્યના અર્થનું જ્ઞાન એ જ વાક્યાર્થના જ્ઞાનનું સાધન છે, માટે તારૂં કહેવું કાંઈ ખોટું નથી, યથાર્થ છે.

વાક્યાર્થજ્ઞાનમાં પદાર્થજ્ઞાન કારણ હોવાથી "તત્" પદ અને "ત્વં" પદના અર્થનું નિરૂપણ ઉપસ્થિત થતાં,

સ્વયં પ્રસિદ્ધ " ત્વં " પદાર્થનું નિરૂપણ કરવું યોગ્ય છે, તે આગળ શ્લોક વડે કરે છે.

अन्तःकरणतद्वृत्तिसाक्षी चैतन्यविग्रहः ।
आनन्दरूपः सत्यः सन् किं नात्मानं प्रपद्यसे ॥ ११ ॥

તું અંતઃકરણ અને તેની વૃત્તિઓનો સાક્ષી છે, ચૈતન્ય સ્વરૂપ છે, આનંદ સ્વરૂપ છે, તથા ત્રણે અવસ્થામાં બાધ-રહિત છે, છતાં કેમ તું તારા સ્વરૂપને જાણતો નથી?

सत्यानन्दस्वरूपं धीसाक्षिणं बोधविग्रहम् ।
चिन्तयात्मतया नित्यं त्यक्त्वा देहादिगां धियम् ॥१२॥

દેહાદિક ઉપરની આત્મબુદ્ધિ તજી દઈ " જે સત્ય તથા આનંદ સ્વરૂપ છે, જે બુદ્ધિનો સાક્ષી છે, તથા જ્ઞાનસ્વરૂપ છે, તે હું છું." એમ તું નિરંતર ચિંતન કર.

દેહાદિકની અંદર આત્મબુદ્ધિ ઘણા કાળથી દૃઢ થઈ ગઈ છે, માટે તેનો પરિત્યાગ થયો સંભવતો નથી," એવો શિષ્યનો અભિપ્રાય જાણી તેમાં (દેહાદિમાં)થી આત્મબુદ્ધિ છોડાવવા સારૂ ગુરૂ દેહાદિકનું અનાત્મપણું શિષ્યને જણાવે છે.

रूपादिमान् यतः पिण्डस्ततोऽनात्मा घटादिवत् ।
वियदादिमहाभूतविकारत्वाच्च कुम्भवत् ॥ १३ ॥

જેમ ઘડો પંચભૂતનું કાર્ય છે, તથા રૂપ વિગેરે ગુણ વાળો છે, માટે આત્મા નથી, તેમ આ દેહ પણ પાંચ ભૂતનો હોવાથી તથા રૂપ વિગેરે ગુણવાળો હોવાથી આત્મા નથી.

શિષ્ય કહે છે.—

अनात्मा यदि पिंडोयमुक्तहेतुबलान्मतः ।
करामलकवत् साक्षादात्मानं प्रतिपादय ॥ १४ ॥

ઉપર બતાવેલાં કારણોના બળથી "આ દેહ આત્મા નથી." એ વાત જો સમ્મત હોય તો ભલે દેહ અનાત્મા રહ્યો. હું તો હથેલીમાં મુકેલા આમળાની પેઠે "હું આવો છું." એમ સાક્ષાત મારા સ્વરૂપને જાણું, તે રીતે હે ગુરૂ ! આપ આત્માનું સ્વરૂપ પ્રતિપાદન કરો

ગુરૂ આત્માનું શરીરના સાક્ષીરૂપે પ્રતિપાદન કરે છે.

घटद्रष्टा घटाद्भिन्नः सर्वथा न घटो यथा ।
देहद्रष्टा तथा देही नाहमित्यवधारयेत् ॥१५॥

જેમ ઘડાનો દ્રષ્ટા (જોનાર) ઘડાથી જુદો છે અને તે કોઈ પ્રકારે પણ ઘડો નથી તેમ જ હું (આત્મા) પણ દેહનો દ્રષ્ટા છું, તેથી કોઈપણ પ્રકારે હું શરીર નથી, એવો નિશ્ચય કરવો.

દેહને જોનાર ઇંદ્રિયો છે, માટે ઇંદ્રિયો આત્મા છે, એ પ્રકારે ઇંદ્રિયોને આત્મા માનનાર (ચાર્વાક) ના મતનું ખંડન કરે છે.

एवमिन्द्रियद्वारादीन्द्रियाणीति निश्चिनु ।

मनो बुद्धिस्तथा प्राणो नाहमित्यवधारय ॥१६॥

"મારી નજર મંદ છે, મારી દૃષ્ટિ સૂક્ષ્મ છે" એ રીતે હું ઇંદ્રિયોનો પણ દ્રષ્ટા હોવાથી ઇંદ્રિયો નથી. તેમજ સંકલ્પ વિકલ્પ જ્ઞાનરૂપ મન, નિશ્ચયાત્મક બુદ્ધિ તથા શ્વાસોશ્વાસરૂપ પ્રાણ એ સર્વનો હું સાક્ષી છું. માટે હું મન, બુદ્ધિ તથા પ્રાણરૂપ નથી, એમ તું નિશ્ચય કર.

દેહ ઇંદ્રિય વિગેરેનો સમુદાય પણ આત્મા નથી. એ કહી બતાવે છે

संघातोऽपि तथा नाहमिति दृश्यविलक्षणम् ।

द्रष्टारमनुमानेन निपुणं संप्रधारय ॥ १७ ॥

જેમ હું દેહ નથી ઇંદ્રિયો નથી, તેમ દેહ તથા ઇંદ્રિયના સમૂહરૂપ પણ નથી. જેમ પંચભૂતનો સંઘાત (સમૂહ) રૂપ ઘટનો દ્રષ્ટા ઘટથી જુદો છે. તેમ એ દેહ ઇંદ્રિય વિગેરેના સંઘાતનો દ્રષ્ટા પણ તે સંઘાતથી જુદો છે. એ પ્રકારના અનુભવવડે આત્મા દેહ વિગેરેનો સમુદાય

કે જે દ્રશ્ય છે. તેથી અત્યંત વિલક્ષણ છે, એવો વિવેકદ્રષ્ટિથી નિશ્ચય કર.

देहेंद्रियादयो भावा हानादिव्यापृतिक्षमाः

यस्य सान्निध्यमात्रेण सोऽहमित्यवधारय ॥ १८ ॥

જેના સમીપપણાથી દેહ ઇંદ્રિય વિગેરે પદાર્થો કોઇ વસ્તુને ગ્રહણ કરવી, કોઇને છોડી દેવી, ઇત્યાદિ પોતપોતાનું કાર્ય કરવા સમર્થ થાય છે, તે હું છું, એવો નિશ્ચય કર.

જેમ ચમકપાષાણની સન્નિધિથી લોઢું ચેષ્ટા કરેછે, તેમ આત્માની સન્નિધિથી દેહ વિગેરે પદાર્થો પોત પોતાનો વ્યાપાર કરે છે.

શિષ્યે કહ્યું—અવિકારી ચેતન પદાર્થની કેવળ સંન્નિધિથી બુદ્ધિ વિગેરેની પ્રવૃત્તિ સંભ[illegible] નથી માટે ચેતનને વિષે પણ બુદ્ધિ વિગેરેની પ્રવૃત્તિ [illegible] વિકાર માનવો જોઇએ. અને તે માનવામાં "[illegible]" વિગેરે સ્મૃતિનાં વાક્ય અપ્રમાણ [illegible]

अनापन्नविकार[illegible]

बुद्ध्यादीश्चालयं[illegible] सोऽहमित्यव[illegible] ॥

જેમ ચમકપાષાણ પોતે વિકાર પામ્યા [illegible] ચલાયમાન કરે છે. તેમ જે પ્રત્યક્ [illegible] નિર્વિકાર

કરી બુદ્ધિ વિગેરેને જણાવે છે. અર્થાત્ પોતપોતાના વ્યાપારમાં પ્રેરે છે, તે હું છું, એમ નિશ્ચય કર.

શિષ્યે કહ્યું—જેમ આખું જડ દેખાય છે, તથા તેથી જુદો તેનો જોનાર જણાય છે, તેમ પ્રમાણે દેહાદિનું જડપણું તથા તેથી જુદા આત્માનું ચૈતન્યપણું કેમ જણાતું નથી?

अजडात्मवदाभान्ति यत्सान्निध्याज्जडा अपि ॥
देहेन्द्रियमनःप्राणाः सोऽहमित्यवधारय ॥ २० ॥

ગુરૂ કહે છે—જે આત્માના સંનિધિપણાને લીધે દેહ, ઇંદ્રિય, મન અને પ્રાણ જડ છે તોપણ અજડ એટલે ચેતનની જેવા ભાસે છે,તે આત્મા હું છું એમ તું નિશ્ચય કર.

શિષ્યે કહ્યું—સ્વપ્ન અવસ્થામાં દેહ તથા ઇંદ્રિયો હતા નથી હોતા માટે તેઓ કદી દૃશ્ય હોવાથી અચેતન હો. પરંતુ મન શા માટે નહિ?

अगमन्मे मनोऽन्यत्र साम्प्रतं च स्थिरीकृतम् ।
एवं यो वेत्ति धीवृत्तिं सोऽहमित्यवधारय ॥ २१ ॥

" આટલીવાર સુધી મારૂં મન અન્ય વસ્તુમાં ગયું હતું, હાલ એ વસ્તુને મુકી જઈ સ્થિર કર્યું છે, અર્થાત સમીપ રહેલી વસ્તુમાં લગાડ્યું છે." એ પ્રમાણે જે અંતઃકરણની વૃત્તિઓ જાણે છે તે હું છું. એમ હે શિષ્ય! તું નિશ્ચય કર.

કે જે દ્રશ્ય છે. તેથી અત્યંત વિલક્ષણ છે, એવો વિવેક-દ્રષ્ટિથી નિશ્ચય કર.

देहेंद्रियादयो भावा हानादिव्यापृतिक्षमाः ।
यस्य सान्निध्यमात्रेण सोऽहमित्यवधारय ॥ १८ ॥

જેના સમીપપણાથી દેહ ઇંદ્રિય વિગેરે પદાર્થો કોઇ વસ્તુને ગ્રહણ કરવી, કોઇને છોડી દેવી, ઇત્યાદિ પોતપોતાનું કાર્ય કરવા સમર્થ થાય છે, તે હું છું, એવો નિશ્ચય કર.

જેમ ચમકપાણાની સન્નિધિથી લોહું ચેષ્ટા કરેછે, તેમ આત્માની સન્નિધિથી દેહ વિગેરે પદાર્થો પોત પોતાનો વ્યાપાર કરે છે.

શિષ્યે કહ્યું–અવિકારી ચેતન પદાર્થની કેવળ સંન્નિધિથી બુદ્ધિ વિગેરેની પ્રવૃત્તિ સંભ ની નથી માટે ચેતનને વિષે પણ બુદ્ધિ વિગેરેની પ્રવૃત્તિ કરા ... વિકાર માનવો જોઇએ. અને તે માનવામાં "... ...संगाच्चपते" વિગેરે સ્મૃતિનાં વાક્ય અપ્રમાણ ...

अनापन्नविकार[illegible]

[illegible] सोऽहमि[illegible] ॥

જેમ ચમકપાણ પોતે વિકાર પામ્યા ... ...ને ચલાયમાન કરે છે. તેમ જે પ્રત્યક ... નિર્વિકાર

જેમ દીવો ઘડાનો પ્રકાશ કરનાર હોવાથી ઘડાથી જુદો છે, તેમજ દેહનો પ્રકાશ કરનાર આત્મા દેહથી જુદો છે, તે પ્રમાણે હું ચૈતન્ય સ્વરૂપ આત્મા છું.

હવે આત્માનું આનંદ સ્વરૂપ પ્રતિપાદન કરે છે.

पुत्रवित्तादयो भान्ति यस्य शेषतया प्रियाः ।
द्रष्टा सर्वप्रियतमः सोऽहमित्यवधारय ॥ २४ ॥

પુત્ર, નાણું, વિગેરે પદાર્થો જે આત્માને અનુકૂળ હોવાથી પ્રિય છે, અને તે આત્મા પુત્ર વિગેરે સઘળા પદાર્થો કરતાં અધિક પ્રિય છે, તે આત્મા હું છું. એમ તું નિશ્ચય કર. શ્રુતિ પણ કહે છે કે " आत्मनः कामाय सर्वं प्रियं भवति " (આત્માનું પ્રિય કરનાર હોવાથી સઘળા પદાર્થ પ્રિય છે)

ઉપર પ્રમાણે આત્મા આનંદ સ્વરૂપ છે, એ વાત કહી હવે આત્મા અનંત પ્રેમનો વિષય હોવાથી તે ત્રણ કાળમાં સત્ય સ્વરૂપ છે, એ વાત કહે છે.

परप्रेमास्पदतया मा न भूवमहं सदा ।
भूयासमिति यो द्रष्टा सोऽहमित्यवधारय ॥ २५ ॥

હું કોઈ દિવસ ન હતો એમ નહોતું, કિંતુ સદા મારૂં અવસ્થાન હોવું જોઈએ એ પ્રમાણે અત્યંત પ્રીતિનો વિષય જે દ્રષ્ટા છે, તે હું છું, એમ તું જાણ.

શિષ્ય—મન એ બુદ્ધિની વૃત્તિરૂપ હોવાથી તે કરી દ્રશ્ય હો. પરંતુ બુદ્ધિ કે જે વૃત્તિ માત્રનું ઉપાદાન કારણ છે તેનું દ્રશ્યપણું કેમ સંભવે ?

स्वप्नजागरिते सुप्तिं भावाभावौ धियां तथा ।
यो वेत्यविक्रियः साक्षात्सोऽहमित्यवधारय ॥ २० ॥

ગુરૂ–બુદ્ધિ સ્વપ્ન અવસ્થાને તથા જાગ્રત અવસ્થાને જાણે છે. કારણકે તે સમયે તે હોય છે. પરંતુ સુષુપ્તિમાં બુદ્ધિ હોતી નથી. કારણકે તે સમયે તેનો અવિદ્યામાં લય થએલો હોય છે, અને આત્મા એ ત્રણે અવસ્થાને સાક્ષાત્ જાણે છે તથા સ્વપ્નમાં તેમજ જાગ્રત અવસ્થામાં બુદ્ધિના ભાવને અને સુષુપ્તિમાં તેના અભાવને પણ જાણે છે. તે બુદ્ધિનો દ્રષ્ટા નિર્વિકાર ચૈતન્ય સ્વરૂપ આત્મા હું છું એમ નિશ્ચય કર.

એ પ્રમાણે અચેતન પણાને લીધે દેહાદિ અનાત્મરૂપ છે, એમ સૂચવીને તથા દેહાદિ વિલક્ષણ હોવાથી આત્મા ચૈતન્ય સ્વરૂપ છે, એમ પ્રતિપાદન કરીને [illegible] વિલક્ષણ પણાને લીધે સિદ્ધ થએલા [illegible] નું દ્રષ્ટાંત આપી ઉપસંહાર કરે છે,

घटावभासको दीपो घटादन्यो यथेष्यते ।
देहावभासको देही तथाऽहं बोधविग्रहः ॥ २१ ॥

જેમ દીવો ઘડાનો પ્રકાશ કરનાર હોવાથી ઘડાથી જૂદો છે, તેમજ દેહનો પ્રકાશ કરનાર આત્મા દેહથી જૂદો છે, તે પ્રમાણે હું ચૈતન્ય સ્વરૂપ આત્મા છું.

હવે આત્માનું આનંદ સ્વરૂપ પ્રતિપાદન કરે છે

पुत्रादिभ्यश्चो भावा यस्य शेषतया प्रियाः ।
द्रष्टा सर्वप्रियतमः सोऽहमित्यवधारय ॥ २४ ॥

પુત્ર, નાણું, વિગેરે પદાર્થો જે આત્માને અનુકૂલ હોવાથી પ્રિય છે, અને તે આત્મા પુત્ર વિગેરે સઘળા પદાર્થ કરતાં અધિક પ્રિય છે, તે આત્મા હું છું. એમ તું નિશ્ચય કર. શ્રુતિ પણ કહે છે કે "आत्मनः कामाय सर्वं प्रियं भवति" (આત્માનું પ્રિય કરનાર હોવાથી સઘળા પદાર્થ પ્રિય છે.)

ઉપર પ્રમાણે આત્મા આનંદ સ્વરૂપ છે, એ વાત કહી. હવે આત્મા અત્યંત પ્રેમનો વિષય હોવાથી તે ત્રણ કાળમાં સત્ય સ્વરૂપ છે, એ વાત કહે છે.

परप्रेमास्पदतया मा न भूवमहं सदा ।
भूयासमिति यो द्रष्टा सोऽहमित्यवधारय ॥ २५ ॥

હું કોઈ દિવસ ન હતો એમ નહોતું, કિંતુ સદા મારૂં અવસ્થાન હોવું જોઇએ. એ પ્રમાણે અત્યંત પ્રીતિનો વિષય જે દ્રષ્ટા છે, તે હું છું, એમ તું જાણ.

જે નિરવધિ આનંદ સ્વરૂપ છે જે સત્ય છે, જેનું જ્ઞાનજ સ્વરૂપ છે, જે સત્તામાત્ર છે, તથા જે પૂર્ણ છે, તે પરમાત્મા એટલે તત્ પદનો લક્ષાર્થ, છે એમ કહેવાય છે.

એ પ્રમાણે વિધિવાક્ય અને નિષેધવાક્ય વડેનિરૂપાધિક બ્રહ્મનું સ્વરૂપ પ્રતિપાદન કરી હવે છ શ્લોકવડે માયોપાધિક બ્રહ્મનું સ્વરૂપ બતાવે છે.

सर्वेशत्वं परेशत्वं तथा संपूर्णशक्तिता ।
वेदैः समर्थ्यते यस्य तद् ब्रह्मेत्यवधारय ॥ ३१ ॥

જેનું સર્વજ્ઞપણું પરમેશ્વરપણું અને સંપૂર્ણ શક્તિપણું વેદ પ્રતિપાદન કરે છે. તે બ્રહ્મ છે, એમ તું નિશ્ચય કર.

यज्ज्ञानात् सर्वविज्ञानं श्रुतिषु प्रतिपादितम् ।
मृदाद्यनेकदृष्टांतैस्तद्ब्रह्मेत्यवधारय ॥ ३२ ॥

*यथा सोम्यैकेन मृत्पिंडेन सर्वं मृन्मयं विज्ञातं स्याद्वाचारंभणं विकारो नामधेयं मृत्तिकेत्येव सत्यम् ॥ ઇત્યાદિ શ્રુતિ-

* હે પ્રિયદર્શન ! જેમ એક માટીના પિંડના જ્ઞાનવડે તેના કાર્ય ઘટાદિનું જ્ઞાન થાય છે, કારણકે ઘટાદિક દરેક કાર્યો વાણીથી આરંભેલ નામ માત્રજ છે, પરંતુ મૃત્તિકાજ સત્ય છે, તેમ સર્વના કારણરૂપ બ્રહ્મના જ્ઞાનવડે સંપૂર્ણ વિશ્વનું જ્ઞાન થાય છે.

કે જે આ ... જેના જ્ઞાનથી સર્વનું જ્ઞાન પ્રતિપાદન કર્યું છે, તે બ્રહ્મ છે, એમ તું નિશ્ચય કર.

यदानन्त्यं प्रतिज्ञाय श्रुतिस्तल्लक्षणे कृता ।
तदानन्त्यं प्रपन्नाय तदप्रमेयत्वकारणम् ॥२३॥

" एकमेवाद्वितीयं ब्रह्म " એ વચનવડે શ્રુતિ જેના અનન્યપણાનો ... અનન્યપણાને સિદ્ધ કરવા ... ... તે બ્રહ્મ છે એમ તું જાણ.

विशिष्टाद्वैतपक्षा ... वेदेषु सूत्रसूक्तिषु ।
... तदप्रमेयत्वकारणम् ॥२४॥

यतो वा इमानि भूतानि जायन्ते । (જેનાથી સર્વ પ્રાણીઓ ઉત્પન્ન થાય છે,) ઇત્યાદિ વેદાન્ત વાક્યોની અંદર મુમુક્ષુ પુરુષોએ જેને બ્રહ્મપણાવડે વિચારવા યોગ્ય કહેલ છે તે બ્રહ્મ છે એમ તું જાણ.

जीवात्मना प्रवेशश्च नियन्तृत्वं च तान् प्रति ।
श्रूयते यस्य वेदेषु तदप्रमेयत्वकारणम् ॥ २५ ॥

જેનો જગતમાં જીવાત્મારૂપે પ્રવેશ તથા સઘળા જીવો પ્રતિ નિયંતાપણું વેદમાં કહેલ છે. તે બ્રહ્મ છે, એમ તું જાણ.

कर्मणां फलदातृत्वं यस्यैव श्रूयते श्रुतौ ।
जीवानां हेतुकर्तृत्वं तद्ब्रह्मेत्यवधारय ॥२६॥

જેને શ્રુતિ, કર્મ ફળનો દેનાર કહે છે, તથા સર્વ જીવોનો પ્રેરક કહે છે, તે બ્રહ્મ છે, એમ તું જાણ.

મહાવાક્યમાં કહેલ " तत् " પદ અને " त्वं "પદના અર્થનો નિઃસંદેહપણે વિચાર કરી પછી વાક્યાર્થનો વિચાર કરવો એ બાબત કહે છે.

अवान्तरपदार्थौ निर्णीतौ वाक्यार्थश्चिन्त्यतेऽधुना
तादात्म्यमत्र वाक्यार्थस्तयोरेव पदार्थयोः ॥ २७ ॥

---

१ नीलोत्पल (કાળું કમળ) એ વાક્યમાં " नील " પદ અન્ય રંગના કમળથી જુદું પાડનાર હોવાથી " नील "(કાળું) એ " उत्पल " (કમળ) રૂપ વિશેષ્યની સાથે વિશેષણરૂપે જોડાય છે, તેમજ " उत्पल " પદ પણ " नील " ગુણને અન્ય વિશેષથી જુદો પાડી " नील " વિશેષણ સાથે સંબંધ પામે છે. આ પ્રકારના સંબંધને " विशेषण विशेष्य भाव संसर्ग " કહે છે. જેમ " दंडी देवदत्त" એટલે દંડવાળો દેવદત્ત એ વાક્યમાં જેમ દંડ વિશિષ્ટ (દંડવાળો) દેવદત્ત એવો વાક્યાર્થ થાય છે. તેમ " नीलोत्पल " એ વાક્યમાં " नील " ગુણ વિશિષ્ટ (કા

“તત્”પદના અર્થનો તથા “ત્વં”પદના અર્થનો નિર્ણય કર્યો. હવે “તત્ત્વમસિ”ના મહાવાક્યનો અર્થ નિર્ણય થાય છે. વિશેષણ વિશેષ્ય ભાવથી (સંબંધ) વિશિષ્ટ તથા તાદાત્મ્ય (એકરૂપપણું) એમ ત્રણ પ્રકારના વાક્યાર્થોમાં “તત્ત્વમસિ” આદિ વાક્યમાં “તત્”પદના અર્થ તથા “ત્વં” પદના અર્થનું તાદાત્મ્યરૂપ વાક્યાર્થ સ્વીકારેલ છે.

संसर्गो वा विशिष्टो वा वाक्यार्थो नात्र संमतः
अखंडैकरसत्वे न वाक्यार्थो विदुषां मत ॥ ३८ ॥

વિશેષણ વિશેષ્ય ભાવ સંસર્ગરૂપ અથવા વિશિષ્ટરૂપ વાક્યાર્થ મહાવાક્યમાં સ્વીકારેલ નથી, કિંતુ તેનું ઐ. તથા

(નમક) ગંગામાં (ક્ષાર) એવો અર્થ ગ્રહણ કરીએ ત્યારે વિશિષ્ટ વાક્યાર્થ ગ્રહણ છે. તત્ત્વમસિ મહાવાક્યમાં અને વાક્યાર્થને ગ્રહણ કરેલ નથી, કારણ “નીલોત્પલ” એ વાક્યમાં જેમ નીલગુણ અને કમળ પદાર્થ એ જુદી જુદી વસ્તુ છે. તથા “દંડી દેવદત્ત” એ વાક્યમાં દંડ (લાકડી) અને દેવદત્ત એ બન્ને પદાર્થ ભિન્ન ભિન્ન છે, તેમ એ મહાવાક્યમાં નથી, કેમ. તો “તત્” પદનો અર્થ તથા “ત્વં” પદનો અર્થ એ એકજ વસ્તુ છે, માટે તાદાત્મ્ય એટલે બન્નેની એકતારૂપ વાક્યાર્થ મહાવાક્યમાં સ્વીકાર્યો છે

[illegible]

[illegible] ॥ २६ ॥

[illegible]

तदर्थस्य च पारोक्ष्यं यद्येवं किं ततः शृणु ।
पूर्णानंदैकरूपेण प्रत्यग्बोधोऽवतिष्ठते ॥ ४१ ॥

તેમજ તત્ પદનો અર્થ જે બ્રહ્મ, તેનું પરોક્ષપણું મટી જાય છે. એમ થવાથી શું ફળ છે ? એવી શંકા ઉઠે તો હે શિષ્ય ! તેનો ઉત્તર સાંભળ ત્વં પદના અર્થનું સંસારીપણું તથા તત્ પદના અર્થનું પરોક્ષપણું દૂર થવાથી જે અંતઃકરણ ઉપાધિયુક્ત જ્ઞાનસ્વરૂપ પ્રત્યગાત્મા છે, તે સર્વદા પરિપૂર્ણ આનંદ સ્વરૂપ છે.

तत्त्वमस्यादि वाक्यं च तादात्म्यप्रतिपादने ।
लक्ष्यौ तत्त्वंपदार्थौ द्वावुपादाय प्रवर्तते ॥ ४२ ॥

તત્ પદના લક્ષ્યાર્થને તથા ત્વં પદના લક્ષ્યાર્થને ગ્રહણ કરી તત્ત્વમસિ વિગેરે મહાવાક્ય જીવનો તથા બ્રહ્મનો અભેદ પ્રતિપાદન કરવા પ્રવર્તે છે. તત્પદના તથા ત્વંપદના વાચ્ય અર્થનો અભેદ થઇ શકતો નથી.

हित्वा द्वौ शबलौ वाच्यौ वाक्यं वाक्यार्थबोधने ।
यथा प्रवर्त्ततेऽस्माभिस्तथा व्याख्यातमादरात् ॥४३ ॥

ઉપાધિ સહિત તત્ પદના વાચ્ય અર્થનો અને ત્વં પદના વાચ્ય અર્થનો ત્યાગ કરી મહાવાક્ય જે પ્રકારે અખંડ વાક્યાર્થનો અર્થ બોધ કરવામાં પ્રવર્ત્તે છે, તે પ્રકારે અમે આદર સહિત વ્યાખ્યાન કર્યું

તત્ પદનો અને ત્વં પદનો વાચ્ય અર્થ જેને મુખ્ય અર્થ પણ કહે છે તેને સંક્ષેપમાં કહે છે.

[illegible] ।
[illegible] ॥ ૫૪ ॥

[illegible] " હું " [illegible] છે, તે [illegible] છે.

[illegible] ।
[illegible] ॥ ૫૫ ॥

[illegible] છે, [illegible] છે, [illegible] છે, [illegible] છે, [illegible] છે, [illegible]

[illegible] છે

[illegible] ॥
[illegible] ॥ ૫૬ ॥

[illegible]

પરિચ્છિન્નપણું. તથા વ્યાપકપણું. વિરોધ પામે છે. અર્થાત્ સંભવતું નથી, માટે મહાવાક્યમાં શક્તિવૃત્તિ, પ્રવર્ત્તતી નથી, પણ લક્ષણાવૃત્તિ પ્રવર્ત્તે છે

मानांतरविरोधे तु मुख्यार्थस्य परिग्रहे ।
मुख्यार्थेनाविनाभूते प्रतीतिर्लक्षणोच्यते ॥ ४७ ॥

વાક્યમાં રહેલા પદનો મુખ્ય અર્થ ગ્રહણ કરવાથી જો તેમાં પ્રત્યક્ષ વિગેરે પ્રમાણવડે વિરોધ આવે, તો મુખ્ય અર્થની સાથે સંબંધ ધરાવતા જે અન્ય અર્થની પ્રતીતિ થાય તેને લક્ષણાવૃત્તિ કહે છે.

વિવેચન—કોઇ વાક્યમાં અમુક પદનો મુખ્ય અર્થ એટલે શબ્દ સાંભળતાંજ તરત પ્રતીત થતો અર્થ ગ્રહણ કરવામાં પ્રત્યક્ષ વિગેરે પ્રમાણનો વિરોધ આવતો હોય તો તે મુખ્ય અર્થની સાથે હમેશ સંબંધ ધરાવનાર અર્થની તે પદ વડે જે પ્રતીતિ થતી હોય તેને લક્ષણાવૃત્તિ કહે છે. એ લક્ષણાવૃત્તિ " જહતી અજહતી તથા જહદજહતી " એવી ત્રણ પ્રકારની છે

गंगायां घोषः–(ગંગામાં નેસ) એ વાક્યમાં ગંગા શબ્દનો મુખ્ય અર્થ જે પ્રવાહ છે તેને તજીને પ્રવાહસાથે નિત્ય સંબંધ ધરાવનાર કાંઠાને વિષે જે ગંગા શબ્દનું

પ્રવર્તવું, તે જહતી લક્ષણા. આ લક્ષણા ગંગાપદમાં માનવાનું કારણ એ કે ગંગા પદનો મુખ્ય અર્થ પ્રવાહને વિષે ઘોષ એટલે નેસ (ગાયોના વાડા)ની સ્થિતિ પ્રત્યક્ષ વિગેરે પ્રમાણવડે સંભવતી નથી.

" श्वेतो धावति " (શ્વેત દોડે છે) એ વાકયમાં શ્વેત ગુણને દોડવું, એ પ્રત્યક્ષ પ્રમાણથી વિરૂદ્ધ છે. માટે શ્વેત શબ્દની શ્વેત ગુણ યુક્ત ઘોડાને વિષે જે પ્રવત્તિ તે અજહતી લક્ષણા જાણવી, કારણ કે મુખ્ય અર્થ શ્વેત ગુણનો ત્યાગ ન થતાં શ્વેત ગુણ સહિત અશ્વ (ઘોડા) નો થાય છે.

सोयं देवदत्तः (તે આ દેવદત્ત) એ વાકયમાં "तत्" પદનો અર્થ " જે તે દેશ કાળ વિશિષ્ટ " (તે દેશ કાળમાં સ્થિત) તથા " अयं " પદનો મુખ્ય અર્થ જે આ દેશ કાળ વિશિષ્ટ (આ દેશ અને કાલમાં સ્થિત) એ બન્નેની એકતા સંભવતી નથી. માટે તે દેશ કાળ અને આ દેશ કાળના વિશિષ્ટપણાને છોડી દઇ કેવળ દેવદત્તના શરીરમાં જે " तत् " પદની તથા " त्वं " પદની પ્રવત્તિ તે જહદજહતી લક્ષણા કહેવાય છે. કારણ કે દેશ કાળરૂપ વિશેષ અંશનો ત્યાગ કરી વિશેષ્ય અંશનો ત્યાગ કરી વિશેષ્ય અંશની અંદર શબ્દ પ્રવર્તે છે.

ત્યારે “ તત્ત્વમસિ ” આદિ મહાવાક્યમાં કઇ લક્ષણા ઘટે છે ? એ શંકાનો ઉત્તર.

तत्त्वमस्यादिवाक्येषु लक्षणा भागलक्षणा ।
सोऽयमित्यादिवाक्यस्थ पदयोरिव नापरा ॥ ४८ ॥

જેમ “ સોऽયં દેવદત્તઃ ” એવા વાક્યમાં સઃ પદનો મુખ્ય અર્થ “ ” તે દેશકાળ વિશિષ્ટ ” તથા “ અયં ” પદનો મુખ્ય અર્થ “ આ દેશકાળ વિશિષ્ટ ” છે એ બન્નેની એકતા ન સંભવતા તે બન્નેમાંથી વિશિષ્ટપણું તજી દઇને માત્ર દેવદત્તમાં સઃ અને અયં પદ પ્રવર્તે છે. તેજ પ્રમાણે ‘ તત્ત્વમસિ મહાવાક્યમાં પણ તત્ પદના તથા ત્વં પદના મુખ્ય અર્થને ગ્રહણ કરવામાં વિરોધ આવે છે કારણ કે તત્ પદનો મુખ્ય અર્થ “ જે ઇશ્વર છે તે પરોક્ષ તથા વ્યાપક (પૂર્ણ) છે અને ત્વં પદનો અર્થ પ્રત્યક્ષ તથા પરિચ્છિન્ન છે. તેથી પરોક્ષ અને પૂર્ણ પ્રત્યક્ષ અને પરિચ્છિન્નની સાથે એકતા સંભવતી નથી. માટે તત્ પદના મુખ્યાર્થમાંથી પરોક્ષપણા વિગેરેનો ત્વં પદના મુખ્યાર્થમાંથી પરિચ્છિન્નપણા વિગેરેનો ત્યાગ કરી બન્ને પદ પૂર્ણ આનંદ અખંડ બોધસ્વરૂપને વિષે પ્રવર્તે છે. આ લક્ષણાને ભાગ ત્યાગ લક્ષણા અથવા જહદજહતી લક્ષણા કહેછે.

अहं ब्रह्मेति वाक्यार्थबोधो यावद्दृढीभवेत् ।
शमादिसहितस्तावदभ्यसे च्छ्रवणादिकम् ॥ ४९ ॥

" હું બ્રહ્મ છું " એ પ્રકારે જ્યાં સુધી બ્રહ્મથી અભિન્ન અપરોક્ષજ્ઞાન (સાક્ષાત્કાર) અસંભાવના વિપરીત ભાવના દૂર થઇ દ્રઢ થાય, ત્યાં સુધી શમ દમ સાધનમાં તત્પર રહી વારંવાર શ્રવણ મનન તથા નિદધ્યાસનનો અભ્યાસ કર્યા કરવો વ્યાસ સૂત્રમાં પણ કહેલ છે કે— आवृत्तिरसकृदुपदेशात् અર્થ–શ્વેતકેતુએ પોતાના પુત્ર ઉદ્દાલકને નવ વખત મહાવાકયનાં વિવિધ દ્રષ્ટાંતો આપી બોધ કર્યો છે, માટે દ્રઢ બોધ થતાં સુધી શ્રવણ મનન નિદધ્યાસન કર્યા કરવું.

श्रुत्याचार्यप्रसादेन दृढो बोधो यदा भवेत्
निरस्ताशेषसंसारनिदानः पुरुषस्तदा ॥ ५० ॥
विशीर्णकार्यकरणो भूतसूक्ष्मैरनावृतः ।
विमुक्तकर्मनिगडः सद्य एव विमुच्यते ॥ ५१ ॥

શ્રવણ મનન વિગેરેવડે તથા પ્રણામ વિગેરે શુશ્રૂષાવડે સંપાદન કરેલ સદ્દગુરૂના પ્રસાદથી જ્યારે દ્રઢ જ્ઞાન ઉદય થાય છે. ત્યારે પુરૂષ સંપૂર્ણ સંસારનું કારણ જે અવિદ્યા છે તેથી રહિત થાયછે, તેના દેહ ઇંદ્રિય વિગેરે શિથિલ

થાય છે, અર્થાત્ તેનું અભિમાન છુટી જાય છે તે સૂક્ષ્મભૂત એટલે શબ્દ સ્પર્શ વિગેરે વિષયોથી આવૃત થતો નથી. તથા સંચિત, પ્રારબ્ધ અને ક્રિયમાણ એવા ત્રણ પ્રકારના કર્મરૂપી બેડીમાંથી તે મુક્ત થઇ દેહ છતાં પણ તત્કાલ તે વિદેહ મુક્તિ પામે છે. દેહ છતાં પણ વિદેહ મુક્તિ કેમ પામે ? એવી તારે શકા કરવી નહિ શાથી કે અન્ય પુરૂષની દ્રષ્ટિએ તેનો દેહ છતા પણ તે પુરૂષનું અજ્ઞાન સંપૂર્ણ નાશ થએલ હોવાથી તેને તો અજ્ઞાને કલ્પેલું શરીર છેજ નહિ.

प्रारब्धकर्मवेगेन जीवन्मुक्तो यदा भवेत् ।

किंचित्कालमनारब्धकर्मबंधस्य संक्षये ॥ ५२ ॥

निरस्तातिशयानंदं वैष्णवं परमं पदम्

पुनरावृत्तिरहितं कैवल्यं प्रतिपद्यते ॥ ५३ ॥

પુરૂષ જ્યારે પ્રારબ્ધ વિનાનાં સંચિત તથા ક્રિયમાણ કર્મને તત્વજ્ઞાનનડે ક્ષય થયા પછી જીવન્મુક્ત થાય ત્યારે પ્રારબ્ધ કર્મના વેગ સહિત અર્થાત્ રાગ આદિ સંસારવાસનાના લેશ સહિત થોડો કાળ રહે છે.

પ્રારબ્ધ કર્મનો પણ અંત આવ્યા પછી, નિરતિશય આનંદ સ્વરૂપ પુનરાવૃત્તિ રહિત અખંડ પરમાત્માના સ્વરૂપને પામે છે એટલે વિદેહ મુક્ત થાય છે.

શ્રી મત્પરમહંસ પરિવ્રાજકાચાર્ય ભગવચ્છંકરાચાર્ય પ્રણીત ગુજરાતી અનુવાદવાળી

વાક્યવૃત્તિ સમાપ્ત.

ॐ

तत् सत् परमात्मने

नमः

અથ. શ્રીમચ્છંકરાચાર્ય વિરચિત.

વિવેક ચૂડામણિ.

[illegible]

[illegible]

[illegible]

[illegible]

પ્રાણીઓમાં માણસનો જન્મ દુર્લભ છે, તેમા વળી પુરૂષપણું દુર્લભ છે. તેમાં પણ વિપ્રપણું દુર્લભ છે. તેમાં વળી વેદોક્ત ધર્મના માર્ગમાં તત્પરપણું દુર્લભ છે. તેમાં પણ વિદ્વાનપણું દુર્લભ છે. તેમા વળી આત્મા અને અનાત્માનો વિવેક થવો દુર્લભ છે. તે થયા પછી સારો અનુભવ થવો દુર્લભ છે તે થયા પછી બ્રહ્મરૂપે રહેવું અર્થાત્ મુક્તિ થવી દુર્લભ છે. માટે મુક્તિ સેંકડો જન્મમાં કરેલા કરોડો સુકૃત પુણ્યો વિના મેળવાય તેવી નથી.

दुर्लभं त्रयमेवैतद्देवानुग्रहहेतुकम्।
मनुष्यत्वं मुमुक्षुत्वं महापुरुषसंश्रयः

મનુષ્યપણું, મોક્ષની ઇચ્છા અને મહાત્મા પુરૂષોનો આશ્રય એ ત્રણ પદાર્થો દુર્લભ છે. એઓ ઇશ્વરની કૃપાથીજ મળે છે.

लब्ध्वा कथंचिन्नरजन्म दुर्लभं तत्रापि पुंस्त्वं श्रुतिपारदर्शनम् ८
यस्त्वात्ममुक्तौ न यतेत मूढधीः स ह्यात्महा स्वं विनिहन्त्य-
सद्ग्रहात्

મનુષ્યનો જન્મ જે કે દુર્લભ છે તે મળ્યા છતાં અને તેમાં પણ જેથી વેદના અર્થનો પાર પામી શકાય એવું પુરૂષપણું પામ્યા છતાં જે માણસ પોતાની મુક્તિને માટે

યત્ન કરે તે મૂઢ માણસ આત્મહત્યા કરનારો છે, એટલે કે દેહાદિકના મિથ્યા અભિમાનથી પોતે પોતાનેજ હણે છે.

इतः को न्वस्ति मूढात्मा यस्तु स्वार्थे प्रमाद्यति।
दुर्लभं मानुषं देहं प्राप्य तत्रापि पौरुषम् ॥

દુર્લભ મનુષ્ય દેહ મેળવી અને તેમાં પણ પુરૂષપણું મેળવી જે મનુષ્ય પોતાના સ્વાર્થ (મુક્તિ)માં પ્રમાદી (આળસુ) રહે છે તેથી વધારે મૂઢ આત્માવાળો બીજો કોણ ?

वदन्तु शास्त्राणि यजन्तु देवान्कुर्वन्तु कर्माणि भजन्तु देवताः ॥
आत्मैक्यबोधेन विनापि मुक्तिर्न सिद्ध्यति ब्रह्मशतान्तरेऽपि ॥

ભલે શાસ્ત્રોની ચર્ચા કરે, દેવોનું યજન કરે, કર્મ કરે, તથા દેવતાઓને ભજે, પરંતુ જીવ અને બ્રહ્મની એકતા સમજ્યા વગર સેંકડો મહાકલ્પ વીત્યા છતાં પણ મુક્તિ સિદ્ધ થતી નથી.

अमृतत्वस्य नाशास्ति वित्तेनेत्येव हि श्रुति ॥
ब्रवीति कर्मणो मुक्तेरहेतुत्वं स्फुटं यतः ॥

"નાણાથી મુક્તિ પામવાની આશા નથી" એવા અર્થ વાળી શ્રુતિ સ્ફુટ રીતે કહે છે કે કર્મ કરવાથી મુક્તિ નથી.

यतो विमुक्त्यै प्रयतेत विद्वान्संन्यस्तबाह्यार्थसुखस्पृहः सन् ।
सन्तं महान्तं समुपेत्य देशिकं तेनोपदिष्टार्थसमाहितात्मा ॥

એટલા માટે વિદ્વાને વિષયના સુખોની ઇચ્છા છોડી દઇને મહાત્મા સદ્ગુરૂનો આશ્રય લઇ તેમણે ઉપદેશ કરેલા સિદ્ધાંતઉપર સારૂં ધ્યાન આપી મુક્તિ સારૂ યત્ન કરવો.

उद्धरेदात्मनात्मानं मग्नं संसारवारिधौ ।
योगारूढत्वमासाद्य सम्यग्दर्शननिष्ठया ॥

સંસારરૂપી સાગરમાં ડુબી ગએલા પોતાના જીવાત્માને પોતાની મેળે યોગારૂઢપણું મેળવી યથાર્થ જ્ઞાનમાં નિષ્ઠા રાખી ઉદ્ધાર કરવો.

संन्यस्य सर्वकर्माणि भवबन्धविमुक्तये ।
यत्यतां पण्डितैर्धीरैरात्माभ्यास उपस्थितैः ॥

સઘળા કર્મોનો ત્યાગ કરી ધીરજવાળા પંડિત પુરૂષોએ આત્માના વિચારમાંજ તત્પર રહીને સંસારરૂપી બંધનથી છુટવા માટે મહેનત કરવી

चित्तस्य शुद्धये कर्म न तु वस्तूपलब्धये ।
वस्तुसिद्धिर्विचारेण न किंचित्कर्मकोटिभिः ॥

કર્મ ચિત્તની શુદ્ધિ માટે છે, પરંતુ યથાર્થ વસ્તુના જ્ઞાન માટે નથી. યથાર્થ આત્મજ્ઞાન તો વિચારથીજ મળેછે, કરોડો કર્મ કરવાથી જરા પણ મળતું નથી.

सम्यग्विचारतः सिद्धा रज्जुतत्त्वावधारणा ।
भ्रान्त्योदितमहासर्पभयदुःखविनाशिनी ॥

ब्रह्म सत्यं जगन्मिथ्येत्येवंरूपो विनिश्चय : ॥
सोऽयं नित्यानित्यवस्तुविवेकः समुदाहृतः ।
तद्वैराग्यं जिहासा या दर्शनश्रवणादिभिः ॥
देहादिब्रह्मपर्यन्ते ह्यनित्ये भोगवस्तुनि ।
विरज्य विषयव्राताद्दोषदृष्ट्या मुहुर्मुहुः ॥
स्वलक्ष्ये नियतावस्था मनसः शम उच्यते ।
विषयेभ्यः परावृत्य स्थापनं स्वस्वगोलके ॥
उभयेषामिन्द्रियाणां स दमः परिकीर्तितः ।
बाह्यानालम्बनं वृत्तेरेषोपरतिरुत्तमा ॥

પ્રથમ નિત્ય તથા અનિત્ય વસ્તુનો વિવેક; તે પછી આ-લોક તથા પરલોક સંબંધી ફલો ભોગવવામાં વૈરાગ્ય; ત્યાર-પછી શમ વિગેરે છ વાનાની સંપત્તિ. અને તે પછી મોક્ષની ઇચ્છા, એવી રીતે બ્રહ્મ વિદ્યાના ચાર સાધનો ગણવામાં આવ્યાં છે, તેઓમાં બ્રહ્મ સત્ય છે, અને જગત્ મિથ્યા છે, એવો જે નિશ્ચય તે નિત્યાનિત્ય વસ્તુનો વિવેક કહેવાયછે. શરીરથી આરંભીને બ્રહ્મલોક સુધીની સઘળી ભોગ્યવસ્તુઓ જે અનિત્ય છે,તેઓના દર્શન અને શ્રવણ વિગેરેમાં જે પૂર્ણ અરૂચિ પેદા થાય છે,તે આલોક તથા પરલોકના ફળો ભો-ગવવામાં વૈરાગ્ય કહેવાય છે; વિષયો ઉપર વારંવાર દોષ

દ્રષ્ટિ કરવા રૂપ ઉપાયવડે વિષયોના સમૂહથી વૈરાગ્ય પામીને પોતાના લક્ષ્યમાં જે નિયમવાળી મનની સ્થિતિ થાય તે શમ કહેવાય છે. જ્ઞાનેંદ્રિય અને કર્મેંદ્રિયને વિષયોથી પાછી ફેરવીને પોતપોતાના ગોલકોમાંજ રાખવી એ દમ કહેવાય છે. ચિત્તની વૃત્તિ વિષયોની વાસનાથી રહિત થઇ જાય એ ઉત્તમ ઉપરતિ કહેવાય છે.

सहनं सर्वदुःखानामप्रतीकारपूर्वकम् ।
चिन्ताविलापरहितं सा तितिक्षा निगद्यते ॥

દુઃખોનો કાંઇપણ ઉપાય ન કરતા ચિંતા તથા વિલાપ નહિ કરતાં સઘળા દુઃખોને સહન કરવા એ તિતિક્ષા કહેવાય છે.

शास्त्रस्य गुरुवाक्यस्य सत्यबुद्ध्यवधारणम् ।
सा श्रद्धा कथिता सद्भिर्यया वस्तूपलभ्यते ॥

શાસ્ત્રનું વાક્ય અને ગુરૂનું વાક્ય સત્ય છે એવો જે નિશ્ચય રાખવો તેને સંતપુરૂષો શ્રદ્ધા કહે છે, કે જે શ્રદ્ધાથી આત્મવસ્તુની પ્રાપ્તિ થાય છે.

सर्वदा स्थापनं बुद्धेः शुद्धे ब्रह्मणि सर्वदा ।
तत्समाधानमित्युक्तं न तु चित्तस्य लालनम्॥

ચિત્તને જોઇતા પદાર્થો પૂરા પાડી તેનું લાલન કરવું,

એ સમાધાન કહેવાય નહિ, પણ સર્વદા શુદ્ધ બ્રહ્મમાં બુદ્ધિનું સ્થાપન કરવું, એ સમાધાન કહેવાય છે.

अहंकारादिदेहान्तान्बन्धानज्ञानकल्पितान् ।
स्वस्वरूपावबोधेन मोक्तुमिच्छा मुमुक्षुता ॥

અહંકારથી માંડીને દેહ સુધીના જે બંધો છે, તે અજ્ઞાનથી કલ્પાએલા છે, તેઓને પોતાના સ્વરૂપના અવબોધથી છોડી દેવાની જે ઇચ્છા પેદા થાય તે મોક્ષની ઈચ્છા જાણવી.

मन्दमध्यमरूपापि वैराग्येण शमादिना ।
प्रसादेन गुरोः सेयं प्रवृद्धा सूयते फलम् ॥

એ મોક્ષ પામવાની ઇચ્છા પ્રથમ મંદ કે મધ્યમ થાય, તો પણ વૈરાગ્યથી, શમ વિગેરેથી અને ગુરૂની કૃપાથી વૃદ્ધિ પામીને યોગ્ય ફળને ઉત્પન્ન કરે છે.

वैराग्यं च मुमुक्षुत्वं तीव्रं यस्य तु विद्यते ।
तस्मिन्नेवार्थवन्तः स्युः फलवन्तः शमादयः ॥

જે મનુષ્યને મોક્ષ પામવાની ઇચ્છા અને વૈરાગ્ય તીવ્ર થાય છે તે મનુષ્યમાંજ શમ વિગેરે પદાર્થો સાર્થક અને ફળવાળા થાય છે.

एतयोर्मन्दता यत्र विरक्तत्वमुमुक्षयोः ।
मरौ सलिलवत्तत्र शमादेर्भानमात्रता ॥

જે પુરૂષમાં મોક્ષ પામવાની ઇચ્છાની અને વૈરાગ્યની મંદતા હોય છે તે પુરૂષમાં નિર્જલ ભૂમિમાં જલની માફક (ઝાંઝવાના જળની માફક) શમ દમ વિગેરે સાધનો માત્ર ભાસવાળાં હોય છે

मोक्षकारणसामग्र्यां भक्तिरेव गरीयसी ।
स्वस्वरूपानुसन्धानं भक्तिरित्यभिधीयते ॥

મોક્ષના કારણની સામગ્રીમાં ભક્તિજ સર્વથી ઉત્તમ છે. પણ તે ભક્તિનું સ્વરૂપ પોતાના સ્વરૂપનું અનુસંધાન કરવું તેજ છે.

स्वात्मतत्त्वानुसन्धानं भक्तिरित्यपरे जगुः ।
उक्तसाधनसंपन्नस्तत्त्वजिज्ञासुरात्मनः ॥
उपसीदेद्गुरुं प्राज्ञं यस्माद्बन्धविमोक्षणम् ।
श्रोत्रियोऽवृजिनोऽकामहतो यो ब्रह्मवित्तमः ॥
ब्रह्मण्युपरतः शान्तो निरिन्धन इवानलः ।
अहेतुकदयासिन्धुर्बन्धुरानमतां सताम् ॥

બીજાઓ કહે છે કે 'પોતાના આત્માના તત્વનું અનુસંધાન કરવું એ ભક્તિનું સ્વરૂપ છે." ઉપર કહેલા

સાધનોથી સંપન્ન થએલા આત્માના તત્વને જાણવાની ઇચ્છાવાળા પુરૂષે વિદ્વાન ગુરૂના શરણે જવું, કે જેથી બંધનથી છુટકારો બને છે. એ ગુરૂ વેદને જાણનારો, કામ રહિત, બ્રહ્મવેત્તાઓમાં ઉત્તમ, બ્રહ્મમાં આસકત, કાષ્ટ વિનાના અગ્નિની માફક શાંત, કોઇ પ્રકારની લાલચ વિનાનો, દયાના સમુદ્રરૂપ અને સેવા કરનાર સત્પુરૂષોનો બાંધવરૂપ હોવો જોઇએ.

तमाराध्य गुरुं भक्त्या प्रह्वप्रश्रयसेवनैः ।
प्रसन्नं तमनुप्राप्य पृच्छेज्ज्ञातव्यमात्मनः ॥

ભકિતવડે, નમ્રતાવડે, વિનયવડે અને સેવનવડે તેમનું (ગુરૂનું) આરાધન કરી પ્રસન્ન કરી તેમની (ગુરૂની) પાસે જઈ જે આત્મા જાણવા યોગ્ય છે તે પૂછવું.

स्वामिन्नमस्ते नतलोकबन्धो कारुण्यसिन्धो पतितं भवाब्धौ ।
मामुद्धरात्मीयकटाक्षदृष्ट्या ऋज्व्यातिकारुण्यसुधाभिवृष्ट्या ॥

હે સ્વામી ! હે નમ્ર થએલા લોકના બંધુ ! હે કરૂણાના સાગરરૂપ ! હું જે કે, સંસારરૂપી સાગરમા પડયો છું, તેને સરલ અને દયારૂપી અમૃતની વૃષ્ટિ કરનારી આપની કટાક્ષ યુકત દૃષ્ટિથી બહાર કહાડો.

दुर्वारसंसारदवाग्नितप्तं दोधूयमानं दुरदृष्टवातैः ।
भीतं प्रपन्नं परिपाहि मृत्योः शरण्यमन्यद्यदहं न जाने ॥

અટકાવી (વારી) ન શકાય એવા સંસારરૂપ દાવાનળથી તપેલો, દુષ્ટ પ્રારબ્ધરૂપ પવનોથી વારંવાર કંપ પામતો, બીનેલો, એવો હું આપને શરણે આવેલ છું, માટે તમો મારૂં સંસારમાંથી રક્ષણ કરો, હું તમારા સિવાય બીજા કોઇને રક્ષક જાણતો નથી.

शान्ता महान्तो निवसन्ति सन्तो वसन्तवल्लोकहितं चरन्तः ।
तीर्णाः स्वयं भीमभवार्णवं जना न हेतुनान्यानपि तारयन्तः ॥

શાંત, મહાન્ત, વસંતની માફક લોકનું હિત કરતા, પોતે ભયાનક સંસારરૂપી સાગરથી તરેલા અને બીજાઓને પણ કેવળ દયાથી એ સમુદ્રમાંથી તારનાર સત્પુરુષો જગતમાં વસે છે.

अयं स्वभावः स्वत एव यत्परश्रमापनोदप्रवणं महात्मनाम् ।
सुधांशुरेष स्वयमर्ककर्कशप्रभाभितप्तामवति क्षितिं किल ॥

જેમ સૂર્યના કઠોર કિરણથી તપી ગએલી પૃથ્વીને ખરેખર આ ચંદ્ર રક્ષણ કરે છે, તેમ પરના સંસાર સંબંધી પરિશ્રમને પોતાથી મટાડવાનો મહાત્માઓનો સ્વભાવ છે.

ब्रह्मानन्दरसानुभूतिकलितैः पूतैः सुशीतैर्युतै-
र्युष्मद्वाक्कलशोज्झितैः श्रुतिसुखैर्वाक्यामृतैः सेचय ।

વેદાંત શાસ્ત્રના અર્થના વિચારવડે ઉત્તમ જ્ઞાન પેદા થાય છે, અને તે (જ્ઞાન) વડે તરતજ સંસાર સંબંધી દુઃખનો નાશ થાય છે.

श्रद्धाभक्तिध्यानयोगान्मुमुक्षोर्मुक्तेर्हेतून्वक्ति साक्षाच्छ्रुतेर्गीः।
यो वा एतेष्वेव तिष्ठत्यमुष्य मोक्षोऽविद्याकल्पिताद्देहबन्धात्॥

સાક્ષાત્ શ્રુતિની વાણી કહે છે કે મોક્ષને ચાહનારાના શ્રદ્ધા, ભક્તિ અને ધ્યાન એ મુક્તિના ઉપાયો છે.જે મનુષ્ય એ ઉપાયો સેવામાં તલ્લીન રહે છે, તેનો અવિદ્યાએ કલ્પેલા દેહનાં બંધનથી મોક્ષ થાય છે.

अज्ञानयोगात्परमात्मनस्तव ह्यनात्मबन्धस्तत एव संसृतिः ।
तयोर्विवेकोदितबोधवह्निरज्ञानकार्यं प्रदहेत्समूलम् ॥

તું કે જે પરમાત્માજ છે તેને અજ્ઞાન યોગથી દેહાદિ અનાત્મ પદાર્થનું બંધન બનેલું છે, અને એથીજ સંસાર થએલો છે, તેથી આત્મા અને અનાત્માના વિવેકથી પેદા થએલ જ્ઞાનરૂપી અગ્નિજ અજ્ઞાનને અને અજ્ઞાનના કાર્યને બાળી નાંખે છે

शिष्य उवाच

कृपया श्रूयतां स्वामिन्प्रश्नोऽयं क्रियते मया ।
यदुत्तरमहं श्रुत्वा कृतार्थः स्यां भवन्मुखात् ॥

को नाम बन्धः कथमेष आगतः कथं प्रतिष्ठास्य कथं विमोक्षः।
कोऽसावनात्मा परमः स्व आत्मा तयोर्विवेकः कथमेतदुच्यताम्॥

શિષ્યે કહ્યું-હે સ્વામી ! હું આ પ્રશ્ન કરું છું, તે કૃપા વડે સાંભળો, તેનો તમારા મુખથી ઉત્તર સાંભળી હું કૃતાર્થ થાઉં.

બંધ એ શો પદાર્થ છે ! એ શીતે પ્રાપ્ત થાય છે ? તેની પ્રતિષ્ઠા (સ્થિતિ) કેવી છે ? એમાંથી છુટકારો શી રીતે થાય ? આત્માથી ભિન્ન અનાત્મા કોણ છે ? આત્મા કોણ છે ? અને અનાત્મા તથા આત્માનો વિવેક શી રીતે કરવો ? તે કહો.

श्रीगुरुरुवाच

धन्योऽसि कृतकृत्योऽसि पावितं ते कुलं त्वया ।
यदविद्याबन्धमुक्त्या ब्रह्मीभवितुमिच्छसि ॥

ગુરુ કહે છે—તું જે અવિદ્યાના બંધનમાંથી છુટી બ્રહ્મ થવા ચાહે છે એટલા માટે તું ધન્ય (ભાગ્યશાળી) છે, અને કૃતાર્થ છે, તારા કુળને તેં પવિત્ર કર્યું.

ऋणमोचनकर्तारः पितुः सन्ति सुतादयः ।
बन्धमोचनकर्ता तु स्वस्मादन्यो न कश्चन ॥

अविज्ञाते परे तत्त्वे शास्त्राधीतिस्तु निष्फला ।
विज्ञातेऽपि परे तत्त्वे शास्त्राधीतिस्तु निष्फला ॥

જેવી રીતે આત્મ તત્વ અવિજ્ઞાન હોવાથી શાસ્ત્રનો અભ્યાસ નિષ્ફળ છે, તેની રીતે આત્મ તત્વ વિજ્ઞાન હોય તેથી પણ શાસ્ત્રનો અભ્યાસ નિષ્ફળ છે.

शब्दजालं महारण्यं चित्तभ्रमणकारणम् ।
अतः प्रयत्नाज्ज्ञातव्यं तत्त्वज्ञात्तत्त्वमात्मनः ॥

શબ્દોની જાળરૂપી મોટું જંગલ ચિત્તના ભ્રમણનું કારણ છે. એટલા માટે પ્રયત્ને કરીને તત્વ જાણનાર થકી આત્માનું તત્વ જાણવું.

अज्ञानसर्पदष्टस्य ब्रह्मज्ञानौषधं विना ।
किमु वेदैश्च शास्त्रैश्च किमु मन्त्रैः किमौषधैः ॥

જેને અજ્ઞાનરૂપી સર્પ ડસ્યો છે એવા પુરુષને એક બ્રહ્મજ્ઞાનરૂપી ઔષધ વિના વેદ, શાસ્ત્ર, મંત્ર અને ઔષધોથી શો ગુણ થવાનો છે ? કંઈજ નહિ.

न गच्छति विना पानं व्याधिरौषधशब्दतः ।
विनापरोक्षानुभवं ब्रह्मशब्दैर्न मुच्यते ॥

જેમ દવા પીધા વિના કેવળ દવાનું નામ લીધાથી વ્યા-

ધિનો આરામ થતો નથી, તેમ અપરોક્ષ અનુભવ વિના બ્રહ્મ બ્રહ્મ એવા શબ્દો બોલવાથી મુક્તિ મળતી નથી.

अकृत्वा दृश्यविलयमज्ञात्वा तत्त्वमात्मनः ।
बाह्यशब्दैः कुतो मुक्तिरुक्तिमात्रफलैर्नृणाम् ॥

દ્રશ્ય પદાર્થનો લય કર્યાવિના અને આત્માનું તત્વ જાણ્યા વિના માત્ર બોલવું એજ જેનું ફળ છે એવા બહારના શબ્દોથી માણસોની મુક્તિ ક્યાંથી થાય ? નજ થાય.

अकृत्वा शत्रुसंहारमगत्वाखिलभूश्रियम् ।
राजाहमिति शब्दान्नो राजा भवितुमर्हति ॥

દુશ્મનોનો સંહાર કર્યાવિના અને સઘળી પૃથ્વીની લક્ષ્મી પામ્યા વિના " હું રાજા છું " એવા શબ્દથી રાજા થવાય નહિ.

आप्तोक्तिं खननं तथोपरि शिलाद्युत्कर्षणं स्वीकृतिं
निःक्षेपः समपेक्षते न हि बहिः शब्दैस्तु निर्गच्छति ।
तद्वद्ब्रह्मविदोपदेशमननध्यानादिभिर्लभ्यते
मायाकार्यतिरोहितं स्वममलं तत्त्वं न दुर्युक्तिभिः ॥

જેમ ભૂમિમાં દટાએલું ધન યથાર્થ કહેનારના કહ્યાવિના ખોદ્યાવિના અને ઉપર રહેલા પથ્થર વિગેરે કાઢી

નિના ભાગ ભદ્રાવના [illegible] કરીને [illegible] લેશ ભાગના [illegible] આનન્દ પણ [illegible] [illegible]

[illegible]

ઈર્ષા [illegible] [illegible] ભાગ [illegible] પ્રશ્ન [illegible]

यस्त्वयाद्य कृतः प्रश्नो वरीयाञ्छास्त्रविन्मतः

सूत्रप्रायो निगूढार्थो ज्ञातव्यश्च मुमुक्षुभिः ॥

તે [illegible] ઉત્તમ અને [illegible] જે પ્રશ્ન કર્યો [illegible] છે, અને મોક્ષની ઇચ્છા કરનારે એ જાણવા [illegible] છે કે

शृणुष्वावहितो विद्वन्यन्मया समुदीर्यते

तदेतच्छ्रवणात्सद्यो भवबन्धाद्विमोक्ष्यसे ॥

હે વિદ્વાન શિષ્ય ! હું તેનો ઉત્તર કહું છું તેના ઉપર ધ્યાન આપી સાંભળ, એ સાંભળતાંજ તું તરત સંસાર બંધનથી છૂટો થઈશ.

मोक्षस्य हेतुः प्रथमो निगद्यते वैराग्यमत्यन्तमनित्यवस्तुषु ।
ततः शमश्चापि दमस्तितिक्षा न्यासः प्रसक्ताखिलकर्मणां भृशम् ॥

સઘળી અનિત્ય વસ્તુઓ ઉપર વૈરાગ્ય એ મોક્ષનું પહેલું કારણ કહેવાય છે, તે પછી શમ, દમ, તિતિક્ષા અને સાથે બંધાએલા કર્મોનો અત્યંત ત્યાગ એ મોક્ષનાં સાધન છે.

ततः श्रुतिस्तन्मननं सतत्त्वध्यानं चिरं नित्यनिरन्तरं मुनेः ।
ततो विकल्पं परमेत्य विद्वानिहैव निर्वाणसुखं समृच्छति ॥

ત્યારપછી શ્રવણ, મનન અને નિત્ય તથા નિરંતર લાંબા કાળસુધી નિદિધ્યાસન એ મુમુક્ષુનાં મોક્ષનાં સાધનછે. આટલાં સાધનો થયાપછી પરમ નિર્વિકલ્પપણું પામી સમજુ માણસ આ દેહે જીવનમુક્તિના સુખને પામેછે.

यद्बोद्धव्यं तवेदानीमात्मानात्मविवेचनम् ।
तदुच्यते मया सम्यक् श्रुत्वात्मन्यवधारय ॥

હવે આત્મા અને અનાત્માનું વિવેચન જે તારે સમજવાનું છે. તે હું સારી રીને કરૂં છું, તે સાંભળીને તું એ વાત બરાબર ચિત્તમાં ધારણ કરજે.

मज्जास्थिमेदःपलरक्तचर्मत्वगाह्वयैर्धातुभिरेभिरन्वितम् ।
पादोरुवक्षोभुजपृष्ठमस्तकैरङ्गैरुपाङ्गैरुपयुक्तमेतत् ॥

अहंममेति प्रथितं शरीरं मोहास्पदं स्थूलमितीर्यते बुधैः ।
नभोनभस्वद्दहनाम्बुभूमयः सूक्ष्माणि भूतानि भवन्ति तानि ॥
परस्परांशैर्मिलितानि भूत्वा स्थूलानि च स्थूलशरीरहेतवः ।
मात्रास्तदीया विषया भवन्ति शब्दादयःपञ्च सुखाय भोक्तुः ॥

આ હું અને આ મારૂં એમ કહેવાનું, મોહના સ્થાનરૂપ શરીર કે જેમાં મજ્જા, અસ્થિ, મેદ, માસ, લોહી, ચર્મ અને ત્વચા નામના ધાતુએ છે અને પગ, સાથળ, છાતી, હાથ, વાંસો, મસ્તક વિગેરે અંગો તથા ઉપાંગો છે, તેને વિદ્વાનો સ્થૂલ દેહ કહે છે, આકાશ, વાયુ, અગ્નિ, જળ અને પૃથ્વી નામના સૂક્ષ્મ પંચભૂતોએ પોતપોતાના અંશોથી પરસ્પર સાથે સેળભેળ થઇ સ્થૂલ થઇ આ સ્થૂલ દેહને ઉત્પન્ન કર્યો છે. પંચ ભુતોની તન્માત્રા, શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ એ પાંચ વિષયો ભોકતાને સુખ આપે છે, એમ માનવામાં આવેલું છે,

य एषु मूढा विषयेषु बद्धा रागोरुपाशेन सुदुर्दमेन
आयान्ति निर्यान्त्यध ऊर्ध्वमुच्चैः स्वकर्मदूतेन जवेन नीताः ॥

જે મૂઢ મનુષ્યો બહુજ મહેનતથી તોડી શકાય એવા રાગરૂપી દ્રઢ પાશથી એ વિષયોમાં બંધાય છે, તે પુરૂષો પોતાના કર્મરૂપી દૂતના હાથથી વેગપૂર્વક ખેંચાઇ ખેંચાઇને વારંવાર સંસારમાં ઉંચી નીચી યોનિઓમાં આવજાવ કરેછે.

शब्दादिभिः पञ्चभिरेव पञ्च पञ्चत्वमापुः स्वगुणेन बद्धाः।
कुरङ्गमातङ्गपतङ्गमीनभृङ्गा नरः पञ्चभिरञ्चितः किम् ॥

પોતાના ગુણથી બંધાએલા મૃગ, હાથી, પતંગીઓ, માછલું અને ભમરો એ પાંચ પ્રાણીઓ શબ્દ વિગેરે પાંચ વિષયમાં અનુક્રમે એક એક આસક્તિને લીધે મરણ પામે છે. ત્યારે એ એકઠા પાંચે વિષયમાં આસક્તિ રાખનારો મનુષ્ય, (પ્રાણી) દુઃખી થાય તેમાં શું કહેવું ?

दोषेण तीव्रो विषयः कृष्णसर्पविषादपि ।
विषं निहन्ति भोक्तारं द्रष्टारं चक्षुषाप्ययम् ॥

કૃષ્ણ સર્પના વિષ કરતા પણ વિષયદોષથી વધારે તીક્ષ્ણ છે, કેમકે વિષ તો ખાનારને જ મારે છે, અને આ વિષય તો ચક્ષુથી જોનારને પણ મારે છે.

विषयाशामहापाशाद्यो विमुक्तः सुदुस्त्यजात् ।
स एव कल्पते मुक्त्यै नान्यः षट्शास्त्रवेद्यपि ॥

જે માણસ અત્યંત મુશ્કેલીથી છોડી શકાય એવા વિષયોની આશારૂપ મોટા પાશથી મુક્ત થયો છે, તે જ માણસ મોક્ષ પામવાને લાયક છે, બીજો છ શાસ્ત્રને જાણનાર પણ મોક્ષ પામવા લાયક હોતો નથી.

आपात वैराग्यवतो मुमुक्षून् भवाब्धिपारं प्रतियातुमुद्यतान्।

अहंममेति प्रथितं शरीरं मोहास्पदं स्थूलमितीर्यते बुधैः ।
नभोनभस्वद्दहनाम्बुभूमयः सूक्ष्माणि भूतानि भवन्ति तानि ॥
परस्परांशांमिलितानि भूत्वा स्थूलानि च स्थूलशरीरहेतवः ।
मात्रास्तदीया विषया भवन्ति शब्दादयःपञ्च सुखाय भोक्तुः ॥

આ હું અને આ મારૂં એમ કહેવાનું, મોહના સ્થાનરૂપ શરીર કે જેમાં મજ્જા, અસ્થિ, મેદ, માંસ, લોહી, ચર્મ અને ત્વચા નામના ધાતુઓ છે અને પગ, સાથળ, છાતી, હાથ, વાંસો, મસ્તક વિગેરે અંગો તથા ઉપાંગો છે, તેને વિદ્વાનો સ્થૂલ દેહ કહે છે, આકાશ, વાયુ, અગ્નિ, જળ અને પૃથ્વી નામના સૂક્ષ્મ પંચભૂતોએ પોતપોતાના અંશોથી પરસ્પર સાથે સેળભેળ થઇ સ્થૂલ થઇ આ સ્થૂલ દેહને ઉત્પન્ન કર્યો છે. પંચ ભૂતોની તન્માત્રા, શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ એ પાંચ વિષયો ભોક્તાને સુખ આપે છે, એમ માનવામાં આવેલું છે,

य एषु मूढा विषयेषु बद्धा रागोरुपाशेन सुदुर्दमेन
आयान्ति निर्यान्त्यध ऊर्ध्वमुच्चैः स्वकर्मदूतेन जवेन नीताः ॥

જે મૂઢ મનુષ્યો બહુજ મહેનતથી તોડી શકાય એવા રાગરૂપી દૃઢ પાશથી એ વિષયોમાં બંધાય છે, તે પુરૂષો પોતાના કર્મરૂપી દૂતના હાથથી વેગપૂર્વક એંચાઇ એંચાઇને વારંવાર સંસારમાં ઉંચી નીચી યોનિઓમાં આવજાવ કરેછે.

शब्दादिभिः पञ्चभिरेव पञ्च पञ्चत्वमापुः स्वगुणेन बद्धाः।
कुरङ्गमातङ्गपतङ्गमीनभृङ्गा नरः पञ्चभिरञ्चितः किम् ॥

પોતાના ગુણથી બંધાએલ મૃગ, હાથી, પતંગીઓ, માછલું અને ભમરો એ પાંચ પ્રાણીઓ શબ્દ વિગેરે પાંચ વિષયમાં અનુક્રમે એક એક આસક્તિને લીધે મરણ પામે છે. ત્યારે એ કેવળ પાંચે વિષયમાં આસક્તિ રાખનારો મનુષ્ય, (પ્રાણી) દુઃખી થાય તેમાં શું કહેવું ?

दोषेण तीव्रो विषयः कृष्णसर्पविषादपि ।
विषं निहन्ति भोक्तारं द्रष्टारं चक्षुषाप्ययम् ॥

કૃષ્ણ સર્પના વિષ કરતાં પણ વિષય દોષથી વધારે તીવ્ર છે, કેમકે વિષ તો ખાનારને જ મારે છે, અને આ વિષય તો ચક્ષુથી જોનારને પણ મારે છે.

विषयाशामहापाशाद्यो विमुक्तः सुदुस्त्यजात् ।
स एव कल्पते मुक्त्यै नान्यः षट्शास्त्रवेद्यपि ॥

જે માણસ અત્યંત મુશ્કેલીથી છોડી શકાય એવા વિષયોની આશારૂપ મોટા પાશથી મુક્ત થયો છે, તે જ માણસ મોક્ષ પામવાને લાયક છે, બીજો છ શાસ્ત્રને જાણનાર પણ મોક્ષ પામવા લાયક હોતો નથી.

आपात वैराग्यवतो मुमुक्षून् भवाब्धिपारं प्रतियातुमुद्यतान् ।

आशाग्रहो मज्जयतेऽन्तराले निगृह्य कण्ठे विनिवर्त्य वेगात्॥

ઉપર ચોટીયા વૈરાગ્યવાળા, સંસારરૂપી સમુદ્રને પાર પામવા તૈયાર થયેલા મુમુક્ષુઓને આશારૂપી ગ્રહ કંઠે પકડીને વેગથી પાછા વાળી વચમાંજ બોળી દે છે.

विषयाख्यग्रहो येन सुविरक्त्यसिना हतः ।
स गच्छति भवाम्भोधेः पारं प्रत्यूहवर्जितः ॥

જે મનુષ્ય વિષયોની આશારૂપી ગ્રહને દૃઢ વૈરાગ્યરૂપી તલવારથી મારી નાંખે છે, તે માણસ સંસારરૂપી સાગરના પારને નિર્વિઘ્ન રીતે પામે છે.

विषमविषयमार्गैर्गच्छतोऽनच्छबुद्धेः
प्रतिपदमभियातो मृत्युरप्येष विद्धि ।
हितसुजनगुरुक्त्या गच्छतः स्वस्य युक्त्या
प्रभवति फलसिद्धिः सत्यमित्येव विद्धि ॥ ८३ ॥

મલિન બુદ્ધિવાળો જે પુરૂષ વિષયોરૂપી વિષમ માર્ગમાં ચાલે છે. તેના માર્ગ ઉપર પગલે પગલે મોત ફરે છે, એમ જાણવું. અને જે માણસ હિતકારી અને સજ્જન ગુરૂના કહેવા મુજબ યુક્તિ પૂર્વક ચાલે છે, તેને ફળની સિદ્ધિ અવશ્ય થાય છે એમ જાણવું.

मोक्षस्य काङ्क्षा यदि वै तवास्ति त्यजातिदूराद्विषयान्विषं यथा

पीयूषवत्तोषदयाक्षमार्जवप्रशान्तिदान्तीर्भज नित्यमादरात् ॥

જો તારે મોક્ષ પામવાની ઇચ્છા હોય તો વિષયને ઝેરની માફક દૂરથીજ છોડી દે, અને દયા, ક્ષમા, સરલતા, શમ અને દમ કે જેઓ અમૃતની માફક સંતોષ આપનાર છે, તેઓનું કાયમ આદરથી સેવન કર.

अनुक्षणं यत्परिहृत्य कृत्यमनाद्यविद्याकृतबन्धमोक्षणम् ॥
देहः परार्थोऽयममुष्य पोषणे यः सज्जते स स्वमनेन हन्ति

અનાદિ કાળથી લાગેલી અવિદ્યાએ કરેલ બંધનથી છુટવાનો ઉપાય કે જે અવશ્ય કરવા લાયક છે,તેને છોડી દઇ જે આગામી આ કાગડા કુતરા વિગેરેના ઉપયોગમા આવે એવા દેહનુ પાલણ પોષણ કરવા લાગે છે તે માણસ તે વડે પોતાનો ઘાત કરે છે.

शरीरपोषणार्थी सन् य आत्मानं दिदृक्षति ।
ग्राहं दारुधिया धृत्वा नदीं तर्तुं स गच्छति॥

જે માણ દેહના પાલણ પોષણની અપેક્ષા રાખી આત્માને જોવા ચાહે છે, તે માણસ ગુડને લાકડું છે એમ સમજી તેને પકડી નદીને તરવા જાય છે એમ જાણવું.

मोह एव महामृत्युर्मुमुक्षोर्वपुरादिषु ।
मोहो विनिर्जितो येन स मुक्तिपदमर्हति ॥

દેહ વિગેરે પદાર્થ ઉપર મોહજ મુમુક્ષુને મોટા મૃત્યુરૂપ છે. જે પુરૂષ મોહને જીતે છે, તેજ મુક્તિ પદને પામવા લાયક છે.

मोहं जहि महामृत्युं देहदारसुतादिषु ।
यं जित्वा मुनयो यान्ति तद्विष्णोः परमं पदम् ॥

હે શિષ્ય ! દેહ, સ્ત્રી, પુત્ર વિગેરે ઉપર મોહરૂપી મહા મૃત્યુને હણ. જે મોહને જીતીને મુનિઓ તે વિષ્ણુના પરમ પદને પ્રાપ્ત થાય છે.

त्वङ्मांसरुधिरस्नायुमेदोमज्जास्थिसंकुलम् ।
पूर्णं मूत्रपुरीषाभ्यां स्थूलं निन्द्यमिदं वपुः ॥

આ સ્થૂલ શરીર ત્વચા, માંસ, લોહી, નસો, મેદ, મજ્જા તથા હાડકાંથી વ્યાપ્ત હોવાથી તથા વિષ્ટા અને મૂત્રથી ભરેલું હોવાથી નિંદવા લાયક છે.

पंचीकृतेभ्यो भूतेभ्यः स्थूलेभ्यः पूर्वकर्मणा ।
समुत्पन्नमिदं स्थूलं भोगायतनमात्मनः
अवस्था जागरस्तस्य स्थूलार्थानुभवो यतः

આત્માને ભોગના સ્થાનરૂપ આ સ્થૂલ શરીર પંચીકરણ પામેલા સ્થૂલ ભૂતોમાંથી પુર્વ કર્મને લીધે પેદા થયું છે. સ્થૂલ શરીરને અવસ્થા જાગ્રત છે, કે જેથી સ્થૂલ વિષયોનો અનુભવ થાય છે.

घ्राणेन्द्रियैः स्थूलपदार्थसेवां स्रक्चन्दनस्त्र्यादिविचित्ररूपाम् ।
करोति जीवः स्वयमेतदात्मना तस्मात्प्रशस्तिर्वपुषोऽस्य जागरे।

જીવ બહારની ઇંદ્રિયોથી માળા, ચંદન, અને સ્ત્રી વિગેરે વિચિત્રરૂપવાળા સ્થૂલ પદાર્થને સ્થૂલ દેહ રૂપે સેવે છે. એટલા માટે જાગ્રત અવસ્થામાં સ્થૂલ દેહ છે, એમ કહેવાય છે.

सर्वोऽपि बाह्यसंसारः पुरुषस्य यदाश्रयः ।
विद्धि देहमिदं स्थूलं गृहवद्गृहमेधिनः ॥

હે શિષ્ય ! જેમ ગૃહસ્થાશ્રમવાળાને ઘર હોય છે, તેમ જીવનું આ સ્થૂલ શરીર ઘરરૂપ છે. કે જેના આશ્રયથીજ પુરૂષનો સઘળો સંસાર ચાલે છે, એમ તું જાણ.

स्थूलस्य संभवजरामरणानि धर्माः
स्थौल्यादयो बहुविधाः शिशुताद्यवस्थाः।
वर्णाश्रमादिनियमा बहुधामयाः स्युः
पूजावमानबहुमानमुखा विशेषाः ॥

જન્મ જરા, મરણ, સ્થૂલતા વિગેરે ઘણી જાતની બાલ્ય વિગેરે અવસ્થા, વર્ણ તથા આશ્રમ આદિના નિયમો, બહુ જાતના રોગો અને પૂજા, અપમાન, તથા માન વિગેરે સઘળા વિશેષો સ્થૂલ શરીરના ધર્મ છે.

बुद्धीन्द्रियाणि श्रवणं त्वगक्षि घ्राणं च जिह्वा विषयावबोधनात्
वाक्पाणिपादा गुदमप्युपस्थः कर्मेन्द्रियाणि प्रवणेन कर्मसु ॥

કાન, ત્વચા, ચક્ષુ, ઘ્રાણ અને જીભ એ બધા વિષયોને જાણે છે, તેથી તે જ્ઞાનેંદ્રિય કહેવાય છે, અને વાણી હાથ, પગ, ગુદ તથા ઉપસ્થ એ બધા કર્મોમાં પ્રવર્ત્તે છે, તેથી કર્મેંદ્રિય કહેવાય છે

निगद्यतेऽन्तःकरणं मनोधीरहंकृतिश्चित्तमिति स्ववृत्तिभिः ।
मनस्तु संकल्पविकल्पनादिभिर्बुद्धिः पदार्थाध्यवसायधर्मतः ॥

પોતાની જુદી જુદી વૃત્તિઓને લીધે મન, બુદ્ધિ, અહંકાર અને ચિત્ત એવી રીતે અંતઃકરણ ચાર પ્રકારનું કહેવાય છે, સંકલ્પ અને વિકલ્પ વિગેરે વૃત્તિને લીધે મન કહેવાય છે અને પદાર્થોને નિશ્ચય કરવા માટે વૃત્તિઓને લીધે બુદ્ધિ કહેવાય છે.

अत्राभिमानादहमित्यहंकृतिः स्वार्थानुसंधानगुणेन चित्तम् ।

શરીરમાં " હું છું " એવું અભિમાન કરવારૂપ વૃત્તિને લીધે અહંકાર કહેવાય છે, અને પોતાના વિષયનું અનુસંધાન કરવારૂપ વૃત્તિને લીધે ચિત્ત કહેવાય છે.

प्राणापानव्यानोदानसमाना भवत्यसौ प्राणः ।
स्वयमेव वृत्तिभेदाद्विकृतिभेदात्सुवर्णसलिलवत् ॥

એ રીતે સુખદુઃખ અને જન્મ વિગેરે પ્રકારે વિકાર
છે તેમાં ભિન્ન ભિન્ન આકારો ઉત્પન્ન થાય છે, તેથી દેહ આ
બધું પોતાનાં અને જુદી જુદી ઉપાધિઓને લીધે થાય, આત્મા
ભાન, શરીર અને સ્થાન જેમ ધન પ્રકાશના આધારે

वागादि पञ्च श्रवणादि पञ्च प्राणादि पञ्चाभ्रमुखानि पञ्च ।
बुद्ध्याद्यविद्यापि च कामकर्मणी पुर्यष्टकं सूक्ष्मशरीरमाहुः ॥

વાણી વિગેરે પાંચ કર્મેન્દ્રિયો, શ્રવણ વિગેરે પાંચ જ્ઞાનેન્દ્રિયો,
પ્રાણ વિગેરે પાંચ પ્રાણો, આકાશ વિગેરે પાંચ ભૂતો,
અંતઃકરણ, અવિદ્યા, કામ અને કર્મ એ આઠ પુરીઓ મળીને
સૂક્ષ્મ દેહ કહેવાય છે.

इदं शरीरं शृणु सूक्ष्मसंज्ञितं लिङ्गं त्वपञ्चीकृतभूतसंभवम् ।
सवासनं कर्मफलानुभावकं स्वाज्ञानतोऽनादिरुपाधिरात्मनः ॥

અપંચીકરણ નહિ પામેલા ભૂતોથી પેદા થયેલું વાસ
નાવાળું અને કર્મનાં ફળનો અનુભવ કરાવનારું એ
સૂક્ષ્મ શરીર પોતાના સ્વરૂપના અજ્ઞાનને લીધે આત્માને
અનાદિ ઉપાધિરૂપ છે, તેમ સમજવાનું છે.

स्वप्नो भवत्यस्य विभक्त्यवस्था स्वमात्रशेषेण विभाति यत्र ।
स्वप्ने तु बुद्धिः स्वयमेव जाग्रत्कालीननानाविधवासनाभिः ।
कर्त्रादिभावं प्रतिपद्य राजते यत्र स्वयं भाति ह्ययं परात्मा

धीमात्रकोपाधिरशेषसाक्षी न लिप्यते तत्कृतकर्मलेशैः
यस्मादसङ्गस्तत एव कर्मभिर्न लिप्यते किञ्चिदुपाधिना कृतः

સ્વપ્ન એ ઉપર કહેલા લિંગ શરીરની સ્વતંત્ર અવસ્થા છે જેમાં લિંગ દેહ ભિન્ન પડેલો જોવામાં આવે છે, સ્વપ્ન અવસ્થામાં બુદ્ધિ પોતેજ જાગ્રત કાળની અનેક પ્રકારની વાસનાઓથી કર્તા આદિ રૂપ થઇને કામ કરે છે. એ અવસ્થામાં માત્ર બુદ્ધિરૂપ ઉપાધિવાળો અને સર્વનો સાક્ષી આ પરમાત્મા સ્વયમેવ પ્રકાશે છે, અને બુદ્ધિએ કરેલા કર્મોથી લેશ પણ લેપાતો નથી. આત્મા પોતે અસંગ છે, તેથીજ ઉપાધિએ કરેલ કર્મોથી લેશ પણ લેપાતો નથી, એમ જાણવું.

सर्वव्यापृतिकरणं लिङ्गमिदं स्याच्चिदात्मनः पुंसः ।
वास्यादिकमिव तक्ष्णस्तेनैवात्मा भवत्यसङ्गोऽयम् ॥

જેમ સુતારનું વ્યાપાર કરવાનું સાધન વાંસલા વિગેરે હોય છે, તેમ ચૈતન્યરૂપ આત્માને સઘળા વ્યાપારો કરવાનું સાધન લિંગ શરીર છે, અને તેથીજ એ આત્મા અસંગ છે.

अन्धत्वमन्दत्वपटुत्वधर्माः सौगुण्यवैगुण्यवशाद्धि चक्षुषः
बाधिर्यमूकत्वमुखास्तथैव श्रोत्रादिधर्मा न तु वेत्तुरात्मनः

અંધપણું, મંદપણું તથા જોવામાં પટુપણું એ ચક્ષુના ધર્મ

છે, તે વાયુના આ નામભેદોને લીધે થાય છે. તેમજ ઓડકારનું અને બગાસાનું વિગેરે બીજાં પણ કર્મ વિગેરે ઉપપ્રાણોના છે, પણ સાક્ષીરૂપ આત્માના નથી.

उच्छ्वासनिःश्वासविजृम्भणक्षुत्
प्रस्यन्दनाद्युत्क्रमणादिकाः क्रियाः ।
प्राणादिकर्माणि वदन्ति तज्ज्ञाः
प्राणस्य धर्मावशनापिपासे ॥

ઉચ્છ્વાસ, નિશ્વાસ, બગાસાં, ક્ષુધા, હાલવું ચાલવું અને આ શરીરમાંથી નીકળીને બીજા શરીરમાં જવું વિગેરે ક્રિયાઓ પ્રાણ વિગેરેના કામ છે. એમ વિદ્વાન લોકો કહે છે. ભૂખ અને તરસ એ પ્રાણના ધર્મ છે.

अन्तःकरणमेतेषु चक्षुरादिषु वर्ष्मणि ।
अहमित्यभिमानेन तिष्ठत्याभासतेजसा ॥
अहंकारः स विज्ञेयः कर्ता भोक्ताभिमान्ययम्
सत्त्वादिगुणयोगेन चावस्थात्रयमश्नुते ॥
विषयाणामानुकूल्ये सुखी दुःखी विपर्यये ।
सुखं दुःखं च तद्धर्मः सदानन्दस्य नात्मनः ॥

ચક્ષુ વિગેરેમાં અને દેહમાં ચિદાભાસના તેજથી "હું" એવું અભિમાન લાવી જે અંતઃકરણ રહેલ છે તેજ કર્તા

रागादयोऽस्याः प्रभवन्ति नित्यं दुःखादयो ये मनसो विकाराः
 क्रियारूप जे विक्षेप शक्ति छे ते रजोगुणनी छे के जेनाथी आ अनादि काळनी प्रवृत्ति चाली आवे छे. राग, दुःख विगेरे के जेओ मनना विकार छे, तेओ सर्वदा विक्षेप शक्तिथीज पेदा थाय छे.

कामःक्रोधो लोभदम्भाद्यसूयाहंकारेर्ष्यामत्सराद्यास्तु घोराः
धर्मा एते राजसाः पुम्प्रवृत्तिर्यस्मादेषा तद्रजो बन्धहेतुः ॥
 काम, क्रोध, लोभ, दंभ विगेरे असूया, अहंकार, ईर्ष्या अने मत्सर विगेरे जे घोर विकार छे, ते रजोगुणना धर्म छे के जेओथी लोकोनी आ प्रवृत्ति थाय छे. तेथी करीने रजोगुण बंधनुं कारणरूप कहेवाय छे.

प्रज्ञावानपि पण्डितोऽपि चतुरोऽप्यत्यन्तसूक्ष्मात्मदृ-
ग्व्यालीढस्तमसा न वेत्ति बहुधा संबोधितोऽपि स्फुटम्
भ्रान्त्यारोपितमेव साधु कलयत्यालम्बते तद्गुणान्
हन्तासौ प्रबला दुरन्ततमसः शक्तिर्महत्यावृतिः ॥
 पुरुष बुद्धिवाळो, पंडित, चतुर अने अत्यंत सूक्ष्म विषयने जोनार होय तथा तेने घणी रीते समजाव्यो होय, तोपण ज्यांसुधी ते तमोगुणथी घेराएल होय, त्यांसुधी साची वात समजतो नथी, अने भ्रमथी मानेली वातने

જ બધો ભાગે છે, અને મેઘાચ્છ સૂર્યને પાડી રહે છે એ રીતે એને ઘર આવરણ શક્તિ નીચ પરિણામ કરનાર તમોગુણની, તે એમ જાણવું

अभावना वा विपरीतभावना असंभावना विप्रतिपत्तिरस्याः ।
संसर्गयुक्तं न विमुञ्चति ध्रुवं विक्षेपशक्तिः क्षपयत्यजस्रम्॥

આવરણશક્તિના અભાવના સુધી અનાત્મ, વિપરીત નિશ્ચય તથા સંશય રહિ જતા નથી, અને વિક્ષેપશક્તિ નિરંતર દુઃખ દીધા કરે છે

अज्ञानमालस्यजडत्वनिद्राप्रमादमूढत्वमुखास्तमोगुणाः ।
एतैः प्रयुक्तो न हि वेत्ति किंचिन्निद्रालुवत्स्तम्भवदेव तिष्ठति॥

અજ્ઞાન, આળસ, જડતા, નિદ્રા, પ્રમાદ અને મૂઢપણું વિગેરે તમોગુણના લક્ષણો છે. એ લક્ષણોવાળો મનુષ્ય કોઈપણ સમજતો નથી, અને નિદ્રા પામેલાની જેમ સ્તંભ જેવો થઈ રહે છે.

सत्त्वं विशुद्धं जलवत्तथापि ताभ्यां मिलित्वा सरणाय कल्पते ।
यत्रात्मबिम्बः प्रतिबिम्बितः सन्प्रकाशयत्यर्क इवाखिलं जडम्

જો કે સત્વ ગુણ જળની જેમ નિર્મળ છે, તોપણ જ્યારે તે રજોગુણ અને તમોગુણથી મિશ્રિત થાય છે, ત્યારે લિંગ શરીરરૂપ થાય છે. કે જે લિંગ શરીરમાં પ્રતિબિંબિત

થએલો આત્મા સૂર્યની પેઠે બધા જગત્‌ને પ્રકાશિત કરે છે.

मिश्रस्य सत्त्वस्य भवन्ति धर्माः स्त्वमानिताद्या नियमा यमाद्याः
श्रद्धा च भक्तिश्च मुमुक्षुता च दैवी च संपत्तिरसन्निवृत्तिः ॥

નિર્માનિપણું, નિયમો, યમ વિગેરે, શ્રદ્ધા, ભક્તિ, મુમુક્ષુપણું, દૈવી સંપત્તિ અને દુષ્ટ પદાર્થ થકી નિવૃત્તિ એઓ મિશ્રિત થએલા સત્વ ગુણના ધર્મ છે.

विशुद्धसत्त्वस्य गुणाः प्रसादः स्वात्मानुभूतिः परमा प्रशान्तिः
तृप्तिः प्रहर्षः परमात्मनिष्ठा यया सदानन्दरसं समृच्छति ॥

પ્રસન્નપણું, આત્મસ્વરૂપનો અનુભવ, પરમ શાંતિ, તૃપ્તિ, હર્ષ અને પરમાત્માને વિષે નિષ્ઠા કે જેથી સર્વદા આનંદ રસની પ્રાપ્તિ થાય છે. તે સઘળા શુદ્ધ સત્વગુણના ધર્મ છે.

अव्यक्तमेतत्त्रिगुणैर्निरुक्तं तत्कारणं नाम शरीरमात्मनः ।
सुषुप्तिरेतस्य विभक्त्यवस्था प्रलीनसर्वेन्द्रियबुद्धिवृत्तिः ।

જે ત્રણ ગુણોનું સામ્યાવસ્થાવાળું જે તત્વ છે, તે અવ્યક્ત કહેવાય છે. અને તે આત્માના કારણ શરીરરૂપ છે. જેમાં સઘળી ઇંદ્રિયોની અને બુદ્ધિની વૃત્તિઓ લય પામી જાય છે, એવી સુષુપ્તિ એ અવ્યક્તની સ્વતંત્ર અવસ્થા છે.

सर्वप्रकारप्रमितिप्रशान्तिर्बीजात्मनावस्थितिरेव बुद्धेः ।
सुषुप्तिरेतस्य किल प्रतीतिः किंचिन्न वेद्मीति जगत्प्रसिद्धेः ॥

અધ્યાસી આત્માના ઇંદ્રિયાદિક પ્રમાણોની શાંતિ અને બુદ્ધિનું બીજ કારણરૂપે રહેવું એ સુષુપ્તિ અવસ્થા છે. સુષુપ્તિ અવસ્થાવાળો માણસ જાગ્યા પછી "હું કાંઇ જાણતો નહોતો." એવા પોતાના અજ્ઞાનના અનુભવને પ્રસિદ્ધ કરે છે, એ વાત જગત પ્રસિદ્ધ છે તેથી આત્મા સુષુપ્તિ કાળે પણ સાક્ષી રૂપે રહે છે, એ વાત સિદ્ધ છે.

देहेन्द्रियप्राणमनोऽहमादयः सर्वे विकारा विषयाः सुखादयः
व्योमादिभूतान्यखिलं च विश्वमव्यक्तपर्यन्तमिदं ह्यनात्मा ॥

દેહ, ઇંદ્રિય, પ્રાણ, મન અને અહંકાર વિગેરે સઘળા વિકારો, સુખ દુઃખ વિગેરે વિષયો, આકાશ વિગેરે પંચ મહાભૂત અને અવ્યક્ત પર્યંત જગત્ એ સર્વ પદાર્થ અનાત્મારૂપ છે.

माया मायाकार्यं सर्वं महदादि देहपर्यन्तम् ।
असदिदमनात्मतत्त्वं विद्धि मरुमरीचिकाकल्पम् ॥

હે શિષ્ય ! માયા અને મહત્તત્વથી દેહ સુધીના સઘળા માયાનાં કાર્ય અનાત્મારૂપ છે, અને તે ઝાંઝવાના જળની પેઠે મિથ્યા છે, એમ તું જાણ.

अथ ते संप्रवक्ष्यामि स्वरूपं परमात्मनः ।
यद्विज्ञाय नरो बन्धान्मुक्तः कैवल्यमश्नुते ॥

હે શિષ્ય ! હવે તને પરમાત્માનું સ્વરૂપ કહું છું, કે જે જાણવાથી પુરૂષ બંધનમાંથી મુક્ત થઇ મોક્ષ મેળવે છે.

अस्ति कश्चित्स्वयं नित्यमहंप्रत्ययलम्बनः
अवस्थात्रयसाक्षी सत्पञ्चकोशविलक्षणः ॥

પોતે સર્વદા " હું છું " એવી પ્રતીતિના આશ્રયરૂપ, ત્રણુ અવસ્થાનો સાક્ષી, સત્યરૂપ, પાંચે કોશથી જુદો અને મન વાણીથી જેનું નિરૂપણુ થઇ શકતું નથી એવો કોઇક આત્મા છે.

यो विजानाति सकलं जाग्रत्स्वप्नसुषुप्तिषु ।
बुद्धितद्वृत्तिसद्भावमभावमहमित्ययम् ॥

જાગૃત, સ્વપ્ન અને સુષુપ્તિમાં સઘળા દૃશ્ય પદાર્થોને, બુદ્ધિના તથા તેની વૃત્તિઓના ભાવને તથા અભાવને જે જાણે છે, તે " હું " છું.

यः पश्यति स्वयं सर्वं यं न पश्यति कश्चन ।
यश्चेतयति बुद्ध्यादि न तद्यं चेतयत्ययम् ॥

જે પોતે સઘળું જુએ છે, અને જેને સઘળા પદાર્થ ના નથી, જે પોતે બુદ્ધિ વિગેરેને ચેતના આપે છે, અને દ્ધિ વિગેરે જેને ચેતના આપતા નથી, તે આત્મા છે.

[illegible] ।
[illegible] ॥

[illegible]

[illegible]
[illegible] ॥

[illegible]

[illegible] ।
[illegible] ॥

जेम [illegible] छे, तेम जे [illegible] छे, ते आत्मा छे.

[illegible] निरन्तरानन्दसुखानुभूतिः ।
[illegible] ॥

जे [illegible] छे, निरंतर अखंड सुखना अनुभव रूप छे, सर्वदा एक रूप छे, अने केवल ज्ञानस्वरूप

છે.વાણી તથા પ્રાણો તેની પ્રેરણાથીજ વિષયોમાં સંચાર કરેછે.

अत्रैव सत्त्वात्मनि धीगुहायामव्याकृताकाश उशत्प्रकाशः।
आकाश उच्चै रविवत्प्रकाशते स्वतेजसा विश्वमिदं प्रकाशयन्

સત્વગુણમય આ બુદ્ધિરૂપ ગુફામાં અવ્યાકૃતરૂપ આકાશ છે, અને તે આકાશમાં આત્મા સુર્યની માફક પ્રકાશે છે, કે જેના પ્રકાશથી આ સઘળું જગત્ પ્રકાશિત છે.

ज्ञाता मनोऽहंकृतिविक्रियाणां देहेन्द्रियप्राणकृतक्रियाणाम्।
अयोऽग्निवत्ताननुवर्तमानो न चेष्टते नो विकरोति किंचन

મન તથા અહંકારના વિકારોને તથા દેહ ઇંદ્રિયો અને પ્રાણોએ કરેલી ક્રિયાઓને જાણનાર અને જેમ લોઢાને અગ્નિ અનુસરે છે, તેમ એઓને અનુસરતો આત્મા પોતે કાંઇ ક્રિયા કરતો નથી, અને કાંઇ વિકાર પણ પામતો નથી.

न जायते नो म्रियते न वर्धते न क्षीयते नो विकरोति नित्
विलीयमानेऽपि वपुष्यमुष्मिन्न लीयते कुम्भ इवाम्बरः स्वयम्

એ અવિનાશી આત્મા ઉત્પન્ન થતો નથી, મરતો નથી, વૃદ્ધિ પામતો નથી, ક્ષીણ થતો નથી, વિકાર પામતો નથી. અને જેમ ઘડો ફુટી જતાં તેની માંહેનું આકાશ લય પામતું નથી, તેમ આ દેહ લય પામતા છતાં પણ પોતે લય પામતો નથી.

प्रकृतिविकृतिभिन्नः शुद्धबोधस्वभावः
सदसदिदमशेषं भासयन्निर्विशेषः ।
विलसति परमात्मा जाग्रदादिष्ववस्था-
स्वहमहमिति साक्षात्साक्षिरूपेण बुद्धेः॥

પ્રકૃતિથી તથા વિકારોથી જૂદો, શુદ્ધ બોધરૂપ, આ સઘળા કાર્ય કારણરૂપ જગતને પ્રકાશિત કરતો અને કોઇ પણ પ્રકારના વિશેષથી રહિત એ પરમાત્મા " હું હું " એવી રીતે બુદ્ધિના સાક્ષીરૂપે જાગ્રત વિગેરે અવસ્થામાં સાક્ષાત્ પ્રકાશે છે.

नियमितमनसामुं त्वं स्वमात्मानमात्म-
न्ययमहमिति साक्षाद्विद्धि बुद्धिप्रसादात् ।
जनिमरणतरङ्गापारसंसारसिन्धुं
प्रतर भव कृतार्थो ब्रह्मरूपेण संस्थः ॥

હે શિષ્ય ! તું નિયમમાં આણેલા મનથી અને બુદ્ધિના સ્વચ્છપણાથી " એ આત્મા હું છું " એમ સ્ફુટ રીતે મનમાં નિશ્ચય કર. જન્મ તથા મરણરૂપી તરંગોથી જેનો પાર આવતો નથી,એવા સંસારરૂપી સાગરને તર, અને બ્રહ્મરૂપે રહી કૃતાર્થ થા.

अत्रानात्मन्यहमिति मतिर्बन्ध एषोऽस्य पुंसः
प्राप्तोऽज्ञानाज्जननमरणक्लेशसंपातहेतुः ।

भानुप्रभासंजनिताभ्रपङ्क्तिर्भानुं तिरोधाय विजृम्भते यथा ।
आत्मोदिताहंकृतिरात्मतत्त्वं तथा तिरोधाय विजृम्भते स्वयम् ॥

જેમ સૂર્યની પ્રભાથી પેદા થએલ વાદળાંની પંક્તિ સૂર્યને તિરોહિત કરી પોતે પ્રકાશે છે, તેમ આત્માથી પેદા થએલ અહંકાર આત્માને તિરોહિત કરી પોતે પ્રકાશે છે.

कवलितदिननाथे दुर्दिने सान्द्रमेघै-
र्व्यथयति हिमझञ्झावायुरुग्रो यथैतान् ।
अविरततमसात्मन्यावृते मूढबुद्धिं
क्षपयति बहुदुःखैस्तीव्रविक्षेपशक्तिः ॥

જેમ ખરાબ અંધકારવાળા દિવસમાં વાદળાંઓથી સૂર્ય તિરોહિત થઈ જતાં ટાઢો તોફાની પવન લોકોને પીડે છે, તેમ નિરંતર તમોગુણથી આત્મા તિરોહિત થઈ જતાં તીવ્ર વિક્ષેપશક્તિ મૂઢ બુદ્ધિવાળા પુરૂષને બહુ દુઃખોથી પીડે છે.

एताभ्यामेव शक्तिभ्यां बन्धः पुंसः समागतः ।
याभ्यां विमोहितो देहं मत्वात्मानं भवसयम् ॥

એ આવરણ શક્તિથી અને વિક્ષેપશક્તિથીજ પુરૂષને બંધ થયો છે, કે જે શક્તિઓથી મોહ પામેલ પુરૂષ દેહને આત્મા માની લે છે.

बीजं संसृतिभूमिजस्य तु तमो देहात्मधीरङ्कुरो।
रागः पल्लवमम्बु कर्म तु वपुः स्कन्धोऽसवः शाखिका।
अग्राणीन्द्रियसंहतिश्च विषयाः पुष्पाणि दुःखं फलं
नानाकर्मसमुद्भवं बहुविधं भोक्तात्र जीवः खगः ॥

સંસારરૂપી વૃક્ષનું બીજ આવરણ શક્તિ છે,તેહને આત્મા માનવો તે અંકુર છે, રાગ એ પાંદડાંરૂપ છે. કર્મ એ પાણી રૂપ છે, શરીર એ સ્કંધરૂપ છે, પ્રાણો શાખારૂપછે,ઇંદ્રિયોનો સમૂહ શાખાના અગ્રરૂપ છે, વિષયો ફળરૂપ છે, અનેક રીતનાં કર્મોથી ઉત્પન્ન થએલ ઘણા પ્રકારનું દુઃખ એ ફળરૂપ છે, અને તે ફળને ભોગવનારો જીવ પખીરૂપ છે.

अज्ञानमूलोऽयमनात्मबन्धो नैसर्गिकोऽनादिरनंत ईरितः।
जन्माप्ययव्याधिजरादिदुःखप्रवाहपातं जनयत्यमुष्य ॥

જેનું મૂળ અજ્ઞાન છે એવો આ અનાત્મ પદાર્થોથી થએલો બંધ સ્વાભાવિક છે, તે અનાદિ અને અનંત કહેલો છે, જે બંધ આ જીવને જન્મ, મરણ, વ્યાધિ અને ઘડપણ વિગેરે દુઃખોના પ્રવાહમાં પાડે છે.

नास्त्रैर्न शस्त्रैरनिलेन वह्निना छेत्तुं न शक्यो न च कर्मकोटिभिः।
विवेकविज्ञानमहासिना विना धातुः प्रसादेन सितेन मञ्जुना ॥

એ બંધ ઇશ્વરની કૃપાથી પ્રાપ્ત થએલા વિવેક અને વિજ્ઞાનરૂપ સુંદર મોટા ખડ્ગ વિના બીજા અસ્ત્રોથી,

શાસ્ત્રોથી, અગ્નિથી, વાયુથી કે કરોડો કર્મથી પણ કાપી શકાતો નથી.

श्रुतिप्रमाणैकमतेः स्वधर्मनिष्ठा तयैवात्मविशुद्धिरस्य ।
विशुद्धबुद्धेः परमात्मवेदनं तेनैव संसारसमूलनाशः ॥

વેદનેજ મુખ્ય પ્રમાણ માનવાથી સ્વધર્મમાં નિષ્ઠા થાય છે, સ્વધર્મમાં નિષ્ઠા થવાથી અંતઃકરણની શુદ્ધિ થાય છે, અને તેથી પરમાત્માનું જ્ઞાન થાય છે, પરમાત્માનું જ્ઞાન થવાથીજ સંસારનો સમૂળ નાશ થાય છે

कोशैरन्नमयाद्यैः पञ्चभिरात्मा न संवृतो भाति ।
निजशक्तिसमुत्पन्नैः शैवलपटलैरिवाम्बु वापीस्थम् ॥

જેમ વાવમાં રહેલ જળ પોતાની શક્તિથી પેદા થયેલ શેવાળ જાળથી ઢંકાઇ ગએલું જોવામાં આવતું નથી, તેમ અન્નમય વિગેરે પાંચ કોશોથી ઢંકાએલ આત્મા પ્રતીત થતો નથી એટલે દેખાતો નથી.

तच्छैवालापनये सम्यक् सलिलं प्रतीयते शुद्धम् ।
तृष्णासन्तापहरं सद्यः सौख्यप्रदं परं पुंसः
पञ्चानामपि कोशानामपवादे विभात्ययं शुद्धः ।
नित्यानन्दैकरसः प्रत्यग्रूपः परं स्वयंज्योतिः ॥

જેમ શેવાળને દૂર કરતાં શુદ્ધ તરસ અને તાપ મટાડનારૂં તથા પુરૂષને તરત સુખ આપનારૂં ઉત્તમ જલ સારી રીતે પ્રતીત થાય છે, તેમ પાંચે કોશનો અપવાદ કરીએ ત્યારે શુદ્ધ, નિત્ય, આનંદ, એકરસ પર અને સ્વયપ્રકાશ આ પ્રત્યગાત્મા સ્પષ્ટ પ્રતીત થાય છે.

आत्मानात्मविवेकः कर्तव्यो बन्धमुक्तये विदुषा ।
तेनैवानन्दी भवति स्वं विज्ञायैव सच्चिदानन्दम् ॥

વિદ્વાન માણસે બંધથી મુક્ત થવાસારૂ આત્મા તથા અનાત્માનો વિવેક કરવો, કે જેથી પોતાના સ્વરૂપને સચ્ચિદાનંદ જાણી આનંદી થવાય.

मुञ्जादिषीकामिव दृश्यवर्गात्प्रत्यञ्चमात्मानमसङ्गमक्रियम् ।
विविच्य तत्र प्रविलाप्य सर्वं तदात्मना तिष्ठति यः स मुक्तः॥

જે પુરૂષ મુંજના ખડમાંથી જેમ સળીનું વિવેચન કરવામાં આવે છે. તેમ દ્રશ્યરૂપ પાંચ કોશોમાંથી અસંગ અને ક્રિયા રહિત પ્રત્યગાત્માનું વિવેચન કરીને પ્રત્યગાત્મામાં સઘળાનો લય કરી તે રૂપમાંજ રહે છે, તે પુરૂષ મુક્ત છે.

देहोऽयमन्नभवनोऽन्नमयस्तु कोश
श्चान्नेन जीवति विनश्यति तद्विहीनः ।
त्वक्चर्ममांसरुधिरास्थिपुरीषराशि-
र्नायं स्वयं भवितुमर्हति नित्यशुद्धः ॥

આ દેહ અન્નથી થએલો છે, અન્નથી જીવે છે, અને અન્નને અભાવે નાશ પામે છે, માટે અન્નમય કોશ છે, તેથી આ ત્વચા, ચર્મ, માંસ, રૂધિર, હાડકાં અને વિષ્ટાના સમૂહરૂપ અન્નમયકોશ (દેહ) પોતે નિત્ય શુદ્ધ આત્મા થવાને યોગ્ય નથી.

पूर्वं जनेरपि मृतेरपि नायमस्ति
जातक्षणः क्षणगुणोऽनियतस्वभावः ।
नैको जडश्च घटवत्परिदृश्यमानः
स्वात्मा कथं भवति भावविकारवेत्ता ॥

આ શરીર કે જે જન્મની પહેલાં નહોતું, મરણ થયા પછી રહેતું નથી, કેવળ વર્તમાન કાળમાંજ જોવામાં આવે છે, અનિશ્ચિત સ્વભાવવાળું છે, અનેક રૂપ છે, ઘડાની માફક જોવામાં આવે છે ક્ષણે ક્ષણે જેમાં ફેરફાર થાય એવા ગુણવાળું છે, તે શરીર સઘળા જન્મ વિગેરે વિકારોને જાણનાર આત્મા કેમ સંભવે ? ન જ સંભવે.

पाणिपादादिमान्देहो नात्मा व्यङ्गेऽपि जीवनात्
तत्तच्छक्तेरनाशाच्च न नियम्यो नियामकः ॥

હાથ, પગ વિગેરે અવયવવાળું આ શરીર આત્મા નથી. કારણ કે અવયવો ન હોય, તો શરીર મરી જાય છે, અને

આત્મા અખંડિત રહે છે. આત્માની કોઈ શક્તિનો નાશ થતો નથી, અને દેહની શક્તિનો નાશ થાય છે. માટે આત્મા દેહ નથી, નિયમ્ય નથી, પણ નિયામક છે.

देहतद्धर्मतत्कर्मतदवस्थादिसाक्षिणः ।
स्वत एव स्वतः सिद्धं तद्वैलक्षण्यमात्मनः ॥

આત્મા દેહનો, દેહના ધર્મનો, દેહના કર્મનો અને દેહની અવસ્થા વિગેરેનો સાક્ષી છે, તેથી આત્મામાં પોતાની મેળેજ દેહથી વિલક્ષણપણું સિદ્ધ થાય છે.

शल्यराशिर्मांसलिप्तो मलपूर्णोऽतिकश्मलः ।
कथं भवेदयं वेत्ता स्वयमेतद्विलक्षणः ॥

આ શરીર કે જે જ્ઞાનરહિત, હાડકાંઓના ઢગલાવાળું, માંસથી લેપાએલ, મળથી ભરેલ અને અત્યંત બીભત્સ છે. તે આત્મા શી રીતે થઇ શકે શાથી કે આત્મા જાણનાર છે, હાડકાંઓના ઢગલાવાળો નથી, માંસથી લેપાએલો નથી, મળોથી પૂર્ણ નથી, અને અત્યંત બીભત્સ નથી. અર્થાત્ શુદ્ધ આત્મા વિલક્ષણ છે.

त्वङ्मांसमेदोऽस्थिपुरीषराशावहंमतिं मूढजनः करोति ।
विलक्षणं वेत्ति विचारशीलो निजस्वरूपं परमार्थभूतम् ॥

આ દેહ કે જે ત્વચા, માંસ, મેદ, હાડકાં, અને વિષ્ટાના ઢગલાવાળો છે, તેને મૂઢ મતિવાળો માણસ " હું છું "

એમ માને છે, અને વિચારવાળો માણસ તો પરમાર્થરૂપ આત્માના સ્વરૂપને શરીરથી વિલક્ષણ માને છે.

देहोऽहमित्येव जडस्य बुद्धिर्देहे च जीवे विदुषस्त्वहंधीः।
विवेकविज्ञानवतो महात्मनो ब्रह्माहमित्येव मतिः सदात्मनि

મૂઢ મતિવાળો માણસ દેહને "હું" કરી માને છે. વિદ્વાન માણસ જીવને "હું" કરી માને છે, પણ વિજ્ઞાનવાળો મહાત્મા તો પોતાને "બ્રહ્મ છું" એમ સર્વદા માને છે.

अत्रात्मबुद्धिं त्यज मूढबुद्धे त्वङ्मांसमेदोऽस्थिपुरीषराशौ
सर्वात्मनि ब्रह्मणि निर्विकल्पे कुरुष्व शांतिं परमां भजस्व।

હે મૂઢ મતિવાળા ! આ દેહ કે જે ત્વચા, માંસ, મેદ, અને હાડકાના સમૂહરૂપ છે તેમા "હું છું" એવા અભિમાનને છોડી દે, અને સર્વના આત્મારૂપ જે નિર્વિકલ્પ બ્રહ્મ છે, તે જ "હું છું" એમ નિશ્ચય રાખી પરમ શાંતિ મેળવ.

देहेन्द्रियादावसति भ्रमोदितां विद्वानहंतां न जहाति यावत्।
तावन्न तस्यास्ति विमुक्तिवार्ताप्यस्त्वेष वेदान्तनयान्तदर्शी ॥

"જ્યાં સુધી સમજુ પુરૂષ દેહ ઇંદ્રિય વિગેરે અસત્પદાર્થમાં ભ્રમથી થએલી અહંબુદ્ધિ છોડતો નથી, ત્યાં સુધી

પોતે પોતાના આત્માના અને બંધનો હેતુ હોય તોપણ તેને મુક્તિની વાત ગમતી નહિ.

छायाशरीरे प्रतिबिम्बगात्रे यत्स्वप्नदेहे हृदि कल्पिताङ्गे ।
यथात्मबुद्धिस्तव नास्ति काचिज्जीवच्छरीरे च तथैव मास्तु॥

જેમ પડછાયામાં, પ્રતિબિંબમાં અને હૃદયમાં કલ્પેલા સ્વપ્નાવસ્થાના દેહમાં તું કદી પણ "હું છું" એવી બુદ્ધિ રાખતો નથી, તેમ આ જીવતા શરીરમાં પણ રાખ નહિ.

देहात्मधीरेव नृणामसद्धियां जन्मादिदुःखप्रभवस्य बीजम्।
यतस्ततस्त्वं जहि तां प्रयत्नात्त्यक्ते तु चित्ते न पुनर्भवाशा॥

અસત્ બુદ્ધિવાળા માણસોને દેહમાં "હું છું" એવું અભિમાન જન્મ વિગેરે દુઃખો ઉત્પન્ન થવાનું બીજ છે, એટલા માટે પ્રયત્ન કરી ચિત્તથી એ અભિમાન છોડી દે. એ અભિમાન છુટી જાય ત્યારે પુનર્જન્મની આશા નથી.

कर्मेन्द्रियैः पञ्चभिरञ्चितोऽयं प्राणो भवेत्प्राणमयस्तु कोशः।
येनात्मवानन्नमयोऽन्नपूर्णः प्रवर्ततेऽसौ सकलक्रियासु॥

પાંચ કર્મેન્દ્રિય સાથેનો જે પ્રાણ છે, તે પ્રાણમયકોશ છે. અન્નથી પુરાએલો આ આત્માવાળો અન્નમયકોશ એ પ્રાણમયકોશને લીધે સઘળી ક્રિયાઓમાં પ્રવર્તે છે.

नैवात्मापि प्राणमयो वायुविकारो
गन्तागन्ता वायुवदन्तर्बहिरेषः ।
यस्मात्किंचित्क्वापि न वेत्तीष्टमनिष्टं
स्वं वान्यं वा किंचन नित्यं परतन्त्रः ॥

પ્રાણમયકોશ પણ આત્મા નથી, કારણ કે એ કોશ વાયુનો વિકાર છે. વાયુની માફક અંદર તથા બહાર આવ જાવ કરે છે.કાંઇ ઇષ્ટ કે અનિષ્ટને પોતાને કે પારકાને કોઇ સમયે કાંઇ પણ જાણતો નથી, અને સર્વદા પરતંત્ર છે.

ज्ञानेन्द्रियाणि च मनश्च मनोमयः स्या-
त्कोशो ममाहमिति वस्तुविकल्पहेतुः ।
संज्ञादिभेदकलनाकलितो बलीयां-
स्तत्पूर्वकोशमभिपूर्य विजृम्भते यः

પાંચ જ્ઞાનેંદ્રિય અને મન મળી મનોમયકોશ કહેવાય છે. એ કોશથીજ વસ્તુઓમાં " હું અને મારૂં " એવી કલ્પનાઓ થાય છે, નામ વિગેરે ભેદની રચનાથી ભરેલ એ બળવાન્ પોતાના પૂર્વ કોશોને પૂર્ણ કરી વૃદ્ધિ પામે છે.

पञ्चेन्द्रियैः पञ्चभिरेव होतृभिः प्रचीयमानो विषयाज्यधारया
जाज्वल्यमानो बहुवासनेन्धनैर्मनोमयाग्निर्दहति प्रपञ्चम् ॥

પાંચ ઇંદ્રિયોરૂપી હોતાઓએ વિષયરૂપી ઘૃતની ધારાથી દીપ્ત થતો અને ઘણી વાસનાઓરૂપી કાષ્ઠોથી પ્રજ્વલિત થતો એ મનોમયકોશરૂપ અગ્નિ પ્રપંચને દેખાડે છે.

न ह्यस्त्यविद्या मनसोऽतिरिक्ता मनो ह्यविद्या भवबन्धहेतुः ।
तस्मिन्विनष्टे सकलं विनष्टं विजृम्भितेऽस्मिन्सकलं विजृम्भते ॥

અવિદ્યા મનથી જુદી નથી, જે મન છે, તે જ સંસારરૂપી બંધનના કારણરૂપ અવિદ્યા છે મનનો નાશ થાય, તો સઘળા પ્રપંચનો નાશ થાય છે. મનની વૃદ્ધિ થાય, તો સઘળા પ્રપંચની વૃદ્ધિ થાય છે.

स्वप्नेऽर्थशून्ये सृजति स्वशक्त्या भोक्त्रादि विश्वं मन एव सर्वम् ।
तथैव जाग्रत्यपि नो विशेषस्तत्सर्वमेतन्मनसो विजृम्भणम् ॥

સ્વપ્નમાં બીજું કાંઇ નહિ છતાં પણ મનજ પોતાની શક્તિથી ભોક્તાઆદિ સઘળા જગતને પેદા કરે છે, અને જેમ સ્વપ્નમાં પેદા કરે છે, તેમ જાગૃતમાં પણ એજ પેદા કરે છે. સ્વપ્નમાં અને જાગૃતમાં કાંઇ ફેરફાર નથી. એટલા માટે આ સઘળો પ્રપંચ મનની કલ્પનારૂપજ છે.

सुषुप्तिकाले मनसि प्रलीने नैवास्ति किञ्चित्सकलप्रसिद्धेः ।
अतो मनःकल्पित एव पुंसः संसार एतस्य न वस्तुतोऽस्ति ॥

સુષુપ્તિના સમયમાં મનનો લય થઇ જાય છે, તે સમયે

કાંઈ પણ રહેતું નથી, એ વાત સર્વને અનુભવ સિદ્ધ છે, એટલા માટે પુરૂષને આ સંસાર મનવડે કલ્પેલો છે, પણ વાસ્તવિક નથી.

वायुनानीयते मेघः पुनस्तेनैव नीयते ।
मनसा कल्प्यते बन्धो मोक्षस्तेनैव कल्प्यते ॥

જેમ વાદળાને લાવનાર વાયુ છે, અને દૂર કરનાર પણ વાયુ છે, તેમ બંધને કલ્પનાર અને દૂર કરનાર પણ મન જ છે.

देहादि सर्वविषये परिकल्प्य रागं
बध्नाति तेन पुरुषं पशुवद्गुणेन।
वैरस्यमत्र विषवत्सुविधाय पश्चा-
देनं विमोचयति तन्मन एव बन्धात् ॥

જેમ માણસ દોરડાથી પશુને બાંધે છે, તેમ મન દેહ વિગેરે સઘળા વિષયોના રાગ ઉત્પન્ન કરી તે રાગથી પુરૂષને બાંધે છે, અને પાછું તે જ મન વિષયોમાં વૈરાગ્ય ઉપજાવી પુરૂષને બંધનમાંથી મુક્ત પણ કરે છે.

तस्मान्मनः कारणमस्य जन्तो-
र्बन्धस्य मोक्षस्य च वा विधाने ।
बन्धस्य हेतुर्मलिनं रजोगुणै-
र्मोक्षस्य शुद्धं विरजस्तमस्कम् ॥

તેથી મનજ પુરૂષને બંધન કરવામાં અને મુક્ત કરવામાં કારણરૂપ છે, મન જો રજોગુણથી અને તમોગુણથી મલિન હોય તો બંધનના કારણરૂપ થાય છે; અને રજોગુણથી અને તમોગુણથી રહિત થઇ શુદ્ધ થયું હોય, તો તે મોક્ષના કારણરૂપ થાય છે.

विवेकवैराग्यगुणातिरेकाच्छुद्धत्वमासाद्य मनो विमुक्त्यै ।
भवत्यतो बुद्धिमतो मुमुक्षोस्ताभ्यां दृढाभ्यां भवितव्यमग्रे ॥

મન વિવેક અને વૈરાગ્ય ગુણના અતિશયપણાથી શુદ્ધપણાને પામી મુક્તિ આપવામાં સમર્થ થાય છે, એટલા માટે બુદ્ધિમાન મુમુક્ષુએ વિવેક તથા વૈરાગ્યને દૃઢ કરવા જોઇએ.

मनो नाम महाव्याघ्रो विषयारण्यभूमिषु ।
चरत्यत्र न गच्छन्तु साधवो ये मुमुक्षवः ॥

વિષયરૂપી અરણ્યની ભૂમિમાં મન નામનો મોટો વાઘ ફરે છે. એટલા માટે મુક્તિના ઇચ્છનારા સાધુઓએ ત્યાં જવું નહિ.

मनः प्रसूते विषयानशेषान्स्थूलात्मना सूक्ष्मतया च भोक्तुः
शरीरवर्णाश्रमजातिभेदान्गुणक्रियाहेतुफलानि नित्यम् ॥

ભોક્તાને માટે સઘળા સ્થૂલ સૂક્ષ્મ વિષયોને, શરીર વર્ણાશ્રમ તથા જાતિના ભેદોને, અને ગુણ ક્રિયાના કારણોને,

તથા તેઓના ફળોને [illegible] મનજ પેદા કરે છે.

असङ्गचिद्रूपममुं विमोह्य देहेन्द्रियप्राणगुणैर्निबध्य ।
अहंममेति भ्रमयत्यजस्रं मनः स्वकृत्येषु फलोपभुक्तिषु ॥

આત્મા કે જે અસંગ [illegible] છે, તેને મોહ પમાડી દેહ ઇંદ્રિય તથા પ્રાણના ગુણોથી બાંધી મનજ પોતાના કૃત્યરૂપ [illegible] અહં [illegible] મમતા કરાવી નિરંતર ભમાવ્યા કરેછે

अध्यासदोषात्पुरुषस्य संसृतिरध्यासबन्धस्त्वमुनैव कल्पितः ।
रजस्तमोदोषवतोऽविवेकिनो जन्मादिदुःखस्य निदानमेतत् ॥

પુરૂષને દેહના અધ્યાસરૂપ દોષથી સંસાર થાયછે, અને અધ્યાસરૂપ [illegible] મનને [illegible] છે. એટલા માટે રજોગુણ અને તમોગુણવાળા અવિવેકી આત્માને જન્મ વિગેરેના દુ[illegible] છે.

अतः प्राहुर्मनोऽविद्यां पण्डितास्तत्त्वदर्शिनः ।
येनैव भ्राम्यते विश्वं वायुनेवाभ्रमण्डलम् ॥

એટલા માટે તત્ત્વજ્ઞાની પંડિત મનને અવિદ્યા કહેછે, કે જે મન [illegible] મેઘમંડળને ભમાવે છે તેમ જગતને ભમાવેછે

तन्मनःशोधनं कार्यं प्रयत्नेन मुमुक्षुणा ।

विशुद्धे सति चित्तादिस्फूर्तिः करफलायते ॥

તેથી કરીને મુમુક્ષુએ પ્રયત્નવડે મનને શુદ્ધ કરવું. શુદ્ધ થાય તો પાછી મુક્તિ હાથમાં રહેલ. કણની આ આમળાનું કરેછે.

मोक्षैकसक्त्या विषयेषु रागं निर्मूल्य संन्यस्य च सर्वकर्म ।
सच्छ्रद्धया यः श्रवणादिनिष्ठो रजःस्वभावं स धुनोति बुद्धेः ॥

જે પુરુષ મોક્ષ ઉપર પરમ આસક્તિથી વિષયો ઉપરના પ્રેમને ઉખેડી નાખી બધાં કર્મોને છોડી દઇ ઉત્તમ શ્રદ્ધાથી શ્રવણ મનન વિવેકમાં નિષ્ઠા રાખે છે, તે પુરુષ બુદ્ધિના રજોગુણવાળા સ્વભાવને દૂર કરેછે.

मनोमयो नापि भवेत्परात्मा ह्याद्यन्तवत्त्वात्परिणामिभावात् ।
दुःखात्मकत्वाद्विषयत्वहेतोर्द्रष्टा हि दृश्यात्मतया न दृष्टः ॥

મનોમયકોશ આત્મા નથી કારણ કે એ કોશ આદિ તથા અંતવાળો છે, પરિણામવાળો છે, અને દુઃખમય છે. આત્મા તો આદિ તથા અંતથી રહિત છે, પરિણામ વિનાનો છે, અને દુઃખ રહિત છે. મનોમયકોશ આત્માનો દૃશ્ય છે, તેથી તે આત્મા સંભવે નહિ. આત્માતો દ્રષ્ટા છે, તેને દૃશ્યપણું સંભવતું નથી

बुद्धिर्बुद्धीन्द्रियैः सार्धं सवृत्तिः कर्तृलक्षणः ।

विज्ञानमयकोशः स्यात्पुंसः संसारकारणम् ॥

જ્ઞાનેદ્રિયો, વૃત્તિઓ અને બુદ્ધિ મળીને કર્તારૂપ વિજ્ઞાનમયકોશ છે, અને તે પુરૂષના સંસારનું કારણરૂપ છે.

अनुव्रजाच्चित्प्रतिबिम्बशक्तिर्विज्ञानसंज्ञः प्रकृतेर्विकारः।
ज्ञानक्रियावानहमित्यजस्रं देहेन्द्रियादिष्वभिमन्यते भृशम् ॥

જેમાં ચૈતન્યનું પ્રતિબિંબ સાથે આવે છે, એવો એ વિજ્ઞાનમયકોશ નામનો પ્રકૃતિનો વિકાર છે, તે દેહ તથા ઇંદ્રિય વિગેરેમાં જ્ઞાનક્રિયાવાળો "હું છું" એમ બહુ અભિમાન કરે છે.

अनादिकालोऽयमहंस्वभावो जीवः समस्तव्यवहारवोढा।
करोति कर्माण्यपि पूर्ववासनः पुण्यान्यपुण्यानि च तत्फलान्यपि
भुंक्ते विचित्रास्वपि योनिषु व्रजन्नायाति निर्यात्यध ऊर्ध्वमेषः।
अस्यैव विज्ञानमयस्य जाग्रत्स्वप्नाद्यवस्था सुखदुःखभोगः ॥
देहादिनिष्ठाश्रमधर्मकर्मगुणाभिमानं सततं ममेति ।

અનાદિ કાળનો 'હું છું' એમ માનવાનો જેનો સ્વભાવ છે, એવો અને સઘળા વ્યવહારને ચલાવનારો એ વિજ્ઞાનમયકોશ જીવ કહેવાય છે કે જે જીવ ઘણી ઘણી પૂર્વ વાસનાઓને લીધે પાપ તથા પુણ્યરૂપ કર્મ કરે છે, તેમના ફળ ચાખે છે. વિચિત્ર યોનિઓમાં જાય છે, અને ઉંચા નીચા લોકમાં જાય છે. વિજ્ઞાનમયકોશને જાગ્રત સ્વ-

એ વિગેરે અવસ્થા, સુખ દુઃખના ભોગ અને મ્હેલાદિક
રહેલા આશ્રમ ધર્મ કર્મ તથા ગુણો મારા છે." એવું
નિરંતર અભિમાન કરે છે.

विज्ञानकोशोऽयमति प्रकाशः प्रकृष्टसांनिध्यवशात्परात्मनः।
अतो भवत्येष उपाधिरस्य यदात्मधीः संसरति भ्रमेण ॥

પરમાત્માના ઉત્તમ સાંનિધ્યને લીધે એ વિજ્ઞાનમયકોશ
બહુ પ્રકાશવાળો છે, અને તેથી આત્માની ઉપાધિરૂપ છે,
કે જે બહુ ઉપાધિઓ ભ્રાંતિથી 'હું' 'મારૂં' એવું અભિમાન
ધરાવી દુઃખ જન્મ મરણને પામે છે.

योऽयं विज्ञानमयः प्राणेषु हृदि स्फुरत्स्वयं ज्योतिः।
कूटस्थः सन्नात्मा कर्ता भोक्ता भवत्युपाधिस्थः ॥

સ્વયં પ્રકાશરૂપ આત્મા ઇંદ્રિયોમાં સામાન્ય જ્ઞાનરૂપે
સ્ફુરે છે, તે સ્થિતિમાં તે કૂટસ્થ કહેવાય છે, અને ઉપા-
ધિમાં રહે છે, તે સ્થિતિમાં તે કર્તા ભોક્તારૂપ કહેવાય છે.

स्वयं परिच्छेदमुपेत्य बुद्धेस्तादात्म्यदोषेण परं मृषात्मनः।
सर्वात्मकः सन्नपि वीक्षते स्वयं स्वतः पृथक्त्वेन मृदो घटानिव ॥

બુદ્ધિ કે જે મિથ્યા પદાર્થ છે, તેની સાથે પોતાનું
એકપણું માનવારૂપ દોષથી પોતે પરિચ્છેદ પામી સ્વરૂપે
સર્વાત્મક છતાં પણ માટીથી ઘડાઓની પેઠે પોતાથી
પદાર્થને ભિન્ન દેખે છે.

उपाधिसंबन्धवशात्परात्मा ह्युपाधिधर्माननुभाति तद्गुणः ।
अयोविकारानविकारिवह्निवत्सदैकरूपोऽपि परः स्वभावात् ॥

આત્મા સર્વદા સ્વભાવે એકરૂપ છે, તોપણ જેમ અગ્નિ નિર્વિકાર છતાં પણ લોઢાના વિકારને અનુસરી તેઓના જેવા ગુણવાળો જણાય છે, તેમ ઉપાધિઓના સંબંધને લીધે તેઉપાધિઓનાધર્મને અનુસરી પોતે તે ધર્મવાળો થાયછે.

शिष्य उवाच (શિષ્ય પ્રશ્ન કરે છે.)

भ्रमेणाप्यन्यथा वास्तु जीवभावः परात्मनः ।
तदुपाधेरनादित्वान्नानादेर्नाश इष्यते ॥
अतोऽस्य जीवभावोऽपि नित्या भवति संसृतिः ।
न निवर्तेत तन्मोक्षः कथं मे श्रीगुरो वद ॥

હે સદ્ગુરૂ ! ભ્રાંતિને લીધે પરમાત્માને વિપરીત જીવપણું થઇ ગયું છે, એમ તમે કહો છો, તે પ્રમાણે હો. તોપણ એ પરમાત્માની ઉપાધિઓ અનાદિ હોવાથી તેઓનો નાશ ન થવો જોઇએ. અને એ પ્રમાણે નાશ ન થાય, ત્યારે તેનું જીવપણું કાયમ રહ્યું, અને સંસાર પણ કાયમ રહ્યો, ત્યારે મોક્ષ થવો કેમ સંભવે ? એ વિષયનો ઉત્તર આપો.

" श्रीगुरुरुवाच ॥

सम्यक्पृष्टं त्वया विद्वन्सावधानेन तच्छृणु ।

मामाणिकी न भवति भ्रान्त्या मोहितकल्पना ॥

ગુરૂએ કહ્યું-હે વિદ્વાન ! તેં સારો પ્રશ્ન કર્યો. હવે એ વિષયનો ઉત્તર સાવધાનપણાથી સાંભળ, ભ્રમથી મોહ પામીને જે કલ્પના થએલી હોય તે પ્રમાણ સિદ્ધ હોતી નથી.

भ्रान्ति विना त्वसङ्गस्य निष्क्रियस्य निराकृतेः ।
न घटेतार्थसंबन्धो नभसो नीलतादिवत् ॥

આકાશને નીલપણા વિગેરેનો સંબંધ જેમ ભ્રમ વિના ઘટતો નથી, તેમ આત્મા કે જે અસંગ છે, ક્રિયા રહિત છે, અને આકાર રહિત છે. તેને ઉપાધિનો સંબંધ ભ્રમ વિના ઘટતો જ નથી.

स्वस्य द्रष्टुर्निर्गुणस्याक्रियस्य प्रत्यग्बोधानन्दरूपस्य बुद्धेः ।
भ्रान्त्या प्राप्तो जीवभावो न सत्यो मोहापाये नास्त्यवस्तु स्वभावात् ॥

આત્મા કે જે દ્રષ્ટા, નિર્ગુણ, ક્રિયા રહિત, સામાન્ય બોધરૂપ અને આનંદરૂપ છે, તેને ભ્રમથી પ્રાપ્ત થએલો જીવભાવ સત્ય નથી. એટલે એમ સમજવું કે ભ્રમ મટી જાય ત્યારે જીવભાવનો ન . . . ય છે. કલ્પિત પદાર્થોનો સ્વભાવજ એવો હોય . . . દૂર થયા પછી તેઓની સત્તા રહેતી નથી.

यावद्भ्रान्तिस्तावदेवास्य सत्ता
मिथ्याज्ञानोज्जृम्भितस्य प्रमादात् ॥
रज्ज्वां सर्पो भ्रांतिकालीन एव
भ्रान्तेर्नाशे नैव सर्पोऽपि तद्वत् ॥

પ્રમાદથી મિથ્યા જ્ઞાનને લીધે ઉત્પન્ન થએલા પદાર્થની સત્તા જ્યાં સુધી ભ્રમ હોય ત્યાં સુધીજ રહે છે. જ્યાંસુધી ભ્રાન્તિ હોય, ત્યાંસુધીજ રજ્જુમાં (દોરડીમાં) કલ્પાએલો સર્પ ભાસે છે. ભ્રાંતિનો નાશ થાય ત્યારે સર્પ રહેતો નથી.

अनादित्वमविद्यायाः कार्यस्यापि तथेष्यते ।
उत्पन्नायां तु विद्यायामाविद्यकमनाद्यपि ॥
प्रबोधे स्वप्नवत्सर्वं सहमूलं विनश्यति ।
अनाद्यपीदं नो नित्यं प्रागभाव इव स्फुटम् ॥

જો કે અવિદ્યાનું અને અવિદ્યાના કાર્યનું અનાદિપણું માનવામાં આવે છે તોપણ જાગૃત દશા પ્રાપ્ત થાય, ત્યારે સ્વપ્નની પેઠે વિદ્યા પ્રાપ્ત થતાં અવિદ્યાનું કાર્ય અનાદિ છતાં પણ અવિદ્યા સહિત નાશ પામે છે. જેમ ઘટનો પ્રાગભાવ (ઉત્પન્ન થયા પહેલાંનો અભાવ) અનાદિ છતાં પણ નિત્ય નથી, તેમ અવિદ્યા અને અવિદ્યાનું કાર્ય અનાદિ છતાં પણ નિત્ય નથી.

अनादेरपि विध्वंसः प्रागभावस्य वीक्षितः ।
यद्बुद्ध्युपाधिसंबन्धात्परिकल्पितमात्मनि ॥
जीवत्वं न ततोऽन्यत्तु स्वरूपेण विलक्षणं ।
संबन्धःस्वात्मनो बुद्ध्या मिथ्याज्ञानपुरःसरः ॥
विनिवृत्तिर्भवेत्तस्य सम्यग्ज्ञानेन नान्यथा ।
ब्रह्मात्मैकत्वविज्ञानं सम्यग्ज्ञानं श्रुतेर्मतम् ॥

જેવી રીતે પ્રાગભાવ અનાદિ છતા પણ ઘટની ઉત્પત્તિ થયા પછી તેનો ધ્વંસ (નાશ) જોવામાં આવે છે, તેવીજ રીતે અવિદ્યા અને અવિદ્યાનું કાર્ય અનાદિ છતા પણ વિદ્યાની ઉત્પત્તિ થતાં તેનો વિધ્વંસ થાય છે બુદ્ધિરૂપ ઉપાધિના સંબંધથી આત્મામાં જે જીવપણું કલ્પાએલ છે, તેનું સ્વરૂપ કલ્પનાથી જુદું નથી. પણ કલ્પના માત્રજ છે, આત્માને બુદ્ધિની સાથે સંબંધ થવામાં મિથ્યાજ્ઞાન કારણરૂપ છે, અને એ મિથ્યા જ્ઞાનની નિવૃત્તિ યથાર્થ જ્ઞાન થવાથી જ થાય છે. બીજી કોઇ રીતે થતી નથી. આત્મા અને પરબ્રહ્મનું એકત્વ સમજાય એ જ યથાર્થજ્ઞાનનું સ્વરૂપ છે. એવો વેદનો સિદ્ધાંત છે.

तदात्मानात्मनोः सम्यग्विवेकेनैव सिध्यति ।
ततो विवेकः कर्तव्यः प्रत्यगात्मसदात्मनोः ॥

એ યથાર્થજ્ઞાન આત્મા અને અનાત્માના વિવેકથી જ સિદ્ધ થાય છે. તેટલા માટે પ્રત્યગાત્મા અને સદાત્માનો વિવેક કરવો યોગ્ય છે.

जलं पङ्कवदत्यन्तं पङ्कापाये जलं स्फुटम् ।
असन्निवृत्तौ तु सदात्मना स्फुटं प्रतीतिरेतस्य भवेत्प्रतीचः ।
ततो निरासः करणीय एव सदात्मनः साध्वहमादिवस्तुनः ॥

જેમ અત્યંત કાદવવાળા જળમાંથી કાદવ કાઢી નાંખીએ એટલે સ્ફુટ જળ પ્રતીત થાય છે, તેમ અનાત્મ પદાર્થની નિવૃત્તિ થાય ત્યારે પ્રત્યગાત્માની સદ્રૂપે સ્ફુટ પ્રતીતિ થાય છે. આ કારણને લીધે પ્રત્યગાત્મામાંથી અહંકાર વિગેરે અનાત્મ વસ્તુનો સારી રીતે નિરાસ (ત્યાગ) કરવો જોઇએ.

अतो नायं परात्मा स्याद्विज्ञानमयशब्दभाक् ।
विकारित्वाज्जडत्वाच्च परिच्छिन्नत्वहेतुतः ।
दृश्यत्वाद्व्यभिचारित्वान्नानित्यो नित्य इष्यते ॥

એવી રીતે વિજ્ઞાનમયકોશ આત્મા નથી, કારણકે વિજ્ઞાનમયકોશ વિકારી છે, જડ છે, દૃશ્ય છે, પરિચ્છિન્ન છે, અને ફેરફાર પામનાર છે. વિજ્ઞાનમયકોશ કે જે અનિત્ય છે, તેને નિત્ય આત્મા કહી શકાય જ નહિ.

...प्रतिबिम्बचुम्बिततनुर्वृत्तिस्तमोज्जृम्भिता
છતાં પણ નિત્ય ...: प्रियादिगुणकः स्वेष्टार्थलाभोदयः ।

पुण्यस्यानुभवे विभाति कृतिनामानन्दरूपः स्वयं
भूत्वानन्दति यत्र साधु तनुभृन्मात्रः प्रयत्नं विना ॥

પુણ્યશાળીઓને પુણ્યના ફળનો અનુભવ થવાના સમયમાં પોતાને ઇષ્ટ પદાર્થનો લાભ થતાં આનંદમાં પ્રતિબિંબયુક્ત થએલ પ્રિય, મોદ અને પ્રમોદ ગુણવાળી તમોગુણની વૃત્તિ આનંદમયકોશ કહેવાય છે. કે જે વૃત્તિનો ઉદય થતાં પ્રાણી માત્ર પ્રયત્ન વિના જ પોતે આનંદમય થઇ સારી રીતે સુખ મેળવે છે.

आनन्दमयकोशस्य सुषुप्तौ स्फूर्तिरुत्कटा ।
स्वप्नजागरयोरीषदिष्टसंदर्शनादिना ॥

સુષુપ્તિ દશામાં આનંદમયકોશની બહુ સ્ફૂર્તિ થાય છે, અને સ્વપ્ન તથા જાગૃતમાં તો ઇષ્ટ પદાર્થનું દર્શન થતાં લેશ માત્ર આનંદની સ્ફૂર્તિ થાય છે.

नैवायमानन्दमयः परात्मा सोपाधिकत्वात्प्रकृतेर्विकारात् ।
कार्यत्वहेतोः सुकृतक्रियाया विकारसंघातसमाहितत्वात् ॥

આ આનંદમયકોશ ઉપાધિ રહિત છે, પ્રકૃતિના વિકારરૂપ છે, કાર્યરૂપ છે, અને પુણ્યના વિકારના સમૂહને આધીન છે; તેથી તે પરમાત્મા નથી.

पञ्चानामपि कोशानां निषेधे युक्तितः श्रुतेः ।

માટે અહુથી પર અને અહુનો સાક્ષી સાક્ષાત પ્રત્યગાત્મા જ છે. બીજો કોઈ નથી.

जाग्रत्स्वप्नसुषुप्तिषु स्फुटतरं योऽसौ समुज्जृम्भते
प्रत्यग्रूपतया सदाहमहमित्यन्तः स्फुरन्नैकधा ।
नानाकारविकारभागिन इमान्पश्यन्नहंधीमुखान्
नित्यानन्दचिदात्मना स्फुरति तं विद्धि स्वमेतं हृदि ॥

પ્રત્યક્ રૂપથી સર્વદા 'હું હું' એવા પ્રકારે અંદર એક પ્રકારથી જ સ્ફુરતો જે આત્મા જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિમાં અત્યંત સ્ફુટ જણાય છે, તથા અહંકાર અને બુદ્ધિ વિગેરે પદાર્થો કે જેઓ અનેક પ્રકારના વિકારોને પામે છે, તેઓને જોતા સચ્ચિદાનંદરૂપે હૃદયમા સ્ફુરે છે, તે તુ છે, એમ જાણ.

घटोदके विम्बितमर्कविम्बमालोक्य मूढो रविमेव मन्यते ।
तथा चिदाभासमुपाधिसंस्थं भ्रान्त्याहमित्येव जडोऽभिमन्यते

જેવી રીતે મૂઢ માણસ ઘડાના પાણીમા પ્રતિબિંબિત થએલા સૂર્યબિંબને ભ્રમથી સૂર્ય જ માને છે, તેવી રીતે અજ્ઞાની માણસ ઉપાધિમા રહેલા ચિદાભાસને "હું છું" એમ માને છે.

घटं जलं तद्गतमर्कविम्बं विहाय सर्वं विनिरीक्ष्यतेऽर्कः ।

तटस्थ एतत्त्रितयावभासकः स्वयंप्रकाशो विदुषा यथा यथा ॥
देहं धियं चित्प्रतिबिम्बमेवं विसृज्य बुद्धौ निहितं गुहायाम् ।
द्रष्टारमात्मानमखण्डबोधं सर्वप्रकाशं सदसद्विलक्षणम् ॥
नित्यं विभुं सर्वगतं सुसूक्ष्ममन्तर्बहिः शून्यमनन्यमात्मनः ।
विज्ञाय सम्यङ्निजरूपमेतत्पुमान्विपाप्मा विरजो विमृत्युः ॥
विशोक आनन्दघनो विपश्चित्स्वयं कुतश्चिन्न बिभेति कश्चित् ।
नान्योऽस्ति पन्था भवबन्धमुक्तेर्विना स्वतत्त्वावगमं मुमुक्षोः ॥

ઘડો, જળ અને તેમાં રહેલ સૂર્યનું પ્રતિબિંબ એ સઘળાંને છોડી દઈ જેમ જુદો એ ત્રણેનો પ્રકાશ કરનાર અને સ્વયંપ્રકાશ સૂર્ય જોવામાં આવે છે, તેમ દેહ, બુદ્ધિ અને બુદ્ધિમાં રહેલ ચૈતન્યના આભાસને છોડી દઈ જ્યારે દ્રષ્ટા અખંડ બોધરૂપ સર્વને પ્રકાશ આપનાર, કાર્ય કારણથી ભિન્ન, નિત્ય, વ્યાપક, સર્વમાં રહેલ, અત્યંત સૂક્ષ્મ, પોતાથી અભિન્ન અને જેની બહાર કે અંદર બીજો કોઈ પદાર્થ છે નહિ એવો સ્વરૂપભૂત આત્મા સારી રીતે જાણવામાં આવે, ત્યારે વિદ્વાન માણસ પાપ રહિત થાય છે, શોક વિનાનો થાય છે, મૃત્યુ રહિત થાય છે, રજ રહિત થાય છે, આનંદઘન બને છે, અને પોતે કોઈથી ભય પામતો નથી. મુમુક્ષુને પોતાના આત્માનું તત્વ જાણવા

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

ને આ જગત મોહથી કલ્પાએલ છે. વાસ્તવિક સત્ય તો બ્રહ્મ જ છે.

सद्ब्रह्मकार्यं सकलं सदेवं तन्मात्रमेतन्न ततोऽन्यदस्ति ।
अस्तीति यो वक्ति न तस्य मोहो विनिर्गतो निद्रितवत्प्रजल्पः ॥

આ બધું જગત સદ્રૂપ બ્રહ્મનું કાર્ય છે, તેથી બ્રહ્મરૂપજ છે બ્રહ્મથી ભિન્ન નથી જે પુરૂષ "જગત્ બ્રહ્મથી ભિન્ન સત્તાવાળુ છે" એમ કહે છે, તેનો મોહ દૂર થયો નથી. એટલે તે ઉંઘતા માણસની જેમ બકે છે, એમ જાણવું

ब्रह्मैवेदं विश्वमित्येव वाणी श्रौती ब्रूतेऽथर्वनिष्ठा वरिष्ठा ।
तस्मादेतद्ब्रह्ममात्रं हि विश्वं नाधिष्ठानाद्भिन्नताऽऽरोपितस्य ॥

અથર્વ વેદની ઉત્કૃષ્ટમા ઉત્કૃષ્ટ વેદની શ્રુતિરૂપ વાણી કહે છે કે "આ જગત બ્રહ્મ જ છે." એટલા માટે આ બધું જગત્ બ્રહ્મ જ છે કલ્પિત પદાર્થ પોતાના અધિષ્ઠાનથી ભિન્ન હોય જ નહિ.

सत्यं यदि स्याज्जगदेतदात्मना न तत्त्वहानिर्निगमाप्रमाणता ।
असत्यवादित्वमपीशितुः स्यान्नैतत्त्रयं साधु हितं महात्मनाम् ॥

"એવી રીતે છે ત્યારે જગત્ બ્રહ્મરૂપે સત્ય હોવું જોઇએ" એવી શંકા કરવી નહિ. કારણ કે જગત્‌ને સત્ય માનવાથી તત્વની હાનિ થાય છે, વેદનું અપ્રમાણિકપણું

થાય છે, અને ઈશ્વર શ્રીકૃષ્ણનું અસત્યવાદીપણું થાય છે. કે, અહે, દેવ, આદરમાને હિતકર નથી

ईश्वरो वस्तुतत्त्वज्ञो न चाहं तेष्ववस्थितः ।

न च मत्स्थानि भूतानीत्येवमेव व्यचीक्लृपत् ॥

વસ્તુ તત્ત્વને જાણનારા ઈશ્વર શ્રીકૃષ્ણ ભગવાને જાહેર કરેલ છે કે " સર્વ પદાર્થ કલ્પિત છે તેથી તેઓમાં હું રહેતો નથી, અને તેઓ મારામાં રહેલ નથી.

यदि सत्यं भवेद्विश्वं सुषुप्तावुपलभ्यताम् ।

यन्नोपलभ्यते किंचिदतोऽसत्स्वप्नवन्मृषा ॥

જગત્ જો સત્ય હોય તો સુષુપ્તિમાં દેખાવું જોઈએ, પણ કંઈ દેખાતું નથી, તેથી સિદ્ધ થાય છે કે જગત્ અસત્ છે, તથા સ્વપ્નની માફક મિથ્યા છે

अतः पृथङ्नास्ति जगत्परात्मनःपृथक्प्रतीतिस्तु मृषा गुणादिवत् आरोपितस्यास्ति किमर्थवत्ताधिष्ठानमाभाति तथा भ्रमेण ॥

તેથી કરીને જગતની સત્તા પરમાત્માથી ભિન્ન નથી. જગત જે જુદું પ્રતીત થાય છે, તે તો રજ્જુ (દોરડી) સર્પઆદિની જેમ મિથ્યા છે. આરોપિત પદાર્થની સ્વતંત્ર સત્તા હોતી જ નથી. માટે ભ્રમને લીધે અધિષ્ઠાનજ આરોપિત રૂપે પ્રતીત થાય છે.

भ्रान्तस्य यद्यद्भ्रमतः प्रतीतं ब्रह्मैव तत्तद्रजतं हि शुक्तिः ।
इदन्तया ब्रह्म सदैव रूप्यते त्वारोपितं ब्रह्मणि नाममात्रम् ॥

ભ્રાંતિ પામેલા પુરૂષને જે કાંઇ ભ્રાંતિથી પ્રતીત થાય છે, તે અધિષ્ઠાનથી ભિન્ન હોતું નથી જેમકે છીપમાં પ્રતીત થયેલું રૂપું છીપથી ભિન્ન નથી, ભ્રાંતિના સમયમાં " આ રૂપું છે " એ વાક્યમાં " આ " એ અંશ જેવી રીતે છીપ છે, તેવી રીતે "આ જગત" એ વાક્યમાં "આ" એ અંશ સર્વદા બ્રહ્મરૂપ છે, છીપમાં આરોપિત થયેલું રૂપું જેમ નામ માત્ર જ છે, તેમ બ્રહ્મમાં આરોપિત થયેલ જગત્ નામ માત્ર જ છે

अतः पर ब्रह्म सदद्वितीयं विशुद्धविज्ञानघनं निरञ्जनम् ।
प्रशान्तमाद्यन्तविहीनमक्रियं निरन्तरानन्दरसस्वरूपम् ॥

એટલા માટે પરબ્રહ્મ સત્ય છે, અદ્વિતીય છે, વિશુદ્ધ છે, વિજ્ઞાનમય છે, નિરંજન છે, પ્રશાન્ત છે, આદિ તથા અંતવિનાનું, ક્રિયાથી રહિત છે, અને નિરંતર આનંદ રસ સ્વરૂપ છે

निरस्तमायाकृतसर्वभेदं नित्यं सुखं निष्कलमप्रमेयम् ।
अरूपमव्यक्तमनाख्यमव्ययं ज्योतिः स्वयं किंचिदिदं चकास्ति ॥

વળી તે બ્રહ્મ માયાએ કરેલા સઘળા ભેદથી રહિત છે,

નિત્ય છે, સુખરૂપ છે, અંશ રહિત છે, પ્રમાણોથી માપમાં પડે તેવું નથી, નિરાકાર છે, મન તથા વાણીથી અગમ્ય છે, નાશ રહિત છે, અને નાશ વિનાનું છે, એવું બ્રહ્મ પણ મેં કાંઈક નામ સ્વપ્રકાશરૂપે દીઠું છે

ज्ञातृज्ञेयज्ञानशून्यमनन्तं निर्विकल्पकम् ।
केवलाखण्डचिन्मात्रं परं तत्त्वं विदुर्बुधाः ॥

જ્ઞાતા, જ્ઞાન અને જ્ઞેયથી રહિત, અનંત નિર્વિકલ્પ અને કેવળ અખંડ ચૈતન્ય રૂપ એ પરમ તત્ત્વને જ્ઞાનીઓ જ જાણે છે.

अहेयमनुपादेयं मनोवाचामगोचरम्
अप्रमेयमनाद्यन्तं ब्रह्म पूर्णमहं महः ॥

વળી જે મૂકી શકાય તેવું નથી, તજી શકાય તેવું નથી, મન તથા ઇંદ્રિયોથી અગમ્ય છે, પ્રમાણો જેને પહોંચે નહિ, એવું જે પૂર્ણ બ્રહ્મજ્યોતિ તે હું છું.

तत्त्वंपदाभ्यामभिधीयमानयोर्ब्रह्मात्मनोः शोधितयोर्यदीत्थम् ।
श्रुत्या तयोस्तत्त्वमसीति सम्यगेकत्वमेव प्रतिपाद्यते मुहुः ॥

"તત્ત્વમસિ" પોતાના "તત્" પદ અને "ત્વં" પદથી કહેવાના ઈશ્વર અને જીવની એકતાનું વારંવાર સારી રીતે પ્રતિપાદન કરે છે, તે બન્નેની શુદ્ધરૂપે એકતાનું પ્રતિપાદન કરે છે.

પાધિનો ત્યાગ કરતાં રાજા રહેતો નથી, અને યોધો પણ રહેતો નથી.

अथात आदेश इति श्रुतिः स्वयं निषेधति ब्रह्मणि
कल्पितं द्वयम् ।
श्रुतिप्रमाणानुगृहीतबोधात्तयोर्निरासः करणीय एवम् ॥

'અથાત આદેશઃ' એ શ્રુતિ બ્રહ્મમાં કલ્પેલા દ્વૈતનો નિષેધ કરે છે તો એ શ્રુતિરૂપ પ્રમાણથી પુષ્ટ થએલ બોધવડે ઉપર પ્રમાણે બન્ને ઉપાધિનો ત્યાગ કરવો જોઇએ

नेदं नेदं कल्पितत्वान्न सत्यं रज्जुदृष्टव्यालवत्स्वप्नवच्च ।
इत्थं दृश्यं साधुयुक्त्या व्यपोह्य ज्ञेयः पश्चादेकभावस्तयोर्यः ॥

"આ ચીજ બ્રહ્મ નથી, આ ચીજ બ્રહ્મ નથી. કારણકે બ્રહ્મમાં કલ્પિત છે. અને કલ્પિત થવાથી રજ્જુ (દોરડી)માં દેખાએલા સર્પની પેઠે તથા સ્વપ્નની પેઠે સત્ય નથી." એમ સારી રીતે યુક્તિથી પ્રત્યેક દૃશ્ય પદાર્થનો અપવાદ કરી પછી ઇશ્વર અને જીવનો જે એક ભાવ છે, તે જાણવો.

ततस्तु तौ लक्षणया सुलक्ष्यौ तयोरखण्डैकरसत्वसिद्धये ।
नालं जहत्या न तथाऽजहत्या किन्तूभयार्थान्वितयैव भाव्यम् ॥

બન્નેના અખંડ એકરસપણાની સિદ્ધિને માટે લક્ષણાથી

અસ્થૂલનો ત્યાગ કરી નિત્યસ્વરૂપે અનેનું આપણપણું કલ્પા-
કેલા અનુભવના માટે કે એ પ્રમાણે જ જે કહેલ મહા-
વાક્ય અનુભવના લક્ષણથી ઈશ્વર તથા જીવના અખંડ
એકપણાનો બોધ કરે છે.

अस्थूलमित्येतदसन्निरस्य सिद्धं स्वतो व्योमवदप्रतर्क्यम् ।
अतो मृषामात्रमिदं प्रतीतं जहीहि यत्स्वात्मतया गृहीतम् ॥
ब्रह्माहमित्येव विशुद्धबुद्ध्या विद्धि स्वमात्मानमखण्डबोधम् ॥

"અસ્થૂલ" એ શ્રુતિ મિથ્યા પદાર્થનો નિષેધ કરીને સ્વતઃ સિદ્ધ આકાશની પેઠે વ્યાપક અને તર્કમાં ન આવે એવા પરબ્રહ્મનો બોધ કરે છે. એટલા માટે હે શિષ્ય ! આ પ્રતીત થતા મિથ્યા પદાર્થ કે જેઓને તું પોતાનો આત્મા કરી માને છે, તેઓનો છોડી દે, અને શુદ્ધ બુદ્ધિથી "બ્રહ્મ હું જ છું," એમ કરીને પોતાના આત્માને અખંડ બોધરૂપ જાણ.

मृत्कार्यं सकलं घटादि सततं मृन्मात्रमेवाभितः
तद्वत्सज्जनितं सदात्मकमिदं सन्मात्रमेवाखिलम् ।
यस्मान्नास्ति सतः परं किमपि तत्सत्यं स आत्मा स्वयं
तस्मात्तत्त्वमसि प्रशान्तममलं ब्रह्माद्वयं यत्परम् ॥

જેમ માટીના કાર્યરૂપ સઘળા ઘટ વિગેરે ચીજો માટી

રૂપ જ છે, તેમ સત્ (બ્રહ્મ)થી થએલ આ સઘળું જગત સત્રૂપ જ છે. જે સતથી ભિન્ન બીજું કાંઇ નથી, તે સત પોતેજ આત્મા છે. એટલા માટે પ્રશાંત અદ્વય અને નિર્મળ જે બ્રહ્મ છે, તે તું છે.

निद्राकल्पितदेशकालविषयज्ञात्रादिसर्वं यथा
मिथ्या तद्वदिहापि जाग्रति जगत्स्वाज्ञानकार्यत्वतः ।
यस्मादेवमिदं शरीरकरणप्राणाहमाद्यप्यस-
त्तस्मात्तत्त्वमसि प्रशान्तममलं ब्रह्माद्वयं यत्परम् ॥

જેમ સ્વપ્નમાં અજ્ઞાને કલ્પેલ દેશ, કાળ, વિષય અને જ્ઞાતા વિગેરે સઘળું મિથ્યા છે, તેમ જાગ્રતમાં પણ અજ્ઞાને કલ્પેલું સઘળું જગત્ મિથ્યાછે આ પ્રમાણે શરીર ઇંદ્રિય, પ્રાણ, અહંકાર,વિગેરે સઘળું મિથ્યા છે.એટલા માટે પ્રશાંત, નિર્મળ અને અદ્વય જે પરબ્રહ્મ છે, તે તું છે.

जातिनीतिकुलगोत्रदूरगं नामरूपगुणदोषवर्जितम् ।
देशकालविषयातिवर्ति यद्ब्रह्म तत्त्वमसि भावयात्मनि ॥

જાતિ, નીતિ, કુલ તથા ગોત્રથી દૂર રહેવું અને નામ, રૂપ, ગુણ અને દોષથી રહિત અને દેશ, કાળ તથા વિષયોનો અતિક્રમ કરી રહેલ છે, તે પરબ્રહ્મ છે, તે તું જ છે, એ વિષયની તું મનમાં ભાવના કર.

यत्परं सकलवागगोचरं गोचरं विमलबोधचक्षुषः ।
शुद्धचिद्घनमनादि वस्तु यद् ब्रह्म तत्त्वमसि भावयात्मनि ॥

જે પરબ્રહ્મ સર્વેના પ્રમાણના વિષયરૂપ છે, નિર્મળ બોધ રૂપી આંખનો વિષય છે, અનાદિ છે, અને શુદ્ધ ચિદ્‌ઘન છે તે પરબ્રહ્મ તું છે એમ વિષયની મનમાં ભાવના કર.

षड्भिरूर्मिभिरयोगि योगिहृद्भावितं न करणैर्विभावितम् ।
बुद्ध्यवेद्यमनवद्यमस्ति यद् ब्रह्म तत्त्वमसि भावयात्मनि॥

જે પરબ્રહ્મ ભૂખ, તરસ, વિગેરે છ ઊર્મિઓથી રહિત છે, ઇંદ્રિયો આદિથી પ્રકાશમાં આવે તેવું નથી, પણ યોગીઓનાં હૃદયમાં પ્રાપ્ત થએલ છે, તેથી જે બુદ્ધિથી જણાતું નથી, તે પરબ્રહ્મ તું છે તું આ વિષયની મનમાં ભાવના કર.

भ्रान्तिकल्पितजगत्कलाश्रयं स्वाश्रयं च सदसद्विलक्षणम्
निष्कलं निरुपमानवद्धि यद् ब्रह्म तत्त्वमसि भावयात्मनि ॥

જે બ્રહ્મ ભ્રાંતિથી કલ્પેલા જગતરૂપ અજ્ઞાનના અધિષ્ઠાન રૂપ છે, પોતાના આધારવાળું છે, સત્ અસત્‌થી વિલક્ષણ છે, કળા રહિત છે, અને ઉપમા વિનાનું છે. તે બ્રહ્મ તું છે. તું આ વિષયની મનમાં ભાવના કર

जन्मवृद्धिपरिणत्यपक्षयव्याधिनाशनविहीनमव्ययम् ।

પ્રાણીને લોકની વાસનાવડે, શાસ્ત્રની વાસનાવડે અને દેહની વાસનાવડે યથાર્થ જ્ઞાન હોતું નથી.

संसारकारागृहमोक्षमिच्छोरयोमयं पादनिबन्धशृंखलम् ।
वदन्ति तज्ज्ञाः पटुवासनात्रयं योऽस्माद्विमुक्तः समुपैति मुक्तिम् ।

સંસારરૂપી કેદખાનામાંથી છુટવા ઇચ્છનારા મનુષ્યને ઉપર કહેલી ત્રણ વાસનાઓ પગમાં અત્યંત દ્રઢ લોઢાની બેડીરૂપ છે. એમ વિદ્વાનો કહે છે. માટે એ ત્રણ વાસનાઓમાંથી જે મુક્ત થાય છે તે જ મુક્તિને મેળવે છે.

जलादिसम्पर्कवशात्प्रभूतदुर्गन्धधूता गुरुदिव्यवासना ।
संघर्षणेनैव विभाति सम्यग्विधूयमाने सति बाह्यगन्धे ॥
अन्तः श्रितानन्तदुरन्तवासनाधूलीविलिप्ता परमात्मवासना
प्रज्ञातिसंघर्षणतो विशुद्धा प्रतीयते चन्दनगन्धवत्स्फुटम् ॥

જેમ પાણી વિગેરેના સંસર્ગને લીધે ઉત્પન્ન થએલ દુર્ગંધે અદ્રશ્ય કરેલી ચંદનની દિવ્ય ખુશબો ઘસીને બહારનો દુર્ગંધ દૂર કરવામાં આવે ત્યારે યથાર્થ જણાય છે, તેમ અંદર રહેલી અનંત ખરાબ વાસનાઓરૂપી ધૂળથી બહુ જ ખરડાએલી પરમાત્માની વાસના વિચારથી ઘસાઈ ચોખી થાય, ત્યારે સ્પષ્ટ પ્રતીત થાય છે.

अनात्मवासनाजालैस्तिरोभूतात्मवासना ।
नित्यात्मनिष्ठया तेषां नाशो भाति स्वयं स्फुटम् ॥

અનાત્મ પદાર્થ ઉપર વાસનારૂપ ભ્રમથી નિરોદિન
થઇ ગએલી આત્માની વાસના નિરંતર આત્મનિષ્ઠાથી તે
વાસનાઓનો નાશ કરવા સ્પષ્ટ રીતે કહ્યો છે.

यथा यथा प्रत्यगवस्थितं मनस्तथा तथा मुञ्चति बाह्यवासनाम्।
निःशेषमोक्षे सति वासनानामात्मानुभूतिः प्रतिबन्धशून्या ॥

મન જેમ જેમ પ્રત્યગાત્મામાં સ્થિર થાય છે, તેમ તેમ
બહારની વાસનાઓને છોડતું જાય છે. અને એવી રીતે સ-
ર્વ વાસનાઓ છૂટી જાય, ત્યારે સ્વરૂપનો પ્રતિબંધવિના-
નો અનુભવ થાય છે.

स्वात्मन्येव सदा स्थित्या मनो नश्यति योगिनः ।
वासनानां क्षयश्चातः स्वाध्यासापनयं कुरु ॥

સદા પોતાના સ્વરૂપમાં રહેવાથી યોગીના મનનો ના-
શ થાય છે, અને વાસનાઓનો પણ ક્ષય થાય છે. એટલા
માટે તું પોતાના અધ્યાસને દૂર કર.

तमो द्वाभ्यां रजः सत्त्वात्सत्त्वं शुद्धेन नश्यति ।
तस्मात्सत्त्वमवष्टभ्य स्वाध्यासापनयं कुरु ॥

રજોગુણથી તથા સત્વગુણથી તમોગુણનો નાશ થાય છે,
રજોગુણનો સત્વગુણથી નાશ થાય છે, અને સત્વગુણનો
શુદ્ધ સત્વગુણથી નાશ થાય છે. માટે સત્વ ગુણનો આશ્રય
કરી પોતાના અધ્યાસને દૂર કર.

પ્રાણીને લોકની વાસનાવડે, શાસ્ત્રની વાસનાવડે અને દેહની વાસનાવડે યથાર્થ જ્ઞાન હોતું નથી.

संसारकारागृहमोक्षमिच्छोरयोमयं पादनिबन्धशृंखलम् ।
वदन्ति तज्ज्ञाः पटुवासनत्रयं योऽस्माद्विमुक्तः समुपैति मुक्तिम् ॥

સંસારરૂપી કેદખાનામાંથી છુટવા ઇચ્છનારા મનુષ્યને ઉપર કહેલી ત્રણ વાસનાઓ પગમાં અત્યંત દ્રઢ લોઢાની બેડીરૂપ છે. એમ વિદ્વાનો કહે છે. માટે એ ત્રણ વાસનાઓમાંથી જે મુક્ત થાય છે તે જ મુક્તિને મેળવે છે.

जलादिसम्पर्कवशात्प्रभूतदुर्गन्धधूता गुरुदिव्यवासना ।
संघर्षणेनैव विभाति सम्यग्विधूयमाने सति बाह्यगन्धे ॥

अन्तः श्रितानन्तदुरन्तवासनाधूलीविलिप्ता परमात्मवासना
प्रज्ञातिसंघर्षणतो विशुद्धा प्रतीयते चन्दनगन्धवत्स्फुटम् ॥

જેમ પાણી વિગેરેના સંસર્ગને લીધે ઉત્પન્ન થએલ દુર્ગંધે અદ્રશ્ય કરેલી ચંદનની દિવ્ય ખુશબો ઘસીને બહારનો દુર્ગંધ દૂર કરવામાં આવે ત્યારે યથાર્થ જણાય છે, તેમ અંદર રહેલી અનંત ખરાબ વાસનાઓરૂપી ધૂળથી બહુ જ ખરડાએલી પરમાત્માની વાસના વિચારથી ઘસાઈ ચોખી થાય, ત્યારે સ્પષ્ટ પ્રતીત થાય છે

अनात्मवासनाजालैस्तिरोभूतात्मवासना ।
नित्यात्मनिष्ठया तेषां नाशो भाति स्वयं स्फुटम् ॥

અનાત્મ પદાર્થ ઉપર વાસનારૂપ જાળાંથી નિરોધિત થઇ ગએલી આત્માની વાસના નિરંતર આત્મનિષ્ઠાથી તે જાળાંઓનો નાશ થતાં સ્પષ્ટ રીતે પ્રકાશે છે.

यथा यथा प्रत्यगवस्थितं मनस्तथा तथा मुञ्चति बाह्यवासनाम्।
निःशेषमोक्षे सति वासनानामात्मानुभूतिः प्रतिबन्धशून्या॥

મન જેમ જેમ પ્રત્યગાત્મામાં રહેતું થાય છે, તેમ તેમ બહારની વાસનાઓને છોડતું જાય છે. અને એવી રીતે સઘળી વાસનાઓ છૂટી જાય, ત્યારે સ્વરૂપનો પ્રતિબંધવિનાનો અનુભવ થાય છે.

स्वात्मन्येव सदा स्थित्या मनो नश्यति योगिनः।
वासनानां क्षयश्चातः स्वाध्यासापनयं कुरु॥

સદા પોતાના સ્વરૂપમાં રહેવાથી યોગીના મનનો નાશ થાય છે, અને વાસનાઓનો પણ ક્ષય થાય છે. એટલા માટે તું પોતાના અધ્યાસને દૂર કર.

तमो द्वाभ्यां रजः सत्त्वात्सत्त्वं शुद्धेन नश्यति।
तस्मात्सत्त्वमवष्टभ्य स्वाध्यासापनयं कुरु॥

રજોગુણથી તથા સત્વગુણથી તમોગુણનો નાશ થાય છે, રજોગુણનો સત્વગુણથી નાશ થાય છે, અને સત્વગુણનો શુદ્ધ સત્વગુણથી નાશ થાય છે. માટે સત્વ ગુણનો આશ્રય કરી પોતાના અધ્યાસને દૂર કર.

प्रारब्धं पुष्याति वपुरिति निश्चित्य निश्चलः ।
धैर्यमालम्ब्य यत्नेन स्वाध्यासापनयं कुरु ॥

" પ્રારબ્ધ જ શરીરનું પોષણ કરે છે. " એવો નિશ્ચયે કરી નિશ્ચલ થઇ ધીરજ પકડી કાળજીથી પોતાના અધ્યાસને દૂર કર

नाहं जीवः परं ब्रह्मेत्यतद्व्यावृत्तिपूर्वकम् ।
वासनावेगतः प्राप्तस्वाध्यासापनयं कुरु ॥

" હું જીવ નથી પણ પરબ્રહ્મ છું. " એવી રીતે મિથ્યા પદાર્થનો નિષેધ કરી વાસનાઓના વેગથી પ્રાપ્ત થએલા પોતાના અધ્યાસનને દૂર કર.

श्रुत्या युक्त्या स्वानुभूत्या ज्ञात्वा सार्वात्म्यमात्मनः ।
क्वचिदाभासतः प्राप्तस्वाध्यासापनयं कुरु ॥

શ્રુતિવડે, યુક્તિવડે અને પોતાના અનુભવવડે પોતાના આત્માનું સર્વાત્મકપણું જાણી પોતાનો અધ્યાસ કે જે કોઈ સમયે આભાસથી પ્રાપ્ત થયો છે, તેને દૂર કર.

अनादानविसर्गाभ्यामीषन्नास्ति क्रिया मुनेः ।
तदेकनिष्ठया नित्यं स्वाध्यासापनयं कुरु ॥

આત્મા કાંઇ લેતો નથી, અને કાંઇ મુકતો નથી. તેથી આત્માના કાંઇ પણ ક્રિયા નથી. તો એવા આત્મામાં નિત્ય નિષ્ઠા રાખી પોતાના અધ્યાસને દૂર કર.

गन्धवद्वासनोद्भूतवासनाभिर्विलेपनम् ।

सदाभ्यासात्तदापनीय स्वाध्यासापनयं कुरु ॥

"सततपणे" हिमेशे चासयोनी उभडा यस्तेतः प्रबनी अने दुरनी सेवाना भोगथी पश प्रथम पोताना आ-त्मस्वरूपना ज्ञाननी दृढता थवा माटे पोताना अध्यासने दूर कर.

अहंभावस्य देहेऽस्मिन्निःशेषविलयावधि ।

सावधानेन युक्तात्मा स्वाध्यासापनयं कुरु ॥

आ शरीरमां अहंभावनो निःशेष लय थतां सुधी सावधपणुं राखी तत्पर थई पोताना अध्यासने दूर कर.

प्रतीतिर्जीवजगतोः स्वप्नवद्भाति यावता ।

तावन्निरन्तरं विद्वन्स्वाध्यासापनयं कुरु ॥

हे विद्वान ! जीव अने जगत् स्वप्ननी माफक प्र-तीत थाय, त्यां सुधी निरंतर पोताना अध्यासने दूर कर.

निद्राया लोकवार्तायाः शब्दादेरपि विस्मृतेः ।

क्वचिन्नावसरं दत्त्वा चिन्तयात्मानमात्मनि ॥

निद्राने, लोकनी वातचीतने, शब्द विगेरेने अने वळी स्मरणने कोइ समये पण अवकाश नहि आपतो मनमां आत्मानुं चिंतन कर.

मातापित्रोर्मलोद्भूतं मलमांसमयं वपुः ।
त्यक्त्वा चाण्डालवद्दूरं ब्रह्मीभूय कृती भव ॥

આ શરીર કે જે માતાપિતાના મલથી પેદા થએલ છે, અને મલમાંસવાળું છે, તેને ચાંડાલ તુલ્ય ગણી દૂર છોડી દઈ બ્રહ્મરૂપ થઇ કૃતાર્થ થા.

घटाकाशं महाकाश इवात्मानं परात्मनि ।
विलाप्याखण्डभावेन तूष्णीं भव सदा मुने ॥

હે મુને ! જેમ ઘટાકાશનો મહાકાશમાં લય કરવામાં આવે છે, તેમ આત્માનો પરમાત્મામાં લય કરી અખંડપણું પામી સદા મૌન રહે.

स्वप्रकाशमधिष्ठानं स्वयंभूय सदात्मना ।
ब्रह्माण्डमपि पिण्डाण्डं त्यज्यतां मलभाण्डवत् ॥

સતરૂપે કરી પોતે સ્વયંપ્રકાશ અધિષ્ઠાન રૂપ થઇ પિંડને અને બ્રહ્માંડને વિષ્ટાના પાત્રની જેમ છોડી દે.

चिदात्मनि सदानन्दे देहारूढामहंधियम् ॥
निवेश्य लिङ्गमुत्सृज्य केवलो भव सर्वदा ॥

દેહમાં આરૂઢ થએલી " હું છું " એવી બુદ્ધિને ચિદ્ઘનાનંદરૂપ પરમાત્મામાં નાંખી લિંગ દેહને છોડી દઇ સર્વદા કેવળ સ્વરૂપે રહે.

यत्रैष जगदाभासो दर्पणान्तः पुरं यथा ।
तद्ब्रह्माहमिति ज्ञात्वा कृतकृत्यो भविष्यसि ॥

જેમ દર્પણને વિષે શહેર દેખવામાં આવે, તેમ જેમાં આ જગતરૂપ આભાસ દેખવામાં આવે છે, તે બ્રહ્મ હું છું. એમ જાણી તું કૃતાર્થ થા.

यत्सत्यभूतं निजरूपमाद्यं चिदद्वयानन्दमरूपमक्रियम् ।
तदेत्य मिथ्यावपुरुत्सृजेत शैलूषवद्वेषमुपात्तमात्मनः ॥

જે પોતાનું રૂપ ખરૂં, સત્ય, આદ્ય, ચૈતન્યરૂપ, અદ્વૈત, આનંદરૂપ, નિરાકાર અને ક્રિયા વગરનું છે, તેને પામી મિથ્યા દેહ કે જે નટના વેષની પેઠે ધારણ કરેલો છે, તેને છોડી દેવો.

सर्वात्मना दृश्यमिदं मृषैव नैवात्मनः क्षणिकत्वदर्शनात् ।
जानाम्यहं सर्वमिति प्रतीतिः कुतोऽहमादेः क्षणिकस्य
सिद्ध्येत् ॥

આ સઘળી દૃશ્ય વસ્તુ આત્મા નથી, પણ સઘળી રીતે મિથ્યાજ છે. કારણ કે સઘળામાં ક્ષણિકપણું દેખવામાં આવે છે. અહંકાર વિગેરે પદાર્થ કે જે ક્ષણિક છે, તેને "હું સઘળાંને જાણું છું." એવી પ્રતીતિ થવી કેમજ બનવે ?

अहंपदार्थस्त्वहमादिसाक्षी नित्यं सुषुप्तावपि भावदर्शनात् ।
ते ह्यजो नित्य इति श्रुतिः स्वयं तत्प्रत्यगात्मा सदसद्विलक्षणः॥
विकारिणां सर्वविकारवेत्ता नित्याविकारो भवितुं समर्हति ।
मनोरथस्वप्नसुषुप्तिषु स्फुटं पुनः पुनर्दृष्टमसत्त्वमेतयोः ॥

(હું) એ પદના વાસ્તવિક અર્થરૂપ આત્મા તો અહંકાર વિગેરેનો સાક્ષી છે. કેમકે સુષુપ્તિમાં પણ તેનું અસ્તિત્વ દેખવામાં આવે છે, " આત્મા અજન્મા છે, અને નિત્ય છે." એમ શ્રુતિ બો છે. માટે પ્રત્યગાત્મા કાર્યોથી તથા કારણોથી વિલક્ષણ, વિકારી પદાર્થોના સઘળા વિકારને જાણનાર અને પોતે નિ ય નિવિકારી છે મનોરથ, સ્વપ્ન અને સુષુપ્તિમાં કાર્યોનું તથા કારણોનું મિથ્યાપણું તો વારંવાર દેખવામાં આવેલું છે.

अतोऽभिमानं त्यज मांसपिण्डे पिण्डाभिमानिन्यपि बुद्धिकल्पिते ।
कालत्रयाबाध्यमखण्डबोधं ज्ञात्वा स्वमात्मानमुपैहि शान्तिम् ॥

એટલામાટે પોતાના આત્માને ત્રણે કાળમાં બાધ ન પામે એવો અને અખંડ બોધ રૂપ જાણી માસના પિંડરૂપ દેહમાં અને બુદ્ધિથી કલ્પાએલ દેહના અભિમાનવાળામાં પણ અહંબુદ્ધિ છોડી દે, અને પરમ શાંતિ પામ

त्यजाभिमानं कुलगोत्रनामरूपाश्रमेष्वार्द्रशवाश्रितेषु ।

[illegible] ॥

[illegible]

[illegible] ।

[illegible] ॥

[illegible] વિકાર અહંકાર છે.

यावत्स्यात्स्वस्य सम्बन्धोऽहंकारेण दुरात्मना ।

तावन्न लेशमात्रापि मुक्तिवार्ता विलक्षणा ॥

જ્યાં સુધી દુષ્ટ અહંકાર સાથે પોતાનો સંબંધ હોય, ત્યાં સુધી મુક્તિની વાત લેશમાત્ર પણ નથી. કેમકે એ વાત વિલક્ષણ છે. (જુદા પ્રકારની છે).

अहंकारग्रहान्मुक्तः स्वरूपमुपपद्यते ।

चन्द्रवद्विमलः पूर्णः सदानन्दः स्वयंप्रभः ॥

અહંકારરૂપી ગ્રહથી મુકાય ત્યારે સ્વરૂપને પ્રાપ્ત થાય છે, કે જેથી ચંદ્રની પેઠે નિર્મળ, પૂર્ણ, સદાનંદ અને સ્વયં-

પ્રકાશ થાય છે.

यो वा पुरे सोऽहमिति प्रतीतो बुद्ध्या प्रक्लृप्तस्तमसातिमूढया।
तस्यैव निःशेषतया विनाशे ब्रह्मात्मभावः प्रतिबन्धशून्यः ॥

દેહમાં તમોગુણથી અત્યંત મૂઢ થએલી બુદ્ધિએ કલ્પેલા જે અહંકાર " એ હું છું. " એવી રીતે પ્રતીતિ થાય છે, તેનો સમગ્રપણે વિનાશ થાય ત્યારે પ્રતિબંધ વિનાનો બ્રહ્માત્મભાવ થાય છે.

ब्रह्मानन्दनिधिर्महाबलवताहंकारघोराहिना।
संवेष्ट्यात्मनि रक्ष्यते गुणमयैश्चण्डैस्त्रिभिर्मस्तकैः।
विज्ञानाख्यमहासिना श्रुतिमता विच्छिद्य शीर्षत्रयं
निर्मूल्याहिमिमं निधिं सुखकरं धीरोऽनुभोक्तुं क्षमः ॥

સત્વ, રજ અને તમ એ ત્રણ ગુણોરૂપી પ્રચંડ ફણવાળો, બહુ જોરાવર અને ઘોર અહંકારરૂપી સર્પ બ્રહ્માનંદરૂપી ભંડારને પોતાના દેહથી વીંટાઇ બેઠો છે. એટલામાટે શ્રુતિની મદદવાળા વિજ્ઞાનરૂપી મોટા ખડ્ગથી ત્રણે ફણને કાપી નાંખી એ સર્પ નિર્મૂલ કરવામાં આવે ત્યારે ધીર પુરૂષથી એ સુખ કરનારો ભંડાર ભોગવી શકાય છે.

यावद्वा यत्किंचिद्विषदोषस्फूर्तिरस्ति चेद्देहे।
कथमारोग्याय भवेत्तद्वदहन्तापि योगिनो मुक्त्यै ॥

જ્યાં સુધી દેહમાં થોડોક પણ વિષનો અંશ જણાતો હોય ત્યાં સુધી આરોગ્ય (તંદુરસ્તી) થતું જ નથી, તેમ જ્યાં સુધી યોગીને લેશ પણ અહંકાર છે, ત્યાં સુધી મુક્તિ હોતી નથી.

अहमोऽत्यन्तनिवृत्त्या तत्कृतनानाविकल्पसंहृत्या ।
प्रत्यक्तत्त्वविवेकादिदमहमस्मीति विन्दते तत्त्वम् ॥

અહંકારની અત્યંત નિવૃત્તિથી, અહંકારે કરેલા અનેક રીતના વિકલ્પનો સંહાર કરવાથી અને આત્મ તત્ત્વના વિવેકથી " હું બ્રહ્મ છું " એ રીતનું તત્ત્વ પ્રાપ્ત થાય છે.

अहंकारे कर्तर्यहमिति मतिं मुञ्च सहसा
विकारात्मन्यात्मप्रतिफलजुषि स्वस्थितिमुषि ।
यदध्यासात्प्राप्ता जनिमृतिजरादुःखबहुला
प्रतीचश्चिन्मूर्तेस्तव सुखतनोः संसृतिरियम् ॥

અહંકાર કે જે કર્તા છે, વિકારરૂપ છે, આત્માના પ્રતિબિંબવાળો છે, અને આત્મ સ્થિતિનો ચોરનાર છે, તેમાં " હું છું " એવી બુદ્ધિને તું તરત છોડી દે. તું કે જે પ્રત્યક્ ચૈતન્ય છે, અને સુખરૂપ છે, તેને અહંકારના અધ્યાસથી જન્મ મરણ જરા અને દુઃખોથી ભરાએલ સંસાર પ્રાપ્ત થાય છે.

રૂપપણું બને છે. એ જ સંસારરૂપી બંધનના કારણરૂપ છે

कार्यप्रवर्धनाद्बीजप्रवृद्धिः परिदृश्यते ।
कार्यनाशाद्बीजनाशस्तस्मात्कार्यं निरोधयेत् ॥

બીજનાં કાર્યો વધવાથી બીજ વધતાં જોવામાં આવે છે, અને કાર્યનો નાશ થવાથી બીજનો નાશ થતો જોવામાં આવે છે. એટલા માટે વાસનાના કાર્યરૂપ વિષયોને રોકવા જોઇએ.

वासनावृद्धितः कार्यं कार्यवृद्ध्या च वासना ।
वर्धते सर्वथा पुंसः संसारो न निवर्तते ॥

વાસના વધવાથી વિષયો વધે છે, અને વિષયો વધવાથી વાસના વધે છે, અને એમ બનવાથી પુરૂષનો કોઈ રીતે સંસાર મટતો નથી.

संसारबन्धविच्छित्त्यै तद्द्वयं प्रदहेद्यतिः ।
वासनावृद्धिरेताभ्यां चिन्तया क्रियया बहिः ॥
ताभ्यां प्रवर्धमाना सा सूते संसृतिमात्मनः ।
त्रयाणां च क्षयोपायः सर्वावस्थासु सर्वदा ॥

સંસારરૂપ બંધનને તોડી નાંખવા માટે સંન્યાસીએ વાસના અને વિષય એ બન્નેને બાળી નાંખવા જોઇએ. મનમાં ચિંતન કર્યાથી તથા બહારની ક્રિયા કરવાથી વાસના

કરે છે, અને વૃદ્ધિ પામેલી વાસના સંસારને પેદા કરે છે. એટલા માટે સઘળા કાળમાં અને સઘળી સ્થિતિમાં ચિંતન, ક્રિયા તથા વાસના એ ત્રણેના ક્ષયનો ઉપાય કરવો જોઈએ.

सर्वत्र सर्वतः सर्वं ब्रह्ममात्रावलोकनैः ।

सद्भाववासनादार्ढ्यात्तत्त्रयं लयमश्नुते ॥

સર્વ સ્થળમાં અને સર્વ કાળમાં સર્વને બ્રહ્મમાત્ર જોવાથી સદ્‌ભાવની વાસના દૃઢ કરવામાં આવે છે, ત્યારે ઉપર કહેલા ત્રણેનો ક્ષય થાય છે.

क्रियानाशे भवेच्चिन्तानाशोऽस्माद्वासनाक्षयः ।

वासनाप्रक्षयो मोक्षः सा जीवन्मुक्तिरिष्यते ॥

ક્રિયાનો નાશ થવાથી ચિંતનનો નાશ થાય છે, અને ચિંતનનો નાશ થવાથી વાસનાનો નાશ થાય છે, વાસનાનો નાશ થતાં મોક્ષ જ પ્રાપ્ત થાય છે, કે જે જીવન્મુક્તિ કહેવાય છે.

सद्वासनास्फूर्तिविजृम्भणे सति ह्यसौ विलीनाप्यहमादिवासना ।
अतिप्रकृष्टाप्यरुणप्रभायां विलीयते साधु यथा तमिस्रा ॥

જેમ અંધારી રાત પણ અરૂણનો ઉદય થતાં અત્યંત લીન થઈ જાય છે, તેમ અહંકાર આદિની વાસના

પ્રબલ છતા પણ બ્રહ્મભાવની વાસનાનો ભારે ઉદય થાય, ત્યારે લય પામી જાય છે.

तमस्तमःकार्यमनर्थजालं न दृश्यते सत्युदिते दिनेशे ।
तथाऽद्वयानन्दरसानुभूतौ नैवास्ति बन्धो न च दुःखगन्धः ॥

જ્યારે સૂર્ય ઉદય પામે છે, ત્યારે અંધકાર અને અંધકારના કાર્યરૂપ અનેક અનર્થો જોવામાં આવતા નથી. તેમ અદ્વૈત આનંદના રસનો અનુભવ થાય, ત્યારે બંધન અને બંધનથી થતા દુઃખો લેશમાત્ર પણ દેખવામાં આવતા નથી

दृश्यं प्रतीतं प्रविलापयन्सन्सन्मात्रमानन्दघनं विभावयन् ।
समाहितः सन्बहिरन्तरं वा कालं नयेथाः सति कर्मबन्धे ॥

જો તને કર્મબંધ હોય, તો પ્રતીત થતા દ્રશ્ય પદાર્થોનો લય કરતા, આનંદઘન સન્માત્ર બ્રહ્મની ભાવના કરતાં અને અંદરના તથા બહારના વિષયોથી સાવધાન રહીને કાળક્ષેપ કર

प्रमादो ब्रह्मनिष्ठायां न कर्तव्यः कदाचन ।
प्रमादो मृत्युरित्याह भगवान्ब्रह्मणः सुतः ॥

બ્રહ્મનિષ્ઠામાં ક્યારેય પ્રમાદ (ગફલત) કરવો નહિ, કારણ કે પ્રમાદ એજ મૃત્યુ છે એમ ભગવાન સનત્કુમારે કહેલું છે.

न प्रमादादनर्थोऽन्यो ज्ञानिनः स्वस्वरूपतः ।
ततो मोहस्ततोऽहंधीस्ततो बन्धस्ततो व्यथा ॥

જ્ઞાનીને પોતાના સ્વરૂપમાં પ્રમાદ કરવા જેવો કોઈપણ મોટો અનર્થ નથી; કારણ કે પ્રમાદથી મોહ થાય છે, મોહથી અહંબુદ્ધિ થાય છે, અહંબુદ્ધિથી બંધ થાય છે, અને બંધથી દુઃખ થાય છે.

विषयाभिमुखं दृष्ट्वा विद्वांसमपि विस्मृतिः ।
विक्षेपयति धीदोषैर्योषा जारमिव प्रियम् ॥

વિસ્મરણ વિદ્વાનને પણ વિષયોમાં અભિમુખ થયેલો દેખી, સ્ત્રી જેમ વહાલા જાર પુરુષને વિક્ષેપયુક્ત કરે છે, તેમ તેને બુદ્ધિના દોષોથી વિક્ષેપયુક્ત કરે છે.

यथापकृष्टं शैवालं क्षणमात्रं न तिष्ठति ।
आवृणोति तथा माया प्राज्ञं वापि पराङ्मुखम् ॥

જેમ જળ ઉપરથી ખસેડેલું શેવાળ ક્ષણ માત્ર પણ તેવી સ્થિતિમાં નહિ રહેતાં પાછું જળને ઢાંકી દે છે, તેમ માયા મિથ્યા જાણેલી છતાં પણ સ્વરૂપથી બહિર્મુખ થયેલા વિદ્વાનને પણ ક્ષણમાત્રમાં આવરણ કરી દે છે.

लक्ष्यच्युतं चेद्यदि चित्तमीषद्बहिर्मुखं सन्निपतेत्ततस्ततः ।
प्रमादतः प्रच्युतकेलिकन्दुकः सोपानपङ्क्तौ पतितो यथा तथा ॥

જો ચિત્ત લક્ષ્યમાંથી ભ્રષ્ટ થઇ જરા પણ બહિર્મુખ થાય, તો પછી ગફલતથી છટકી ગએલો રમવાનો દડો જેમ પગથીઆઓમાં પડી અથડાય છે, તેમ ચારે તરફ અથડાયા કરે છે.

विषयेष्वाविशच्चेतः संकल्पयति तद्गुणान् ।
सम्यक्संकल्पनात्कामः कामात्पुंसः प्रवर्तनम् ॥

વિષયોમાં પ્રવેશ કરતું ચિત્ત વિષયોના ગુણોની કલ્પના કરે છે, ઘણી કલ્પના થયાથી સ્પૃહા ઉત્પન્ન થાય છે, અને સ્પૃહાથી પુરૂષની તે વિષયોમાં પ્રવૃત્તિ થાય છે.

अतः प्रमादान्न परोऽस्ति मृत्युर्विवेकिनो ब्रह्मविदः समाधौ ।
समाहितः सिद्धिमुपैति सम्यक्समाहितात्मा भव सावधानः ॥

એથી કરી સમાધિમાં તત્ત્વ જાણનાર વિવેકીને પ્રમાદથી વધારે બીજો કોઇપણ મોટો દુશ્મન નથી. તત્ત્વમાં મનની એકાગ્રતા રાખનારને સારી રીતે સિદ્ધિ થાય છે. માટે તું તત્ત્વમાં ચિત્તની એકાગ્રતા રાખ, અને વિષયોથી સાવધ થા.

ततः स्वरूपविभ्रंशो विभ्रष्टस्तु पतत्यधः ।
पतितस्य विना नाशं पुनर्नारोह ईक्ष्यते ॥

પ્રમાદ કરે તો સ્વરૂપમાંથી ભ્રષ્ટ થાય છે, અને ભ્રષ્ટ થાય તેથી નીચે પડે છે, એપ્રમાદો જે નીચે પડે તે દુઃખીજ

અને છે, અને પાછો તે જન્મ મરી થતો નથી. જેમ કહેવાય છે

संकल्पं सर्वदा त्याज्यः सर्वानर्थस्य कारणम् ।
जीवतो यस्य कैवल्यं विदेहे च स केवलः ॥
यत्किंचित्पश्यतो भेदं भयं ब्रूते यजुः श्रुतिः ॥

જેટલામાટે સંકલ્પ કે જે આપણા અનર્થનું કારણ છે, તેને છોડી દેવો જોઈએ. જેને જીવન્મુક્તિ પ્રાપ્ત થાય, તેને વિદેહ મુક્તિ પણ પ્રાપ્ત થાય છે " જે મનુષ્ય જરાપણ ભેદ દ્રષ્ટિ રાખે, તેને ભય પ્રાપ્ત થાય છે. " એવી રીતે યજુર્વેદની શ્રુતિ કહે છે.

यदा कदापि विद्वानेष ब्रह्मण्यनन्तेऽप्यणुमात्रभेदम् ।
पश्यत्यथामुष्य भयं तदैव यद्वीक्षितं भिन्नतया प्रमादात् ॥

જો વિદ્વાન કોઈ સમયે પણ બ્રહ્મમાં અણુમાત્રપણ ભેદ દેખે, તો તેને તે સમયેજ ભય પ્રાપ્ત થાય છે. પ્રમાદવિના ભેદ દેખવામાં આવતો નથી

श्रुतिस्मृतिन्यायशतैर्निषिद्धे दृश्येऽत्र यः स्वात्ममतिं करोति ।
उपैति दुःखोपरि दुःखजातं निषिद्धकर्ता स मलिम्लुचो यथा ॥

સેંકડો શ્રુતિ, સ્મૃતિ અને ન્યાયોએ અપવાદ કર્યા છતાં પણ જે પુરૂષ દ્રશ્ય પદાર્થમાં આત્મબુદ્ધિ કરે, તે પુરૂષ દુઃ

કામ કરનાર મલિન પુરૂષની માફક દુઃખો ઉપર દુઃખોનેજ પામ્યા કરે છે.

सत्याभिसन्धानरतो विमुक्तो महत्त्वमात्मीयमुपैति नित्यम् ।
मिथ्याभिसन्धानरतस्तु नश्येद् दृष्टं तदेतद्यदचौरचौरयोः ॥

જેમ શાહુકાર સાચાનું અભિસંધાન કરવાને લીધે સદા છુટો રહી મોટાઈ પામે છે, અને ચોર ખોટી વાતનું અભિસંધાન કરવાથી ખરાબ થાય છે, તેમ સજ્જન માણસ સત્ય બ્રહ્મ વસ્તુનું અભિસંધાન કરવાથી મુક્ત રહી પોતાની અચલ મહત્તા મેળવે છે, અને મૂઢ માણસ દેહ વિગેરે ખોટા પદાર્થોમાં અભિસંધાન કરવાને લીધે સંસારમાં દુઃખી થાય છે.

यतिरसदनुसन्धिं बन्धहेतुं विहाय
स्वयमयमहमस्मीत्यात्मदृष्ट्यैव तिष्ठेत् ।
सुखयति ननु निष्ठा ब्रह्मणि स्वानुभूत्या
हरति परमविद्याकार्यदुःखं प्रतीतम् ॥

મુમુક્ષુએ ખોટા દેહ વિગેરેનું અનુસંધાન કે જે બંધનનું કારણ છે તેને છોડી દઇ "હું બ્રહ્મ છું" એવી આત્મદૃષ્ટિ કરતાંજ રહેવું જોઇએ. બ્રહ્મનિષ્ઠા સ્વરૂપના અનુભવથી સુખ પામે છે, અને પ્રતીત થએલા અવિદ્યાના કાર્યરૂપ મહા દુઃખને હરે છે.

बाह्यानुसन्धिः परिवर्धयेत्फलं दुर्वासनामेव ततस्ततोऽधिकाम् ।
ज्ञात्वा विवेकैः परिहृत्य बाह्यं स्वात्मानुसन्धिं विदधीत नित्यम्॥

વિષય વિગેરે બાહ્ય પદાર્થોનું અનુસંધાન એક એકથી અધિક ખરાબ વાસનારૂપ ફળનેજ વધારે છે. એટલામાટે વિવેકથી સમજી બાહ્યપદાર્થોનો ત્યાગ કરી નિત્યસ્વરૂપનુંજ અનુસંધાન કરવું જોઇએ.

बाह्ये निरुद्धे मनसः प्रसन्नता मनःप्रसादे परमात्मदर्शनम् ।
तस्मिन्सुदृष्टे भवबन्धनाशो बहिर्निरोधः पदवी विमुक्तेः॥

બાહ્ય પદાર્થ રોકવાથી મન સ્વચ્છ થાય છે, મન સ્વચ્છ થવાથી પરમાત્માનું જ્ઞાન થાય છે, અને પરમાત્માનું જ્ઞાન થવાથી સંસારરૂપ બંધનનો નાશ થાય છે. એટલા માટે બાહ્ય પદાર્થોને રોકવા એ મુક્તિનો રસ્તો છે.

कः पण्डितः सन्सदसद्विवेकी श्रुतिप्रमाणः परमार्थदर्शी ।
जानन्हि कुर्यादसतोऽवलम्बं स्वपातहेतोः शिशुवन्मुमुक्षुः ॥

કયો મુમુક્ષુ માણસ પોતે પંડિત હોઇ સાચા ખોટાના વિવેકવાળો, વેદને પ્રમાણ જાણનાર, અને પરમાર્થને જાણનાર છતા બાળકની પેઠે પોતાના પડવાનાજ કારણરૂપ મિથ્યા પદાર્થમાં અભિનિવેશ (આગ્રહ) કરે ?

देहादिसंसक्तिमतो न मुक्तिर्मुक्तस्य देहाद्यभिमत्यभावः ।

सुप्तस्य नो जागरणं न जाग्रतः स्वप्नस्तयोर्भिन्नगुणाश्रयत्वात्॥

જેમ સ્વપ્નવાળાને જાગ્રત નથી, અને જાગ્રતવાળાને સ્વપ્ન નથી, તેમ દેહાદિકમાં આસક્તિવાળાને મુક્તિ હોતી નથી, અને મુક્ત થએલાને દેહાદિકમાં અભિમાન હોતું નથી. શાથીકે એઓના આશ્રયરૂપ ગુણો પરસ્પર વિરૂદ્ધ છે.

अन्तर्बहिः स्वं स्थिरजङ्गमेषु ज्ञात्वात्मनाधारतया विलोक्य।
त्यक्ताखिलोपाधिरखण्डरूपः पूर्णात्मना यः स्थित एष मुक्तः॥

આધારપણાને લીધે સ્થાવર અને જંગમમાં અંદર અને બહાર પોતાનુંજ વ્યાપકપણું જોઇ સઘળી ઉપાધિઓનો ત્યાગ કરી દેતાં જે પુરૂષ અખંડ અને પૂર્ણરૂપે રહે તે જ મુક્ત છે, એમ જાણવું.

सर्वात्मना बन्धविमुक्तिहेतुः सर्वात्मभावान्न परोऽस्ति कश्चित्।
दृश्याग्रहे सत्युपपद्यतेऽसौ सर्वात्मभावोऽस्य सदात्मनिष्ठया॥

સઘળી રીતે બંધોમાંથી છુટવાનો ઉપાય સર્વાત્મકપણું વિના બીજો કોઇ નથી, અને એ સર્વાત્મકપણું દૃશ્યોનું ગ્રહણ છુટી જઈ સ્વરૂપમાં નિષ્ઠા હોવાથી પ્રાપ્ત થાય છે.

दृश्यस्याग्रहणं कथं नु घटते देहात्मना तिष्ठतो
बाह्यार्थानुभवप्रसक्तमनसस्तत्तत्क्रियां कुर्वतः।
संन्यस्ताखिलधर्मकर्मविषयैर्नित्यात्मनिष्ठापरै-

त्यक्त्वैः करणीयमात्मनि सदानन्देच्छुभिर्यत्नतः॥

જ્યાં સુધી દેહરૂપે રહેલા હોય, મન અહંકારના અનુભવમાં ચોંટયું હોય, અને પોતે તે તે ક્રિયા કરતો હોય, ત્યાં સુધી દશ્ય પદાર્થોનું ગ્રહણ કેમ છૂટે ? ન જ છૂટે. એટલા માટે સર્વદા આનંદને ચાહનારા સ્વયેતાઓએ પ્રયત્ન પૂર્વક સઘળાં કર્મ, ધર્મ અને વિષયોને છોડી દઈ કાયમ આત્મામાં નિષ્ઠા રાખી તે દશ્યોનું ગ્રહણ ન જ થાય તેમ કરવું યોગ્ય છે.

सर्वात्मसिद्धये भिक्षोः कृतश्रवणकर्मणः ।
समाधिं विदधात्येषा शान्तो दान्त इति श्रुतिः ॥

જેણે વેદાંતનું શ્રવણ કર્યું હોય એવા સંન્યાસીને સર્વાત્મકપણાની સિદ્ધિને અર્થે "શાંતો દાંતઃ" એ શ્રુતિ સમાધિ કરવાની આજ્ઞા કરે છે.

आरूढशक्तेरहमो विनाशः कर्तुं न शक्यः सहसापि पण्डितैः।
ये निर्विकल्पाख्यसमाधिनिश्चलास्तानन्तरानन्तभवा हि वासनाः॥

જેઓ નિર્વિકલ્પ નામની સમાધિમાં નિશ્ચળ થએલા હોય, તે લોકો સિવાય બીજા પંડિતોથી પણ અનાદિ કાળથી દૃઢ થએલા અહંકારનો સહસા નાશ કરી શકાતો નથી. કારણકે વાસનાઓ અનેક જન્મોની લાગેલી હોય છે.

अहंबुद्ध्यैव मोहिन्या योजयित्वावृतेर्बलात् ।
विक्षेपशक्तिः पुरुषं विक्षेपयति तद्गुणैः ॥

આવરણના બળથી મોહ પમાડનારી અહંબુદ્ધિમાં જોડીને વિક્ષેપશક્તિ તેના ગુણોથી પુરૂષને વિક્ષેપમાં નાખે છે.

विक्षेपशक्तिविजयो विषमो विधातुं
निःशेषमावरणशक्तिनिवृत्त्यभावे ।
दृग्दृश्ययोः स्फुटपयोजलवद्विभागे
नश्येत्तदावरणमात्मनि च स्वभावात् ॥

જ્યાં સુધી આવરણ શક્તિની નિઃશેષ નિવૃત્તિ ન થાય, ત્યાં સુધી વિક્ષેપ શક્તિને જીતવી પણ મુશ્કેલ છે. જ્યારે દૂધ અને જળના વિભાગની પેઠે દ્રષ્ટા અને દ્રશ્યનો ખુલ્લો વિભાગ થાય, ત્યારે આત્મામાં આવરણ પણ પોતાની મેળે નાશ પામે છે.

निःसंशयेन भवति प्रतिबन्धशून्यो
विक्षेपणं नहि तदा यदि चेन्मृषार्थे ।
सम्यग्विवेकः स्फुटबोधजन्यो
विभज्य दृग्दृश्यपदार्थतत्त्वम् ॥
छिनत्ति मायाकृतमोहबन्धं
यस्माद्विमुक्तस्य पुनर्न संसृतिः

મિથ્યા પદાર્થના સંબંધમાં વિક્ષેપ ન હોય, તો નિઃસંશય પ્રતિબિંબ રહિત બોધ થાય છે. સ્ફુટ બોધથી થએલો ઉત્તમ વિવેક દ્રષ્ટા અને દ્રશ્યરૂપ પદાર્થોના વિભાગ કરી માયાએ કરેલા મોહરૂપ બંધને કાપી નાખે છે, કે જે કપાયા પછી મુક્ત પુરૂષને ફરી સંસાર હોતો નથી.

परावरैकत्वविवेकवह्निर्दहत्यविद्यागहनं ह्यशेषम् ।
किं स्यात्पुनः संसरणस्य बीजमद्वैतभावं समुपेयुषोऽस्य ॥

જીવ અને બ્રહ્મની એકતાના વિવેકરૂપ અગ્નિ સઘળા અવિદ્યારૂપ જંગલને બાળી નાંખે છે, એટલે પછી અદ્વૈતભાવને પામેલા પુરૂષને ફરીવાર સંસાર પામવાનું બીજ શું રહ્યું ? કાંઇ પણ નહિ.

आवरणस्य निवृत्तिर्भवति च सम्यक्पदार्थदर्शनतः ।
मिथ्याज्ञानविनाशस्तद्विक्षेपजनितदुःखनिवृत्तिः ॥

યથાર્થ રીતે પદાર્થનું જ્ઞાન થવાથી આવરણની નિવૃત્તિ, મિથ્યા જ્ઞાનનો નાશ અને વિક્ષેપ શક્તિથી થએલાં દુઃખની નિવૃત્તિ થાય છે.

एतत्त्रितयं दृष्टं सम्यग्रज्जुस्वरूपविज्ञानात् ।
तस्माद्वस्तुसतत्त्वं ज्ञातव्यं बन्धमुक्तये विदुषा ॥

લોકમાં એક સાચી રીતે રજ્જુ (દોરડી) ના સ્વરૂપનું

જ્ઞાન થવાથી આવરણ નિવૃત્તિ સર્પરૂપ મિથ્યા જ્ઞાનનો નાશ અને સર્પ જાણવાથી થએલા દુઃખની નિવૃત્તિ જોવામાં આવે છે એટલા માટે બંધથી છુટવા સારૂ વિદ્વાને વસ્તુનું યથાર્થ તત્વ જાણવું જોઇએ

अयोऽग्नियोगादिव सत्समन्वयान्मात्रादिरूपेण विजृम्भते धीः।
तत्कार्यमेतद्द्वितयं यतो मृषा दृष्टं भ्रमस्वप्नमनोरथेषु ॥

જેમ અગ્નિના યોગથી લોઢું દાહકરૂપે પ્રતીત થાય છે, તેમ મનના યોગથી બુદ્ધિ પ્રમાતા વિગેરે રૂપે પ્રતીત થાય છે. આ દ્વૈત એ બુદ્ધિનું કાર્ય છે, માટે અસત્ય છે દ્વૈતનું અસત્યપણું ભ્રમ, સ્વપ્ના અને મનોરથમાં સ્પષ્ટ રીતે જોવામાં આવે છે

ततो विकाराः प्रकृतेरहंमुखा
देहावसाना विषयाश्च सर्वे।
क्षणेऽन्यथाभावितया ह्यमीषा-
मसत्त्वमात्मा तु कदापि नान्यथा ॥

એવી રીતે અહંકારથી માંડી દેહ સુધીના પ્રકૃતિના વિકારો અને વિષયો મિથ્યા છે. તેનો ક્ષણમાત્રમાં બીજી રીતના થઇ જાય છે, એટલા માટે મિથ્યા છે, અને આત્મા તો કદી પણ બદલાતો નથી, માટે તે સત્ય છે.

नित्याद्वयाखण्डचिदेकरूपो बुद्ध्यादिसाक्षी सदसद्विलक्षणः ।
अहंपदप्रत्ययलक्षितार्थः प्रत्यक्सदानन्दघनः परात्मा ॥

અહંપદ (હું એવા પદ) ની પ્રતીતિથી લક્ષિત થતા પદાર્થરૂપ પરમાત્મા નિત્ય છે, અદ્વૈત છે, અખંડ છે, ચૈતન્યરૂપ છે, એક છે, બુદ્ધિ વિગેરેનો સાક્ષી છે, કાર્યોથી તથા કારણોથી વિલક્ષણ છે, પ્રત્યક્ છે, અને સદા આનંદઘન છે.

इत्थं विपश्चित्सदसद्विभज्य निश्चित्य तत्त्वं निजबोधदृष्ट्या ।
ज्ञात्वा स्वमात्मानमखण्डबोधं तेभ्यो विमुक्तः स्वयमेव शाम्यति॥

આ પ્રમાણે વિદ્વાન સાચાનો અને ખોટાનો વિભાગ કરી પોતાની બોધ દ્રષ્ટિથી તત્ત્વનો નિશ્ચય કરી અને પોતાના આત્માને અખંડ બોધરૂપ જાણી મિથ્યા પદાર્થોથી છુટીને પોતાની મેળે જ શાંત છે.

अज्ञानहृदयग्रन्थेर्निःशेषविलयस्तदा ।
समाधिनाविकल्पेन यदाद्वैतात्मदर्शनम् ॥

જ્યારે નિર્વિકલ્પ સમાધિથી અદ્વૈત આત્માનું દર્શન થાય,ત્યારે હૃદયની અજ્ઞાનરૂપ ગાંઠનો બીલકુલ લય થાયછે.

त्वमहमिदमितीयं कल्पना बुद्धिदोषा-
त्प्रभवति परमात्मन्यद्वये निर्विशेषे ।

જે દૃશ્ય પદાર્થો છે, તેઓનો ચિદાત્મામાં લય કરી જેઓ સ્વરૂપનો અપરોક્ષ અનુભવ કરે છે, તેઓને જ મુક્ત થએલા જાણવા. પરોક્ષ જ્ઞાન કરનારા બીજાઓને મુક્ત સમજવા નહિ

उपाधिभेदात्स्वयमेव भिद्यते चोपाध्यपोहे स्वयमेव केवलः।
तस्मादुपाधेर्विलयाय विद्वान्वसेत्सदाऽकल्पसमाधिनिष्ठया ।

ઉપાધિઓના ભેદને લીધે પોતેજ ભિન્ન ભિન્ન રૂપમાં જણાય છે, અને ઉપાધિઓ દૂર થાય ત્યારે પોતે એકલોજ રહે છે. એટલામાટે વિદ્વાને ઉપાધિનો લય થવા સારૂ સર્વદા નિર્વિકલ્પ સમાધિમાં નિષ્ઠા રાખવી.

सति सक्तो नरो याति सद्भावं ह्येकनिष्ठया ।
कीटको भ्रमरं ध्यायन्भ्रमरत्वाय कल्पते ॥

જેમ ભમરીનું ધ્યાન કરતો કીડો ભમરીપણું મેળવે છે, તેમ એક નિષ્ઠાથી બ્રહ્મનું ધ્યાન કરતો પુરૂષ બ્રહ્મભાવને મેળવે છે.

क्रियान्तरासक्तिमपास्य कीटको
ध्यायन्यथालिं ह्यलिभावमृच्छति ।
तथैव योगी परमात्मतत्त्वं
ध्यात्वा समायाति तदेकनिष्ठया ॥

[illegible] નિર્વિકલ્પ સમાધિ થાય છે [illegible]

[illegible]

આ સમાધિથી [illegible] થાય છે, [illegible] થાય છે, અને [illegible] અને [illegible] સ્વરૂપ [illegible] થાય છે

श्रुतेः शतगुणं विद्यान्मननं मननादपि ।
निदिध्यासं लक्षगुणमनन्तं निर्विकल्पकम् ॥

શ્રવણ કરતાં મનન કરવાથી સો ગણો લાભ છે, મનન કરતાં નિદિધ્યાસનમાં લાખ ગણો લાભ છે, અને નિદિધ્યાસન કરતાં સમાધિમાં અનંત લાભ છે

निर्विकल्पकसमाधिना स्फुटं ब्रह्मतत्त्वमवगम्यते ध्रुवम् ।
नान्यथा चलतया मनोगतेः प्रत्ययान्तरविमिश्रितं भवेत्

નિર્વિકલ્પ સમાધિથી બ્રહ્મતત્ત્વનો અપરોક્ષ અનુભવ થાય છે, મનની ગતિ ચપળ હોવાને લીધે બીજા કોઈ પ્રકારથી થતો નથી, બીજા કોઈ પ્રકારથી થાય, તો તે રૂપ પદાર્થની પ્રતીતિથી મિશ્રિત થાય છે.

દના રસનો અનુભવ થાય છે. એટલા માટે યોગીએ પ્રયત્ન કરી સર્વદા ચિત્તનો જ નિરોધ કરવો.

वाचं नियच्छात्मनि तं नियच्छ बुद्धौ धियं यच्छ च बुद्धि-
साक्षिणि।
तं चापि पूर्णात्मनि निर्विकल्पे विलाप्य शान्तिं परमां भजस्व ॥

વાણીનો મનમાં, મનનો બુદ્ધિમાં, બુદ્ધિનો બુદ્ધિના સાક્ષીમાં અને તે સાક્ષીનો નિર્વિકલ્પ પૂર્ણાત્મામાં લય કરી પરમ શાંતિ પામ.

देहप्राणेन्द्रियमनोबुद्ध्यादिभिरुपाधिभिः।
यैर्यैर्वृत्तेः समायोगस्तत्तद्भावोऽस्य योगिनः ॥

દેહ, પ્રાણ, ઇંદ્રિય, મન અને બુદ્ધિ વિગેરે ઉપાધિઓમાં જે જે ઉપાધિની સાથે વૃત્તિનો સમાગમ થાય, તે તે ઉપાધિરૂપપણું યોગીને પ્રાપ્ત થાય છે.

तन्निवृत्त्या मुनेः सम्यक्सर्वोपरमणं सुखम् ॥
संदृश्यते सदानन्दरसानुभवविप्लवः

યોગીને સઘળી ઉપાધિઓની નિવૃત્તિથી સઘળામાં ઉપશમવાળું સ્વરૂપસુખ અને સાચા આનંદ રસના અનુભવમાં મગ્નપણું પ્રાપ્ત થાય છે.

अन्तस्त्यागो बहिस्त्यागो विरक्तस्यैव युज्यते।

ચિંતન કર, કે જેથી મુક્તિ મળે.

एष स्वयंज्योतिरशेषसाक्षी विज्ञानकोशे विलसत्यजस्रम् ।
लक्ष्यं विधायैनमसद्विलक्षणमखण्डवृत्त्यात्मतयानुभावय ॥

સ્વયંપ્રકાશ અને સર્વનો સાક્ષી એ આત્મા બુદ્ધિમાં નિરંતર પ્રકાશે છે. તો પરમ સત્યરૂપ એ આત્માને લક્ષ્ય કરી અખંડ વૃત્તિથી " તે પોતાનુંજ સ્વરૂપ છે. " એવી ભાવના કર.

एतमच्छिन्नया वृत्त्या प्रत्ययान्तरशून्यया ।
उल्लेखयन्विजानीयात्स्वस्वरूपतया स्फुटम् ॥

અનાત્મપદાર્થોની પ્રતીતિ વગરની અવિચ્છિન્ન વૃત્તિથી ચિંતન કરતો પુરુષ એ આત્માને સ્ફુટ રીતે પોતાના સ્વરૂપ રૂપ જાણી શકે છે.

अत्रात्मत्वं दृढीकुर्वन्नहमादिषु संत्यजन् ।
उदासीनतया तेषु तिष्ठेत्स्फुटघटादिवत् ॥

નિજરૂપમાં આત્મપણાની દૃઢ ભાવના કરતાં અને અહંકાર વિગેરેમાં આ મપણાની ભાવના છોડી દેતાં મુનિએ દેખવામાં આવતા ઘટ વિગેરે પદાર્થોમાં ઉદાસીન રહેવું.

विशुद्धमन्तःकरणं स्वरूपे निवेश्य साक्षिण्यवबोधमात्रे ।
शनैः शनैर्निश्चलतामुपानयन्पूर्णं स्वमेवानुविलोकयेत्ततः ॥

न दृश्यते कश्चिदयं विकल्पः प्रजल्पमात्रः परिशिष्यते ततः ॥

નિર્વિકલ્પ પરમાત્મરૂપ પરબ્રહ્મમાં ચિત્તવૃત્તિ સમાહિત થાય, ત્યારે આ કાંઇ પણ સંસારરૂપ વિકલ્પ દેખાતો નથી, ફક્ત કહેવા માત્ર જ બાકી રહે છે.

असत्कल्पो विकल्पोऽयं विश्वमित्येकवस्तुनि ।
निर्विकारे निराकारे निर्विशेषे भिदा कुतः ॥

એક પર વસ્તુ જ સત્ય છે, માટે તેમાં જગતરૂપ આ વિકલ્પ મિથ્યા છે. પરવસ્તુ બ્રહ્મ કે નિર્વિકાર, નિરાકાર અને નિર્વિશેષ છે. તેમાં ભેદ ક્યાંથી જ હોય ?

द्रष्टृदर्शनदृश्यादिभावशून्यैकवस्तुनि ।
निर्विकारे निराकारे निर्विशेषे भिदा कुतः

નિર્વિકાર, નિરાકાર, નિર્વિશેષ અને જેમાં દ્રષ્ટા, દર્શન કે દૃશ્ય વિગેરેપણું છે જ નહિ, એવી એક વસ્તુમાં ભેદ ક્યાંથીજ હોય ?

कल्पार्णव इवात्यन्तपरिपूर्णैकवस्तुनि ।
निर्विकारे निराकारे निर्विशेषे भिदा कुतः ॥

પ્રલય કાળના સમુદ્રની પેઠે અત્યંત પરિપૂર્ણ, નિર્વિકાર, નિરાકાર, અને નિર્વિશેષ એકજ વસ્તુમાં ભેદ કેમ જ સંભવે ?

तेजसीव तमो यत्र प्रलीनं भ्रान्तिकारणम् ।

यदिदं रज्जुसर्पादौ विकल्पो भ्रान्तिजीवनः ॥

આરોપિત પદાર્થ અધિષ્ઠાનથી ભિન્ન હોતો નથી, એમ દિવાંધને રજ્જુ સર્પ વિવેકીના દૃષ્ટાંતોમાં સ્પષ્ટ જોયું છે. હવે માટે કે, એક વિકાર કે તેનું મૂળ ભ્રમ છે.

चित्तमूलो विकल्पोऽयं चित्ताभावे न कश्चन ।
अतश्चित्तं समाधेहि प्रत्यग्रूपे परात्मनि

આ સંસારરૂપ વિકલ્પનું મૂળ ચિત્તજ છે. ચિત્ત ન હોય, તો કોઈ વિકલ્પ હોતો નથી. એટલા માટે પ્રત્યગ્રૂપ પરમાત્મામાં ચિત્તનો લય કરી દે.

किमपि सततबोधं केवलानन्दरूपं
निरुपममतिवेलं नित्यमुक्तं निरीहम् ।
निरवधि गगनाभं निष्कलं निर्विकल्पं
हृदि कलयति विद्वान्ब्रह्म पूर्णं समाधौ ॥

નિત્ય બોધરૂપ, કેવળ આનંદરૂપ, સઘળી રીતે ઉપમા રહિત, નિત્ય, મુક્ત, ક્રિયા રહિત, અવધિ રહિત, આકાશ જેવું, અંશ વિનાનું, વિકલ્પ રહિત અને વચનથી ન કહી શકાય તેવું જે પૂર્ણ બ્રહ્મ છે, તેનો વિદ્વાન પુરૂષ સમાધિમાં અનુભવ કરે છે.

प्रकृतिविकृतिशून्यं भावनातीतभावं

ચિત્તમાં બહાર અને અંદર બ્રહ્માનંદનો રસ ચાખવો એ જ ફળ છે.

वैराग्यस्य फलं बोधो बोधस्योपरतिः फलम् ।

स्वानन्दानुभवाच्छान्तिरेषैवोपरतेः फलम् ॥

વૈરાગ્યનું ફળ બોધ છે, બોધનું ફળ ઉપરામ છે, અને ઉપરામનું ફળ પોતાના સ્વરૂપાનંદના અનુભવથી થતી પરમ શાંતિ છે.

यद्युत्तरोत्तराभावः पूर्वपूर्वं तु निष्फलम् ।

निवृत्तिः परमा तृप्तिरानन्दोऽनुपमः स्वतः ॥

दृष्टदुःखेष्वनुद्वेगो विद्यायाः प्रस्तुतं फलम् ।

यत्कृतं भ्रान्तिवेलायां नानाकर्म जुगुप्सितम् ।

पश्चान्नरो विवेकेन तत्कथं कर्तुमर्हति ॥

જો શાંતિ ન થાય તો ઉપરામ વ્યર્થ છે, ઉપરામ ન થાય તો બોધ વૈરાગ્ય વ્યર્થ છે. નિવૃત્તિ, પરમ તૃપ્તિ, સ્વતઃ સિદ્ધ, અનુપમ આનંદ અને સંસારના દુઃખોથી ઉદ્વેગ રહિતપણું એ બ્રહ્મવિદ્યાના ફળરૂપ છે. ભ્રાંતિના વખતમાં જે કાંઈ અનેક નઠારાં કર્મો થયાં હોય, તેવાં કામો વિવેક પેદા થયા પછી ન જ થાય.

विद्याफलं स्यादसतो निवृत्तिः प्रवृत्तिरज्ञानफलं तदीक्षितम् ।

रन्योदितभोग्यभोगकलनो निद्रालुवद्बालवत् ॥
स्वप्नालोकितलोकवज्जगदिदं पश्यन्क्वचिल्लब्धधी-
रास्ते कश्चिदनन्तपुण्यफलभुग्धन्यः स मान्यो भुवि ॥

સદા બ્રહ્માકારપણાએ રહેવાને લીધે જેનુ વિષયોનું અનુસંધાન નિદ્રા પામેલા માણસની જેમ છુટી પડયુંછે એવા, બીજાઓએ નિવેદન કરેલા ભોગ્ય પદાર્થને બાળકની પેઠે ભોગવનાર અને આ જગતને સ્વપ્નમા દેખવામા આવતા લોકોની પેઠે દેખતો સ્થિતપ્રજ્ઞ યોગી કોઇ સ્થળમા બેસી રહે છે. એવા યોગીને જ અનંત પુણ્યના ફળોને ભોગવનાર અને પૃથ્વીમા માનવા યોગ્ય જાણવો.

स्थितप्रज्ञो यतिरयं यः सदानन्दमश्नुते ।
ब्रह्मण्येव विलीनात्मा निर्विकारो विनिष्क्रियः ॥

નિર્વિકાર, ક્રિયા રહિત અને બ્રહ્મમાંજ લીન વૃત્તિવાળો જે યોગી સદા આનંદમાં રહેતો હોય, તેને સ્થિતપ્રજ્ઞ (નિશ્ચલ બુદ્ધિવાળો) સમજવો

ब्रह्मात्मनोः शोधितयोरेकभावावगाहिनी ।
निर्विकल्पा च चिन्मात्रा वृत्तिः प्रज्ञेति कथ्यते ॥

ઉપાધિઓને દૂર કરી ફક્ત તથા આત્માની એકતામાં પરોવેલી વિકલ્પ રહિત અને બ્રહ્માકાર જે વૃત્તિ હોય, તે

रन्यार्पितभोग्यभोगकलनो निद्रालुवद्बालवत् ॥
स्वप्नालोकितलोकवज्जगदिदं पश्यन्क्वचिल्लब्धधी
रास्ते कश्चिदनन्तपुण्यफलभुग्धन्यः स मान्यो भुवि ॥

સદા બ્રહ્માકારપણાએ રહેવાને લીધે જેનું વિષયોનું અનુસંધાન નિદ્રા પામેલા માણસની જેમ છુટી પડયું છે એવા, બીજાઓએ નિવેદન કરેલા ભોગ્ય પદાર્થને બાળકની પેઠે ભોગવનાર અને આ જગતને સ્વપ્નમા દેખવામા આવતા લોકોની પેઠે દેખતો સ્થિતપ્રજ્ઞ યોગી કોઇ સ્થળમા બેસી રહે છે. એવા યોગીને જ અનંત પુણ્યના ફળોને ભોગવનાર અને પૃથ્વીમાં માનવા યોગ્ય જાણવો.

स्थितप्रज्ञो यतिरयं यः सदानन्दमश्नुते ।
ब्रह्मण्येव विलीनात्मा निर्विकारो विनिष्क्रियः ॥

નિર્વિકાર, ક્રિયા રહિત અને બ્રહ્મમાંજ લીન વૃત્તિવાળો જે યોગી સદા આનંદમાં રહેતો હોય, તેને સ્થિતપ્રજ્ઞ (નિશ્ચલ બુદ્ધિવાળો) સમજવો.

ब्रह्मात्मनोः शोधितयोरेकभावावगाहिनी ।
निर्विकल्पा च चिन्मात्रा वृत्तिः प्रज्ञेति कथ्यते ॥

ઉપાધિઓને દૂર કરી બ્રહ્મ તથા આત્માની એકતામાં પહોંચેલી વિકલ્પ રહિત અને બ્રહ્માકાર જે વૃત્તિ હોય, તે

પ્રજ્ઞા કહેવાય છે.

सुस्थिता सा भवेद्यस्य स्थितप्रज्ञः स उच्यते ।
यस्य स्थिता भवेत्प्रज्ञा यस्यानन्दो निरन्तरः ॥
प्रपञ्चो विस्मृतप्रायः स जीवन्मुक्त इष्यते

એવી પ્રજ્ઞા જેને સારી રીતે સ્થિરતા પામેલી હોય, તે સ્થિતપ્રજ્ઞ કહેવાય છે. જેની પ્રજ્ઞા સ્થિરતા પામેલી હોય, જેને આનંદ નિરંતર વર્તતો હોય, અને જે પ્રપંચને પ્રાયે ભુલી ગયો હોય, તે જીવન્મુક્ત કહેવાય છે.

लीनधीरपि जागर्ति यो जाग्रद्धर्मवर्जितः
बोधो निर्वासनो यस्य स जीवन्मुक्त इष्यते ॥

બુદ્ધિ લીન થયા પછી પણ જે જાગ્રત હોય, જાગતાં છતાં પણ જાગ્રત ધર્મથી રહિત હોય, અને જેનો બોધ વાસના રહિત હોય, તે જીવન્મુક્ત કહેવાય છે.

शान्तसंसारकलनः कलावानपि निष्कलः ।
यस्य चित्तं विनिश्चिन्तं स जीवन्मुक्त इष्यते ॥

જેને સંસારની રચનાનું અનુસંધાન શાંત થયું હોય, જે પોતે કળાવાળો છતાં પણ કળારહિતની પેઠે વર્તતો હોય, અને જેનું ચિત્ત ચિંતાથી રહિત હોય, તે જીવન્મુક્ત કહેવાય છે.

वर्तमानेऽपि देहेऽस्मिञ्छायावदनुवर्तिनि ।
अहन्ताममताभावो जीवन्मुक्तस्य लक्षणम् ॥

છાયાની પેઠે અનુસરનારો, આ દેહ વિદ્યમાન છતાં પણ તેમાં જેને અહંતામમતા ન હોય, તેને જીવન્મુક્ત સમજવો.

अतीताननुसन्धानं भविष्यदविचारणम् ।
औदासीन्यमपि प्राप्तं जीवन्मुक्तस्य लक्षणम् ॥

જે માણસ ગયેલી વાતનું સ્મરણ ન કરતો હોય, ભવિષ્ય વાતનો વિચાર ન કરતો હોય, અને સઘળામાં ઉદાસીન રહેતો હોય, તેને જીવન્મુક્ત સમજવો.

गुणदोषविशिष्टेऽस्मिन्स्वभावेन विलक्षणे ।
सर्वत्र समदर्शित्वं जीवन्मुक्तस्य लक्षणम् ॥

ગુણ દોષથી ભરેલા અને સ્વભાવથી જ વિલક્ષણતાવાળા આ પ્રપંચમાં જેની નજર સર્વત્ર સમાન હોય છે, તે જીવન્મુક્તનું લક્ષણ છે.

इष्टानिष्टार्थसंप्राप्तौ समदर्शितयात्मनि ।
उभयत्राविकारित्वं जीवन्मुक्तस्य लक्षणम् ॥

ઇષ્ટ કે અનિષ્ટ પદાર્થની પ્રાપ્તિ થતાં સમદર્શિપણાને લીધે જેનું મન સદા નિર્વિકાર રહે, તે જીવન્મુક્તનું લક્ષણ છે.

ब्रह्मानन्दरसास्वादासक्तचित्ततया यतेः।
अन्तर्बहिरविज्ञानं जीवन्मुक्तस्य लक्षणम् ॥

બ્રહ્માનંદનો રસ ચાખવામાં ચિત્ત આસક્ત હોવાને લીધે જેને અંદરના અને બહારના વિષયોનું અનુસંધાન ન રહે, તેને જીવન્મુક્ત સમજવો.

देहेन्द्रियादौ कर्तव्ये ममाहंभाववर्जितः।
औदासीन्येन यस्तिष्ठेत्स जीवन्मुक्तलक्षण

દેહ તથા ઇંદ્રિય વિગેરેમાં અને બીજા કામ કાજમાં અહંતાથી અને મમતાથી રહિત થઇ જે સર્વદા ઉદાસીન પણાથી રહેતો હોય, તે જીવન્મુક્તના લક્ષણવાળો છે.

विज्ञात आत्मनो यस्य ब्रह्मभावः श्रुतेर्बलात् ॥
भवबन्धविनिर्मुक्तः स जीवन्मुक्तलक्षणः ॥

જેણે શ્રુતિના જોરથી પોતાનું બ્રહ્મપણું જાણેલું હોય, અને જે સંસારના બંધનથી છુટેલો હોય, તે જીવન્મુક્તના લક્ષણવાળો સમજવો.

देहेन्द्रियेष्वहंभाव इदंभावस्तदन्यके ।
यस्य नो भवत क्वापि स जीवन्मुक्त इष्यते ॥

જેને કદીપણ દેહ કે ઇંદ્રિયો ઉપર અહંપણું અને બીજા પદાર્થો ઉપર ઇદંભાવ (આ વસ્તુ સત્ય છે એવો ભાવ)

ન થતો હોય, તેને જીવન્મુકત સમજવો.

न मत्यग्ब्रह्मणो भेदं कदापि ब्रह्मसर्गयो: ।

प्रज्ञया यो विजानाति स जीवन्मुक्तलक्षणः ॥

જે પુરૂષ પોતાની બુદ્ધિથી કરી પણ જીવ તથા બ્રહ્મના ભેદને કે બ્રહ્મ તથા જગતના ભેદને જાણતો નથી, તે જીવન્મુક્તના લક્ષણવાળો જાણવો.

साधुभिः पूज्यमानेऽस्मिन्पीड्यमानेऽपि दुर्जनैः ।

समभावो भवेद्यस्य स जीवन्मुक्तलक्षणः

સારા માણસો એ શરીરની પૂજા કરે, અથવા ખરાબ માણસો એને પીડા કરે, તો પણ એવા પૂજાના અને પીડાના ભાવમાં જેનો સમભાવ રહે છે, તે જીવન્મુક્તના લક્ષણવાળો જાણવો

यत्र प्रविष्टा विषयाः परेरिता नदीप्रवाहा इव वारिराशौ ।

लीयन्ति सन्मात्रतया न विक्रियामुत्पादयन्त्येष यतिर्विमुक्तः ॥

બીજાઓએ પ્રેરેલા વિષયો સમુદ્રમાં નદીઓના પ્રવાહની પેઠે જેમાં પ્રવેશ કરી બ્રહ્મરૂપપણાએ લીન થઇ જાય, પણ કોઈ પ્રકારની વિક્રિયા પેદા ન કરે, તે યતિ જીવન્મુક્ત જાણવો.

विज्ञातब्रह्मतत्त्वस्य यथापूर्वं न संसृतिः ।

अस्ति चेन्न स विज्ञातब्रह्मभावो बहिर्मुखः ॥

જેણે બ્રહ્મ તત્ત્વ જાણેલ હોય તેને સંસાર આગળના જેવો રહેતો જ નથી. અને જો આગળના જેવો તેને રહેતા હોય, તો તેને બ્રહ્મ તત્વથી અજાણ્યો અને બહિર્મુખ સમજવો.

प्राचीनवासनावेगादसौ संसरतीति चेत् ।
न सदेकत्वविज्ञानान्मन्दीभवति वासना ॥

“ પૂર્વની વાસનાના વેગથી જીવન્મુક્ત પણ જન્મ મરણને પામે ” એવી શંકા રાખવી નહિ કારણ કે બ્રહ્મની એકતા જાણ્યાથી વાસના મંદ થઈ જાય છે.

अत्यन्तकामुकस्यापि वृत्तिः कुण्ठति मातरि ।
तथैव ब्रह्मणि ज्ञाते पूर्णानन्दे मनीषिणः ॥
निदिध्यासनशीलस्य बाह्यप्रत्यय ईक्ष्यते ।
ब्रवीति श्रुतिरेतस्य प्रारब्धं फलदर्शनात् ॥

જેમ અત્યંત કામી પુરૂષની વૃત્તિ પણ પોતાની મા ઉપર કુંઠિત થઈ જાય છે, તેમ પૂર્ણાનંદ બ્રહ્મને જાણી નિદિધ્યાસનમાં લાગનાર વિદ્વાનની વૃત્તિ પણ વિષયો ઉપર કુંઠિત થાય છે. જીવન્મુક્તને કાંઇક પ્રતીતિ થાય છે, તો એટલું તેનું પ્રારબ્ધ છે, એમ શ્રુતિ કહે છે.

सुखाद्यनुभवो यावत्तावत्प्रारब्धमिष्यते ।
फलोदयः क्रियापूर्वो निष्क्रियो न हि कुत्रचित् ॥

જ્યાં સુધી સુખ વિગેરેનો અનુભવ થતો હોય, ત્યાંસુધી પ્રારબ્ધ છે, એમ માનવામાં આવે છે. કારણ કે ફળનો ઉદય ક્રિયાથી જ થાયછે. ક્રિયા વિના કદી બનતો નથી.

अहं ब्रह्मेति विज्ञानात्कल्पकोटिशतार्जितम् ।
संचितं विलयं याति प्रबोधात्स्वप्नकर्मवत् ॥

જેમ જાગ્રત સ્થિતિ પ્રાપ્ત થતાં સ્વપ્નમાં થતાં કર્મો લય પામે છે, તેમ "અહંબ્રહ્મ" એટલે હું બ્રહ્મ છું એવુ જ્ઞાન થતાં સેંકડો અને કરોડો કલ્પોમાં થએલાં સંચિત કર્મનો લય થાય છે.

यत्कृतं स्वप्नवेलायां पुण्यं वा पापमुल्बणम् ।
सुप्तोत्थितस्य किं तत्स्यात्स्वर्गाय नरकाय वा ॥

સ્વપ્નના સમયમાં જે ભારે પુણ્ય કે પાપ કરવામાં આવ્યું હોય, તે પુણ્ય કે પાપ શું સ્વપ્નમાંથી જાગેલાને સ્વર્ગ કે નરક આપી શકે છે ? નથી જ આપી શકતું.

स्वमसङ्गमुदासीनं परिज्ञाय नभो यथा ।
न श्लिष्यति च यत्किंचित्कदाचिद्भाविकर्मभिः ॥

આકાશની માફક પોતાના સ્વરૂપને અસંગ અને ઉદા-

સીન જાણ્યા પછી પુરૂષને ભવિષ્યકાળનાં કર્મો કદી પણ કાંઇ સ્પર્શ કરી શકતા નથી.

न नभो घटयोगेन सुरागन्धेन लिप्यते ।
तथात्मोपाधियोगेन तद्धर्मैर्नैव लिप्यते ॥

આકાશને ઘટનો યોગ છતાં ઘટમાં રહેલ મદ્યનો ગંધ તેને લાગતો નથી, તેમ આત્માને ઉપાધિનો યોગ છતાં પણ તે ઉપાધિના ધર્મોથી લેપ પામતો નથી.

ज्ञानोदयात्पुरारब्धं कर्म ज्ञानान्न नश्यति ।
अदत्वा स्वफलं लक्ष्यमुद्दिश्योत्सृष्टबाणवत् ॥

જ્ઞાન થયા પહેલા જેના ફળ થવાનો પ્રારંભ થઇ ચૂક્યો છે, એવું કર્મ (પ્રારબ્ધ) નિશાન પાડવાના ઉદ્દેશથી છુટી ચુકેલા બાણનીપેઠે પોતાનું ફળ દીધા વિના નાશ પામતું નથી.

व्याघ्रबुद्ध्या विनिर्मुक्तो बाणः पश्चात्तु गोमतौ ।
न तिष्ठति छिनत्येव लक्ष्यं वेगेन निर्भरम् ॥

ગાયને વાઘ સમજી મુકવામાં આવેલ બાણ પાછળથી ગાય જાણવામા આવે તો પણ ઉભું રહેતું નથી. પણ વેગથી ભરેલું હોઇ નિશાનને કાપી જ નાંખે છે.

प्रारब्धं बलवत्तरं खलु विदां भोगेन तस्य क्षयः
सम्यग्ज्ञानहुताशनेन विलयः प्राक्संचितागामिनाम् ।

प्रत्यगेकरसमप्रेक्ष्य तन्मयतया ये सर्वदा संस्थिता-
स्तेषां नास्तियं न हि क्वचिदपि प्रारब्ध ते निर्गुणम् ॥

જ્ઞાનીઓનું પણ પ્રારબ્ધ જોરાવર હોય છે, તેથી તે પ્રારબ્ધનો ભોગથીજ ક્ષય થાય છે, અને સંચિત તથા ભવિષ્યના કર્મોનો તો પ્રથમ જ યથાર્થ જ્ઞાનરૂપ અગ્નિથી ક્ષય થઈ જાય છે. પરંતુ જેઓ બ્રહ્મ સ્વરૂપની એકતા જોઈ સદા બ્રહ્મમય જ થઈ રહેલ હોય છે, તેઓને પ્રારબ્ધ, સંચિત કે ક્રિયમાણ માંહેના એકે કર્મ હોવાં નથી. શાથી કે તેઓ નિર્ગુણ બ્રહ્મરૂપ છે.

उपाधितादात्म्यविहीनकेवलब्रह्मात्मनैवात्मनि तिष्ठतो मुनेः ।
प्रारब्धसद्भावकथा न युक्ता स्वप्नार्थसम्बन्धकथेव जाग्रतः ॥

ઉપાધિના અધ્યાસથી રહિત કેવળ બ્રહ્મરૂપે જ પોતામાં રહેનાર મુનિનું પ્રારબ્ધ અવશેષ રહે છે, એમ કહેવું યોગ્ય નથી " જાગેલા મનુષ્યને સ્વપ્ન સંબંધી પદાર્થોનો સંબંધ રહે છે. " એમ કહેવું સંભવિત નથી.

न हि प्रबुद्धः प्रतिभासदेहे देहोपयोगिन्यपि च प्रपञ्चे ।
करोत्यहन्तां ममतामिदन्तां किन्तु स्वयं तिष्ठति जागरेण ॥

જાગેલો માણસ સ્વપ્નના દેહમાં તથા તે દેહના ઉપયોગી પ્રપંચમાં અહંતા, મમતાને, કે ઇદંતાને કરતો નથી. પણ જાગતથી જ વ્યવહાર કરે છે.

न तस्य मिथ्यार्थसमर्थनेच्छा न संग्रहस्तज्जगतोऽपि दृष्टः ।
तत्रानुवृत्तिर्यदि चेन्मृषार्थे न निद्रया मुक्त इतीष्यते ध्रुवम् ॥

જાગેલા માણસને સ્વપ્નના મિથ્યા પદાર્થનું સમર્થન કરવાની ઇચ્છા હોતી નથી, અને સ્વપ્ન સંબંધી જગતનો સંગ્રહ પણ હોતો નથી. જો જાગ્રતમાં પણ સ્વપ્ન સંબંધી મિથ્યા પદાર્થની અનુવૃત્તિ હોય, તો તે માણસને નિદ્રાએ છોડયો જ નથી, એમ સમજવું.

तद्वत्परे ब्रह्मणि वर्तमानः सदात्मना तिष्ठति नान्यदीक्षते ।
स्मृतिर्यथा स्वप्नविलोकितार्थे तथाविदः प्राशनमोचनादौ ॥

પરબ્રહ્મમાં રહેનારો પુરુષ સદ્રુપેજ રહે છે, પણ બ્રહ્મ વિના કાંઇ બીજું દેખતો નથી. જેમ જાગેલા માણસને સ્વપ્નમાં જોએલા પદાર્થનું સ્મરણ રહે છે, તેમ સદ્રૂપે રહેનારા પુરૂષને પણ ભોજન અને મલોત્સર્ગ વિગેરે કાર્યમાં વ્યવહારનું સ્મરણ રહે છે.

कर्मणा निर्मितो देहः प्रारब्धं तस्य कल्प्यताम् ।
नानादेरात्मनो युक्तं नैवात्मा कर्मनिर्मितः ॥

દેહનું નિર્માણ કર્મથી છે, તેથી પ્રારબ્ધ દેહનું છે, એમ કલ્પના ભલે કરવામાં આવે, પણ આત્મા અનાદિ હોવાથી કર્મોએ તેનું નિર્માણ કરેલું નથી. આત્માનું પ્રારબ્ધ છે, એવી કલ્પના કરવી યોગ્ય નથી.

अजो नित्यः शाश्वत इति ब्रूते श्रुतिरमोघवाक् ।
तदात्मना तिष्ठतोऽस्य कुतः प्रारब्धकल्पना ॥

'આત્મા અજન્મા, નિત્ય અને શાશ્વત છે' એમ સત્ય વચનવાળી શ્રુતિ કહે છે. માટે આત્મારૂપે રહેનાર મુનિને પ્રારબ્ધની સ્થિતિ કેમ જ સંભવે?

प्रारब्धं सिध्यति तदा यदा देहात्मना स्थितिः ।
देहात्मभावो नैवेष्टः प्रारब्धं त्यज्यतामतः ॥

દેહરૂપે સ્થિતિ હોય તો પ્રારબ્ધ સિદ્ધ થાય છે, પણ મુનિની દેહરૂપે સ્થિતિ સ્વીકારવામાં આવતી જ નથી. માટે પ્રારબ્ધને છોડી દેવું.

शरीरस्यापि प्रारब्धकल्पना भ्रान्तिरेव हि ।
अध्यस्तस्य कुतः सत्त्वमसत्यस्य कुतो जनिः ॥
अजातस्य कुतो नाशः प्रारब्धमसतः कुतः ।
ज्ञानेनाज्ञानकार्यस्य समूलस्य लयो यदि ॥
तिष्ठत्ययं कथं देह इति शङ्कावतो जडान् ।
समाधातुं बाह्यदृष्ट्या प्रारब्धं वदति श्रुतिः ।
न तु देहादिसत्यत्वबोधनाय विपश्चिताम् ॥

દેહનું પ્રારબ્ધ છે એ કલ્પના પણ વાસ્તવિક રીતે ભ્રાંતિ રૂપજ છે. કારણકે અધ્યસ્તપદાર્થ સાચો હોતો નથી, ખોટા

નો જન્મ થવો સંભવતો નથી, નહી જન્મેલાને મરણ હોતું નથી, અને નહિ મરેલાને પ્રારબ્ધ હોતું નથી. "જ્ઞાનથી અજ્ઞાનના કાર્યનો સમૂલ નાશ થતો હોય, તો પછી આ દેહનું રહેવું કેમ સંભવે ? "એવી શંકાવાળા જડ પુરૂષોનું સમાધાન કરવા સારૂજ શ્રુતિએ "પ્રારબ્ધ રહે છે" એમ બાહ્ય દ્રષ્ટીથી કહેલ છે, પણ વિદ્વાનોને "દેહ વિગેરે સત્ય છે" એમ સમજાવવા સારૂ કહેલ નથી.

परिपूर्णमनाद्यन्तमप्रमेयमविक्रियम् ।
एकमेवाद्वयं ब्रह्म नेह नानास्ति किंचन ॥

પરિપૂર્ણ, અનાદિ, અનંત, પ્રમાણથી અગમ્ય અને વિકાર રહિત બ્રહ્મ એક જ અને અદ્વિતીય છે અહીં જુદું જુદું કાંઈ છે જ નહિ.

सद्घनं चिद्घनं नित्यमानन्दघनमक्रियम ।
एकमेवाद्वय ब्रह्म नेह नानास्ति किंचन ॥

સદ્રૂપ, ચિદ્રૂપ, આનંદરૂપ, નિત્ય અને ક્રિયા વગરનું બ્રહ્મ એક જ અને અદ્વિતીય છે. અહીં જુદું જુદું છે જ નહિ.

प्रत्यगेकरसं पूर्णमनन्तं सर्वतोमुखम् ।
एकमेवाद्वयं ब्रह्म नेह नानास्ति किंचन ॥

પ્રત્યક્, એકરસ, પૂર્ણ, અનંત અને ચારે તરફ મુખવાળું બ્રહ્મ એક જ અને અદ્વિતીય છે. અહીં જુદું જુદું કાંઇ છે જ નહિ.

अहेयमनुपादेयमनादेयमनाश्रयम् ।
एकमेवाद्वयं ब्रह्म नेह नानास्ति किंचन ॥

છોડી શકાય નહિ તેવું, લઈ ન શકાય તેવું, લેવાય નહિ તેવું અને આશ્રય વિનાનું બ્રહ્મ એક જ અને અદ્વિતીય છે. અહીં જુદું જુદું કાંઇ છે જ નહિ.

निर्गुणं निष्कलं सूक्ष्मं निर्विकल्पं निरञ्जनम् ।
एकमेवाद्वयं ब्रह्म नेह नानास्ति किंचन ॥

નિર્ગુણ, કલા રહિત, સૂક્ષ્મ, નિર્વિકલ્પ અને નિરંજન બ્રહ્મ એક જ અને અદ્વિતીય છે અહીં જુદું જુદું કાંઇ છે જ નહિ.

अनिरूप्यस्वरूपं यन्मनोवाचामगोचरम् ।
एकमेवाद्वयं ब्रह्म नेह नानास्ति किंचन ॥

મન કે વાણી જેને પહોંચી શકતાં નથી તેવું અને જેનું સ્વરૂપ નિરૂપણ થઈ શકે નહિ એવું બ્રહ્મ એક જ છે, અને અદ્વિતીય છે. અહીં જુદું જુદું કાંઇ છે જ નહિ.

सत्समृद्धं स्वतः सिद्धं शुद्धं बुद्धमनीदृशम् ।

एकमेवाद्वयं ब्रह्म नेह नानास्ति किंचन ॥

સત્ય, પરિપૂર્ણ, સ્વતઃસિદ્ધ, શુદ્ધ, જ્ઞાનરૂપ અને જે આવી રીતનું છે એવું કહી શકાય નહિ તેવું બ્રહ્મ એક જ અને અદ્વિતીય છે. અહીં જુદું જુદું કાંઇ છે જ નહિ.

निरस्तरागा विनिरस्तभोगाः शान्ताः सुदान्ता यतयो महान्तः।
विज्ञाय तत्त्वं परमेतदन्ते प्राप्ताः परां निर्वृतिमात्मयोगात् ॥

રાગ જેણે ફેંકી દીધો છે, ભોગ જેણે છોડી દીધો છે, શાન્ત અને જીતેંદ્રિય મહાત્મા સંન્યાસીઓ તત્વ જાણી તેના ઉત્તમ પરિણામમાં આત્માના યોગથી પરમ સુખને પામેલાછે.

भवानपीदं परतत्त्वमात्मनः स्वरूपमानन्दघनं विचार्य ।
विधूय मोहं स्वमनःप्रकल्पितं मुक्तः कृतार्थो भवतु प्रबुद्धः॥

તું પણ આ પરતત્વરૂપ અને આનંદઘન આત્માનું સ્વરૂપ વિચારી અને પોતાના મનથી કલ્પેલા મોહને ટાળી દઇ મુક્ત, કૃતાર્થ અને પ્રબુદ્ધ થા.

समाधिना साधुविनिश्चलात्मना पश्यात्मतत्त्वं स्फुटबोधचक्षुषा ।
निःसंशयं सम्यगवेक्षितश्चेच्छ्रुतः पदार्थो न पुनर्विकल्प्यते ॥

સમાધિથી સારી રીતે નિશ્ચલ થએલ બુદ્ધિવડે સ્ફુટ બોધરૂપ ચક્ષુથી આત્માના તત્વનું અવલોકન કર. જો સાંભળેલો પદાર્થ સારી રીતે નિઃસંશય રીતે જોવામાં આવે તો

પછી તેમાં કોઇ પ્રકારનો વિકલ્પ રહેતો જ નથી.

स्वस्याविद्यावन्धसम्बंधमोक्षात्सत्यज्ञानानन्दरूपात्मलब्धौ ।
शास्त्रं युक्तिर्देशिकोक्तिः प्रमाणं चान्तः सिद्धा स्वानुभूतिः प्रमाणम् ॥

પોતાના અવિદ્યારૂપ બંધનના સંબંધથી છુટકો થતાં સત્ય જ્ઞાન અને આનંદરૂપ આત્માની પ્રાપ્તિ થવામાં શાસ્ત્ર, યુક્તિ અને ગુરૂના વચન તથા અંદર સિદ્ધ થએલો પોતાનો અનુભવ પ્રમાણરૂપ છે.

बन्धो मोक्षश्च तृप्तिश्च चिन्तारोग्यक्षुधादयः ।
स्वेनैव वेद्या यज्ज्ञानं परेषामानुमानिकम् ॥

બંધ, મોક્ષ, તૃપ્તિ, ચિંતા, આરોગ્ય અને ક્ષુધા વિગેરે પદાર્થો પોતાના જ અનુભવમાં આવે છે. બીજાઓને તેઓનું જે જ્ઞાન થાય છે, તે તો અનુમાનથી થાય છે.

तटस्थिता बोधयन्ति गुरवः श्रुतयो यथा ।
प्रज्ञयैव तरेद्विद्वानीश्वरानुगृहीतया ॥

શ્રુતિઓની માફક ગુરૂઓ પણ તટસ્થ રહીને સમજાવે છે, માટે વિદ્વાન પુરૂષે ઇશ્વરના અનુગ્રહવાળી પોતાની બુદ્ધિથી જ તરવું જોઇએ.

स्वानुभूत्या स्वयं ज्ञात्वा स्वमात्मानमखण्डितम् ।

संसिद्धः सन्मुखं तिष्ठेन्निर्विकल्पात्मनात्मनि ॥

પોતાના અનુભવથી જ પોતે જ પોતાના આત્માને અખંડિત જાણી સિદ્ધ થઇ પોતાનેજ નિર્વિકલ્પ રૂપે ખુશીથી રહેવું.

वेदान्तसिद्धान्तनिरुक्तिरेषा ब्रह्मैव जीवः सकलं जगच्च ।
अखण्डरूपस्थितिरेव मोक्षो ब्रह्माद्वितीये श्रुतयः प्रमाणम् ॥

" જીવ અને સઘળું જગત્ બ્રહ્મ છે, અને અખંડરૂપે રહેવું એજ મોક્ષ છે." એટલુ જ વેદાંતના સિદ્ધાંતોનું કહેવું છે. બ્રહ્મના અદ્વિતીયપણામાં શ્રુતિઓ પ્રમાણ છે.

इति गुरुवचनाच्छ्रुतिप्रमाणात्परमवगम्य सतत्त्वमात्मयुक्त्या ।
प्रशमितकरणः समाहितात्मा क्वचिदचलाकृतिरात्मनिष्ठितोऽभूत् ॥

આ પ્રમાણે ગુરૂના વચનથી અને શ્રુતિરૂપ પ્રમાણથી વિચાર કરી પોતાના પરમતત્વને જાણી જેની ઇંદ્રિયો શાંત થઇ મન સમાહિત થયું હોય, એવો શિષ્ય કોઇ સ્થળમાં નિર્વિકલ્પ સમાધિ કરી રહેલો છે.

कञ्चित्कालं समाधाय परे ब्रह्मणि मानसम् ।
उत्थाय परमानन्दादिदं वचनमब्रवीत् ॥

કેટલાક સમય સુધી પરબ્રહ્મમા એ રીતે મન સ્થાપન કરી પછી તે સમાધિમાંથી ઉઠી તે શિષ્યે પરમ આનંદને

લીધે નીચે પ્રમાણેનાં વચનો કહ્યાં.

बुद्धिर्विनष्टा गलिता प्रवृत्तिर्ब्रह्मात्मनोरेकतयाधिगत्या ।
इदं न जानेऽप्यनिदं न जाने किं वा कियद्वा सुखमस्त्यपारम्॥

જીવ અને બ્રહ્મની એકતાનો અનુભવ થવાને લીધે મારી બુદ્ધિ ગળી ગઇ હતી, પ્રવૃત્તિ નાશ પામી હતી, હું દશ્ય પદાર્થને જાણતો ન હતો, અદૃશ્ય પદાર્થને જાણતો ન હતો, અને એ સુખ અપાર હોવાને લીધે તે કેવી રીતનું અને કેટલું હતુ, એ પણ કહી શકતું નથી.

वाचा वक्तुमशक्यमेव मनसा मन्तुं न वा शक्यते
स्वानन्दामृतपूरपूरितपरब्रह्माम्बुधेर्वैभवम् ॥
अम्भोराशिविशीर्णवार्षिकशिलाभावं भजन्मे मनो
यस्यांशांशलवे विलीनमधुनानन्दात्मना निर्वृतम्॥

સ્વરૂપાનંદરૂપી અમૃતના પૂરથી ભરેલા પરબ્રહ્મરૂપ સાગરનો મહિમા વચનથી કહી શકાતો નથી, અને મનથી ધારી શકાતો નથી. કે જે મહિમાના અંશના અંશ અને તેના પણ અંશમા સાગરમાં પડેલા વૃષ્ટિના કરાની માફક લીન થઇ ગએલુ મારૂ મન હમણા આનંદરૂપે નિર્વાણ પામ્યું છે

क्व गतं केन वा नीतं कुत्र लीनमिदं जगत् ।

अधुनैव मया दृष्टं नास्ति किं महदद्भुतम् ॥

આ જગત કયાં ગયું હતું ? કયા લીન થઇ ગયું હતું ? અને તેને કોણ લઇ ગયું હતું ? આ તો હમણાં જ મારા જોવામાં આવ્યું, આ મોટું અદ્ભુત નહિ કે ?

किं हेयं किमुपादेयं किमन्यत्किं विलक्षणम् ।

अखण्डानन्दपीयूषपूर्णे ब्रह्ममहार्णवे ॥

અખંડ આનંદરૂપી અમૃતથી ભરેલા બ્રહ્મરૂપી મહા સમુદ્રમાં શું લેવું ? શું છોડી દેવું ? શું ભિન્ન છે ? અને શું વિલક્ષણ છે ? કાંઈ પણ નહિ.

न किंचिदत्र पश्यामि न शृणोमि न वेद्म्यहम् ।

स्वात्मनैव सदानन्दरूपेणास्मि विलक्षणः ॥

આ સ્થિતિમા હું કાંઇ ભાળતો નથી, કાંઇ સાંભળતો નથી, અને કાંઇ જાણતો નથી, હું તો સદાનંદમય પોતાના સ્વરૂપને લીધે સઘળાથી ન્યારો છું.

नमो नमस्ते गुरवे महात्मने विमुक्तसङ्गाय सदुत्तमाय ।

नित्याद्वयानन्दरसस्वरूपिणे भूम्ने सदापारदयाम्बुधाम्ने

આપ ગુરૂ કે જે મહાત્મા, સંગ રહિત, સત્પુરૂષોમાં ઉત્તમ, નિત્ય તથા અદ્વિતીય આનંદરસસ્વરૂપ, વ્યાપક અને સદા અપાર દયાના સાગર છે. તેવા આપને પ્રણામ છે. પ્રણામ છે.

यत्कटाक्षशशिसान्द्रचन्द्रिकापातधूतभवतापजश्रमः ।
प्राप्तवानहमखण्डवैभवानन्दमात्मपदमक्षयं क्षणात् ॥

જેમના કટાક્ષરૂપ ચંદ્રમાના ઘાટા અજવાળાના પડવાથી હું સંસારરૂપી તાપથી થએલા પરિશ્રમથી મુક્ત થઇ આનંદરૂપ અને અખંડ વૈભવવાળા આત્મપદને પ્રાપ્ત થયો છું, તે આપને હું પ્રણામ કરૂં છું.

धन्योऽहं कृतकृत्योऽहं विमुक्तोऽहं भवग्रहात् ।
नित्यानन्दस्वरूपोऽहं पूर्णोऽहं त्वदनुग्रहात् ॥

હું તમારા અનુગ્રહથી ધન્ય થયો છું, કૃતાર્થ થયો છું, સંસારરૂપી ગ્રહથી મુક્ત થયો છું, નિત્ય આનંદરૂપ થયો છું, અને પૂર્ણ થયો છું.

असङ्गोऽहमनङ्गोऽहमलिङ्गोऽहमभंगुरः ।
प्रशान्तोऽहमनन्तोऽहममलोऽहं चिरंतनः ॥

હું અસંગ છું, અંગરહિત છું, લિંગશરીરથી રહિત છું, ભંગ રહિત છું, શાંત છું, અનંત છું, નિર્મળ છું, અને સનાતન છું.

अकर्ताहमभोक्ताहमविकारोऽहमक्रियः ।
शुद्धबोधस्वरूपोऽहं केवलोऽहं सदाशिवः ॥

હું અકર્તા છું, હું અભોક્તા છું, હું નિર્વિકાર છું,

ક્રિયા રહિત છું, હું શુદ્ધ બોધ રૂપ છું, હું કેવળ છું, અને હું સદા મંગળરૂપ છું.

द्रष्टुः श्रोतुर्वक्तुः कर्तुर्भोक्तुर्विभिन्न एवाहम् ।
नित्यनिरन्तरनिष्क्रियनिःसीमासङ्गपूर्णबोधात्मा ॥

હું જોનારથી, સાંભળનારથી, કરનારથી અને ભોગવનારથી જુદોજ છું. હું તો નિત્ય, નિરંતર, ક્રિયા રહિત, અવધિ રહિત અને સંગ રહિત પૂર્ણ અને અદ્વિતીય બોધરૂપ આત્મા છું.

नाहमिदं नाहमदोऽप्युभयोरवभासकं परं शुद्धम् ।
बाह्याभ्यंतरशून्यं पूर्णब्रह्माद्वितीयमेवाहम् ॥

હું દ્રષ્ટા નથી, હું દશ્ય નથી, હું તો એ બંનેને પ્રકાશ આપનાર પર, શુદ્ધ, બહાર તથા અંદરના ભેદથી રહિત, પૂર્ણ અને અદ્વિતીય બ્રહ્મ જ છું.

निरुपममनादितत्त्वं त्वमहमिदमद इति कल्पनादूरम् ।
नित्यानन्दैकरसं सत्यं ब्रह्माद्वितीयमेवाहम्॥

ઉપમા વિનાનું, અનાદિ, તત્વરૂપ, "તું, હું, આ અને તે" એવી કલ્પનાથી દૂર, નિત્ય આનંદથી એક રસ, સત્ય અને અદ્વિતીય જે બ્રહ્મ છે તે જ હું છું.

नारायणोऽहं नरकान्तकोऽहं पुरान्तकोऽहं पुरुषोऽहमीशः ।

अखण्डबोधोऽहमशेषसाक्षी निरीश्वरोऽहं निरहं च निर्ममः ॥

હું નારાયણ છું, હું નરકાસુરને મારનાર છું, ત્રિપુરા-સુરને હણનારો છું, હું સદાશિવ છું, હું ઈશ્વર છું, અખંડ બોધરૂપ છું. સર્વનો સાક્ષી છું. નિયંતા રહિત છું, અહંતા વિનાનો છું, અને મમતા રહિત છું.

सर्वेषु भूतेष्वहमेव संस्थितो ज्ञानात्मनान्तर्बहिराश्रयः सन् ।
भोक्ता च भोग्यं स्वयमेव सर्वं यद्यत्पृथग्दृष्टमिदन्तया पुरा ॥

સઘળા પદાર્થોમાં અંદર અને બહાર જ્ઞાનરૂપે હું જ રહેલો છું, ભોક્તા, ભોગ્ય અને પ્રથમ જે જે કાંઈ 'આ છે', એમ જોવામાં આવતું હતું, તે સઘળું હું પોતેજ છું.

मय्यखण्डसुखाम्भोधौ बहुधा विश्ववीचयः ।
उत्पद्यन्ते विलीयन्ते मायामारुतविभ्रमात् ॥

હું કે જે અખંડ સુખના સાગરરૂપ છે, તેમાં માયારૂપી વાયુના વિભ્રમને લીધે અનેક પ્રકારના જગત્ રૂપ ઘણા ઘણા તરંગો ઉત્પન્ન થાય છે, અને લીન થાય છે.

स्थूलादिभावा मयि कल्पिता भ्रमादारोपिता नु स्फुरणेन लोकैः ।
काले यथा कल्पकवत्सरायनत्वादयो निष्कलनिर्विकल्पे ॥

જેમ કાળ અંશ વગરનો છે, છતાં પણ તેમાં લોકોએ કલ્પ, વર્ષ, અયન અને ઋતુ વિગેરેના અંશો આરોપેલા

છે, તેમ હું કે જે અંશ વિનાનો નિર્વિકલ્પ છું, તેમાં લોકોએ સ્થૂલ શરીર પદાર્થો વિગેરે ભ્રાંતિથી આરોપેલા છે. કે જેઓ સ્ફુર્યા કરે છે.

आरोपितं नाश्रयदूषकं भवेत्कदापि मूढैरतिदोषदूषितैः ।
नार्द्रीकरोत्यूषरभूमिभागं मरीचिकावारिमहाप्रवाहः ॥

અત્યંત દોષથી દૂષિત થએલ મૂઢ લોકોએ આરોપેલો પદાર્થ પોતાના અધિષ્ઠાનને દૂષિત કરનાર હોતો નથી. ઝાંઝવાના જળનો મોટો પ્રવાહ ખારી ભૂમિના ભાગને ભીંજવે જ નહિ.

आकाशवल्लेपविदूरगोऽहमादित्यवद्भास्यविलक्षणोऽहम् ।
अहार्यवन्नित्यविनिश्चलोऽहमम्भोधिवत्पारविवर्जितोऽहम् ॥

હું આકાશની માફક સઘળા લેપ વિનાનો છું, સૂર્યની માફક ભાસ્ય (પ્રકાશ્ય) પદાર્થથી જૂદો છું, પર્વતની પેઠે સદા નિશ્ચલ છું, અને સાગરની માફક અપાર છું.

न मे देहेन सम्बन्धो मेघेनेव विहायसः ।
अतः कुतो मे तद्धर्मा जाग्रत्स्वप्नसुषुप्तयः ॥

જેમ આકાશને મેઘ સાથે સંબંધ નથી, તેમ મને દેહની સાથે સંબંધ નથી. ત્યારે જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિરૂપ તેના ધર્મોથી સંબંધ તો કયાંથી જ હોય ?

उपाधिरायाति स एव गच्छति स एव कर्माणि करोति भुङ्क्ते ।
स एव जीर्यन्म्रियते सदाहं कुलाद्रिवन्निश्चल एव संस्थितः ॥

જે ઉપાધિ છે તે જ આવે છે, જાય છે, કર્મો કરે છે, ભોગ ભોગવે છે, અને જીર્ણ થતાં મરી જાય છે હું તો સદા કુલાચળની માફક નિશ્ચળ છું.

न मे प्रवृत्तिर्न च मे निवृत्तिः सदैकरूपस्य निरंशकस्य ।
एकात्मको यो निबिडो निरन्तरो व्योमेव पूर्णः स कथं नु चेष्टते ॥

હું કે જે અંશ રહિત છું, સદા એકરૂપ છું, તેને પ્રવૃત્તિ નથી, અને નિવૃત્તિ પણ નથી, જે એકરૂપ, ઘાટો, અંતર રહિત અને આકાશની પેઠે પૂર્ણ છે. તેને ક્રિયા કરવી કેમ જ ઘટે?

पुण्यानि पापानि निरिन्द्रियस्य निश्चेतसो निर्विकृतेर्निराकृतेः ।
कुतो ममाखण्डसुखानुभूतेर्ब्रूते ह्यनन्वागतमित्यपि श्रुतिः ॥

હું કે જે ઇંદ્રિયો રહિત, ચિત રહિત, નિર્વિકાર, નિરાકાર અને અખંડ સુખના અનુભવરૂપ છું. તેને પુણ્ય અને પાપનો સંબંધ કેમ જ ઘટે? ન જ ઘટે. अनन्वागतं એ શ્રુતિ પણ એમ જ કહે છે

छायया स्पृष्टमुष्णं वा शीतं वा सुष्ठु दुष्ठु वा ।
न स्पृशत्येव यत्किंचित्पुरुषं तद्विलक्षणम् ॥

છાયાએ સ્પર્શ કરેલ ઉની, ટાઢી, સારી અથવા નરસી વસ્તુ પુરૂષ કે જે છાયાથી વિલક્ષણ છે, તેને જરા પણ સ્પર્શ કરતી નથી.

न साक्षिणं साक्ष्यधर्माः संस्पृशन्ति विलक्षणम् ।
अविकारमुदासीनं गृहधर्माः प्रदीपवत् ॥

જેમ ઘરના ધર્મો દીવાને સ્પર્શ કરતા નથી, તેમ સાક્ષી કે જે જૂદો નિર્વિકાર અને ઉદાસીન છે, તેને સાક્ષ્ય ધર્મો સ્પર્શ કરતા નથી.

रवेर्यथा कर्मणि साक्षिभावो वह्नेर्यथा दाहनियामकत्वम् ।
रज्जोर्यथारोपितवस्तुसङ्गस्तथैव कूटस्थचिदात्मनो मे ॥

હું કે જે કૂટસ્થ ચતન્યરૂપ છું, એમા મારૂં સાક્ષીપણું જેવું-કર્મમાં સૂર્યનું સાક્ષીપણું છે તેવું છે, જેવું અગ્નિનું દાહમાં નિયામકપણું છે, તેવું મારૂં નિયામકપણું છે, અને આરોપિત વસ્તુઓનો સંગ જેવો રજ્જુ (દોરડી)ને સર્પ વિગેરે, વસ્તુઓનો છે, તેવો મારો સંગ છે.

कर्तापि वा कारयितापि नाहं भोक्तापि वा भोजयितापि नाहम् ।
द्रष्टापि वा दर्शयितापि नाहं सोऽहं स्वयंज्योतिरनीदृगात्मा ॥

હું કરનાર કે કરાવનાર નથી, ભોગવનાર કે ભોગવાવનાર નથી, અને જોનાર કે જોવરાવનાર નથી. હું તો સ્વયં

પ્રકાશ છું, અને મન વચનથી નિરૂપણ કરવાને અશક્ય છું.

चलत्युपाधौ प्रतिबिम्बलौल्यमौपाधिकं मूढधियो नयन्ति ।
स्वबिम्बभूतं रविवद्विनिष्क्रियं कर्तास्मि भोक्तास्मि हतोऽस्मि हेति ॥

ઉપાધિનું ચલન થતાં તે ઉપાધિના સંબંધથી જણાતી પ્રતિબિંબની ચંચળતાને મૂઢ બુદ્ધિવાળો પુરૂષ "હું કર્તા છું, ભોક્તા છું, અને હાય હાય માર્યો ગયો છું." એવી રીતે બિંબભૂત આત્મસ્વરૂપ કે જે સૂર્યની પેઠે છે, અને ક્રિયા રહિત છે, તેમાં માની લે છે.

जले वापि स्थले वापि लुठत्वेष जडात्मकः ।
नाहं विलिप्ये तद्धर्मैर्घटधर्मैर्नभो यथा ॥

આ જડ પદાર્થમય દેહ સ્થળમાં કે જળમાં ભલે આળોટે. પણ જેમ ઘટના ધર્મથી આકાશ લેપાતું નથી, તેમ તે દેહના ધર્મથી હું લેપાતો નથી.

कर्तृत्वभोक्तृत्वखलत्वमत्तताजडत्वबद्धत्वविमुक्ततादयः ।
बुद्धेर्विकल्पा न तु सन्ति वस्तुतः स्वस्मिन्परे ब्रह्मणि
केवलेऽद्वये ॥

કર્તાપણું, ભોક્તાપણું, ખળપણું, ઉન્મત્તપણું, જડપણું, બદ્ધપણું અને મુક્તપણું વિગેરે વિકલ્પો બુદ્ધિના જ છે, એટલે તેઓ આત્મ સ્વરૂપ કે જે કેવળ અદ્વિતીય પરબ્રહ્મ

છે, તેમાં વાસ્તવિક રીતે છે નહિ.

सन्तु विकाराः प्रकृतेर्दशधा शतधा सहस्रधा वापि ।
किं मेऽसङ्गचितस्तैर्न घनः क्वचिदम्बरं स्पृशति ॥

પ્રકૃતિના દશ, સેંકડો કે હજારો વિકારો ભલે હોય, પણ તેઓથી હું કે જે અસંગ ચૈતન્યરૂપ છું, તેને શો સંબંધ છે ? કશો નથી. આ વાદળાં આકાશને કદી પણ સ્પર્શ કરે જ નહિ

अव्यक्तादि स्थूलपर्यन्तमेतद्विश्वं यत्राभासमात्रं प्रतीतम् ।
व्योमप्रख्यं सूक्ष्ममाद्यन्तहीनं ब्रह्माद्वैतं यत्तदेवाहमस्मि ॥

આકાશ સમાન, સૂક્ષ્મ, આદિ તથા અંતથી રહિત અને અદ્વિતીય બ્રહ્મ કે જેમા અવ્યક્તથી સ્થૂલ પર્યંત આ સઘળું જગત્ આભાસ માત્ર પ્રતીત થાય છે, તે બ્રહ્મ હું જ છું.

सर्वाधारं सर्ववस्तुप्रकाशं सर्वाकारं सर्वगं सर्वशून्यम् ।
नित्यं शुद्धं निश्चलं निर्विकल्पं ब्रह्माद्वैतं यत्तदेवाहमस्मि ॥

સર્વના આધારરૂપ, સઘળી વસ્તુને પ્રકાશ કરનાર, સઘળ રૂપ, સર્વમાં વ્યાપક, સર્વથી રહિત, નિત્ય, શુદ્ધ, નિશ્ચલ નિર્વિકલ્પ અને અદ્વિતીય જે બ્રહ્મ છે, તે જ હું છુ

यत्प्रत्यस्ताशेषमायाविशेषं प्रत्यग्रूपं प्रत्ययागम्यमानम् ।

सत्यज्ञानानन्तमानन्दरूप ब्रह्माद्वैतं यत्तदेवाहमस्मि ॥

જેણે અગાધ માયાના વિક્ષેપને ફેંકી નાખેલ છે તેવું પ્રમાણરૂપ, જણાય નહિ એવું, સચ્ચિદાનંદરૂપ, અનંત અને અદ્વિતીય એવું જે પરબ્રહ્મ છે, તે જ હું છું

निष्क्रियोऽस्म्यविकारोऽस्मि निष्कलोऽस्मि निराकृतिः ।
निर्विकल्पोऽस्मि नित्योऽस्मि निरालम्बोऽस्मि निर्द्वय ॥

હું ક્રિયા રહિત છું, વિકાર રહિત છું, અંશ વિનાનો છું, આકાર વગરનો છું, વિકલ્પ રહિત છું, નિત્ય છું, આલંબન રહિત છું, અને દ્વૈત રહિત છું

सर्वात्मकोऽहं सर्वोऽहं सर्वातीतोऽहमद्वयः ।
केवलाखण्डबोधोऽहमानन्दोऽहं निरन्तरम् ॥

હું સર્વાત્મક છું, સર્વરૂપ છું, સર્વથી અળગો છું, અદ્વિતીય છું, કેવળ અખંડ બોધરૂપ છું, અને કાયમ આનંદરૂપ છું

स्वाराज्यसाम्राज्यविभूतिरेषा भवत्कृपा श्रीमहिमप्रसादात् ।
प्राप्ता मया श्रीगुरवे महात्मने नमो नमस्तेऽस्तु पुनर्नमोऽस्तु ॥

આપ મહાત્મા ગુરૂની કૃપાથી ઉત્તમ મહિમાના પ્રસાદથી હું આ બ્રહ્માનંદરૂપ ચક્રવર્તીપણાની વિભૂતિને પામ્યો છું, માટે આપને નમસ્કાર હો, પ્રણામ હો, અને વારંવાર નમસ્કાર હો.

महास्वप्ने मायाकृतजनिजरामृत्युगहने
भ्रमन्तं क्लिश्यन्तं बहुलतरतापैरनुदिनम् ।
अहंकारव्याघ्रव्यथितमिममत्यन्तकृपया
प्रबोध्य प्रस्वापात्परमवितवान्मामसि गुरो ॥

હે ગુરુ! હું કે જે મોટા સ્વપ્નમાં માયાએ કરેલા જન્મ, જરા અને મૃત્યુરૂપ જંગલમાં ભમતો હતો, દિવસે દિવસે ઘણા ઘણા તાપોથી ખેદ પામતો હતો, અને અહંકારરૂપી વાઘથી પીડાતો હતો, તેવા મને અત્યંત કૃપાથી આ સ્વપ્નમાંથી જગાડી બચાવ્યો છે.

नमस्तस्मै सदैकस्मै कस्मैचिन्महसे नमः ।
यदेतद्विश्वरूपेण राजते गुरुराज ते ॥

હે ગુરુરાજ! મન કે વચન વિગેરેથી જાણી શકાય નહિ એવા અને એક રૂપે રહેલા આપના જ્યોતિઃસ્વરૂપને હું પ્રણામ કરું છું, કે જે જ્યોતિઃસ્વરૂપ આ જગત્ રૂપે ભાસે છે.

इति नतमवलोक्य शिष्यवर्यं समधिगतात्मसुखं प्रबुद्धतत्त्वम् ।
प्रमुदितहृदयः स देशिकेन्द्रः पुनरिदमाह वचः परं महात्मा ॥

એ પ્રમાણે જેને આત્મસુખ મળ્યું હતું, અને તત્વ જેના જાણવામાં આવ્યું હતું, એવા તે ઉત્તમ શિષ્યને પ્રણામ

કરતો જોઇ હૃદયમાં આનંદિત થએલા એ મહાત્મા સદ્ગુરુએ તેને ફરીવાર આ પ્રમાણે ઉત્તમ વચન કહ્યાં.

ब्रह्मप्रत्ययसन्ततिर्जगदतो ब्रह्मैव सत्सर्वतः
पश्याध्यात्मदृशा प्रशान्तमनसा सर्वास्ववस्थास्वपि ।
रूपादन्यदवेक्षितं किमभितश्चक्षुष्मतां दृश्यते
तद्वद्ब्रह्मविदः सतः किमपरं बुद्धेर्विहारास्पदम् ॥

આ જે જગત્ છે તે બ્રહ્મની પ્રતીતિનો જ પ્રવાહ છે, એટલા માટે મનને શાંત રાખી જ્ઞાનદૃષ્ટિથી સઘળા સ્થળમાં અને સઘળી અવસ્થામાં બ્રહ્મ જ છે બ્રહ્મવિના બીજું કાંઈ નથી, એમ અવલોકન કર્યા કર. જેમ નેત્રવાળા પુરૂષને ચારે તરફ જે દેખવામાં આવે છે. તે રૂપવિના બીજું કાંઇ નથી, તેમ બ્રહ્મવેત્તાને બુદ્ધિના વિહારનું સ્થાનક બ્રહ્મવિના બીજું કશું નથી.

कस्तां परानन्दरसानुभूतिमुत्सृज्य शून्येषु रमेत विद्वान् ।
चन्द्रे महाह्लादिनि दीप्यमाने चित्रेन्दुमालोकयितुं क इच्छेत् ॥

કયો વિદ્વાન્ એ પરમ આનંદના રસનો અનુભવ મુકી દઇ શૂન્ય પદાર્થમાં રમણ કરે? અત્યંત હર્ષ આપનાર ચંદ્ર પ્રકાશમાન છતાં ચિત્રમાં ચીતરેલા ચંદ્રને જોવાની કોની ઇચ્છા હોય?

असत्पदार्थानुभवेन किंचिन्न ह्यस्ति तृप्तिर्न च दुःखहानिः ।
तदद्वयानन्दरसानुभूत्या तृप्तः सुखं तिष्ठ सदात्मनिष्ठया ॥

મિથ્યા પદાર્થના અનુભવથી કાંઇ તૃપ્તિ મળવાની નથી, કે દુઃખની હાની થવાની નથી, એટલા માટે તું અદ્વિતીય આનંદરસના અનુભવથી તૃપ્ત થઇ સર્વદા આત્મામા નિષ્ઠાવાળો રહે.

स्वमेव सर्वथा पश्यन्मन्यमानः स्वमद्वयम् ॥
स्वानन्दमनुभुञ्जानः कालं नय महामते ॥

હે મહામતિવાળા ! તું સર્વ સ્થળમાં પોતાને જ દેખતાં, ઉપભોગ લેતાં અને અદ્વિતીય માનતાં સ્વરૂપના આનંદમાં કાળક્ષેપ કર.

अखण्डबोधात्मनि निर्विकल्पे विकल्पनं व्योम्नि पुरप्रकल्पनम् ।
तदद्वयानन्दमयात्मना सदा शान्तिं परामेत्य भजस्व मौनम् ॥

અખંડ બોધરૂપ અને નિર્વિકલ્પ આત્મામાં ભેદની કલ્પના કરવી, એ આકાશમાં નગરની કલ્પના કરવા સરખું છે, એટલા માટે તું સદા આનંદરૂપ પરમ શાંતિને પામી મૌન ધારણ કર.

तूष्णीमवस्थापरमोपशान्तिर्बुद्धेरसत्कल्पविकल्पहेतोः ।
ब्रह्मात्मना ब्रह्मविदो महात्मनो यत्राद्वयानन्दसुखं निरन्तरम् ।

મિથ્યા પદાર્થના સંકલ્પ વિકલ્પ થવાના કારણરૂપ બુદ્ધિની

જે પરમ ઉપશાંતિ થાય છે, તે મૌન અવસ્થા કહેવાય છે. જે મૌન પ્રાપ્ત થતાં બ્રહ્મરૂપે બ્રહ્મને જાણનાર મહાત્માને નિરંતર આનંદથી ભરેલું સુખ રહે છે.

नास्ति निर्वासनान्मौनात्परं सुखकृदुत्तमम्।

विज्ञातात्मस्वरूपस्य स्वानन्दरसपायिनः ॥

આત્મસ્વરૂપને જાણનાર અને સદા આનંદનારસને પીનાર માણસને વાસના વિનાના મૌન કરતાં વધારે સુખ દેનારબીજો કોઇ ઉત્તમ પદાર્થ નથી.

गच्छंस्तिष्ठन्नुपविशञ्शयानो वाप्यथापि वा ।

यथेच्छया वसेद्विद्वानात्मारामः सदा मुनिः ॥

આત્મારામ અને સદા મૌન રાખનાર વિદ્વાન્ પોતાની મરજી પ્રમાણે રહે છે, બેસે છે, સુવે છે, અને બીજી ક્રિયાઓ કરે છે.

न देशकालासनदिग्यमादिलक्ष्याद्यपेक्षाऽप्रतिबद्धवृत्तेः ।

संसिद्धतत्त्वस्य महात्मनोऽस्ति स्ववेदने का नियमाद्यवस्था ॥

પ્રતિબંધ વિનાની વૃત્તિવાળા અને જેને તત્વ મળ્યું છે એવા મહાત્માને દેશ, કાળ, આસન, દિશા, અને યમ, નિયમ વિગેરે સાધનોની અપેક્ષા નથી. પોતાના સ્વરૂપને જાણવામાં નિયમ વિગેરેની શી જરૂર હોય?

घटोऽयमिति विज्ञातुं नियमः को न्वपेक्ष्यते ।

विना प्रमाणमुष्टुत्वं यस्मिन्सति पदार्थधीः ॥
अयमात्मा नित्यसिद्धः प्रमाणे सति भासते ।
न देशं नापि वा कालं न शुद्धिं वाप्यपेक्षते ॥

જેમ "આ ઘડો છે" એમ જાણવામાં રૂપ જાણનારી આંખની ચોખાઇ વિના બીજા કોઇ નિયમની જરૂર નથી, તેમ આત્માને જાણવામાં બુદ્ધિની શુદ્ધતા વગર દેશ, કાળ કે શરીરશુદ્ધિ વિગેરેની કશી જરૂર નથી, બુદ્ધિ શુદ્ધ હોય તો આ નિત્ય શુદ્ધ આત્મા પોતાની મેળેજ ભાસે છે.

देवदत्तोऽहमित्येतद्विज्ञानं निरपेक्षकम् ।
तद्वद्ब्रह्मविदोऽप्यस्य ब्रह्माहमिति वेदनम् ॥

જેમ "હું દેવદત્ત છું" એમ જાણવામાં બીજા કોઇના અપેક્ષા નથી, તેમ "હું બ્રહ્મ છું" એમ જાણવામાં બ્રહ્મવેત્તાને પણ બીજા કોઇની અપેક્ષા નથી.

भानुनेव जगत्सर्वं भासते यस्य तेजसा ।
अनात्मकमसत्तुच्छं किं नु तस्यावभासकम् ॥

સૂર્યની જેમ જેના તેજથી સઘળું જગત્ પ્રકાશે છે, તેનો પ્રકાશ શું જડ, મિથ્યા અને તુચ્છ પદાર્થોથી થાય? ન જ થાય.

वेदशास्त्रपुराणानि भूतानि सकलान्यपि ।

येनार्थवन्ति तं किं नु विज्ञातारं प्रकाशयेत् ॥

વેદ, શાસ્ત્ર, પુરાણો અને સઘળા પદાર્થો પણ જેના પ્રકાશથી પ્રકાશે છે. તે જ્ઞાતાપદાર્થનો પ્રકાશ બીજા કયા પદાર્થથી થાય?

एष स्वयंज्योतिरनन्तशक्तिरात्माप्रमेयः सकलानुभूतिः ।
यमेव विज्ञाय विमुक्तबन्धो जयत्ययं ब्रह्मविदुत्तमोत्तमः ॥

એ આત્મા સ્વયંપ્રકાશ છે, અનંત શક્તિ વાળોછે, પ્રમાણથી અગમ્ય છે, અને સઘળાનો અનુભવ કરનાર છે, જેને જાણી બંધથી છુટેલો સર્વોત્તમ બ્રહ્મવેત્તા જ્યારે જય મેળવે છે

न खिद्यते नो विषयैः प्रमोदते न सज्जते नापि विरज्यते च ।
स्वस्मिन्सदा क्रीडति नन्दति स्वयं निरन्तरानन्दरसेन तृप्तः॥

અખંડ આનંદના રસથી તૃપ્ત થએલો બ્રહ્મવેત્તા ખેદ પામતો નથી, વિષયોથી ખુશી થતો નથી તેમા આસક્ત થતો નથી, અને વિષયોથી કંટાળતો નથી. પણ પોતે પોતાના સ્વરૂપમાંજ સદા ક્રીડા કરેછે, તથા નિરંતર આનંદરૂપ રસે કરીને તૃપ્ત થઇ આનંદ પામેછે.

क्षुधां देहव्यथां त्यक्त्वा बालः क्रीडति वस्तुनि ।
तथैव विद्वान् रमते निर्ममो निरहं सुखी ॥

કોઈ ઠેકાણે અપમાનિત થઈને, અને કોઈ ઠેકાણે જાણવામાં ન આવે એવો થઈ વિચરે છે.

निर्धनोऽपि सदा तुष्टोऽप्यसहायो महाबलः ।
नित्यतृप्तोऽप्यभुञ्जानोऽप्यसमः समदर्शनः ॥
अपि कुर्वन्नकुर्वाणश्चाभोक्ता फलभोग्यपि ।
शरीर्यप्यशरीर्येष परिच्छिन्नोऽपि सर्वगः ॥

બ્રહ્મવેત્તા નિર્ધન છતાં પણ સર્વદા સંતુષ્ટ રહે છે, સહાય વિનાનો છતાં પણ મોટા બળવાળો હોય છે, ભોગ ભોગવ્યા વિના પણ નિરંતર તૃપ્ત રહે છે, વિલક્ષણ છતાં પણ સમદૃષ્ટિવાળો હોય છે, કરતાં છતાં પણ કરતો નથી, ફળને ભોગવતા છતાં પણ ભોગવતો નથી, દેહધારી છતાં પણ દેહ વિનાનો છે, અને પરિચ્છિન્ન છતાં પણ વ્યાપક છે.

अशरीरं सदा सन्तमिमं ब्रह्मविदं क्वचित् ।
प्रियाप्रिये न स्पृशतस्तथैव च शुभाशुभे ॥

સદા શરીરના અભિમાન વિના રહેનાર બ્રહ્મવેત્તાને કદી પણ પ્રિય, અપ્રિય, શુભ કે અશુભ સ્પર્શ કરતાં નથી.

स्थूलादिसम्बन्धवतोऽभिमानिनः सुखं च दुःखं च शुभाशुभे
विध्वस्तबन्धस्य सदात्मनो मुनेः कुतः शुभं वाप्यशुभं फलं ।

અભિમાનને લીધે સ્થૂલ શરીર વિગેરેના સંબંધવાળા પુ

રૂપને જ સુખ, દુઃખ, શુભ અને અશુભ પ્રાપ્ત થાય છે.પણ જેણે અભિમાનને જ તોડી નાંખ્યું હોય છે, એવા બ્રહ્મરૂપ મુનિને શુભ કે અશુભ ફળ થવું કેમ જ સંભવે ?

तमसा ग्रस्तवद्भानादग्रस्तोऽपि रविर्जनैः ।
ग्रस्त इत्युच्यते भ्रान्त्या ह्यज्ञात्वा वस्तुलक्षणम् ॥
तद्वद्देहादिबन्धेभ्यो विमुक्तं ब्रह्मवित्तमम् ।
पश्यन्ति देहवन्मूढाः शरीराभासदर्शनात् ॥

સૂર્ય રાહુએ નહિ ગળેલો છતાં પણ જેઓને સૂર્યની સ્થિતિની ખબર નથી, એવા લોકો ભ્રાન્તિથી રાહુએ ગળેલો જેવો જણાવાને લીધે તેને પકડાયેલો કહે છે, તેમજ ઉત્તમ બ્રહ્મવેત્તા પુરુષ દેહાદિક બંધનોથી મુક્ત છતાં પણ જેઓ તેની સ્થિતિ જાણતા નથી, એવા લોકો શરીરનો આભાસ દેખાવાને લીધે તેને શરીરવાળો જુએ છે

अहिर्निर्ल्वयनीं वायं मुक्त्वा देहं तु तिष्ठति ।
इतस्ततश्चाल्यमानो यत्किंचित्प्राणवायुना ॥

જેમ સર્પ કાંચળીને છોડીને રહે છે, તેમજ બ્રહ્મવેત્તા દેહના અભિમાનને છોડી રહે છે, એ બ્રહ્મવેત્તાના દેહને પ્રાણવાયુ જ ધારે ઘણો આમ તેમ ચલાવે છે.

स्रोतसा नीयते दारु यथा निम्नोन्नतस्थलम् ॥

दैवेन नीयते देहो यथा कालोपभुक्तिषु ॥

જળનો પ્રવાહ જેમ લાકડાને ઉંચા નીચા સ્થળે લઈ જાય છે, તેમ બ્રહ્મવેત્તાના દેહને પ્રારબ્ધ તે તે કાળે પ્રાપ્ત થવાનાં ફળો ભોગવાવવા લઇ જાય છે.

प्रारब्धकर्मपरिकल्पितवासनाभिः
संसारिवच्चरति भुक्तिषु मुक्तदेहः ।
सिद्धः स्वयं वसति साक्षिवदत्र तूष्णीं
चक्रस्य मूलमिव कल्पविकल्पशून्यः ॥

મુક્ત પુરૂષનું શરીર પ્રારબ્ધ કર્મે કલ્પેલી વાસનાઓથી ભોગમા સંસારીની જેમ વિચરે છે, પણ તે શરીરમાં મુક્ત પુરૂષ પૈડાંના મૂળની માફક સંકલ્પ વિકલ્પોથી રહિતપણાએ સાક્ષીની પેઠે પોતે ચૂપ રહે છે.

नैवेन्द्रियाणि विषयेषु नियुङ्क्त एष
नैवापयुङ्क्त उपदर्शनलक्षणस्थः ।
नैव क्रियाफलमपीषदवेक्षते स
स्वानन्दसान्द्ररसपानसुमत्तचित्तः ॥

સાક્ષીની જેમ રહેલો અને સ્વરૂપાનંદનો ભારો રસ પીવાથી મત્ત ચિત્તવાળો બ્રહ્મવેત્તા પોતાની ઇંદ્રિયોને વિષયોમાં જોડતો નથી, વિષયોથી ખસેડતો નથી, અને

કર્મના ફળને જરા પણ જોતો નથી.

लक्ष्यालक्ष्यगतिं त्यक्त्वा यस्तिष्ठेत्केवलात्मना ।
शिव एव स्वयं साक्षादयं ब्रह्मविदुत्तमः ॥

લક્ષ્ય અને અલક્ષ્યની ગતિ છોડી દઈ જે પુરુષ કેવળ રૂપે રહે છે, તે પુરુષ પોતે જ સાક્ષાત્ શિવરૂપ છે, અને બ્રહ્મવેત્તાઓમાં ઉત્તમ છે.

जीवन्नेव सदा मुक्तः कृतार्थो ब्रह्मवित्तमः ।
उपाधिनाशाद्ब्रह्मैव सद्ब्रह्माप्येति निर्द्वयम् ॥

ઉત્તમ બ્રહ્મવેત્તા જીવતાં છતાં જ સદા મુક્ત છે, અને કૃતાર્થ છે. એ પુરુષ ઉપાધિનો નાશ થાય, ત્યારે બ્રહ્મરૂપે અદ્વૈત બ્રહ્મને પામે છે.

शैलूषो वेषसद्भावाभावयोश्च यथा पुमान् ।
तथैव ब्रह्मविच्छ्रेष्ठः सदा ब्रह्मैव नापरः ॥

જેમ નટવો વેષ પહેર્યો હોય ત્યારે અને વેષ ન પહેર્યો હોય ત્યારે પણ પુરુષ જ છે, તેમ બ્રહ્મવેત્તા દેહ હોય ત્યારે અને ન હોય ત્યારે પણ સર્વદા બ્રહ્મરૂપ છે. દેહરૂપ છે જ નહિ.

यत्र क्वापि विशीर्णं सत्पर्णमिव तरोर्वपुः पततात्
ब्रह्मीभूतस्य यतेः प्रागेव हि तच्चिदग्निना दग्धम् ॥

બ્રહ્મરૂપ થએલાનો દેહ ઝાડના પાંદડાંની પેઠે વીખાઇ જઇ ગમે ત્યાં પડે, તેની કાંઇ તેને ફીકર રહેતી નથી. કારણકે તે દેહ પહેલાંથી ચૈતન્યરૂપ અગ્નિવડે બાળી નાંખેલું હોયછે.

सदात्मनि ब्रह्मणि तिष्ठतो मुनेः पूर्णाऽद्वयानन्दमयात्मना सदा।
न देशकालाद्युचितप्रतीक्षा त्वङ्मांसविट्पिण्डविसर्जनाय ॥

સર્વદા પૂર્ણ, અદ્વય અને આનંદમય સ્વરૂપે સદ્રૂપ બ્રહ્મમાં રહેનાર મુનિને ત્વચા, માંસ અને વિષ્ટાના પિંડરૂપ દેહ છોડવા વાસ્તે દેશ, કાળ વિગેરે ઉચિત પદાર્થોની અપેક્ષા રહેતી નથી.

देहस्य मोक्षो नो मोक्षो न दण्डस्य कमण्डलोः ।
अविद्याहृदयग्रन्थिमोक्षो मोक्षो यतस्ततः ॥

દેહ છુટી જવો, દંડ છોડી દેવો, કે કમંડલ છોડી દેવું, એ મોક્ષ નથી. પણ અવિદ્યારૂપ હૃદયની ગાંઠ છુટવી એ જ મોક્ષ છે.

कुल्यायामथ नद्यां वा शिवक्षेत्रेऽपि चत्वरे ।
पर्णं पतति चेत्तेन तरोः किं नु शुभाशुभम् ॥

ચોકળામાં, નદીમાં, શિવાલયમાં, કે ચોકમાં પાંદડું પડી જાય, તેથી વૃક્ષને કાંઇ શુભ કે અશુભ છે ? કાંઇ નથી.

पत्रस्य पुष्पस्य फलस्य नाशवद्देहेन्द्रियप्राणधियां विनाशः ।

नैवात्मनः स्वस्य सदात्मकस्यानन्दाकृतेर्वृक्षवदास्ति चैषः ॥

દેહ, ઇંદ્રિય, પ્રાણ અને બુદ્ધિનો પાંદડાં, ફૂલ અને ફળની માફક નાશ થાય છે. એઓની સાથે સચ્ચિદાનંદરૂપ આત્માનો નાશ થતો નથી, આત્મા તો વૃક્ષની જેમ અવિચળ છે.

प्रज्ञानघन इत्यात्मलक्षणं सत्यसूचकम् ।
अनूद्यौपाधिकस्यैव कथयन्ति विनाशनम् ॥

" આત્મા પ્રજ્ઞાનઘન છે " એવી રીતે શ્રુતિઓ આત્માના સત્યપણાને સૂચવનાર લક્ષણનો અનુવાદ કરી " ઉપાધિથી પ્રાપ્ત થએલ દેહાદિકના વિનાશનું જ " નિરૂપણ કરે છે.

अविनाशी वा अरेऽयमात्मेति श्रुतिरात्मनः ।
प्रब्रवीत्यविनाशित्वं विनश्यत्सु विकारिषु ॥

" અવિનાશી વા અરેઽયમાત્મા " એ શ્રુતિ વિકારી પદાર્થોનો નાશ થતાં આત્માના અવિનાશીપણાને ઉપદેશ કરેછે.

पाषाणवृक्षतृणधान्यकटंबराद्या
दग्धा भवन्ति हि मृदेव यथा तथैव ।
देहेन्द्रियासुमन आदि समस्तदृश्यं
ज्ञानाग्निदग्धमुपयाति परात्मभावम् ॥

જેમ પથરા, વૃક્ષ, ખડ, ધાન્ય, ફુંસા, વિગેરે પદાર્થો બળી જાય ત્યારે માટીરૂપ જ થાય છે, તેમ દેહ, ઇંદ્રિય, પ્રાણ, મન, વિગેરે સઘળા દૃશ્ય પદાર્થો જ્ઞાનરૂપી અગ્નિથી બળે, ત્યારે પરમાત્મા રૂપ જ થઇ જાય છે.

विलक्षणं यथा ध्वान्तं लीयते भानुतेजसि ।
तथैव सकलं दृश्यं ब्रह्मणि प्रविलीयते ॥

જેમ અંધકાર તેજથી વિલક્ષણ છતાં પણ સૂર્યના તેજમાં લય પામે છે, તેમ સઘળું દૃશ્ય બ્રહ્મથી વિલક્ષણ છતાં પણ બ્રહ્મમાં લય પામે છે.

घटे नष्टे यथा व्योम व्योमैव भवति स्फुटम् ॥
तथैवोपाधिविलये ब्रह्मैव ब्रह्मवित्स्वयम् ॥

જેમ ઘડો ફુટી જતાં આકાશ સ્ફુટ રીતે આકાશરૂપ જ થાય છે, તેમ ઉપાધિનો લય થતાં બ્રહ્મવેત્તા પોતે બ્રહ્મરૂપ જ થઇ જાય છે.

क्षीरं क्षीरे यथा क्षिप्तं तैलं तैले जलं जले ।
संयुक्तमेकतां याति तथात्मन्यात्मविन्मुनिः ॥

દુધમાં દુધ, તેલમાં તેલ અને પાણીમાં પાણી મેળવ્યું થઇ જવાથી એકરૂપ જ થઇ જાય છે, તેમ આત્મવેત્તા મુનિ આત્મામાં મળવાથી એકરૂપ જ થઇ જાય છે.

एवं विदेहकैवल्यं सन्मात्रत्वमखण्डितम् ।
ब्रह्मभावं प्रपद्यैष यतिर्नावर्तते पुनः ॥

એ પ્રમાણે અખંડિત સદ્રૂપપણુંજ વિદેહ કૈવલ્ય છે, તે એવા બ્રહ્મભાવને પામી સન્યાસી પાછો જન્મ મરણના ફેરામાં આવતો નથી.

सदात्मैकत्वविज्ञानदग्धाविद्यादिवर्ष्मणः ।
अमुष्य ब्रह्मभूतत्वाद्ब्रह्मणः कुत उद्भवः

જીવ અને બ્રહ્મના એકપણાના અનુભવને લીધે એ સંન્યાસીના અવિદ્યાઆદિ દેહો બળી ગયા છે, તેથી તેને બ્રહ્મપણું જ પ્રાપ્ત થયું હોય છે. માટે બ્રહ્મનો પાછો જન્મ થયો કેમ સંભવે ?

मायाक्लृप्तौ बन्धमोक्षौ न स्तः स्वात्मनि वस्तुतः ।
यथा रज्जौ निष्क्रियायां सर्पाभासविनिर्गमौ ॥

જેમ ક્રિયા વિનાની રજ્જુ (દોરડું) માં સર્પનું આવવું અને નીકળી જવું એ બન્ને નથી, તેમ માયાએ કલ્પેલા બંધ અને મોક્ષ એ બન્ને વાસ્તવિક રીતે આત્મામાં છે જ નહિ.

आवृतेः सदसत्त्वाभ्यां वक्तव्ये बन्धमोक्षणे ।
नावृतिर्ब्रह्मणः काचिदन्याभावादनावृतम् ।

यद्यस्त्यद्वैतहानिः स्यादद्वैतं नो सहते श्रुतिः ॥

આવરણ હોવાથી બંધ અને આવરણ નષ્ટ હોવાથી મોક્ષ કહેવો જોઇએ. પણ બ્રહ્મને કોઇ પ્રકારનું આવરણજ નથી. બ્રહ્મવિના બીજો કોઇ પદાર્થજ નહિ હોવાથી બ્રહ્મ આવરણ રહિત જ છે. જો આવરણ હોય તો અદ્વૈતની હાની થાય છે, અને શ્રુતિ કોઇ પ્રકારના દ્વૈતને સહન કરતી નથી.

बन्धं च मोक्षं च मृषैव मूढा बुद्धेर्गुणं वस्तुनि कल्पयन्ति ।
दृगावृतिं मेघकृतां यथा रवौ यतोऽद्वयासङ्गचिदेतदक्षरम् ॥

જેમ વાદળાઓએ કરેલા દ્દષ્ટિના આવરણને મૂઢ લોકો સૂર્યમાં કલ્પે છે, તેમ બુદ્ધિના બંધ અને મોક્ષરૂપ મિથ્યા ગુણોને મૂઢ લોકો બ્રહ્મમાં કલ્પે છે. બ્રહ્મ તો અદ્વૈત, અસંગ, ચૈતન્ય, અને અક્ષર છે, તેથી તેમાં બંધ કે મોક્ષ નથી.

अस्तीति प्रत्ययो यश्च यश्च नास्तीति वस्तुनि ।
बुद्धेरेव गुणावेतौ न तु नित्यस्य वस्तुनः ॥

બ્રહ્મમાં બંધ છે, અને બંધ નથી. એ બંને પ્રતીતિઓ બુદ્ધિના જ ગુણો છે. પણ બ્રહ્મ કે જે નિત્ય વસ્તુ છે તેના નથી

अतस्तौ मायया क्लृप्तौ बन्धमोक्षौ न चात्मनि ।

१निष्कले निष्क्रिये शान्ते निरवद्ये निरञ्जने ॥
आद्वितीये परे तत्त्वे व्योमवत्कल्पना कुतः ॥

એટલા માટે બંધ અને મોક્ષ માયાએ કલ્પેલા છે આ-ત્મામાં નથી આત્મા કે જે અદ્વિતીય પરમ તત્વરૂપ અને આકાશની પેઠે અંશ રહિત, ક્રિયા રહિત, શાંત, નિર્દોષી અને નિરંજન છે, તેમા બંધ કે મોક્ષ કેમસંભવે ?

न निरोधो न चोत्पत्तिर्न बन्धो न च साधकः ।
मुमुक्षुर्न च वै मुक्त इत्येषा परमार्थता ॥

વાસ્તવિકપણું તો એ જ છે કે પ્રલય નથી,ઉત્પત્તિ નથી, બંધ નથી, મોક્ષ નથી, સાધક નથી. મુમુક્ષુ નથી, અને મુક્ત પણ નથી.

सकलनिगमचूडास्वान्तसिद्धान्तरूपं
परमिदमतिगुह्यं दर्शितं ते मयाद्य ।
अपगतकलिदोषं कामनिर्मुक्तबुद्धिं
स्वसुतवदसकृत्त्वां भावयित्वा मुमुक्षुम् ॥

હે શિષ્ય ! તું કે જે કલિયુગના દોષ વિનાનો, કામના વગરની બુદ્ધિવાળો, અને મુમુક્ષુ છો, તેને એવા ગુણોને લીધે વારંવાર પોતાના પુત્ર જેવો ગણી હાલ મેં આ અ-ત્યંત ગુહ્ય પરમ તત્વ બતાવ્યું છે, કે જે તત્વ સઘળાં

ઉપનિષદોમાં સિદ્ધાંતરૂપ છે.

इति श्रुत्वा गुरोर्वाक्यं प्रश्रयेण कृतानतिः ।
स तेन समनुज्ञातो ययौ निर्मुक्तबन्धनः ॥

એ પ્રમાણે ગુરૂનું વચન સાંભળી સઘળા બંધનમાંથી મુક્ત થએલો શિષ્ય પ્રેમપૂર્વક તેમને પ્રણામ કરી તેમની આજ્ઞા લઇ ત્યાંથી ચાલ્યો ગયો.

गुरुरेव सदानन्दसिन्धौ निर्मग्नमानसः ।
पावयन्वसुधां सर्वां विचचार निरन्तरः ॥

સર્વદા આનંદરૂપ સાગરમાં ડુબેલા મનવાળા અખંડ બ્રહ્મરૂપ ગુરૂ પણ સઘળી પૃથ્વીને પવિત્ર કરતા નિરંતર વિચરવા લાગ્યા.

इत्याचार्यस्य शिष्यस्य संवादेनात्मलक्षणम् ।
निरूपितं मुमुक्षूणां सुखबोधोपपत्तये ॥

મુમુક્ષુઓને અનાયાસે બોધ પામવા સારૂ આ પ્રમાણે ગુરૂ અને શિષ્યના સંવાદરૂપે આત્માના સ્વરૂપનું નિરૂપણ કરવામાં આવ્યું

हितमिदमुपदेशमाद्रियन्तां विहितनिरस्तसमस्तचित्तदोषाः ।
भवसुखविरताः प्रशान्तचित्ताः श्रुतिरसिका यतयो मुमुक्षवो ये ॥

જેઓએ શાસ્ત્રોક્ત કર્મ કરી ચિત્તના સઘળા દોષ દૂ-

જ્યા હોય, સંસારના સુખમા વૈરાગ્યવાળા હોય, શ્રુતિઓ ઉપર રસ રાખનાર હોય, અને મોક્ષની ઇચ્છાવાળા જે સંન્યાસીઓ હોય, તેઓ આ હિતકારી ઉપદેશ ઉપર પ્રેમ ધારણ કરો.

संसाराध्वनि तापभानुकिरणप्रोद्भूतदाहव्यथा-
खिन्नानां जलकांक्षया मरुभुवि भ्रान्त्या परिभ्राम्यताम् ।
अत्यासन्नसुधाम्बुधिं सुखकरं ब्रह्माद्वयं दर्शय-
त्येषा शङ्करभारती विजयते निर्वाणसंदायिनी ॥

સંસારરૂપી માર્ગમા તાપ રૂપી સૂર્યના કિરણોથી પેદા થએલ દાહરૂપી વ્યથાથી ખેદ પામેલા અને તેને લીધે જાણે નિર્જળ ભૂમિમા થાકી જળની ઇચ્છાથી ભટકતા હોય એવા સંસારી માણસોની નજીક પાસે રહેલા સુખદાયક અમૃતના સાગર જેવા અદ્વિતીયપરમાત્માને દેખાડી પરમ શાંતિ દેનારા આ ભગવાન શંકરાચાર્યની વાણી વિજય પામે છે.

શ્રીમત્પરમહંસ પરિવ્રાજકાચાર્ય ગોવિંદ ભગવત્પૂજ્યપાદ

શિષ્ય શ્રીમચ્છંકરાચાર્ય પ્રણીત ગુજરાતી અનુવાદ

સહિતનો વિવેકચૂડામણિ સમાપ્ત.

ઓમ્

શ્રી પરમાત્મને નમઃ

શ્રી મચ્છંકરાચાર્ય વિરચિત

અપરોક્ષાનુભૂતિ.

ૐ શ્રીહરિં પરમાનંદમુપદેષ્ટારમીશ્વરમ્ ॥
વ્યાપકં સર્વલોકાનાં કારણં તં નમામ્યહમ્ ॥ ૧ ॥

અવિદ્યાના હરનાર, શુદ્ધ આનંદસ્વરૂપ, ગુરૂરૂપે શિષ્યોને ઉપદેશ કરનાર, સર્વ વ્યાપક, સર્વ લોકના તથા સર્વનું [illegible] કારણરૂપ ઈશ્વરને હું પ્રણામ કરૂં છું.

વિવેચન - આત્મા તથા અનાત્મા એવા પદાર્થના બે ભેદ છે તેમાં જીવ અને ઈશ્વર એવી રીતે આત્મા પણ બે પ્રકારનો છે શુદ્ધ જીવ તથા અશુદ્ધ જીવ, શુદ્ધ ઈશ્વર તથા અશુદ્ધ ઈશ્વર એમ જીવના તથા ઈશ્વરના પણ બે બે ભેદ છે, અવિદ્યા ઉપાધિ સહિત ચૈતન્યની અશુદ્ધ જીવ એવી સંજ્ઞા છે, તથા નિરૂપાધિ કુટસ્થ ચૈતન્યને શુદ્ધ જીવ

કહે છે. તેમ જ માયોપાધિક ચૈતન્ય અશુદ્ધ ઇશ્વર છે, તથા શુદ્ધ વ્યાપક ચૈતન્ય શુદ્ધ ઇશ્વર બ્રહ્મરૂપ છે. અવિદ્યા તથા માયા ઉપાધિ, જીવ તથા ઇશ્વરના ભેદે વ્યવહારનું કારણ છે. શુદ્ધ જીવ તથા શુદ્ધ ઇશ્વર પરસ્પર અભેદ વ્યવહારમાં હેતુ છે. કારણ શરીર, સૂક્ષ્મશરીર, તથા સ્થૂલ શરીર એવી રીતે અનાત્મ પદાર્થના ત્રણ ભેદ છે.

ઉપર કહેલા આત્મા તથા અનાત્માના ભેદમાં આત્મા ચૈતન્યસ્વરૂપ છે, તથા અનાત્મા જડસ્વરૂપ છે. એવી રીતે આત્મા તથા અનાત્મા પરસ્પર વિલક્ષણ સ્વભાવવાળા હોવાથી અજવાળા અને અંધારાની માફક અત્યંત ભિન્ન છે, છતાં તેમનો અવિવેક એ સંસારમાં બંધનનું કારણ છે, તથા તેમનો વિવેક મોક્ષનું સાધન છે. આ બાબત આ સ્થળે લક્ષમાં રાખવાની છે.

પ્રથમ શ્લોકમાં કહેલ છે કે "હું ઇશ્વરને નમું છું" ત્યાં અહં (હું) એવા શબ્દવડે ત્રણ દેહરૂપ ઉપાધિ સહિત જીવનું ગ્રહણ કરવું.

તે સોપાધિક જીવ અથવા બીજી રીતે બોલતાં અશુદ્ધ જીવ ઇશ્વરથી કનિષ્ટ છે. કારણ કે તે પરતંત્ર, અલ્પજ્ઞ તથા દુઃખી છે, અને ઇશ્વર તો સ્વતંત્ર, સર્વજ્ઞ તથા સુખી છે. તથા માયા અને તેનાં કાર્યોનો નાશ કરનાર છતાં પણ

તેમનો આશ્રય હોવાથી કારણ છે. શ્રુતિ પણ તેને સત્ય, જ્ઞાન અને અનંતરૂપ કહે છે. માટે ઇશ્વર જીવ કરતાં ઉત્કૃષ્ટ છે, કનિષ્ટે પોતાથી શ્રેષ્ઠને નમવું જોઇએ. માટે જ શ્રી આચાર્ય ભગવાન કહે છે કે अहं ईश्वरं नमामि હું ઇશ્વરને નમું છું અર્થાત્ મારા આત્માથી અભિન્નરૂપે ચિંતન કરૂં છું. ઇશ્વરને મૂળ શ્લોકમાં "श्रीहरि" એવું વિશેષણ આપ્યું છે, તેનો એક અર્થ લક્ષ્મીને ધારણ કરનાર એવો છે, અથવા પ્રલય કાળમાં તથા સુષુપ્તિ અવસ્થામાં સર્વ પ્રાણીઓ પોતાના આશ્રયરૂપે જેનો સ્વીકાર કરે છે, તેનું નામ શ્રી એટલે જીવની અવિદ્યારૂપ ઉપાધિ છે. તેને હરનાર એટલે અવિદ્યાનો નાશ કરનાર તે શ્રીહરિ છે, અથવા ઇશ્વર સર્વનું અધિષ્ઠાન હોવાથી શ્રી (શોભા) રૂપ પોતે જ છે, માટે શ્રી એ જ હરિ. તે શ્રીહરિ. એવા ત્રણ અર્થ થાય છે.

શંકા— તમે ઇશ્વરને श्रीहरिं એવું વિશેષણ લગાડી તેને અવિદ્યા તથા તેના કાર્યોનો નાશ કરનાર કહ્યો છે, પણ તેનો નાશ થવાથી શું ફળ છે?

સમાધાન— કાર્ય સહિતની અવિદ્યાનો નાશ થવાથી નિરતિશય સુખની પ્રાપ્તિરૂપ ફળ થાય છે, એજ ફળ બતાવવા માટે परमानंद એવું વિશેષણ આપ્યું છે, તેનો અર્થ

સર્વથી એક આનંદ એવો થાય છે.

ઇશ્વરને સુખરૂપ કહેવાથી વિષય સુખની માફક તે પણ જડ ઠરશે એવી શંકાના નિવારણ માટે ઉપદેષ્ટારં (એટલે ગુરૂદ્વારા શિષ્યને સુખસ્વરૂપ આત્માનો ઉપદેશ કરનાર) એમ કહેલ છે. જડ હોય તો તેનાથી ઉપદેશ થઇ શકે નહિ, માટે તે ચૈતન્ય સ્વરૂપ છે, જડ નથી. કેવળ આનંદ સ્વરૂપ આત્મા ઉપદેશ દેવા સમર્થ કેમ થઈ શકે ? એ બાબતના સમાધાનમાં કહે છે કે ઈશ્વરં ઇશ્વરની અનેક પ્રકારની શક્તિ છે, માટે તે ઉપદેશ આપી શકે જ. ત્યારે તો ઇશ્વર પરિછિન્ન (અમુક પ્રમાણવાળો) થશે ? એ શંકાના ઉત્તરમાં કહેવાનું કે ઇશ્વર વ્યાપક છે પોતાની સત્તા તથા પ્રકાશવડે સર્વ નામ રૂપમાં વ્યાપ્ત છે, માટે તે પરિછિન્ન નથી. જગત્ વ્યાપ્ય છે, અને ઇશ્વર વ્યાપક છે. એ પ્રમાણે વ્યાપ્ય વ્યાપક ભાવને લીધે ઇશ્વરનું અનંતપણું કેમ સંભવે ? તેના સમાધાનમાં કહે છે કે " સર્વલોકાનાં કારણં" સર્વ લોકોનું નિમિત્ત કારણ તથા ઉપાદાનકારણ પણ એ ઇશ્વરજ છે.શ્રુતિ પણ કહે છે કે આત્માએ પોતાને જ પ્રપંચના આકારે રચી તેમાં પ્રવેશ કર્યો આવા ઇશ્વરને હું નમું છું અર્થાત્ મારૂં વાસ્તવિક સ્વરૂપ ઇશ્વર છે, એવું વારંવાર ચિંતન કરૂં છું.

अपरोक्षानुभूतिर्वै प्रोच्यते मोक्षसिद्धये ॥
सद्भिरेव प्रयत्नेन वीक्षणीया मुहुर्मुहुः ॥ २ ॥

આ અપરોક્ષાનુભૂતિ નામનો ગ્રંથ મોક્ષની પ્રાપ્તિ માટે અમે કહીએ છીએ. વિવેક વિગેરે સાધન ચતુષ્ટય સંપન્ન અધિકારી પુરૂષોએ જ તેનો પ્રયત્નવડે વારંવાર વિચાર કરવો.

વિવેચન—કોઇ પણ ગ્રંથમાં તેના અનુબંધોનું જ્ઞાન થયાવિના બુદ્ધિવાળા માણસની પ્રવૃત્તિ થતી નથી. તે અનુબંધો ચાર છે, તેમનાં નામ અધિકારી, સંબંધ, વિષય અને પ્રયોજન. એ ચાર અનુબંધોને ઉપરના શ્લોકમાં બતાવ્યા છે. अपरोक्षानुभूति એ શબ્દના બે પ્રકારે અર્થ થાય છે, એક અપરોક્ષ જે સર્વદા પ્રત્યક્ષ સ્વયંપ્રકાશ આત્મવસ્તુ તેની અનુભૂતિ એટલે તેના અખંડ સ્વરૂપનું વૃત્તિમાં આરૂઢ થવું એવો અર્થ થાય છે, તથા બીજો અપરોક્ષ એવી અનુભૂતિ એટલે (આત્માનો) અપરોક્ષ અનુભવ અર્થાત્ બ્રહ્મવિદ્યા પણ અપરોક્ષાનુભૂતિ કહેવાય છે. બ્રહ્મસાક્ષાત્કારના સાધનરૂપ ગ્રંથ જેમ ઉપનિષદ કહેવાય છે, તેમજ આત્માના અપરોક્ષજ્ઞાનના સાધનરૂપ આ ગ્રંથ પણ अपरोक्षानुभूति કહેવાય છે. આ ગ્રંથના અવલોકનવડે મુમુક્ષુ જનોને બ્રહ્મ સાક્ષાત્કાર થાય છે, તેનો વિષય નિત્ય

અપરોક્ષ આત્મા છે. એ અપરોક્ષાનુભૂતિ કહીએ છીએ. એટલે વાદીની શંકાનું નિરાકરણ કરી સિદ્ધાંતનું સ્વરૂપ અમે (આચાર્ય) દેખાડીએ છીએ.

મંદ બુદ્ધિવાળો માણસ પણ પ્રયોજન વિના કોઈ પણ કાર્ય વિગેરેમાં પ્રવૃત્તિ કરતો નથી. માટે પ્રયોજન વિના આ ગ્રંથનો આરંભ કરવો ઉચિત નથી. એવી શંકા ન થવા કહે છે કે મોક્ષસિદ્ધરૂપે સ્વરૂપના અજ્ઞાનવડે કલ્પિત દેહાદિક અનાત્મ પદાર્થમાં આત્માપણાના અભિમાનરૂપ બંધનો નાશ થતાં અનિવૃત્તિ પૂર્વક પોતાના સ્વરૂપમાં સ્થિતિ થવી તેને મોક્ષ કહે છે. એ મોક્ષની પ્રાપ્તિ સારૂ આ ગ્રંથ રચ્યો છે. આ ઉપરથી સર્વ અનર્થની નિવૃત્તિદ્વારા પરમાનંદની પ્રાપ્તિ એ આ ગ્રંથનું પ્રયોજન છે.

શંકા—આ ગ્રંથનો અધિકારી કોણ છે?

સમાધાન—સાધન ચતુષ્ટયસંપન્ન મુમુક્ષુ મનુષ્ય જ આ ગ્રંથનો અધિકારી છે.જે કર્મનો અથવા ઉપાસનાનો અધિકારી છે, તે આ ગ્રંથનો અધિકારી નથી;માટે મુમુક્ષુ અધિકારીએ અવશ્ય કર્તવ્ય સ્નાન ભિક્ષા વિગેરેનો પણ અનાદર કરી નિરંતર ચિરંકાળ પર્યંત આ ગ્રંથ ગુરૂ મુખથી શ્રવણ કરી વિચારવા લાયક છે.આ ઉપરથી સાધન ચતુષ્ટય સંપન્ન મુમુક્ષુ પુરૂષ આ ગ્રંથનો અધિકારી છે,એ વાત સિદ્ધ થઈ.

હવે સંબંધ બતાવે છે. કર્મકાંડ (પૂર્વકાંડ) તથા જ્ઞાનકાંડ (ઉત્તરકાંડ) નો સાધ્ય સાધનભાવ સંબંધ છે. એમ ગ્રાહ્ય આ ઉપરથી સમજી લેવું, અર્થાત્ કર્મ સાધન છે, તથા જ્ઞાન તેનું સાધ્ય છે એટલે ફળ છે એમ સમજવું.

પ્રશ્ન—કાર્યમાત્ર કારણને આધીન છે એવો નિયમ છે, માટે પૂર્વે કહેલ ચાર સાધનોનું શું કારણ છે. ?

स्ववर्णाश्रमधर्मेण तपसा हरितोषणात् ॥
साधनं प्रभवेत् पुंसां वैराग्यादिचतुष्टयम् ॥ ३ ॥

ઉત્તર—પોતાના દેહનો જે વર્ણ તથા આશ્રમ હોય તેના ધર્મ વડે કૃચ્છ્ર ચાંદ્રાયણ આદિ તપવડે, તથા વિષ્ણુના સંતોષવડે અને સઘળા પ્રાણીઓ ઉપર દયાવડે વૈરાગ્ય વગેરે ચાર સાધનો પુરૂષને સિદ્ધ થાય છે.

વિવેચન—ગૌણાત્મા, મુખ્યાત્મા તથા મિથ્યાત્મા એમ ત્રણ પ્રકારના આત્મા છે. પુત્રાદિને ગૌણાત્મા કહે છે, સાક્ષીને મુખ્યાત્મા કહે છે. તથા દેહાદિને મિથ્યાત્મા કહે છે. માટે આ શ્લોકમાં " સ્વ " શબ્દવડે દેહાદિકનું ગ્રહણ કરવું. શાથી કે બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય તથા શૂદ્ર એ ચાર વર્ણો તથા બ્રહ્મચર્ય, ગૃહસ્થાશ્રમ. વાનપ્રસ્થ અને સંન્યાસ એ ચાર આશ્રમો શરીરના જ છે, એમ પ્રતીત

થાય છે. માટે શરીરના વર્ણાશ્રમ ધર્મો કે જેને પૂર્વમીમાંસા શાસ્ત્રમાં અપૂર્વ અથવા પુણ્ય કહેલ છે તે વડે, તપ એટલે કૃચ્છ્ર ચાંદ્રાયણાદિક પ્રાયશ્ચિત્તવડે, તથા ભગવાનની કૃપા સંપાદન કરાવી આપનાર સર્વ પ્રાણીઓ ઉપર દયારૂપ કર્મવડે વૈરાગ્ય વિગેરે ચાર સાધનો જે મોક્ષનો સાધક એક પ્રકારનો ધર્મ છે, તે પુરૂષોને પ્રાપ્ત થાય છે. અથવા આ શ્લોકનો બીજી રીતે પણ અર્થ થઇ શકે છે કે " શરીરના વર્ણાશ્રમ ધર્મ વડે તથા તપવડે ઇશ્વરનો અનુગ્રહ પ્રાપ્ત થાય છે. અને અનુગ્રહ વડે વૈરાગ્ય વિગેરે ચારે સાધનો અનાયાસે સિદ્ધ થાયછે. જો કે વિવેકથી વૈરાગ્ય પ્રગટ થાય છે. તેથી શમાદિક ષટ્ સંપત્તિ મળે છે, તે મળ્યાથી મુમુક્ષુતા પ્રાપ્ત થાય છે. એવી રીતે ઉત્તરોત્તર સાધનોમાં કાર્ય કારણ ભાવ છે. માટે વાસ્તવિક રીતે શ્લોકમાં " वैराग्यादि " ને બદલે विवेकादि ઉચિત હતું તથાપિ જ્ઞાન થવામાં વૈરાગ્ય અસાધારણ કારણ છે, એમ બતાવવા વૈરાગ્યને પ્રથમ ગણ્યો છે.)

આ વૈરાગ્યાદિ સાધનોના શાં લક્ષણો છે ? એવી શંકા થતાં ૭ શ્લોકવડે એ ચાર સાધનોનાં સ્વરૂપ બતાવે છે. તેમાં પ્રથમ ચાર શ્લોકવડે વૈરાગ્યનું સ્વરૂપ કહે છે.

ब्रह्मादिस्थावरान्तेषु वैराग्यं विषयेष्वनु ॥

यथैव काकविष्ठायां वैराग्यं तद्धि निर्मलम् ॥ ४ ॥

જેમ કોઇને [1]કાગડાની વિષ્ઠાને ગ્રહણ કરવાની ઇચ્છા થતી નથી, તેમજ સત્ય લોકથી માંડી મનુષ્ય લોક સુધીનાં સંપૂર્ણ વિષય ભોગનાં સાધનો ઉપર " તેઓ કર્મજન્ય હોવાથી અનિત્ય છે. " એમ જાણી જે ઇચ્છા ન થવી તેને [2]નિર્મળ વૈરાગ્ય કહે છે.

હવે વૈરાગ્યનું કારણ વિવેક બતાવે છે.

नित्यमात्मस्वरूपं हि दृश्यं तद्विपरीतगम् ॥

एवं यो निश्चयः सम्यग्विवेको वस्तुनः स वै ॥५॥

આત્માનું સ્વરૂપ અવિનાશી છે, તથા દશ્ય અનાત્મ વસ્તુ છે, અને આત્માથી તે વિપરીત સ્વભાવવાળું છે અર્થાત્ નાશવાન છે. એવા સંશય વિગેરેથી રહિત જે નિશ્ચય થાય છે તેને નિત્યાનિત્ય વસ્તુ વિવેક કહે છે.

વિવેચન—નિત્ય વસ્તુ સંબંધી અને અનિત્ય વસ્તુ સંબંધી જે યથાર્થ વિચાર થાય તેને વિવેક કહે છે. એ વિવેકનો પ્રકાર—આત્મા અવિનાશી સત્ય સ્વરૂપે છે.

---

૧ ગપીડા વિગેરેની વિષ્ઠાનું નામ ન દેતાં કાગડાની વિષ્ઠા કહેવાનું કારણ એટલુંજ કે જ્વર આદિ મટાડવા માટે ગપીડા આદિ પ્રાણીઓની વિષ્ઠાની ઇચ્છા કોઇક પણ રાખે છે, પરંતુ કાગડાની વિષ્ઠાની ઇચ્છા તો કોઇને પણ થતી નથી. ૨ રાગ આદિ મેલ રહિત.

अविनाशी वा अरे अयमात्मा (હે મૈત્રેયી ! આ આત્મા અવિનાશી છે) એમ શ્રુતિ પણ કહે છે. અનાત્મા દૃશ્ય માત્ર અસત્ય એટલે નાશવંત છે. આ પ્રકારે નિત્યાનિત્ય વસ્તુનો વિચાર કરી સિદ્ધ કરેલા દૃઢ નિશ્ચયને વિવેક કહે છે. આ ઉપરથી આત્મા સત્ય છે, અને જગત્ અસત્ય છે, એ સંબંધમાં બે અનુમાન નીકળી શકે છે તે આપ્રમાણે—

આત્મા નિત્ય છે કારણ કે તે દ્રષ્ટા છે, જે નિત્ય નથી તે દ્રષ્ટા નથી, જેમ ઘડો નિત્ય નથી, તો તે દ્રષ્ટા નથી, આ અનુમાનને આત્માનું નિત્યપણું સાધ્યું. હવે દૃશ્યની અનિત્યતા સાધનાર બીજું અનુમાન—આત્માથી ભિન્ન સઘળી વસ્તુ અનિત્ય છે. કારણકે તે દૃશ્ય છે, જે અનિત્ય નથી, તે દૃશ્ય પણ નથી, જેમ આત્મા અનિત્ય નથી, તો તે દૃશ્ય પણ નથી, આ બે અનુમાનવડે આત્માનું નિત્યપણું તથા અનાત્મા દેહાદિકનું અનિત્યપણું સિદ્ધ થયું.

હવે વૈરાગ્યનું કાર્ય શમ વિગેરે ષટ્ સંપત્તિ ત્રણ શ્લોકથી કહે છે

सदैव वासनात्यागः शमोऽयमिति शब्दितः ॥
निग्रहो बाह्यवृत्तीनां दम इत्यभिधीयते ॥ ६ ॥

નિરંતર વાસનાના ત્યાગને શમ કહે છે, અને બ-હિરિંદ્રિયોના નિગ્રહને દમ કહે છે.

વિવેચન—સર્વ કાળમાં વાસનાનો ત્યાગ અર્થાત્ અંતઃકરણની વૃત્તિઓનો જે નિગ્રહ તેને શમ કહે છે. તથા શ્રોત્ર, ત્વચા, ચક્ષુ, જીવ્હા અને ઘ્રાણ એ પાંચ જ્ઞાન ઇંદ્રિયો તથા વાણી, પગ, હાથ, ગુદા તથા ઉપસ્થ એ દશ કર્મેંદ્રિયોને શાસ્ત્રે નિષેધ કરેલા વિષયોથી રોકવી અર્થાત્ તેમાં ન પ્રવર્તાવવી તેને દમ કહે છે.)

विषयेभ्यः परा वृत्तिः परमोपरतिर्हि सा ॥
सहनं सर्वदुःखानां तितिक्षा सा शुभा मता ॥ ७ ॥

શબ્દ વિગેરે વિષયોથી ઇંદ્રિયોની નિવૃત્તિને શ્રેષ્ઠ ઉપરતિ કહે છે. સઘળા દુઃખને સહેવું તેને શુભ તિતિક્ષા માનેલ છે.

વિવેચન—પ્રસિદ્ધ શબ્દ વિગેરે વિષયો બંધન કરનાર છે, માટે " તેઓ અનિત્ય છે દુઃખરૂપ છે ". એમ દોષ દૃષ્ટિ કરી તેમને ગ્રહણ કરવાની ઇચ્છા ન કરવી, તેને ઉપરતિ કહે છે. તે ઉપરતિ પરમ એટલે શ્રેષ્ઠ આત્મજ્ઞાનનું સાધન છે. સર્વ કર્મનો સંન્યાસ પણ ઉપરતિ શબ્દવડે સમજી લેવો. ટાઢ, તડકો વિગેરે સર્વ દુઃખનાં સાધનોને સહેવાં અર્થાત્ તેમને નિવારવા માટે ઇચ્છા પણ ન થવી તેને તિતિક્ષા નામની ઉત્તમ સંપત્તિ વિદ્વાનો કહે છે.

निगमाचार्यवाक्येषु भक्तिः श्रद्धेति विश्रुता ॥
चित्तैकाग्र्यं तु सल्लक्ष्ये समाधानमिति स्मृतम् ॥ ८ ॥

વેદનાં વચનો ઉપર તથા સદ્ગુરૂનાં વચનો ઉપર જે વિશ્વાસ તેને શ્રદ્ધા કહે છે, તથા શ્રુતિવાક્યના લક્ષ્યાર્થરૂપ સાક્ષી ચૈતન્યથી અભિન્ન બ્રહ્મને વિષે જે ચિત્તની એકાગ્રતા તે સમાધાન કહેવાય છે.

વિવેચન—વેદના તથા ગુરૂનાં વચનો ઉપર અથવા ઉપનિષદનું વ્યાખ્યાન કરનાર આચાર્યો વિગેરેના ઉપદેશ ઉપર જે ભક્તિ એટલે વિશ્વાસ તે શ્રદ્ધા એમ વેદાંત શાસ્ત્રમાં પ્રસિદ્ધ છે. અને " सदेव सोम्येदमग्र आसीत् " ઇત્યાદિ શ્રુતિ વચનોના લક્ષ્યાર્થરૂપ જે પ્રત્યગાત્માથી અભિન્ન બ્રહ્મને વિષે ચિત્તની એકાગ્રતા અર્થાત્ તેનેજ (અદ્વિતીય બ્રહ્મનેજ) જાણવાની ઇચ્છા કરવી, તેને સમાધાન કહે છે.

શમાદિ ષટ્ સંપતિ કહી. હવે તેમનું કાર્ય મુમુક્ષુતા કહેછે.

संसारबंधनिर्मुक्तिः कथं मे स्यात् कदा विधे ॥

इति या सुदृढा बुद्धिर्वक्तव्या सा मुमुक्षुता ॥ ९ ॥

હે વિધાતા ! આ સંસારરૂપ બંધનથી હું ક્યારે મુક્ત થઇશ ? એવી રીતની દૃઢ બુદ્ધિને મુમુક્ષુતા કહેવી.

વિવેચન—હે વિધાતા ! જુદી જુદી જાતની યોનિના સંબંધવડે મને આ સંસારમાં બંધન ર્ન્યું છે, તે કયા સમયે તથા કયા પ્રકારે છુટશે ? એવી મજબુત બુદ્ધિ

થવી તેનું નામ મુમુક્ષુતા છે

સાધન ચતુષ્ટય સંપન્ન પુરૂષે શું કરવું ? તે કહે છે.

उक्तसाधनयुक्तेन विचारः पुरुषेण हि ॥

कर्तव्यो ज्ञानसिद्ध्यर्थमात्मनः शुभमिच्छता ॥ १० ॥

ઉપર વર્ણવેલા ચાર સાધનોથી યુક્ત તથા મોક્ષ સુખની ઇચ્છા રાખનાર અધિકારી પુરૂષે જીવ બ્રહ્મની એકતાના જ્ઞાનની પ્રાપ્તિને અર્થે વિચાર કરવો.

વિવેચન—ઉપર વર્ણવેલા વૈરાગ્ય વિગેરે સાધનોથી યુક્ત જે જ્ઞાનનો અધિકારી ઉત્તમ પુરૂષ છે, તેણે આત્મા અનાત્માનો વિવેકરૂપ વિચાર જ વારંવાર કર્યા કરવો. બીજું કાંઇ પણ કરવું નહિ. શાથી કે વિચારના આવર્ત્તનથી જીવ બ્રહ્મની એકતારૂપ જ્ઞાન પ્રાપ્ત થાય છે.

શંકા—આત્મજ્ઞાનવડે શું ફળ પ્રાપ્ત થાય છે ? સમાધાન—આત્મજ્ઞાનવડે પરમ આનંદસ્વરૂપ મોક્ષરૂપ પરમ પુરૂષાર્થની પ્રાપ્તિ થાય છે. માટે મોક્ષ સુખની ઇચ્છાવાળાએ આત્મજ્ઞાન સારૂ અવશ્ય પુરૂષાથ કરવો.

પ્રશ્ન—બીજાં જ્ઞાનનાં સાધનો પુષ્કળ છે, છતાં મોક્ષને અર્થે માત્ર વિચાર જ કરવો,એવો નિયમ શામાટે કરોછો ?

नोत्पद्यते विना ज्ञानं विचारेणान्यसाधनैः ॥

यथा पदार्थभानं हि प्रकाशेन विना क्वचित् ११